કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ
આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ ૬૪મું • ઑગસ્ટ ૧૯૯૧

સળંગ અંક

૭૬૩

તંત્રી

ધીરુ પરીખ

સંપાદક

બિહારીલાલ ટાંક

ચિત્ત યેથા ભયશૂન્ય, ઉચ્ચ યેથા શિર,
જ્ઞાન યેથા મુક્ત, યેથા ગૃહેર પ્રાચીર
આપણ પ્રાઙ્ગણતલે દિવસશર્વરી
વસુધારે રાખે નાઇ ખણ્ડ ક્ષુદ્ર કરિ,
યેથા વાક્ય હૃદયેર ઉત્સમુખ હતે
ઉચ્છ્વસિયા ઉઠે, યેથા નિર્વારિત સ્રોતે
દેશેદેશે દિશેદિશે કર્મધારા ધાય
અજસ્ર સહસ્રવિધ ચરિતાર્થતાય,
યેથા તુચ્છ આચારેર મરુબાલિરાશિ
વિચારેર સ્રોતઃપથ ફેલે નાઇ ગ્રાસિ–
પૌરુષેરે કરેનિ શતધા, નિત્ય યેથા
તુમિ સર્વ કર્મ–ચિન્તા–આનન્દેર નેતા,
નિજ હસ્તે નિર્દય આઘાત કરિ પિતઃ,
ભારતેરે સેઈ સ્વર્ગે કરો જાગરિત.

('નૈવેદ્ય'માંથી) —**રવીન્દ્રનાથ ઠાકુર**



કવિવર રવીન્દ્રનાથ ઠાકુર
(જન્મ : ૭ મે ૧૮૬૧ • અવસાન : ૭ ઑગસ્ટ • ૧૯૪૧)
આ માસમાં એમની ૫૦મી સંવત્સરી છે.

←આ કાવ્યના અંગ્રેજી તથા ગુજરાતી અનુવાદ અંકમાં અન્યત્ર આપ્યા છે



રવીન્દ્રનાથ ઠાકુરની એક કલાકૃતિ. પોતાનાં ચિત્રો વિષે તેઓ કહે છે: '...લોકો મને મારા ચિત્રોનો અર્થ પૂછ્યા કરે છે, પણ હું એ ચિત્રોની જેમ ચૂપ બેસી રહું છું...મને માત્ર એટલો સંતોષ છે કે મારાં ચિત્રો કોઈ વસ્તુ કે વાત બતાવવાના પ્રયત્નમાંથી ઊપજ્યાં નથી, પણ લય-છંદ માટેના મારા સહજ વલણથી રેખાઓ અને રંગના રસપ્રદ મેળ જમાવવાની લહેર માણવા મેં એ કર્યાં છે.

(એક 'કુમાર' પ્રેમી સજ્જન તરફથી સ્થાનસમર્પિત)

આપે લવાજમ મોકલ્યું ?

ઑગસ્ટ ૧૯૯૦થી 'કુમાર'ના નવા ગ્રાહકો નોંધાયા હતા. તે સહુનું લવાજમ જુલાઈ, ૧૯૯૧ના અંક સાથે પૂરું થયું છે. વળી, 'કુમાર'નું પ્રકાશન સ્થગિત થયું ત્યારે જે ગ્રાહકોનું લવાજમ જમા પડ્યું હતું તેમને પણ અમે ઑગસ્ટ ૧૯૯૦થી અંકો મોકલવાના શરૂ કર્યા હતા. આથી એવા જૂના ગ્રાહકોમાંના ઘણાનું લવાજમ પણ પૂરું થઈ ગયું છે. આથી સહુ જૂનાનવા ગ્રાહકોને પોતાનું નવું લવાજમ રૂ. ૭૫=૦૦ સત્વરે મોકલી આપવા વિનંતી છે, જેથી આપને 'કુમાર' નિયમિત મળતું રહે અને આપની ફાઈલ અતૂટ રહે.

આજીવન લવાજમ રૂ. ૭૫૦=૦૦, પૅટ્રન સભ્યપદ રૂ. ૧૦૦૦=૦૦

સંવર્ધક સભ્યપદ રૂ. ૫૦૦૦=૦૦, સ્થાન સમર્પિત અર્ધું પાનું રૂ. ૨૫૦૦=૦૦

જાહેરખબરના દર : ચોથું ટાઈટલ (બેરંગી) રૂ. ૨૫૦૦=૦૦, ત્રીજું ટાઈટલ રૂ. ૨૦૦૦=૦૦,
આખું પાનું રૂ. ૧૦૦૦=૦૦, અર્ધું પાનું રૂ. ૬૦૦=૦૦, પા પાનું રૂ. ૪૦૦=૦૦

આપને 'કુમાર' પસંદ પડ્યું હોય તો ઉપરની કોઈ પણ રીતે આપ આપની સદ્ભાવના વ્યક્ત કરી શકો.

બહારગામની બૅંક પરનો ચેક મોકલનારે રૂ. ૧૨=૦૦ ઉમેરવા.

આભાર

બંધ પડેલું 'કુમાર' ૧૯૯૦ના ઑગસ્ટથી પુનઃ પ્રકાશિત કર્યું તેને એક વર્ષ પૂરું થયું. આપના હાથમાં નવા વર્ષનો આ પહેલો અંક છે. આજ સુધીમાં 'કુમાર'ના જૂનાનવા ગ્રાહકોનો સારો સહકાર મળી રહ્યો છે. અનેક શુભેચ્છકોએ રૂ. ૧૦૦૦ ભરી પૅટ્રન સભ્ય બની કે રૂ. ૫૦૦૦ ભરી સંવર્ધક સભ્ય બની અમને ઉજ્જવળ ભાવિ માટે આશા બંધાવી છે, અનેકોએ આજીવન સભ્ય બનીને પણ પોતાની ચાહના પ્રકટ કરી છે, અનેક સદ્ભાવી વ્યક્તિઓ અને સંસ્થાઓએ વર્ષ દરમ્યાન 'કુમાર'ને જાહેરખબર આપીને પોતાનો સહયોગ પ્રકટ કર્યો છે તે બદલ તે સૌનો આભાર માનીએ છીએ. અમને શ્રદ્ધા છે કે આથી પણ વધુ ઉષ્માભર્યો સહકાર અમને આગામી વર્ષોમાં મળી રહેશે અને ગુજરાતના આ સંસ્કારપોષક સામયિકને પગભર થવામાં વાંધો નહીં આવે.

અમે આપને આ તબક્કે અપીલ કરીએ છીએ કે આપ 'કુમાર'ના ગ્રાહક બનીને, અન્યને ગ્રાહક બનાવીને, પૅટ્રન કે સંવર્ધક સભ્ય બનીને, સ્થાન સમર્પિત કરી કે જાહેરખબર આપીને તેને વધુ સમૃદ્ધ કરવામાં સહાયભૂત થશો. શાળા-મહાશાળાઓ અને નાનાંમોટાં ગ્રંથાલયો 'કુમાર'ના અચૂક ગ્રાહક બને અને ઊગતી પેઢીને સંસ્કારપોષક વાચનસામગ્રી પહોંચાડવામાં સહાયભૂત થાય તેવી પણ ખાસ અપીલ છે.

તંત્રી

પ્રિય અશ્વિનને

ફાગણ સુદ ચોથનો આસોપાલવ
તે મસળી નાખ્યો!
ત્યારે
કેસૂડાના ડાળ જેવા તારા લાલમલાલ હાથમાં
ડૂબકી મારવાનું મન થયું.
માણસને ઘણીવાર
કેવું કેવું
થાય છે.
- સ્વ. રાવજી પટેલ

અશ્વિન, તને કયો લાલ રંગ ગમ્યો કે પછી નીચેની ફિલોસોફી?

વર્ષાની હેલી કરતાં શરદની શબનમ વધારે ગમી.
સમાજનાં કિલ્લા કરતાં એકલતાની પાળ વધારે ગમી.
અલ્લડ જિંદગીમાં સુખ-દુ:ખની લાંબી વણઝાર છતાંય,
મૃત્યુની નજીક જઈ ગાળેલી ક્ષણો વધારે ગમી.
પારકાં હૃદયમાં સુખને શોધતો દુનિયા રઝળ્યો તોય,
મારા કાંધે નાખેલ દુ:ખોની નનામી વધારે ગમી.
જિંદગીને મધુર બનાવવા આજીવન કેદ લીધી 'બાપુ'એ
તો પણ નહિ નિભાવેલા સંબંધોની ખારાશ વધારે ગમી.

*

સ્થાનસમર્પિત

નલિનદા, છત્રસિંહ ત્રિવેદી, મહેશ
અને
કદાચ એક અમેરિકન સન્નારી

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧
વાર્ષિક લવાજમ રૂ. ૭૫ પરદેશમાં રૂ. ૨૫૦ આજીવન લવાજમ રૂ. ૭૫૦
છૂટક નકલ રૂ. ૮-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

'કુમાર' **અનુક્રમણિકા** વર્ષ ચોસઠમું
ઓગસ્ટ ૧૯૯૧ . સળંગ અંક ૭૬૩

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા-લઘુકથા-લઘુનવલ

લેખો

વિભાગો

વાચકો લખે છે

કનુભાઈ જાનીનો 'નાગપરંપરા અને પ્રતીક' લેખ ગમ્યો. ગુજરાતીમાં નાગપરંપરા ઉપર ઘણું કામ કરવાનું બાકી છે. અંગ્રેજીમાં નાગ વિશે સંશોધનો થયાં છે, પરંતુ ભારતીય અને વિશ્વની સંસ્કૃતિમાં 'નાગ' પ્રતીક તરીકે રહ્યો છે તેમાં ભારતીય અધ્યાત્મસાધના સાથેનો સંબંધ હજી જોઈએ તેવો સ્પષ્ટ થઈ શક્યો નથી. પાંચ હજાર વર્ષ પ્રાચીન 'નાગ'નું પ્રતીક ધર્મસાધનામાં ઉત્તરોત્તર વિકસિત બનતું રહ્યું છે, અને આજે પણ ટકી રહ્યું છે, તે સંશોધનનો રસપ્રદ વિષય છે. તંત્ર, પુરાણો અને અન્ય ધર્મસાધનામાં નાગ આજે પણ જીવંત છે. કનુભાઈએ 'નાગસત્ર'ની એક શિબિર યોજવી જોઈએ જેમાં નાગનો સમગ્ર દૃષ્ટિએ વિચારવિમર્શ થાય.

ડી. બી. રાયજાદા - (કેશોદ)

⌑

'કુમાર' શરૂ થયું ત્યારથી બંધ પડ્યું ત્યાં સુધી એક જ પ્રકારનો તેનો ઢાંચો હતો. એ જ ચિત્રો, કાવ્યો, વાર્તા-લઘુકથા, દેશાભિમાની નેતાનું ટૂંકા કરતાં પણ ટૂંકું ચરિત્ર વગેરે. સારું છે. પણ એક વસતુ ખ્યાલ બહાર રહી ગઈ છે. પરિવર્તન અને વાચકોની દૃષ્ટિમાં ફેરફાર. આવો ફેરફાર આપને પણ દૃષ્ટિગોચર થતો તો હશે જ.

'કુમાર' સમૃધ્દ કરવાની અપીલ... કાયમી સખાવત પગભર થતાં અટકાવે નહિ ? વિચારવા જેવું લાગે છે.

ક્રિકેટ અંગેની શ્રેણી પણ આશ્ચર્યજનક લાગે છે. પુસ્તકો વાંચીને ઘોડેસવારી શીખવા જેવું લાગે છે.

વાચકોને હાલનો ઢાંચો પસંદ છે કે કંઈ, ફેરફાર ઇચ્છે છે અને ક્યા પ્રકારનો ફેરફાર ઇચ્છે છે ઈત્યાદિ અંગે આપ વાચકો લખે છે વિભાગ મારફત અભિપ્રાય જાણી શકો.

એ. કે દેસાઈ - (નર્મદાનગર)

⌑

હું ઉચ્છિષ્ટ ગણેશ-ઉપાસક છું. હમણાં મેં 'ગુજરાતનું મૂર્તિવિધાન' (લેખક : કનૈયાલાલ ભા. દવે) પુસ્તક વાંચ્યું તેમાં અપયેલા કેટલાંક શિલ્પોનાં ચિત્રો આપના સૌજન્યથી પ્રકટ થએલાં હોઈ આપને આ લખું છું.

આ દેવ (ઉચ્છિષ્ટ ગણેશ)નું મંદિર ક્યાં આવેલું? આ દેવની મૂર્તિ ક્યાં જોવા મળશે? એમની છબી ક્યાંથી મળી શકે? આ અંગે કંઈ ખાસ લખાયું હોય તે ક્યાં મળી શકે?

જાણવા મળ્યું છે કે Nanjagadu તથા Katadiમાં આ દેવની પ્રતિમાઓ છે, તો આ બે સ્થળો કે સ્થાન ક્યાં છે?

એચ. જે ઠક્કર - વગડિયા (થાન)

⌑

આ એક એવું સામયિક છે જેનો વાચક વર્ગ પીઢ અને મોટી ઉંમરનો પણ હોય. આ વર્ગને સામાન્ય રીતે વાંચતી વખતે આંખોની તકલીફ રહેતી હોય છે તેથી આપને વિનંતિ કે 'કુમાર'ના ટાઈપ મોટા ના કરી શકો?

મૃદુલા મહેતા - (અમદાવાદ)

⌑

કેટલાંક સૂચનો કરવાનું મન થાય છે -

'કુમાર'ના જૂના વિભાગો ફરી ચાલુ કરવા.

ક્રિકેટ શીખવાની ટેક્નિકની લેખમાળા વાંચીને ક્રિકેટ શીખી શકાય તેમ માનવું ભૂલભરેલું છે. ક્રિકેટના ઉત્તમ ખેલાડિઓની પરિચયમાળા વાજબી લેખાય.

'કુમાર' જાન્યુ.'૯૧ ના પૃ.૭ પરની પાદટીપ જે (ઝીણા) ટાઈપમાં છાપી છે તે ટાઈપમાં આખું 'કુમાર' છાપી શકાય તો વધુ સામગ્રીનો સમાવેશ થઈ શકે. અગાઉ પ્રકટ થતા તેવા ઉત્તમ ફોટોગ્રાફ્સ ફરી છાપો... જે તે ક્ષેત્રની વિભૂતિઓને શોધી તેમની કૃતિ છાપો. 'વાચકો લખે છે...' વિભાગમાં માહિતીસભર પત્રો જ છાપો જેથી ભાવકોના જ્ઞાનનો લાભ સૌને મળે.

- જનક ત્રિવેદી (અમરેલી)

⌑

'કુમાર'માં ગુર્જિએફ વિષે પ્રફુલ્લભાઈનો લેખ વાંચ્યો. તેમાં તેમની 'જીવનકળા' વિશે કંઈ નથી... ગુર્જિએફ વિશે ૪૫ જેટલી ભાષામાં ૫૦૦ જેટલાં પુસ્તકો લખાયાં છે, જેની ૨૦ લાખથી વધારે નકલો પ્રકટ થઈ છે. ગુર્જિએફના Meeting with the remerkable men ઉપરથી તો બે ચલચિત્રો પણ ઊતર્યાં છે.

કેમ શીખવું તે શીખવવાનું તેમનું જીવન કોઈપણ મસાલાથી ભરપુર ફિલ્મની કલા જેવું છે. તેમનાં પાંચ પૈકી મહત્ત્વનાં ત્રણમાંનું એક Life is only real then, when I 'am' અધૂરેથી છોડાયું છે, એટલું જ નહિ, તેમાં એક પેરેગ્રાફમાં એક વાક્ય પણ અધૂરું રખાયું છે. તેના પ્રથમ પુસ્તકના ત્રણ ભાગ છે તેનેAll of everthing કહે છે. તેમાં વાર્તાઓ દ્વારા તેમણે મનુષ્યની નબળાઈ, માન્યતાઓ, પરંપરાઓ અને લઘુતા તથા નકારાત્મકતાને કારણે મનુષ્યની રુગ્ણતા ઉપર નિર્મમ રીતે પ્રહાર કર્યો છે.

ભારતમાં પૂનામાં, માધવપુર(ઘેડ)માં અને ઉપલેટામાં ગુર્જિએફ જીવનકલાનાં કેન્દ્રો ચાલે છે.

ગુર્જિએફ વિષે અમે બે પુસ્તકો - 'કર્મયોગી ગુર્જિએફ' અને 'ગુર્જિએફની જીવનકળા' લખ્યાં છે. **-પુષ્કરભાઈ ગોકાણી** (દ્વારકા)

⌑

'કુમાર'ના જૂન માસના અંકમાં ૨૮૦મા પાના પર પર રેલેરીની સમજ આપવામાં ભૂલ લાગે છે.

એક કેલરી એટલે કેવળ એક ગ્રામ પાણીનું ઉષ્ણતામાન એક ડિગ્રી સેન્ટીગ્રેડ વધારવા જે ગરમી આપવી પડે તે છે. એ ગરમીનું એકમ છે. વળી, બરફને ગરમી આપી પાણી કરવામાં એની ગુપ્ત ગરમીનો પણ વિચાર કરવો પડે. ટૂંકમાં બે રતલ બરફને પાણીમાં ફેરવીને તેને ઊકળતું કરવામાં તો ઘણી કેલરીઓ જોઈએ. **- રવીન્દ્ર ભટ્ટ** - (ભાવનગર)

⌑

'કુમાર' વધુ લોકપ્રિય બનાવવા આપ એક એવો નવો વિભાગ શરૂ કરો જેમાં વાચકો પોતાના જીવનમાં બનેલી મહત્ત્વની ઘટનાની નોંધ કરે અને તેમાંથી બીજાને કંઈ બોધ મળે.

મોહંમદ રિયાઝ ડી. ખત્રી - (ઉપલેટા)

બીજી વાર નાળ તૂટ્યાનું સૉનેટ/ઉશનસ્

(હરિણી)

'તડતડ' સુણાઈયે ના, ને કશુંક તૂટી ગયું
તનુ બિસતણા તંતુગાંઠ્યું, મુલાયમ લંગરે
વતન ઘરને ભીંને ભાઠે ઊંડું ઊંડું ભીતરે
ખૂંતી ગયું'તું તે કાળે ખેંચ્યુ, ઉઠાવ્યુ; ઊઠી ગયું !

ક્યહીં તરુખર્યા પર્ણે કોઈ કીડી ચઢી જે હતી
પરણ પણ જે ભારે વેગી પ્રવાહતણાયલું
તનિક તિનકે તીરાધારે અડી રહ્યું'તું સ્ખલ્યું,
તટ છૂટી ગયો છોળે, ઓ રે, અને પછી જે ગતિ...!

રતિ ચીટકી કીડી નોંધારી પ્રચંડ પ્રવાહમાં
પરણવળગેલી નિષ્ફૂલે તળે-ઉપરે થતી
અવ દશ દિશે ઠેલંઠેલા અતંત્ર વહ્યે જતી...
ઘરહીણ હું યે હાવાં એવો અરક્ષિત રાહમાં ;

પ્રથમ જનમ્યો ત્યારે બાથી કપાયલ નાળથી,
ફરીથી, ઘર આ પેલી પારે છૂટી ગયું ત્યારથી.

અક્ષર/જયન્ત પાઠક

(ગાન)

કાગળના તે કાચા:
અક્ષર માંય લખ્યા તે સાચા !

ધોળો બગ કાગળ ને
તીણી કલમ તીરના જેવી
સોનેરી રુશનાઈ
લીટીઓ ચળક હીરના જેવી;
સૌ વરણાગી વાચા
અક્ષર માંય લખ્યા તે સાચા !

ફૂલગુલાબી પરબીડિયું ને
અત્તરછાંટ ઉમંગી
બીડ્યો તે આંગળીઓ ફૂણી
મસૃણ મેંદીરંગી;
સાધન સરવે ટાંચાં
અક્ષર મહીં ઊઘડ્યા તે સાચા !

પાંદડું અને દરિયો/રમેશ પારેખ

(ગાન)

પાંદડાએ દરિયાને મ્હેણું માર્યું
બાયુંની જેમ તું તો કાંઠાની રેતી પર કરે ફીણમોજાંની ગાર્યું...

પથ્થર પર માથાં પછાડ મા,
શું કોઈ તને બાંધે છે તોરણે કે ટોડે?
વેતા વિનાનો તું કેવો કે
પોતાને પરપોટે-પરપોટે ફોડે!
તારામાં એટલું જ પાણી કે કોઈ વ્હાણ ડુબાડ્યું, કોઈ વ્હાણ તાર્યું !

મારી જેમ કદી તને ફરફરતાં આવડે?
આ ઘૂઘવવું, ઊછળવું - એ શું?
ટગલી ડાળે હું સાવ નાનકડું ઝૂલું
ને પાતાળે મૂળ વડે પેસું!
ઊગતાં તો શું, તને ખરતાં ન આવડે, થાય ના કશું ય તારું ધાર્યું!

જોખી જોખીને/નટરાજ બ્રહ્મભટ્ટ

(ગાન)

જોખી જોખીને આમ જીવતર જીવાય નહીં
જોખેથી થાય નહીં નેહ,
પૂછી પૂછીને આમ વરસે જો વાદળી તો
ધરતીનો કેમ રહે દેહ ?

વાયુ ને તેજે તો રાખ્યાં ન ત્રાજવાં
ને ટહુકાએ રાખ્યાં ન તાળાં,
ફોરમની હરખાતી હેલી રે થાય
તો ય ફૂલો ન ઉઘરાવે ફાળા;
કાયા કપૂર એને જોખવા રે જાતા તો
આવીને ઊભી રે ચેહ.

જોખવાના હોય અલ્યા ગ્રાગ્ર ઉલાળા
તો સત્‌ને મૂકીને જરા જો,
પલ્લાં તો આમતેમ ઊંચુંનીચું જોઈ
એકબીજા આપશે રે ખો ;
ગોખી ગોખીને આમ ગણવાની જાતને
કાં લગ લગાડવી, લ્યા, લેહ ?

મુક્તક/મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'

એક હાથે ફૂલ, બીજે હાથ કંટક હોય છે,
સ્પર્શ અંગે બોલવામાં ધર્મસંકટ હોય છે !
આમ ઝરમર, આમ છત્રી, આમ શ્રાવણ, આમ હું !
આપણે ભીનાશથી ક્યાં સ્નાનસૂતક હોય છે !

દમિયલ પ્રકૃતિ અને
વિવેકાત્માએ
દૃઢ મનોબળ અને
દ્વારા આત્મખોજના
ગુલામ ભારત અને
સ્વાતંત્ર્યને કાજે
વિચારધારાથી રંગાઈ
પરાક્રમભર્યો
અહિંસાના ઉપાસક
શોધક એવા પ્રખર
ગાંધીલિચારના
અને સંયમને
મહત્ત્વનાં સોપાન
ચિંતનાત્મક
ગાંધીયુગમાં ગૌરવ-
આ યુગના કર્મવીર,
અને શિલોપાસક



દુર્બળ દેહધારી એક
પોતાના જીવનમાં
સદૃઢ સંકલ્પશક્તિ
માર્ગે માર્ગે ત્યારે
ગુલામ ભારતવાસીના
મહાત્મા ગાંધીની
'સમૂળી ક્રાંતિ'નો
જીવનરાહ ચીંધનાર,
અને પરમ સત્યના
ગાંધીવાદી ને
પ્રસારક, સાદાઈ
જીવનસિદ્ધિનાં
સમજનાર, ગુજરાતી
ગદ્યસર્જનના ક્ષેત્રે
ભર્યો ફાળો આપનાર
સ્વસ્થ ચિંતક
સારસ્વત

કિશોરલાલ મશરૂવાળા

કનુભાઈ જાની

જેને સ્પષ્ટ ધ્યેય મળી જાય એનું જીવન એના ધ્યેયનું સમીકરણ બની જતું હોય છે. આવા પ્રત્યેક ધ્યેયનિષ્ઠ જીવનના મોટે ભાગે બે કાલખંડ પાડી શકાય : ધ્યેયની પ્રાપ્તિ સુધીનો કાળ, અને પછીનો કાર્યકાળ. મશરૂવાળાના જીવનમાં ૧૯૨૧ સુધીનો કાળ તે હતો મંથનનો, ધ્યેયની ઝંખના, એ માટેની તપ-તિતિક્ષા-તડપનનો ને આખરે એની પ્રાપ્તિનો; પછી ગ્રંથીઓ છેદાઈ, વિવેકદૃષ્ટિ ઊઘડી કે, 'ત્યાર પછી ઊઘડી મુજ વાણ' એવું થયું ! આરંભનાં બરાબર ૩૧ વર્ષ ને પછીનાં પણ બરાબર ૩૧ વર્ષ ! બેય પલ્લાં સરખાં! એ કાળ પછી દૃષ્ટિ બહુ જ સ્પષ્ટ થઈ ગઈ હતી એ વાત એક પ્રસંગથી સ્પષ્ટ થાય છે.

૧૯૩૨ની સાલ. કોમી ચુકાદાના વિરોધમાં ગાંધીજીએ ઉપવાસ આદર્યા ને નાથજીને એ નીતિમય ન લાગ્યા! હવે? નાથજી તો મશરૂવાળના ગુરુ. છતાં ગાંધીજીએ મશરૂવાળાને જેલમાંથી પત્ર લખી પુછાવ્યું. મશરૂવાળા પણ ત્યારે નાસિક જેલમાં. એમણે દલીલોથી સ્પષ્ટ કરી જણાવ્યું કે આ સિવાય કોઈ ઉપાય જ નથી! એ પત્રમાં રોજ આશ્રમની પ્રાર્થનામાં બોલાતા એક શ્લોક વિષે લખ્યું :

'ન ત્વહં કામયે-ઈત્યાદિ મંત્ર આપે હંમેશાં જપ્યો છે. એના ગુજરાતી અનુવાદમાં એની બીજી લીટી મેં થોડી ફેરવી છે :

ના હું ઈચ્છું સ્વર્ગ વા ઈહ ઋદ્ધિ,
ના હું ઈચ્છું જન્મમૃત્યુથી મુક્તિ;
હું તો ઈચ્છું સર્વ મારું સદાયે
કો પ્રાણીના દુ:ખનાશાર્થ થાયે.'

અને પોતે પાછી એ મતલબની સંસ્કૃત પંક્તિ પણ રચેલી તે પણ લખી જણાવે છે :

'કામયે જીવિતં મે સ્યાત્
આર્તિનાશાય પ્રાણિનામ્.'

માત્ર ઇચ્છાથી શું વળે? કાર્ય જોઈએ. કરુણા કાર્યાન્વિત થવી જોઈએ. કેવું સંસ્કૃત-પ્રભુત્વ! ને કેવું ગુજરાતી-પ્રભુત્વ. સરળ પદ્યમાં બંને ઊતરે! નહિ તો એ તો હતા વિજ્ઞાનના વિદ્યાર્થી, ફિઝિક્સ-કેમિસ્ટ્રિના ગ્રેજ્યુએટ, વિનયનના નહિ! સંસ્કૃત ત્યારે ધર્મસંસ્કારની સાથે કુટુંબસંસ્કારમાં મળતું.

મશરૂવાળાને પણ ધર્મતત્ત્વની ખોજ, ઔદાર્ય, સેવાભાવ, દેશપ્રેમ, વાચનપ્રીતિ, ત્યાગતત્પરતા અને સત્યનિષ્ઠા - એટલું કુટુંબસંસ્કારરૂપે મળેલું. અલબત્ત, પોતાની જાગૃતિ તો ખરી જ. નાની લાગતી વાતમાં પણ નીતિ-અનીતિનો વિવેક તરત કરી લે. ત્યારે દમલેલ શરીરની દયાને પણ વચમાં ન લાવે. આપણી આઝાદીની '૨૧-'૨૨ પછીની એકેય લડત એવી નથી જેમાં એમણે ઝંપલાવ્યું ન હોય. ક્યારેક તો દમનો હુમલો ચાલુ હોય ને પોલિસ પકડવા આવે. '૪૨માં એવું જ બનેલું. મધરાતે સેવાગ્રામઆશ્રમમાં પોલિસે છાપો માર્યો. ત્યારે ઠંડી સખત. દમનો હુમલો ચાલુ. આ તો પહેરણભેર રેંટિયો-પૂણી લેતાંક ને હાજર! ત્યારે ગોમતીબહેને ખિસ્સામાં બે પાંચ લવિંગ મૂકવા માંડ્યાં. 'લો, દમમાં જરા રાહત રહેશે.' કિશોરલાલ કહે, 'ના, ન લેવાય. હવે મારું શરીર સરકારને હવાલે.'

નાના હતા ત્યારે વાપરવા મળતા પૈસામાંથી બચત કરતા. એક વાર મોટા ભાઈને એની જાણ થઈ. વઢ્યા. 'ખાવા માટે મળ્યા છે; બીજા કામમાં વાપરવા તે અનીતિ કહેવાય.' આવી સત્યનિષ્ઠા એમને વારસામાં મળેલી. પિતાના દાદા લક્ષ્મીચંદ, મશરૂના વેપારી, વલ્લભસંપ્રદાયની ત્યારની મર્યાદાઓ કઠી, એટલે સ્વામીનારાયણ સંપ્રદાયમાં જોડાયા. નાતબહાર મુકાયા. ઘણું વેઠ્યું. 'સિંહકુટુંબ' નામ પડ્યું. દાદા રંગીલદાસે તો વલ્લભમત સામેના કેસમાં આગળ પડતો ભાગ લીધેલો. બહિષ્કૃત કુટુંબને કન્યાઓની તાણ પડતી ને વેવાઈ ક્યારેક અઘટિત માગણીઓ કરતા. બુરહાનપુરમાં કાકાની જાન વખતે વેવાઈએ 'કંઠી તોડો તો કન્યા આપીએ' એવી માગણી કરતાં, પાછા ફરવાની મક્કમતા બતાવેલી. જડાવબહેન સાસરપક્ષે પણ પોતાની શ્રદ્ધાને અડગ રીતે વળગી રહેલાં. માત્ર ધાર્મિક ક્ષેત્રે જ નહિ, સામાજિક ક્ષેત્રે પણ કુટુંબ આગળ પડતું હતું. દાદા રંગીલદાસે મીઠાવેરા સામેની લડતમાં પોતાના પુત્ર મંછારામને ભાગ લેવા દીધેલો. મંછારામ લેખક હતા. 'દેશી મિત્ર', 'સત્ય' અને 'ગુજરાત મિત્ર' પત્રો ચલાવેલાં. મીઠાવેરા સામેની લડતમાં જેલ પણ ભોગવેલી. એ જેલવાસ દરમ્યાન કિશોરલાલભાઈના પિતાશ્રીએ છાપું ચલાવેલું. ઇચ્છારામ સૂર્યરામ દેસાઈના એ મિત્ર. દાદાના અવસાન સાથે મશરૂનો વેપાર બંધ થયો.

પિતા ઇચ્છારામ મિશન હાઈ સ્કૂલમાં ભણેલા. અંગ્રેજી ઘણું સારું. આરંભે સાત વર્ષ શિક્ષક. ઇ. સૂ. દે.ના 'હિન્દ અને બ્રિટાનિયા'ના



પત્ની ગોમતીબહેન

લેખનમાં પણ એમનો ફાળો. આરંભે ખ્રિસ્તી ધર્મ પ્રત્યે ખેંચાયેલા. પૂજા કરતાં પણ 'પરમાત્માનું જે સાચું રૂપ હોય તેને અર્પણ' એવો ભાવ રાખતા. અવતાર અંગેની કિશોરલાલની ભાવનાનાં બીજ જાણે અહીં હતાં. વળી છેલ્લી ઇચ્છા હતી 'પરમાત્મા જેનો નિશ્ચય કરાવે તેને માટે—જીવનસમર્પણ કરવું.' (શ્રેયાર્થીની સાધના, પૃ.૧૮)

માતા મૂળ વલ્લભસંપ્રદાયનાં. વ્યક્તિત્વવાળાં. પૂજા કરતાં, પાલખામાં પોતાના ઇષ્ટદેવને જ આગળ મૂકે. પતિ જોડે એ બાબતમાં વિવાદ કરે. માંદાં પડે તો ય દવા ન લેતાં. દેવને ધરાવેલું પાણી જ લે. આવી માતા કિશોરલાલે નાનપણમાં ગુમાવી. પિતાએ માતાની ગરજ સારેલી. છ વર્ષના થયા ત્યાં સુધી એમને હાથે જ જમે. પછીયે બંને જમે સાથે. ઘેરો પ્રેમસંબંધ - એવો કે જુવાન વિચારશીલ કિશોરલાલને એ (ને મિત્રપ્રત્યેનો) પ્રેમ પ્રભુપ્રેમથી બળવત્તર ને તેથી 'મોહરૂપ' લાગે! પાછળથી સમજાયું કે આવો નૈસર્ગિક પ્રેમ એ તો પ્રભુપ્રેમની દીક્ષારૂપ છે, 'સ્વાર્પણ કરવાની શક્તિ' છે. પિતાના મૃત્યુ વખતે એ ખાસ્સા છવ્વીસેકની ઉંમરના. (૧૯૧૬) પિતા જતાં એમને પાછી ગાંધીજીમાં એ પિતૃમૂર્તિ અનુભવાની! અને એ પ્રેમસંબંધને કારણે ક્યારેક એમની આજ્ઞા પણ, મતભેદ છતાં, માથે ચડાવતા! ૧૯૩૭માં 'ગાંધી સેવા સંઘ'નું રાજીનામું આમ જ પાછું ખેંચેલું! આવા કુટુંબને કારણે ધર્મખોજ, સત્યપ્રીતિ, વાચન-લેખન-પ્રેમ, એટલું તો એમને સહેજે વારસામાં સંસ્કારરૂપે મળેલું. કિશોરલાલના જન્મ વખતે પિતા મુંબઈ-આકોલા આવજા કરે, અને વેપાર કરે. છ માસ મુંબઈ ને છ માસ આકોલા. ત્યારે ત્રણ વર્ષનો પુત્ર 'જુગલ'; એટલે બીજો આવે તો 'કિશોર' નામ અગાઉથી વિચારી રાખેલું. ને એમ જ થયું ! સં. ૧૯૪૬ના બીજા ભાદરવાની વદ સાતમ ને રવિવાર તા. ૫-૧૦-૧૮૯૦ને રોજ મુંબઈમાં કાલબાદેવીમાંના એક ભાડાના મકાનમાં કિશોરલાલનો જન્મ થયો.

થોડા માસે તો કુટુંબને આકોલા જવાનું થયું. ત્યાં એક ચમત્કારરૂપ અકસ્માત થયો. (ચમત્કારોના વિરોધીના જન્મ સાથે વિધિએ ચમત્કારનો

ખેલ રચ્યો!!) બપોરનો સમય. સૌ સૂતેલાં. ઘોડિયામાં નાનો કિશોર, ને બાજુમાં જુગલ રમે. એ ઓરડામાં બીજું કોઈ નહિ! બાજુના ઓરડાનું બારણું એ ઓરડામાં વચમાં પડે, ને બારણું બરાબર બંધ કરેલું; એ બાજુના ઓરડામાં અળસીનો ખડકલો થયે જાય. થતાં થતાં એના ભારથી બારણું તૂટ્યું. અળસીનો પ્રવાહ મહીં ધસી આવ્યો. ઘોડિયું-બોડિયું બધું ડૂબી ગયું ! ધબાકો સાંભળીને સૌ દોડી આવ્યાં! જુએ તો અળસીના ડુંગરે બધું ડૂબેલું! 'હાય, હાય! છોકરા...ગયા!' માએ ચીસ નાખી. રડારોળ ચાલી. ત્યાં તો કેરીવાળે મોંએ જુગલ બીજી કેરી માગવા આવ્યો! 'હેં...! તું? ભઈ ક્યાં?' ગોવિંદ નામે ઘાટીને હાક મારી. આવ્યો. કહે, 'માજી, મને તાવ આવેલો તે સૂતો'તો. ત્યાં જાણે મને કોકે ઊંઘમાં ધમકાવ્યો! 'સૂતો શું છે? ઝટ જા. તારા શેઠનો દીકરો મરશે.' તે હું દોડ્યો ને બેય છોકરાને મારે ત્યાં લાવી, આ જુગોને કેરી આપી, પાછો સૂઈ ગયો'તો." પછી બારણું તૂટ્યું; ખાલી ઘોડિયું દટાયું! મા-બાપની શ્રદ્ધા કહે છે: 'હવે એ બાળક આપણો ન કહેવાય. એ તો ઘનશ્યામનો પુત્ર.' આમ, સ્વામીનારાયણનું જ બીજું નામ પિતૃનામને સ્થાને ત્યારથી મુકાયું તે મુકાતું જ રહ્યું છે. પેઢીનું નામ પણ પડ્યું 'જુગલકિશોર ઘનશ્યામલાલ.' પોતે ઈશાર્પિત છે એ ભાન એમને જીવનભર રહેલું. જુગલકિશોર ખેરખર જુગલકિશોર હતા. આજે જ્યારે કુટુંબક્લેશની કથાઓ જ્યાં ત્યાં સાંભળવા મળે છે ત્યારે, જરા કાલાન્તરદોષ વહોરીને પણ, આ ભ્રાતૃપ્રેમનો એક પ્રસંગ અહીં જ ઝટ મૂકી દેવાના મનના હઠાગ્રહને વશ થાઉં છું!

વર્ષો વીત્યાં. મોટાભાઈ મુંબઈ પેઢી ચલાવે ને નાનાભાઈ કિશોરલાલ ગાંધીજીના આશ્રમમાં. ઘેરથી પૈસા લેવા બંધ કર્યા ને આશ્રમમાંથી જે થોડી રકમ મળે એમાં ચલાવે. મોટાભાઈને એ કઠ્યું. '૨૧-'૨૨ પછીની સાલ. કિશોરલાલને 'ગુરુ' નાથજી મળી ચૂકેલા. એમનું એ માને. એટલે ભાઈ તો પહોંચ્યા નાથજી પાસે વસઈ. સાદાઈની છાપ પાડતો ખાદીનો પોષાક. બંને એકબીજાથી અપરિચિત. એટલે નાથજીએ પૂછ્યું : 'આપ કોણ છો? ક્યાંથી આવો છો?' 'હું બાલુભાઈ. કિશોરલાલનો મોટો ભાઈ. મુંબઈમાં વેપાર કરું છું. અમે ત્રણ ભાઈઓ. ત્રણે વતી હું વેપાર કરું છું, ને નફામાંથી ત્રણ સરખા ભાગ પાડું છું. હવે પોતાનો એ ભાગ મારો ભાઈ લેવાની ના પાડે છે! ઘરના પૈસા હોય ત્યારે સાર્વજનિક પૈસા લેવા તે ઠીક છે?'

નાથજીને વાત વાજબી લાગી. કિશોરલાલને બધી વાત કરી. કિશોરલાલ કહે, 'પણ મારા પિતાશ્રી ગુજરી ગયા ત્યારે જે દેવું હતું તે બધુંયે બાલુભાઈએ ભરેલું! આ કમાણી એ એમની મહેનતનું પરિણામ. મેં તો એમાં જાત જરાય ઘસી નથી. એટલે મારાથી એ કેમ લેવાય?' આ વાતેય વાજબી! પાછી આ વાત બાલુભાઈને પહોંચાડી. બાલુભાઈ કહે, 'પિતાશ્રી ગુજરી ગયા ત્યારે એ પેઢી સૌ વતી મને સોંપી ગયા હતા. કોઈ ગુમાસ્તાને સોંપી હોત તો શું એ કમાણી એની ગણાત?' વાતેય વાજબી! પાછી પહોંચાડી કિશોરલાલને. કહે, 'ઠીક. એમનો પ્રેમ છે ને એમને દુઃખ ન લાગે માટે લઉં; બાકી વાત ન્યાયી નથી.' તો બાલુભાઈ કહે, 'આ જ ખરો ન્યાય છે. હું દયાદાન કરતો જ નથી. હકથી લેવાનું છે એમણે.' નાથજીએ હાથ જોડ્યા. કહે, 'ભાઈ, આમાં હું ન્યાયાન્યાયનો ચુકાદો આપી શકું એમ નથી!'

કિશોરલાલનાં ચરિત્રોમાં સ્વામીનારાયણ સંસ્કાર પ્રત્યે બહુ ધ્યાન દોરવામાં આવે છે, પણ પ્રેમની આવી દીક્ષાશિક્ષાના સંસ્કાર હોય તો, એની પાછળ ઔદાર્ય, ઘસાવાની વૃત્તિ, વગેરે અનેક સદ્‌ગુણો આપોઆપ ખીલે છે. આ આખું કુટુંબ ૧૯૦૫થી જ, બંગભંગથી 'સ્વદેશી'નુંયે આગ્રહી.

આવા કુટુંબમાં બચપણ વીત્યું. છ માસ મુંબઈ ને છ માસ આકોલા એમ પ્રાથમિક ધોરણો પહેલેથી મરાઠી-ગુજરાતી બંનેમાં પસાર કર્યાં. એટલે પહેલેથી બંને ભાષા પર સહજ પ્રભુત્વ રહ્યું. (તુકારામની વાણી ગુજરાતીમાં એમણે સરસ રીતે ઉતારી છે.) આકોલાની શાળાના શિક્ષકના બેસુમાર મારને કારણે એ શાળા છોડી, બાકીનો અભ્યાસ મુંબઈની મરાઠી શાળાઓમાં કર્યો. આકોલા છોડ્યા પછી માધ્યમિક શાળાનો કેટલોક કાળ પણ મુંબઈમાં ગાળ્યો. પછી બે વર્ષ આગ્રામાં. અંગ્રેજી ચોથી-પાંચમી ત્યાં કરી. (ત્યાં હિન્દી-ઉર્દૂનો મહાવરો થયો. જાહેર જીવનમાં પડ્યા પછી બહુ જ સહજ રીતે ઘણા લેખો એમણે સીધા હિન્દીમાં લખેલા. એમની 'કાગડાની નજરે' ની 'સર્વોદય'માંની લેખમાળા મૂળ હિન્દીમાં લખાયેલી. એના નિર્દોષ વિનોદને કારણે એ બેનમૂન ગણાય.) આગ્રાથી પાછા એ મુંબઈ એસ્પ્લેનેડ હાઈ સ્કૂલમાં આવ્યા. ત્યાંથી ૧૯૦૫ના નવેમ્બરમાં, પંદર વર્ષની ઉંમરે, મેટ્રિક થયા. એ શાળાનો ધ્યેયમંત્ર હતો 'પરસીવિયરન્સ', સતત મંડ્યા રહેવું. એ એમને બહુ ગમતો.

૧૯૦૬માં વિલ્સન કૉલેજમાં દાખલ થયા. ૧૯૦૭માં ઇન્ટરમાં પ્રથમ વર્ગમાં આવ્યા. 'વિષયના હાર્દમાં ઊતરી, તેનું પૃથક્કરણ કરી, બુદ્ધિમાં એ ઉતારી લેવો, એ મારી અભ્યાસની ટેવ છે.' (૪૧. પૃષ્ઠાંક 'શ્રેયાર્થીની સાધના'ની 'પ૩ની આવૃત્તિના સમજવા.) સાદો પરંતુ

ગુરુ નાથજી



વ્યવસ્થિત પોશાક પહેરતા. સફેદ લાંબુ પાટલૂન, લાંબો પારસી ડગલો, માથે બેંગલોરી ટોપી તથા બૂટમોજાં. આ પોષાક મુંબઈ, આકોલામાંની વકીલાતથી માંડીને, એટલે કે ૧૯૦૬થી આશ્રમમાં જોડાયા ૧૯૧૭માં ત્યાં સુધી રહ્યો. ૧૯૦૯ના નવેમ્બરમાં ફિઝિક્સ અને કેમિસ્ટ્રિ સાથે તેઓ ગ્રેજ્યુએટ થયા. એમનાં લખાણોમાં વિજ્ઞાનની જ્યાં વાતો આવે (દાત., 'ઊધઈનું જીવન') ત્યાં તો એમની એ વિષયની પકડનો ખ્યાલ આવે જ, પણ તે સિવાયનાં લખાણોમાં પણ વૈજ્ઞાનિક અભિગમ દેખાશે. દષ્ટાંતો અવારનવાર વિજ્ઞાનમાંથી આવ્યાં કરે છે. વિજ્ઞાનના પારિભાષિક શબ્દો યથાતથ રાખવાનો આગ્રહ, બધી જ ભારતીય ભાષાઓ માટે પણ સૌએ રોમન લિપિ અપનાવવી એવો આગ્રહ, તત્ત્વજ્ઞાન જેવા ગંભીર વિષયોની ચર્ચામાં આકૃતિઓ, સૂત્રો, કોઠા, ચિત્રો વગેરે દ્વારા વસ્તુને સમજાવવની રીતિ - એ બધાંમાં વિજ્ઞાનના અભ્યાસની અસર જોઈ શકાય છે. દાત. 'સમૂળી ક્રાન્તિ'ના બીજા ભાગમાં 'અર્થવૃદ્ધિનાં સાધનો'ની ચર્ચા કરતાં, બહારથી સરખા જણાતા મનુષ્યો મહીંથી કેવા વધુ-ઓછા અવકાશવાળા હોય છે, એટલે એવા મનુષ્યોએ પોતાની નૈતિક ભાવનાઓને સમાવવા શું કરવું એની ચર્ચા કરતાં, બહારથી સરખી દેખાતી પણ મહીંથી વધુ-ઓછા અવકાશવાળી ત્રણ શીશીઓનાં રેખાચિત્રો આપીને વાત સમજાવે છે. ('સ.ક્રા.' સં. નગીનદાસ; ૯૯.)એ જ પુસ્તકના ઉપસંહારમાં (૧૩૭-૧૩૮) બે આકૃતિઓ દ્વારા બે અભિગમો સમજાવ્યા છે. વિદ્યામાંયે શુદ્ધિ-વૃદ્ધિનો આગ્રહ, તત્ત્વજ્ઞાન પણ ભૌતિક વિજ્ઞાનની માફક સાર્વજનિક વિદ્યા છે (સ. કા. ૧૫૨) એ પ્રતિપાદન - એમ ઘણેબધે સ્થળે એમનો વિજ્ઞાનનો અભ્યાસ ઊગી નીકળેલો દેખાશે. 'ભૌતિકશાસ્ત્રો પ્રકૃતિના કોઈ એક વચલા સ્થાનેથી પાછળ જઈ મૂળ સુધી શોધ લઈ જવા મથે છે.' ('સ.ક્રા.', ૧૫૩) એમણે વિચારણામાં લીધેલ જ્ઞાનમાત્રમાં સ્થિતસ્ય સમર્થનમ્ કરવાને બદલે ચકાસણીની જે વૃત્તિ-રીતિ રાખી એમાં એમની વિજ્ઞાનની દષ્ટિ કામે લાગી છે. એ વિજ્ઞાનાભ્યાસમાં વકીલાતદીધો તર્કાગ્રહ ભળે છે. ૧૯૧૩ના જૂન-જુલાઈમાં એમણે એલએલ.બી. પ્રથમ વર્ગ સાથે પસાર કરી.

એ ઈન્ટરમાં હતા ત્યારે ૧૯૦૭માં વેવિશાળ થયું. એ છ વર્ષ રહ્યું. પોતાનું આયુષ્ય એકવીસ વર્ષનું જ છે, એવો વહેમ પેસી ગયેલો એટલે એ ગોમતીબહેનથી દૂર જ રહેતા. છેવટે ૩૦-૩-૧૯૧૩ને રોજ એમનાં લગ્ન થયાં. એલએલ. બીની પરીક્ષા તે પછી આપી. એમનું ગૃહસ્થ જીવન પ્રસન્ન-મધુર રહેલું. ઘરનાં બધાં જ કામોમાં - રાંધવું, પાણી ભરવું, કપડાં ધોવાં, વાસણ માંજવાં - બધાંમાં, દમ છતાં, એ જોડાતા. ગોમતીબહેન પણ ટપાલ, ફાઈલિંગ, નકલો કરવી - એવાં કિશોરલાલનાં કામો કરતાં. પ્યારેલાલે ('હરિજનબંધુ', સપ્ટેમ્બર ૨૭, ૧૯૫૨; ૨૫૩) ગોમતીબહેનને વીરાંગના કહી છે. અત્યંત ધનિક કુટુંબની કન્યા, આશ્રમના તંબૂમાં રહી! ત્યાં ભોજન ઢાંકવાનુંયે કોઈ સાધન નહિ; કૂતરાં ખાઈ જાય! એવી મુસીબતો વેઠી. પ્યારેલાલ કહે છે : 'આટલા એકરાગથી કોઈ સહિયારા મહાન ધ્યેયમાં પૂરેપૂરું સમર્પણ કરનારાં પતિ-પત્નીનાં જોડાં ભાગ્યે જ મારા જોવામાં આવ્યાં છે.'

એલએલ.બી. થયા પછીનાં (૧૯૧૩થી ૧૯૧૫-૧૬) ત્રણ વર્ષ એમણે આકોલામાં વકીલાત કરી. એ કાળે જ દક્ષિણ આફ્રિકામાંના ગાંધીજીના સત્યાગ્રહ માટે ફંડ એકઠું કરવાની અપીલ ગોખલેએ કરી. કિશોરલાલે એમાં ભાગ લીધો. બેસંટની હોમરૂલ ચળવળમાં પણ ભળ્યા. જિલ્લા કૉંગ્રેસમાં પણ હિસ્સો લેતા. પોતે પ્રામાણિક ને સત્યવકતા હતા. કડવું સત્ય ભલભલાને સંભળાવતા. મહારાષ્ટ્રીઅનોનો પક્ષ લેતા એક જજને એમની જ કોર્ટમાં એમને મોઢે એ વાત પરખાવેલી. મરકી વખતે ડેપ્યુટિ કમિશનરે બોલાવેલી સભામાં કમિશનરનું લોકો તરફનું વર્તન તોછડું હતું એ ત્યાં જ મોં પર પરખાવ્યું.

વકીલાત સારી ચાલતી હતી. પણ બાલુભાઈને મુંબઈમાં ધંધામાં એમની સહાયની જરૂર લાગી. એટલે ૧૯૧૬માં આકોલા છોડ્યું, મુંબઈ ગયા. ગયા તો ખરા પણ આકોલામાંથી જ શરૂ થયેલો દમ મુંબઈમાં તો ઊલટો વધ્યો. રૂ-બજારનું કામ ન રુચ્યું. મુંબઈ હતા તે દરમ્યાન ગઢડાની યાત્રાએ ગયા. ત્યાંથી વળતાં અમદાવાદ ઊતર્યા, ને કોચરબ આશ્રમનાં દર્શને જઈ, બીજાં મંદિરોમાં ભેટ મૂકતા એમ ત્યાં પણ પાંચ રૂપિયા મૂકતા આવ્યા! ત્યારે ગાંધીજી દિલ્હી ગયેલા, બા સૂતાં હતાં; સંતોકબહેનને સાળ ઉપર કામ કરતાં જોયાં. (૬૪) મુંબઈ આવીને, પોતાના એક મિત્ર ચંદુલાલ કાશીરામ દવેને આશ્રમ વિષે પુછાવ્યું, ને માહિતી મેળવી. દેશસેવાકાર્યમાં જીવન અર્પણ કરવું એવી ઇચ્છા ખરી; અને એ જાણીને પિતાએ લખેલું કે 'સેવામાં જીવન અર્પણ કરવું હોય તો યે ધર્મ દ્વારા એટલે કે સ્વામીનારાયણ સંપ્રદાયની સેવા દ્વારા જીવનસમર્પણ કરવાનો વિચાર પોષવો.' (૭૯) આવા પિતાનું ૧૯૧૬માં અવસાન થતાં કુટુંબ સાથે બાંધી રાખનારી એક દોરી તૂટી. દરમ્યાનમાં ઠક્કર બાપાનો પરિચય થયેલો. વળી, ગાંધીનાં નામ-કામનો અછડતો ખ્યાલ ખરો. ૧૯૦૩માં મુંબઈની હાઈ સ્કૂલમાં પાંચમા ધોરણમાં હરિલાલ એમના જ વર્ગમાં; એમણે શાળા છોડતાં કહેલું કે એમના પિતા આફ્રિકામાં બૅરિસ્ટર છે. ૧૯૧૩માં એમને માટે પોતે ફાળો ઊઘરાવેલો, ને ગઢડાથી વળતાં કોચરબઆશ્રમે ગયેલા.

એટલે ૧૯૧૭માં ગિરમીટ-વિરોધી ગાંધીજીની સભાનું સાંભળતાં જ ત્યાં ગયા; ગાંધીજીને સંભળ્યાં. ગાંધીજી દરિયે ફરવા ગયા ત્યાં પાછળપાછળ પોતે પણ ગયા, ને તે જ દિ' પાછી 'સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાયટી'ની બેઠકમાં ગાંધીજીના આવવાનું ઠક્કરબાપાએ જણાવતાં ત્યાં પણ ગયા. કિશોરલાલના મોટાભઈને તો બાપુ ઓળખતા હતા. આગલી કૉંગ્રેસમાં બંને સાથે એક ઉતારામાં હતા, ને બાપુના ચશ્માં ખોવાતાં, જોગાનુજોગ બાલુભાઈનાં બેસતાં આવતાં, બાલુભાઈએ બાપુને એ આપી દીધેલાં. બે જ દિવસ પછી ભંગીઓની સભામાં પણ ગયા! ત્યારબાદ થોડા દિવસે ઠક્કરબાપા મળ્યા. ગાંધીજીને ચંપારણમાં સ્વયંસેવકોની જરૂર છે એ જાણ્યું. ભાઈ-ગોમતીબહેનની સંમતિ લઈ પોતે પહોંચ્યા બેતિયા. પણ એમની નબળી તબિયત જોતાં, બાપુએ તો પાછા કાઢ્યા! સલાહ આપી કે 'રાષ્ટ્રનું કામ કરવું જ હોય તો આશ્રમમાં જાવ. ખર્ચ પણ કુટુંબજોગું મળી રહેશે.' 'કેટલું?' 'માસિક રૂપિયા ચાળીસ.' કિશોરલાલ લખે છે : 'બાપુને મેં ધાર્મિક પુરુષ અને તેથી ભોળા ભક્ત જેવા માન્યા હતા પણ એમણે જે ઝીણવટથી મારી તપાસ કરી તેથી...મને લાગ્યું કે એમને ભોળા માનવામાં હું જ ભોળો હતો. એ વાણિયા અને વકીલ બંને હતા.' (૮૪) 'પણ એમણે મને પોતાની જાળમાં પૂરેપૂરો ખેંચી લીધેલો તો હતો જ.' (૮૫)

(આવતા અંકે પૂરું)

'એ જ'

એ જ એ જ એ જ એ જ એ જ   એ જ એ જ એ જ એ જ એ જ

અશોકપુરી ગોસ્વામી

પાછોતરો વરસાદ હાથતાળી દઈ ગયેલો. આજ તો પવન પણ પડી ગયેલો. ઉપરથી ઓતરાચીતરાનો આકરો તાપ. બહુ ઉકળાટ થતો હતો. શાંતાબેન વારેવારે પરસેવો લૂછે. શાળા શરૂ થવાને હજી વાર હતી. ઘરથી વહેલાં આવેલાં બેનને ઓફિસમાં ગૂંગળામણ થઈ.

બેન આજે ઘેરથી શાળાએ જવા નીકળ્યાં ત્યારે એમણે ઉઘાડા રહી ગયેલા વેન્ટિલેશનમાં કરોળિયાનું જાળું દીઠું. બહારથી જાળું ભેદી એક કરોળિયો અંદર આવવા મથતો હતો. ઘરનાં બારણાં બંધ કરી તાળું મારતાં બેનને કોણ જાણે શું થયું, તે એમણે પાછું ઘર ઉઘાડી અંદરનું ટેબલ ઊંચકી લાવ્યાં અને એની પર ચડી જાળાના ચારપાંચ તાંતણા તોડી કરોળિયો અંદર જઈ શકે એટલું નાખું કર્યું. 'હવે એ અંદર જઈ શકશે' એવું બબડતાં એ નીચે ઊતર્યાં, ત્યાં બેચાર તાંતણા પર લટકી પડેલું જાળું તૂટીને આવ્યું હેઠે. જાળાની સાથે કરોળિયોય નીચે પડ્યો. એ તરફડતો હોય એવું બેનને લાગ્યું. ક્યાંય સુધી એ કરોળિયાને જોઈ રહ્યાં. પછી, એક લાંબો નિશ્વાસ છોડી એમણે ઘર બંધ કરી તાળું મારી દીધું.

બેન સાવ એકલાં રહે. ગામને એક છેડે એમનું ઘર, બીજે છેડે નિશાળ. આખું ગામ પાર કરી એમને રોજ શાળાએ જવાનું થાય. 'એમનું લૂગડું હરખુંય આ કાદવ કીચડમાં બગડ્યું હોય એવું અમે તો સપનામાં જોયું નથી,' એવું કેનું ગામ લોક આજે દશ વરસ પછીય એમને વખાણતાં કહે : 'બેન તો ગોંમની જણસ છે. રેંમતુલ્લા લગડી છે. હોવ, હો ટચનું હોનું અમાર શાંતાબેન.'

પોતાની આ છાપનું એ જતન પણ એટલું જ કરે, અને વાતેય ખપ પૂરતી જ કરે. દરેક કામ ખૂબ ચીવટ અને ચતુરાઈથી કરે. બધે એમને આદરમાન મળે. ગામ આખું એમનો મલાજો રાખે. પણ તો યે એ સહુથી અંતર રાખે. એ કોઈને કહે નહીં, પણ એક પલાખું મનને કાયમ ગોખાવે : 'આપણે બધાની સાથે રહીનેય અળગા રહેવાનું. કામથી મતલબ રાખવાનો. આ તો ગામડું. રીઝે તો રાજ કરવા દે; પણ જો ખીજે તો ઠેઠ મૂળિયાં હૂધી ઊતરી જઈ વનીવનીની વાતોથી વગોવી મારે.'

આજે આશ્રમમાંથી આવેલા છોકરા શાળામાં ખેલ બતાવવાના હતા. એટલે એમના આવતાં પહેલાં તો શાળાના મેદાનમાં છોકરા-છોકરીઓ ક્યારનાંય લાઈનસર બેસી ગયેલાં. સમય થયો એટલે એ પણ ઓફિસમાંથી આવી એમની જગ્યાએ બેઠાં. ઘંટ વાગ્યો એટલે પ્રાર્થના શરૂ થઈ. કાયમ ટટ્ટાર બેસી, આંખ મીંચી, એકધ્યાને પ્રાર્થના કરનારાં શાંતાબેને આજ ડોકી મરડી ત્રાંસી આંખે આશ્રમમાંથી આવેલા છોકરાઓમાં જે સૌથી નાનો હતો એના ભણી જોઈ લીધું. આ બધા છોકરા ખેલ બતાવવાની રજા માગવા એમના ઘેર ગયેલા ત્યારેય એ નાનકાને જ તાકી રહેલા. પેલા છોકરાઓ શિક્ષકોની સાથે જ બેઠા હતા. બેનને નાનકાનો ચહેરો આખેઆખો જોવો હતો. પણ એ અડધો જ દેખાતો હતો. 'એ થોડો આગળ બેઠો હોત તો સારું,' એમને થયું. આજ એમનું ચિત્ત પ્રાર્થનામાં જરાય ન ચોંટ્યું. પરાણે મીંચેલી આંખોમાં લાલપીળાંભૂરાં કૂંડાળાં એમને દેખાયાં. પહાડની ટોચથી ખીણ જોતી વખતનું અંધારું એમની આંખ આગળ છવાઈ ગયું. એ બેચેની અનુભવવા માંડ્યાં. તો વળી, ' ક્યારે પૂરી થશે આ પ્રાર્થના. સમય થંભી ગયો કે શું? 'એવોય વિચાર ઝબકી ગયો.

ત્યાં જ પ્રાર્થના પૂરી થઈ. તેમણે આંખ ઉઘાડી સ્હેજ આગળ નમી પેલાને જોઈ લીધો. સામે બેઠેલાં બધાં ઉત્સુકતાથી પેલા લોકોને જોઈ રહ્યાં. પેલા બધામાંથી જે સૌથી મોટો હતો એણે આજ્ઞાના અર્થમાં બેન ભણી જોયું. વગર બોલ્યે એમણે માથું નમાવ્યું એટલે પેલા મોટાએ, બેનની નજર જેના પર ખોડાયેલી હતી તે નાનકાને જ ઈશારો કર્યો. પેલો નાનકો ખસીને થોડો આગળ આવ્યો. હવે બેનને એનો ચહેરો દેખાતો બંધ થયો, અને પીઠ દેખાઈ.

નાનકાએ એમની 'તૂમી હો માતા પિતા તૂમી હો'- વાળી પ્રાર્થના શરૂ કરી. નાનકાની પીઠને તાકી રહેલાં બેનને મહંમદ રજબના કાસમની પીઠ યાદ આવી. ગઈ સાલ શાળામાં લંગડી રમતા કાસમનું ખમીશ એના બરડેથી ફાટી ગયેલું. એ રડતો રડતો બરડેથી ફાટી ગયેલું ખમીશ બેનને બતાવતો કહે : 'બેન મુખી કે મહેશ્યાને મેરી કમીજ ફાડ ડાલી'. મહેશને બોલાવવા જતાં એમની નજર ફાટેલા ખમીશમાંથી દેખાતા બરડા પર પડી. કાસમને પાસે બોલાવી જાણે ખમીશ જોતાં હોય એમ એનો બરડો જોવા મંડ્યાં. એના બરડે લાલાશ પડતું લાખું હતું. એમણે કાસમના લાખાને વહાલથી પંપાળ્યું. બેનના વહાલભર્યા સ્પર્શથી કાસમને અચરજ થયું : 'બેન કે હાથ ઈતને નરમ ઔર પોચે?!'

બેન હજીયે કાસમની પીઠ સાથે નાનકાની છાતી સરખાવતાં હતાં. ત્યાં જ પ્રાર્થનાની છેલ્લી પંક્તિ 'ના કોઈ અપને સિવા તુમારે' બેવડાતી એમને સંભળાઈ. બેનની આંખો તો ગોળ પર ચોંટેલા મંકોડાની જેમ હજીયે તેની પીઠને જ વળગેલી હતી. પ્રાર્થના પૂરી થઈ. આ બધાનો નાયક જેવો જે પેલો મોટો હતો તેણે એમની સંસ્થા વિશે પાંચેક મિનિટ ટૂંકમાં વાત કરી. પછી નાનકાને હાથ વડે ઈશારો કર્યો.

નાનકો બગલથેલામાંથી સૂતરની આંટી કાઢી પોતાની જગ્યાએથી ઊઠી બેન તરફ જવા લાગ્યો. હવે એ બેનને સ્પષ્ટ અને આખેઆખો દેખાયો. દરેક ડગલે એ હતો એનો કરતાં મોટો થતો જતો લાગ્યો. જાણે ધીરેધીરે ખીલતું જતું, ઊઘડતું સૂરજમુખીનું ફૂલ! એને પાતળો અને સૂકલો જોઈ બેનને ઘડીભર થયું કે બિચારાને પૂરતું ખાવાનું ય ત્યાં નહીં મળતું હોય.

નાનકો આંટી લઈ સાવ બેનની પાસે જઈ ઊભો. માથે તપતો સૂરજ હળવો થયો હોય એવું બેનને થયું. ક્યાંક વરસાદ પડતો હોય એવી ઠંડી લહેર આવી. હજુય ધ્યાન દઈને જોતાં બેન સામે એણે આંટીવાળા બે હાથ લંબાવ્યા. ફૂલથી લચી પડેલી ડાળ સમું એ એમની પર નમ્યો, ઝળૂંબ્યો. એના મોંને સાહી લેતાં હોય એમ એમણે સૂતરની આંટી અધવચથી લઈ એના જ ગળામાં પહેરાવી દીધી. તાળીઓનો ગડગડાટ વાદળમાંથી થતો હોય એવું એમને થયું. એમના હાથ પેલાના

હાથને સ્પર્શ્યા. તો એમને થયું કે હાથમાંથી સતનું કંકુ ઝર્યું. પોતાની આગળ નીચા નમવાથી એના ખમીશના સૌથી પહેલા તૂટી ગયેલા બટનને કારણે ગળાના વધારે ઊઘાડા દેખાતા ભાગમાં બેનની નજર ઊંડેઊંડે ફરી વળી. બેન ત્યાં કશું શોધતાં હતાં. પણ ગાઢ઼ ઘેરા અંધારા સિવાય એમને કશુંય દેખાયું નહીં. ઝરમર વરસાદમાંય કોરા રહી ગયા જેવો એમને વસવસો થયો.

થોડી વાર પછી અંગ-કસરતના દાવ શરૂ થયા. જાતજાતના દાવ. જીવ અધ્ધર થઈ જાય તેવા વિચિત્ર દાવ. આંખમાં ભાલાનું ફણું ગોઠવી લોખંડની સળી વાળવાનો પેલો દાવ પણ પત્યો. આંખો ઉઘાડી રાખી બેને એ દાવ પણ જોયો. બીજાની જેમ એમને અરેરાટી ન થઈ.

છેક છેલ્લે પેલા નાનકાને બેનની સામે જ પલાંઠી વાળીને બેસાડ્યો. તેના માથા પર ઈંઢોણી રાખી તે પર મૂક્યું એક છોલેલું નાળિયેર. નાળિયેર બરાબર ગોઠવાયાની ખાતરી કરી લેવાઈ. નાનકો તો આંખો બંધ કરી સ્થિર બેઠો. બેનને તો એ હોળિકાના ખોળામાં બેઠેલા પ્રહ્લાદ જેવો દેખાયો. પેલા છોકરામાંથી એક જરા જડ અને જાંગડ જેવો મોટી ડાંગ લઈ નાનકાની સામે ઊભો. લાઠીની લંબાઈ જેટલા અંતરે ઊભો ઊભો પેલો નાળિયેર પર લાઠી તોળે છે. બેન હવે આંખો ફાડી ફાડી નાનકાને, તેના માથા પરના નાળિયેરને તાકે છે. સૌને થયું હમણાં ડાંગ પડી અને નાળિયેર ફૂટ્યું. બેનને થયું, આ જાંગડની લાઠી નાનકાના માથા પર જ પડી. આ...પડી અને નાળિયેર સાથે એનું માથુંય....એમને પાર વિનાની ગભરામણ થઈ, અને તેમના ગળામાંથી 'ઊં..હું' એવો જોરદાર અવાજ નીકળ્યો. સૌ ચમક્યાં. સૌ સાથે પેલો નાનકોય. તેનું માથું સ્હેજ હલ્યું, ત્યાં તો નાળિયેર ગબડીને પડ્યું હેઠે.

નાળિયેરને ગબડીને પડી જતું જોઈ બેનને થયું, નક્કી આનું માથું ફૂટી જાત. 'આવા ખતરનાક ખેલ રહેવા દો. આ...આ... હતો ન હતો થઈ જાત.' એવું એ જોરજોરથી બોલવા મથ્યાં, પણ અવાજ ગળાની બહાર ના નીકળ્યો. 'ઊંહું' પછીની એમની છાતીમાં ઊઠેલી ચીસ ગળામાં જ ફસડાઈ ગઈ. એમને રૂંવેરૂંવે કમકમાં આવ્યાં. ચહેરો પરસેવાથી રેબઝેબ થઈ ગયો. હાથની હથેળી અને પગનાં તળિયાં ટાઢ઼ાં હિમ થઈ ગયાં.

તળિયું તૂટ્યા પછી જળમાં થતાં વમળ જેવું થયું. જાળી વિનાની મોટી ગરણીના નાળચામાંથી પાણીનું ટીપું ટીપું બહાર આવવા ધસારો કરે, અને તે વખતે થતી ઘૂમરીમાં નાનું તણખલું પ્રબળવેગે ગોળગોળ ફરતું ફરતું નીચે ધસી જાય એવી એમની હાલત થઈ. અગોચર ઘૂમરીમાં અટવાઈ ગયાં બેન. કોઈ અદીઠું તત્ત્વ એમને વમળનાં મૂળ ભણી ઊંડેઊંડે ખેંચી જતું હોય, એવું એમને થયું. એ પરવશ થઈ ગયાં. આ બધાંથી ઊગરવા એ નકામાં ઝાવાં મારતાં હતાં. ત્યાં જ એમને યાદ આવ્યું કે બરાબર આવાં જ હવાતિયાં એમણે દસેક વરસ પહેલાં આ શાળાની અગાઉ જ્યાં નોકરી કરતાં હતાં, ત્યારની એક સાંજે મારેલાં. આવી જ પરવશ અવસ્થા એમણે ત્યારેય અનુભવી હતી. ભય અને ખોટું થઈ રહ્યાની ધાસ્તીથી એમની છાતી આજની જેમ જ ધડક ધડક થતી હતી. પણ ત્યારે પેલો વંટોળ એમને ના ગાંઠ્યો તે ના જ ગાંઠ્યો. ઘૂઘવતાં મોજાં એમને મધદરિયે લઈ જઈને કિનારે પછાડી ગયાં.

ભરતી ઓસરી ગયા પછીના કાદવમાં નવનવ મહિના એમને પડી રહેવાનું થયું. આ દરમ્યાન તેમને લાગેલી શરમને પોતાનું લોહી પણ ના સંઘરતું હોય એમ એ બાળકના શરીર પર કાળું લાખું બનીને ઊભરી. શરમ, કાળું લાખું બનીને, બરાબર છાતી પર જ થીજી ગઈ.

એને ધવડાવતી વખતે એનો ચહેરો ઢાંકવાને બદલે એ પોતાનો ચહેરો ઢાંકતાં. એમને થતું, 'આ નાનકો જો મને પૂછશે કે, 'મા, મારી છાતી પર આ કાળો ડાઘ કેમ? તારો ડાઘ મને?' તો હું શો ઉત્તર દઈશ? "શરમનાં માર્યાં ન'તો એ જીવને એ વહાલથી બચીઓ કરી શક્યાં કે ન રમાડી શક્યાં. અરે ધરાઈને એને જોયો સુંધ્યાંય નહીં. અને...સમયનાં મોજાં એમના હાથમાંથી એને ઝૂંટવી ગયાં.

હવે એ જ મોજાં શાંતાબેનનાં પગમાં એને મૂકી ગયાં. વરસો પછી પરિચિત લાગતો ચહેરો ક્ષિતિજ પાર કરી દરિયામાંથી નીકળી એમની સાડીનો છેડો પાછળથી ખેંચી, 'પડે છે ઓળખાણ મારી!' પૂછતો ઊભો.

સાડીનો પાલવ અત્યારે સાચે જ ખેંચાતો હોય એવું એમને લાગ્યું. સામે બેઠેલા નાનકાને જોતાં એ હચમચી ગયાં. પોતે પોતાને જ કહેતાં હોય એમ એ ધીમું બબડ્યાં : 'હા, જો અલી બા, પેલી લાઠી : તો આના પર જ પડે છે. હમણાં જ તેનું માથું ફૂટી જવાનું. ના...ના...ના. પોતાના જ માથા પર લાઠી પડવાની હોય એમ એમણે આંખો મીંચી દીધી. એમના હાથની મુઠ્ઠીઓ ભીંસાઈ ગઈ. ગાત્રો તંગ થયાં. શરીરનું સમગ્ર લોહી અતિવેગે ભ્રમણ કરવા માંડ્યું. ત્યાં જ બંધ આંખ કનેના સરવા કાને ફટાક્ અવાજ સાંભળ્યો. એમણે બીતેબીતે આંખ ખોલી ને જે જોયું તે માન્યામાં ન આવ્યું. એમણે આંખો પટપટાવી.

સામે નાનકો મરક મરક હસતો હતો. એના માથા અને ચહેરા પર ફૂટેલા શ્રીફળના રેલા ઊતરતા હતા. રેલા તો બેનને ચહેરેય ઊતરતા હતા, પણ એ તો પરસેવાના હતા. અંદરની બીક પ્રલંબ ઉચ્છ્વાસ બની બહાર ઠલવાઈ. ધમણમાં તાજી હવા ભરતાં હોય તેમ એમણે શ્વાસ લીધો. અચાનક એમને ચહેરા અને છાતી પર ભીનોભીનો સ્પર્શ થઈ રહ્યાનું ભાન થયું. જોયું તો ફૂટેલા શ્રીફળનાં શીતળ જળનો છંટકાવ તેમને પણ થયો હતો. અરે! શ્રીફળની એક શેષ પણ તેમના ખોળામાં...!! પોતાના નછોરવા ખોળામાં શ્રીફળની શેષને આપમેળે પડેલી જોઈ એમનું મન પ્રબળપણે માનવા મંડ્યું કે 'આ એ જ છે.' એમની છાતીમાં કશુંક સળવળ્યું, અને બહાર આવવા ધસ્યું. એમના હોઠે, ટેરવે ઝણઝણાટી થવી શરૂ થઈ. કાનની બૂટ ઊની થઈ.

'શાંતા, શાંતા, ઊંચકી લે એને. તારા નાનકાને બાથમાં લઈ લે. એને વહાલ કર. એને બચીઓ કર.એની છાતી પરના લાખાને હાથ ફેરવી પંપાળ. પંપાળ તારા નાનકાને' બેનનું ચિત્ત ચકડોળ પર સવાર થઈ ગયું જાણે.

એ રોમાંચિત થઈ ગયાં. અંધારી રાતના ઊંચે ઝબૂકતા તારાનું તેજ પકડવું હોય એમ એ ઓચિંતાના ઊભાં થવા ગયાં. ઊઠવા જતાં એમણે નાનકા પરથી નજર ઉઠાવી એક નજર સામે બેઠેલાં પર નાખી. સામે જોયું તો આખી શાળા એમને નાનકાને તાકતાં જોતી હતી. આ જોઈ ઊભા થવા માટે ઊઠવા કરતું એમનું અંગ લકવો મારી ગયું. મન કાચા ઘડાની માફક ફસડાઈ ગયું. જાળું ભેદી અંદર દાખલ થવા મથતા અને પછી ભોંય પર પડેલા પેલા કરોળિયાની જેમ એ ક્યાંય સુધી તરફડ્યાં. એમને ફરી પોતાના પર નફરત થઈ. એ નીચું જોઈ ગયાં. □

આજે પ્રસ્તુત, કદાચ!

ચન્દ્રવદન ચી. મહેતા

વાંચવા-જાણવા પ્રમાણે ગુજરાતી સાહિત્યના એક વારના પ્રમુખ શેઠ અંબાલાલ સાકરલાલ પોતાના ગજવામાં બે પેન્સિલ રાખતા- એક પોતાના અંગત લખાણો માટે અને બીજી એમની મિલ સંબંધી સહી-લખાણો માટે. પોતાના કોઈ એક સ્નેહીના કારણે નડિયાદની કોર્ટમાં સાક્ષી આપવા જવાનો વિચિત્ર પ્રસંગ આવ્યો. ત્યારે કોર્ટમાં પુછાયેલા એક સવાલના ઉત્તરમાં લોકવાયકા પ્રમાણે નહિ પણ રીતસર નોંધાયા પ્રમાણે આ શબ્દો કહેલા : 'જો મને ધરતી જગ્યા આપે તો હું તેમાં સમાઈ જવા તૈયાર છું.'

દાદાભાઈ નવરોજીની પણ આવી કંઈક વાતો છે. એ પણ સાથે બબ્બે સીસાપેન રાખતા- એક અંગત કામ માટે અને બીજી સરકારી કામકાજ માટે. એ જમાનામાં પ્રમાણિકપણાનો આ આદર્શ હતો. બીજાં પણ આવાં અનેક દાખલાં મળે છે. ગોપાલકૃષ્ણ ગોખલે, ભાંડારકર, લોકમાન્ય ટિળક અને રાનડે તથા બીજા કેટલાક મહારાષ્ટ્રીય ન્યાયાધીશોના પ્રામાણિક સ્વભાવના દષ્ટાંતો વાસ્તવમાં કે લખાણોમાં ઘણીવાર ટંકાતાં રહ્યાં છે. પણ આજે તો આવી વ્યક્તિઓનાં જીવનચરિત્રો કોણ વાંચે? કશુંક ખોટું કરવાનો વિચાર સરખો ન કરતાં ન્યાયશુદ્ધ, પ્રામાણિક વ્યવહારના આગ્રહી માણસોને એકઠા કરી, કોઈક તો તે લખી છપાવો. પણ પછી એને વાંચનારા, ને તેમાંથીયે એવી પ્રમાણિકતા, શિસ્ત કે નીતિનિયમોને પોતાના જીવનમાં અપનાવનારા કેટલા નીકળે? કોલેજના પ્રોફેસરોમાં કે શાળાના શિક્ષકોમાં એ કાળે આવી નીતિબદ્ધતા જોવા મળતી, પણ આજે?

અને છતાં આપણી ભારતની સંસ્કૃતિ આજે પાછી ટોચ પર જઈ રહી છે એવું નેતાઓનાં ભાષણોમાં અને છાપાંઓમાં સાંભળીએ-વાંચીએ છીએ. વહીવટી વ્યવસ્થા માટે અંગ્રેજી સજ્ય અમલમાં હિંદુસ્તાનમાં ભાગ પાડી કેટલાક પ્રાંતો રચાયા હતા. તેમાં મુંબઈ પ્રાંતની મુંબઈ યુનિવર્સિટીમાં, ઉત્તરમાં સિંધના કરાચી હૈદરાબાદથી માંડી દક્ષિણે છેક ધારવાડ સુધીના સેનેટસભ્યો હતા. ત્યારે આજના જેવી એર ટ્રાવેલની વ્યવસ્થા નહિ એટલે હૈદરાબાદ-કરાચીથી નીકળી વચ્ચે થરપારકરના રણમાં ઊડની રેતીથી બચવા ગાડીના ડબ્બાની બારીઓ બંધ કરી કે રણનો તાપ વેઠી બેત્રણ દિવસની સફર ખેડીને એ સેનેટરો યુનિવર્સિટીમાં કામ અંગે આવતા ને કામ પત્યે તુરત પાછા ફરતા. બીજા સાહેબો પણ આમ જ. યૂરોપ-અમેરિકામાં મિસિસિપી કે હ્રાઈન જેવી મોટી નદીઓ જે જે દેશમાંથી પસાર થાય તે દેશોએ તેનાં પાણી પર હક્ક જમાવવા જાતજાતના હોબાળા મચાવ્યાના ઉલ્લેખ જાણ્યા છે? ત્યારે આજે તો દરિયાનાં પાણીમાં યે ભાગ. ચાર-છ દિવસનું ટીમણ બાંધી, પીવા માટે મીઠું પાણી અને થોડાક તારા-મરજીવા સાથે લઈ અમારા એક વડીલ મણિલાલ મોહનલાલ ઝવેરી એડનની આસપાસના દરિયામાં મોતી લેવા જતા એવી એક નોંધ અમે જોઈ છે.



અંબાલાલ સાકરલાલ દેસાઈ



દાદાભાઈ નવરોજી

પણ હવે આજે? આપણે સ્વતંત્ર થઈ ગયા પછી આપણા જ કેટલાક પ્રધાનસાહેબો કેટલાક મહાશયોએ પોતે જ્યાં રહેલા એ મકાનોનાં ભાડાં કે ટેલિફોનનાં બિલો ભર્યાં નથી, એ હકીકતોને પૂરી વિગતે જાહેર થતી પણ રોકવામાં આવે છે. અને વળી, જે પ્રધાનસાહેબો પોતાને ભરવો જરૂરી કર પણ સરકરમાં જમા કરાવવાનું વિસરી જાય કે ટલ્લે ચડાવી દે એમનું શું કરવું? આમાંનાય જે કર ભર્યા વિના જ ઉપર સિધાવી ગયા હોય તો એમનો કર કોણે ભર્યો? કોણ હવે કોનું કાંડું પકડશે?

આકાશવાણીનો એક જાણીતો કિસ્સો યાદ આવે છે. સ્વતંત્રતા આવ્યા પછી મૂળ કરાંચીના એવા પાર્લામેન્ટના એક સભ્યશ્રીએ દિલ્હી કેન્દ્ર પરથી એક રેડિયો ટોક આપેલી, અને સદ્ભાગ્યે અમારા મંડળમાંના બેત્રણ જણાએ સાંભળેલી પણ ખરી. પછી એ સાહેબે એ જ ટોક મુંબઈથી પણ બ્રોડકાસ્ટ કરવા આપી, અને ગમે તેમ એ બ્રોડકાસ્ટ પણ થઈ ગઈ. એ પછી આ સાહેબ યૂરોપ ફરવા ગયા અને ત્યાંની આપણી એમ્બસિઓમાં શહેરમાં ફરવા જોવા મોટરોની માગણી કરી. અને જ્યાં ક્યાંય એ માગણી ન સ્વીકારાઈ ત્યાંને માટે એ સાહેબશ્રીએ ફરિયાદો નોંધાવી. આ પ્રકરણ તો પછી લાંબું ચાલેલું અને અંતે બધો ગેરવહીવટી હિસાબ બહાર આવ્યો ત્યારે પ્રસ્તુત રેડિયો ટોકના બેવડા પૈસા લીધેલા તે ખટલો પણ બહાર પડ્યો અને આકાશવાણીના દિલ્હીના ધુરંધરોએ એ પૈસા પાછા લેવડાવ્યા હતા. આ આપણી સ્વતંત્રતા મેળવતાં મેળવેલી આબરૂ. એની શરમ પણ નહિ.

આ એબ, આ સ્વાર્થ ક્યાંથી વધ્યા હશે? ક્યાં તેલંગ, દાદાભાઈ, વગેરે અને પરિષદના પ્રમુખ અંબાલાલ સાકરલાલ! ક્યાંથી પેઠું આ ડિંડવાણું? સરકારી નોકરો, જેમનાં કામકાજને માટે એમને મોટર કે જીપની વ્યવસ્થા હોય છે તેઓ વારતહેવારે પોતાના. કુટુંબપરિવારને મિત્રસ્નેહીઓને ફેરવે છે ત્યારે પેટ્રોલની અછત વરતાતી નથી. ટેલિફોનનાં બીલ ભરાતાં નથી. રહેવા આપેલાં મકાનો ખાલી કરાતાં નથી. પણ આવું બધું તો સરકારી કે અર્ધસરકારી તંત્રમાં ચાલ્યા જ કરે છે.

ઊગતા કુમારોને વિનંતી છે કે આવા આવા સ્વાર્થના ગરબડગોટાળાવાળા રસ્તે તમે જતા તો નહિ જ, પણ આવો ભ્રષ્ટાચાર જુઓ તો તેને ઉઘાડો પાડવા યે મથજો. □

* અવસાનપૂર્વે તરતમાં જ 'કુમાર' માટે લખી મોકલેલા લેખોમાંનો એક. બાકીના હવે પછી -તંત્રી

શરાબનો પહેલો શીશો જ મોંઘો હોય છે

વિનોદ ભટ્ટ

ખલિલ જિબ્રાનની એક વાર્તા છે : "એક વખત એક નગરના નાગરિકોનું પ્રતિનિધિમંડળ રાજાની મુલાકાતે ગયું અને રાજ્યમાં દારૂબંધી દાખલ કરાવવા રાજા સમક્ષ નમ્રતાથી પ્રસ્તાવ મૂક્યો. તેના જવાબમાં રાજા હસતો હસતો પૂંઠ ફેરવી મહેલમાં ચાલ્યો ગયો. પ્રતિનિધિમંડળ વીલા મોંએ પાછું ફરતું હતું ત્યાં રાજમહેલના દરવાજે રાજાનો દીવાન મળ્યો. રાજાના વર્તનથી આ લોકો દુભાયા હતા. તેમની વાત સાંભળી દીવાને જણાવ્યું : 'તમે લોકો કટાણે રાજાને મળવા આવ્યા, તે અત્યારે પૂરા નશામાં હોત તો તમારી દારૂબંધીની વાત તેમણે તરત જ માન્ય કરી દીધી હોત.'"

દારૂબંધીની વાત કરીએ એટલે આપણને તો તરત જ 'જય જય ગરવી ગુજરાત' યાદ આવી જાય. (શક્ય છે નર્મદે આ કવિત કેફમાં લખ્યું હશે, તો જ એમાં આટલો 'જોસ્સો' આવે). દારૂબંધી આમ તો ભૌગોલિક ગુનો છે ને ગુજરાતમાં દારૂબંધી છે એટલે અહીં પ્રમાણમાં વધુ છૂટથી દારૂ વેચાય છે, પિવાય છે. આ રાજ્યમાં પાણીની પરબો કરતાં દારૂના અડ્ડાની સંખ્યા અનેકગણી મોટી છે, કારણ એટલું જ કે ઈશ્વરે માત્ર પાણી બનાવ્યું છે જ્યારે માણસે દારૂ બનાવ્યો છે. તે દારૂના દરિયા વહાવે છે.

આ જગતમાં દારૂ પ્રત્યે ગમો અને અણગમો બતાવનાર માણસો વસે છે અને તે એકબીજાનાં વિરોધી એવાં વિધાનો કરે છે. મોરારજીભાઈ દેસાઈ ભારતના વડાપ્રધાન હતા ત્યારે તેમણે દારૂબંધીની હિમાયત કરતાં જુસ્સાથી કહ્યું હતું કે દારૂબંધી હટાવવાના પ્રશ્ને મારે સત્તા ખોવી પડશે તો તે ખોતાં મને લેશમાત્ર અફસોસ નહીં થાય. તેમણે દારૂ તો શું, કોકાકોલા પણ દેશમાં બંધ કરી દીધી હતી...દારૂ જેવા રંગનું પાણી પણ ના પિવાય!

મોરારજીભાઈ કરતાંય મદિરાનો વધુ વિરોધ તો ભગવાન મનુએ કર્યો છે. મનુસ્મૃતિમાં તેમણે લખ્યું છે : 'દારૂ પીનારનો શ્વાસ રૂંધાઈ ગયો હોય તો ગાયત્રી મંત્ર કરવા અને શુદ્ધ માખણ ખવું...' ગાયત્રી-મંત્ર કેટલા કરવા અને ચોખ્ખું માખણ કેટલા ગ્રામ ખાવું એનો તેમણે ફોડ પાડ્યો નથી. મનુસ્મૃતિમાં આગળ જણાવ્યા પ્રમાણે 'મદ્ય તો યક્ષ, રાક્ષસ અને પિશાચોનું પીણું છે.' તો બ્લેકી જહોન સ્ટુઅર્ટ (ચોખવટ : આ કોઈ વ્હિસ્કીનું નહીં, માણસનું નામ છે) કહે છે કે 'શરાબ એ દેવોનું પીણું છે, દૂધ એ બાળકોનું પીણું છે, ચા એ સ્ત્રીઓનું પીણું છે અને પાણી એ પશુઓનું પીણું છે.'

અને શરદબાબુએ કબૂલ કર્યું છે કે 'શરાબ પીવાથી મને કદી પણ લખવાની પ્રેરણા મળી નથી. જો મેં નશો ના કર્યો હોત તો હું છું એથી યે મોટો સર્જક બની શક્યો હોત.' જો કે શરદબાબુએ પોતે નહોતો પીધો એટલો શરાબ તેમણે દેવદાસને પિવડાવ્યો છે. પારો અને ચન્દ્રમુખી જેવી બબ્બે રૂપસુંદરીઓના રૂપનો નશો તેને ઓછો પડ્યો એટલે તે પાણીના પાગલપન કહેવાતા શરાબમાં ડૂબી ગયો. દેવદાસની આવી બૂરી વલે કરી નાખવા બદલ મેઘાણીએ શરદબાબુની ધૂળ કાઢી નાખી હતી. પોતે દેવદાસ છે એવું માનનાર ગાયક-અભિનેતા કે. એલ. સાયગલ સાચમસાચ દેવદાસ બની ગયો - આર્થિક, માનસિક અને શારીરિક રીતે એ જ ઢબે શરાબમાં ખાબકીને ઊંધે માથે ડૂબી ગયો.

દારૂના પીઠા વિશે કહેવાય છે કે તે એક એવી જગ્યા છે કે જ્યાં તમને ગાંડપણ બાટલીરૂપે વેચાતું મળે છે. આ નશો કેટલાકને સુખના પર્યાય સમો લાગતો હશે. જે માણસ પાસે સ્વપ્ન ખરીદવાની તેવડ નથી હોતી, ગુંજાઈશ નથી હોતી તે નશા દ્વારા મનગમતાં સપનાં મેળવી શકે છે, થોડાક પેગ પેટમાં જતાં જ ઉપાધિઓ બહાર દોડવા માંડે છે. આ જ સંદર્ભમાં કવિ હોરેસે કહ્યું છે કે નશો કર્યા પછી કોણ યુદ્ધ, દુઃખ-દર્દને ગરીબીની વાત કરે છે!

ઈતિહાસકારોના નોંધવા પ્રમાણે ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં મદ્યનિષેધ નહીં હોવા છતાં હોમ-હવન જેવા પ્રસંગો સિવાય પ્રજા દારૂ પીતી નહીં ને દારૂ પીવો હોય ત્યારે તે હોમ-હવન કરાવતી. આજે પણ કેટલાક ખાસ પ્રસંગ કે અવસર હોય ત્યારે શરાબપાન કરે છે ને કેટલીકવાર આવા પ્રસંગો વારંવાર નથી આવતા એના દુઃખને લીધે પીએ છે. પાણીની જેમ ઘણા માણસોને સુરાની તરસ લાગતી હોય છે એટલે તે તરસ મિટાવવા એક પેગ પીએ છે ને ફરી તરસ ન લાગે એ માટે બીજા ત્રણ પેગ લગાવે છે. કવિ કાલિદાસ હાથમાં ન આવ્યો એટલે તેની અવેજીમાં તેનું 'શાકુન્તલ' માથે મૂકીને નાચેલો એ કવિ ગટે લખે છે કે કેટલાક લોકો માથાના દુખાવાની ફરિયાદમાં આખો દિવસ પસાર કરે છે ને રાત પીવામાં ગાળે છે, જેને કારણે માથાનો દુખાવો થાય છે. આ એક વિષચક્ર છે.

દરેક જણ પાસે દારૂ પીવાનાં અંગત કારણો હોય છે. શેક્સપીઅરનાં ટ્રેજિક નાટકોનો વિખ્યાત એક્ટર જૂનિયસ બુથ પોતાનો જુસ્સો સ્ટેજ પર ટકી રહે એ માટે શો શરૂ થયા પહેલાં જ પીવાનું શરૂ કરી દેતો ને પછી તે એટલું ચિકાર પીતો કે મેઈક-અપ કર્યા બાદ તેને પડદા પાસે ઊભો રાખી ધક્કો મારવામાં આવતો ત્યારે તે બે સવાલો અચૂક પૂછતો, સ્ટેજ ક્યાં છે ને આજે કયો નાટક છે?

આપણે ધર્મની ચર્ચા કરતા હોઈએ ને તેમાં ગીતાનો ઉલ્લેખ ન આવે તો ચર્ચા અધૂરી ગણાય એ રીતે દારૂની વાત કરતા હોઈએ ને જહાંગીરને ન સંભારીએ તો લેખ અપૂર્ણ ગણાય. તે સવારે ઊઠતો ત્યારે દારૂથી કોગળા કરી દિવસની શરૂઆત કરતો. કહેવાય છે કે તે ન્યાય તોળવા બેસતો ત્યારે છાંટોપાણી કરીને જ બેસતો. પીવાને લીધે એટલો સમય દુનિયાથી પર થઈ જવાય છે કે નિષ્પક્ષ ન્યાય આપી શકાય છે એવું તે માનતો.

તો સિકંદરના બાપ ફિલિપનો કિસ્સો જહાંગીરથી ઊલટો હતો. રાજા ફિલિપ પણ સિકંદરની જેમ એક નંબરના શરાબખોર તરીકેની ઊંચી પ્રતિષ્ઠા ધરાવતો હતો. દારૂના નશામાં એકવાર તેણે એક સ્ત્રીને

અન્યાયકર્તા ચુકાદો જાહેર કરી દીધો. તે સ્ત્રીએ ચીસ પાડતાં કહ્યું : 'આ ચુકાદા સામે હું અપીલ કરું છું.' 'કોને?' રાજાએ આંખ સ્હેજ ઊંચકતા પૂછ્યું. 'છાકટા ફિલિપ સામે નહીં પીધેલ એક સોબર ફિલિપને...' તે સ્ત્રી હિંમતથી બોલી. આ સાંભળી રાજાનો નશો ઊતરી ગયો, તેણે પોતાનો ચુકાદો ફેરવ્યો.

પ્લિની ધી એડબરે ભલે કહ્યું કે 'In wine there is truth' (શરાબમાં સત્ય વસે છે); પણ શરાબીનો કોઈ વિશ્વાસ કરતું નથી. આવા જ કારણસર દસ્તાવેજોની અંદર છેલ્લે લખવામાં આવે છે કે આ દસ્તાવેજમાં સહી બિનકેફ હાલતમાં કરવામાં આવી છે. મારા એક મિત્રની પુત્રી માટેના એક પાત્રની તપાસ મારે કરવાની હતી. તપાસમાં જાણવા મળ્યું કે, બાપ અને દીકરો, બંને સાથે બેસીને દરરોજ દેવોનું પીણું પીએ છે. એટલે થયું કે આ સિકંદરની ફરિયાદ કયા ફિલિપને કરવી? જો કે પછી વાત ત્યાં જ અટકી ગઈ. પોતે પોતાના દીકરાને મિત્ર ગણે છે એમ દર્શાવવા ઘણા પૂજ્ય પિતાશ્રીઓ જાહેરમાં તેમના ચિરંજીવીઓ સાથે એક સ્ટેટસ સિમ્બોલ લેખે પીતા હોય છે. પણ રાજા જ્યૉર્જ છઠ્ઠા તેની પત્ની ઇલિઝાબેથ સાથે ૧૯૩૯માં અમેરિકાના પ્રવાસે ગયા ત્યારે અમેરિકન પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટે રાજા માટે એક કૉક્ટેલ પાર્ટીનું આયોજન કર્યું. રૂઝવેલ્ટની માએ આ પાર્ટી અંગે અણગમાથી પોતાના પુત્ર સામે જોયું. રૂઝવેલ્ટે મહેમાનને વિનંતી કરતાં જણાવ્યું : 'મારી મા ઇચ્છે છે કે તમે ચ્હા પીઓ, તેને કૉકટેલ પાર્ટી નથી ગમતી.' તેની વાતનો પ્રેમથી સ્વીકાર કરતાં રાજાએ કહ્યું : 'મારી માને ય નથી ગમતી...' કોઈ પણ માને તેનો દીકરો સાથે હોય ત્યારે તે દારૂ પીએ તે નથી ગમતું. હા, માંદો હોય ત્યારે તે જ દવા તરીકે ચમચાથી પુત્રને દારૂનાં ટીપાં પાતી હોય છે.

હાસ્યલેખક માર્કટ્વેઈને ગંભીરતાથી કહ્યું છે કે જગતની તમામ સેનાઓએ મળીને નથી કર્યો એટલા માનવીઓ અને એટલી સંપત્તિનો વિનાશ શરાબના વ્યસને કર્યો છે. આ વાંચતી વખતે ગાલીબ, જોશ મહિલાબાદી, મજાજ, સઆદત હસન મન્ટો, શૈલેન્દ્ર, સાહિર, જયકિશન, પ્રવીણ જોષી, કૃષ્ણચંદ્ર, મીનાકુમારી, ગીતા દત્ત, ઉત્તમકુમાર, સંજીવકુમાર જેવા કેટકેટલા કલાત્માઓ આંખ સામે આવી જાય છે! ઉર્દૂ કવિ મજાજ તેની હાજરજવાબી માટે હતો એટલો જ પ્રખ્યાત પીવા માટેય હતો. તે એટલું બધું પીતો કે કોઈ તેની સાથે હાથ મેળવે તો હાથ મેળવનારને ય 'કિક' વાગે. ઉર્દૂની સુપ્રસિદ્ધ વાર્તાકાર ઇસ્મત ચુગતાઈના કહેવા પ્રમાણે ગર્લ્સ હૉસ્ટેલની છોકરીઓ મજાજ પાછળ એટલી બધી પાગલ હતી કે મજાનના નામની તે ચિઠ્ઠીઓ નાખતી કે કોના ભાગમાં (ને ભાગ્યમાં) મજાજ આવે છે! પણ હજારો છોકરીઓના પ્રિય શાયરના પ્રેમને એક હૃદયહીન છોકરીએ ઠુકરાવી દીધો એટલે પોતાનો પ્રેમ મજાજે શરાબમાં ઓગાળી દીધો. શરાબને તેણે ગળે લગાવી દીધો, ગળાથી સહેજ પણ અળગો ન થવા દીધો - કમસે કમ એ તો બેવફાઈ નહીં જ કરે એ આશાએ. એક વખત રાજા મહમુદાબાદે મજાજને પ્રેમથી કહ્યું : 'મને થાય છે કે તને માસિક બસો રૂપિયાનું સાલિયાણું બાંધી આપું...' 'તો સદાય તમારો ઋણી રહીશ...' મજાજ બોલ્યો. 'પણ શરત એટલી જ કે તું પીવાનું મૂકી દે...' મહમુદાબાદે શરત મૂકી. 'શરાબ છોડી દઉં?' મજાજે રાજા સામે નારાજગીથી જોતાં કહ્યું : 'તો પછી તમારા આ બસો રૂપિયા મને શું ખપમાં આવશે!'

એ જમાનામાં કોઈપણ મુશાયરો મજાજ વગર અધૂરો ગણાતો. અને મુશાયરામાંથી મળતા બધા જ પૈસા તે શરાબ પાછળ વાપરી નાખતો. સવારે પીઠું ખૂલતાં જ એમાં તે ઘૂસી જતો ને સવારના નાસ્તાથી માંડીને વાળુ સુધીનો સમય તે કશુંય ખાધા વગર, બસ, પીધા જ કરતો. અને એ રીતે પીતાં પીતાં જ તેના મગજની નસ ફાટી ગઈ. બાકી તેના શબનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હોત તો દારૂનાં બે-ત્રણ પીઠાં, વિથ ફર્નિચર, તેના પેટમાંથી નીકળત. એટલું બધું ધન તેણે પોતાની ને મિત્રો પાસેથી મેળવીને શરાબને ચરણે ધરી દીધું હતું.

પીવામાં તો આપણા 'મરીઝ' પણ મજાજની સાથે સ્પર્ધામાં લથડતા પગેય, ઊભા રહી શકે તેવા હતા. તે ગુજરાતના ગાલીબ કહેવાતા. એકવાર તે પીતાં પીતાં જ બોલ્યા હતા કે હું ગુજરાતનો ગાલીબ ગણાઉં છું એટલે ગાલીબ જેટલું તો પીઉં કે નહીં? ત્યારે શેખાદમ આબુવાલાએ તેને ટોકતાં કહ્યું હતું કે સાલા, બહુ પીધા કરીશ તો આંધળો થઈ જઈશ, પછી બધા તને ગુજરાતનો મિલ્ટન કહેશે. 'મરીઝ' માટે એકવાર ફંડફાળો કરવામાં આવ્યો હતો. તેમના માટે એકઠો થયેલ ફાળો લઈને એક જણ નાસી ગયો. કોઈકે 'મરીઝ'ને આ સમાચાર આપ્યા ત્યારે મરીઝે આશ્ચર્યથી પૂછ્યું : 'એમ? તો મારું પીવાનું એ ખાઈ ગયો?'

અને કવિ જ્હોન કીટ્સે પોતાની પ્રિયતમા ફેની બ્રાઉનને ૧૮૧૯માં લખ્યું હતું કે, ધનિક માણસ માટે જ દારૂ સ્વાદિષ્ટ છે, પણ મારા પ્રિય મુફલીસ વાર્તાકાર મન્ટોને જીવનના છેલ્લા શ્વાસ સુધી આ એક જ પીણું ભાવ્યું હતું. મરણની થોડી ક્ષણો અગાઉ જ તેણે કહ્યું હતું : 'મારા કોટના ખિસ્સામાં સાડા ત્રણ રૂપિયા પડ્યા છે એમાં થોડા પૈસા ઉમેરીને મને એક પેગ વ્હિસ્કી લાવી આપો.' ને તેની આ અંતિમ ઇચ્છા છે એમ જણાતાં કુટુંબીજનોએ વ્હિસ્કી મંગાવી પણ આપેલો. ચમચીથી ગંગાજળની જેમ તેના મોઢામાં નાખવામાં આવ્યો. બે ચમચી માંડ તેણે ગળે ઉતાર્યો હશે. પછી તે બેહોશ થઈ ગયો. ઉપર જઈ તે ફરી હોશમાં આવ્યો હશે ને દેવદૂતે તેને મશ્કરીમાં પૂછ્યું હશે: 'મન્ટો કે બચ્ચે, બોલ, જહન્નત યા જહન્નુમ?' ત્યારે મન્ટોએ સામે આંખ મીંચકારીને પૂછ્યું હશે : 'વ્હિસ્કી કહાં મિલેગી?'

અને પ્રવીણ જોષી, અમારો પવલો. 'વિનોદની નજરે' લેખશ્રેણીમાં તેના વિશે લખવાનું હતું ત્યારે તેણે સહેજ સંકોચ સાથે મને કહ્યું હતું: 'વિનોદભાઈ, મારી આ લત વિશે તમે લેખમાં કશો ઉલ્લેખ ના કરશો, મારા ચાહકોને એ નહીં ગમે. તેની આ લત બાબત મારી કલમને મેં પરાણે ચૂપ રાખી, પણ તેની એ લત ચૂપ ના રહી. એક રાતે તે ખૂબ પીવાને લીધે સમતુલા ગુમાવતાં મકાનના ચોથા માળેથી નીચે પટકાઈ પડ્યો ને જીવનનું બેલેન્સ ચૂકી ગયો.

એક લોકોક્તિ પ્રમાણે દારૂના પહેલા પેગમાં માણસ દારૂને પીએ છે, બીજા પેગમાં દારૂ દારૂને પીએ છે અને ત્રીજા પેગમાં દારૂ માણસને પીએ છે. એ દારૂ જ્યારે પેલા બંગાળી એક્ટર ઉત્તમકુમારને વગર સ્ટ્રૉએ પી રહ્યો હતો ત્યારે ઉત્તમકુમાર ડૉક્ટરના પગ પકડીને કરગરતો હતો કે પ્લીઝ ડૉક્ટર મને આટલી વાર બચાવી લો, જિંદગીમાં ફરી ક્યારેય શરાબનું નામ નહીં લઉં...

પણ -

પણ શું! - કંઈ નહીં... □

પ્રદૂષણ

પ્રહ્‌લાદ છ. પટેલ

આદિમાનવ ભટકતું જીવન જીવતો હતો ત્યારે તે તેનો બધો જ સમય ખોરાકની શોધ અને આશ્રયની પાછળ વ્યતીત કરતો હતો. આથી તે કુદરત સાથે સંપર્ક અને સંબંધ ધરાવતો હતો. આદિમાનવની હરણફાળ પ્રગતિને કારણે તે ભટકતા જીવનમાંથી સ્થાયી અને સુવિધાપૂર્ણ જીવન જીવી રહ્યો છે. તે સ્વાસ્થ્ય, શિક્ષણ, સંદેશાવ્યવહાર અને પરિવહનની મબલખ સગવડો ભોગવી રહ્યો છે. આ બધાંના પાયામાં વિજ્ઞાન અને ટેકનોલૉજિનો વિકાસ રહેલો છે. માણસે બહુમાળી મકાનો અને મહાકાય બંધો બાંધ્યાં છે. મોટી મોટી કૅનાલો બાંધી છે; જમીનને કૃષિલાયક બનાવવા જંગલો કાપ્યાં છે; રોડ અને રેલમાર્ગો તૈયાર કર્યા છે. બેશક, આ બધાથી માણસનું જીવન ઘણું સરળ અને સુવિધાપૂર્ણ બન્યું છે, પણ તેમાં પર્યાવરણ અને કુદરતનો સારા એવા પ્રમાણમાં ભોગ લેવાયો છે. વિવિધ ક્ષેત્રે માનવસર્જિત આપત્તિઓ ખડકાઈ રહી છે. હવા, પાણી અને જમીનના પ્રદૂષણનો કોયડો રોજબરોજ વિકટ બનતો જાય છે. પરિસ્થિતિવિજ્ઞાન (ઇકોલૉજિ)ની સમતુલાને ભારે નુકસાન પહોંચાડ્યું છે. બિનઅવેજી કુદરતી સ્રોતોનો નાશ અને શોષણ કરવામાં માણસે પાછું વળીને જોયું નથી. પ્રદૂષણનાં કારણો દેખીતાં છે. તેના વધતાં જતાં પ્રમાણદર અને પરિણામોનો અંદાજ કાઢવો અઘરો નથી. પ્રદૂષણના સર્વાંગી અભ્યાસ દ્વારા કુદરત સાથે સંવાદિતા સ્થાપવા માટેનો સમય પાકી ગયો છે. એકબાજુ પ્રદૂષણનો અતિરેક અને બીજી બાજુએ તેને અટકાવવામાં થતો વિલંબ માણસને ઘણો મોંઘો પડશે. પ્રદૂષણનાં પરિણામોને માણસે લમણે હાથ દઈ સાક્ષીભાવે જોયા સિવાય બીજો વિકલ્પ નહીં હોય.

પ્રદૂષણ એટલે શું? હવા, પાણી અને જમીનના બનેલા પર્યાવરણમાં એટલા દરે અને એટલી માત્રામાં વિવિધ પદાર્થો તથા ઉષ્મા, ધ્વનિ અને વિકિરણ જેવી ઊર્જાઓનો ઉમેરો જે જીવનને હાનિ પહોંચાડે છે તેને પ્રદૂષણ કહે છે. ગરીબી, અજ્ઞાનતા, વસ્તીવધારો અને બિનઆયોજિત શહેરીકરણ પ્રદૂષણ માટે જવાબદાર છે. પ્રદૂષકો બે પ્રકારના હોય છે: (૧) લાંબા સમય સુધી જેમાં ફેરફારો થતા નથી તેવા દ્ઢાગ્રહી પ્રદૂષકો જેવા કે પેસ્ટિસાઈડ્ઝ અને નિરુપયોગી ન્યૂકિલઅર કચરો. આવા ઘણાખરા પદાર્થો ઝેરી હોય છે. (૨) અલ્પ સમયમાં જે પદાર્થોનું સરળ પદાર્થોમાં વિઘટન થતું હોય તેવા અનાગ્રહી પદાર્થો જેવા કે એંઠવાડ અને સામાન્ય કચરો.

હવાના પ્રદૂષણનો પ્રશ્ન આજે માણસને ગંભીરપણે સતાવી રહ્યો છે. વાહનો, ઉદ્યોગો, વિમાનની વાયુશેરો અને ઘરવપરાશના બળતણને કારણે દર વર્ષે વાતાવરણમાં ૧૦ કરોડ ટન કચરો ઠલવાય છે. કોલસો, લાકડાં, ડીઝલ, કેરોસીન અને પેટ્રોલના જ્વલનથી વાતાવરણમાં કાર્બન મૉનોક્સાઈડ (CO), હાઈડ્રોકાર્બન્સ, કાર્બનના સૂક્ષ્મ કણો, સલ્ફર ડાયૉક્સાઈડ અને નાઈટ્રોજન ઑક્સાઈડ ઉમેરાય છે. કાર્બન મૉનોક્સાઈડ હિમોગ્લોબિન સાથે સંયોજાય છે ત્યારે રુધિરની ઑક્સિજન વહન કરવાની ગુંજાઈશ ઘટે છે. આથી આંખની દૃષ્ટિમાં ઝાંખપ આવે છે, માથામાં દુખાવો થાય છે, કેટલીક વખત મૂર્છા આવે છે, તો કેટલીક વખત મોતની પણ એટલી જ સંભાવના રહે છે. હાઈડ્રોકાર્બન્સથી પાણીની સપાટી ઉપર ચીકણું પાતળું સ્તર બને છે. તેમાંથી ગૌણ પ્રદૂષકો પેદા ન થાય ત્યાં સુધી ખાસ હાનિકારક નથી.

કાર્બનના સૂક્ષ્મ કણો હવાના અન્ય ઘટકો સાથે સંમિશ્રિત થાય છે. માણસ શ્વાસ લે છે ત્યારે હવા સાથે કાર્બન-કણો ફેફસાંમાં દાખલ થાય છે. આથી શ્વસન-પદ્ધતિ અને ફેફસાંને નુકસાન થાય છે. પરિણામે ફેફસાંનાં કૅન્સરની શક્યતાઓ વધે છે. ડીઝલથી ચાલતાં વાહનો પુષ્કળ પ્રમાણમાં કાર્બનના કણો હવામાં છોડે છે. કોલસાની ખાણોમાં ખોદકામ દરમ્યાન કાર્બન-રજ સારા એવા પ્રમાણમાં ઊડતી હોય છે, જે ખાણિયાઓનાં ફેફસાંમાં શ્વસન દ્વારા હવા સાથે દાખલ થાય છે. પરિણામે ખાણિયાઓ ફેફસાનાં એસ્બેસ્ટોસિસના રોગનો ભોગ બને છે. બિહારની તેમજ અન્ય ખાણોમાં આ રોગથી મૃત્યુ પામેલા ઘણા મજૂરોના કિસ્સાઓ નોંધાયા છે.

ફેફસાંમાં સિલિકા જમા થવાથી સિલિકોસિસ જેવો કૅન્સરનો રોગ થાય છે. ખાણોમાં કાર્બન સાથે સાથે સિલિકાના રજકણો પણ હોય છે. પૉટરી તથા ફાઉન્ડ્રિ ઉદ્યોગોમાં સિલિકાના રજકણો વિશેષ હોય છે. કાચ અને પથ્થરકામના ઉદ્યોગોમાં પણ સિલિકાના રજકણો ઊડતા હોય છે. આ ઉદ્યોગો સાથે સંકળાયેલા મજૂરોમાં ઘાતક રોગ વધુ પ્રમાણમાં જોવા મળે છે.

સલ્ફર ડાયૉક્સાઈડ સૌથી વધારે હાનિકારક પ્રદૂષક છે. તે શ્વસનતંત્રને ઉશ્કેરણીજનક સંતાપ પહોંચાડે છે. સલ્ફર ડાયૉક્સાઈડ હવા, પાણી અને ઑક્સિજન સાથે પ્રક્રિયા કરીને ઍસિડ બનાવે છે. આ ઍસિડ હવા સાથે સંકળાયેલ હોય છે. માણસ શ્વાસ લે છે ત્યારે આવા ઍસિડના કણો હવા સાથે ફેફસાંમાં દાખલ થાય છે. ઍસિડના સંપર્કમાં આવેલી કોઈપણ વસ્તુ જેમ ખવાય છે તેમ ફેફસાંમાં આ ઍસિડ દાખલ થતાં તે ખવાય છે. સલ્ફર ડાયૉક્સાઈડનો ભોગ માત્ર માણસ જ થતો નથી; વનસ્પતિ ઉપર પણ તે વિપરિત અસર કરે છે, જેને કારણે તેનો વિકાસ અટકી જાય છે. નિર્જીવ પદાર્થો જેવા કે સ્ટીલ, જસત અને પથ્થર પણ સલ્ફર ડાયૉક્સાઈડની હાજરીમાં ખવાય છે.

ઑટોમોબાઈલ્સમાંથી નાઈટ્રોજન ઑક્સાઈડ અને હાઈડ્રોકાર્બન્સ જેવા પ્રદૂષક પદાર્થો મુક્ત થાય છે. સૂર્યપ્રકાશની હાજરીમાં આ પદાર્થો

પ્રક્રિયા કરે છે ત્યારે ફોટોકેમિકલ ધુમ્મસ (smog) રચાય છે. તેમાં નાઈટ્રોજન ડાયોક્સાઈડ, ઓઝોન અને પેરોક્ષીલેસેટિલ નાઈટ્રેટ હોય છે. શ્વાસમાં લીધેલ હવા સાથે ઓઝોન દાખલ થતાં શ્વસન તથા જ્ઞાનતંત્રને નુકસાન કરે છે. તે રબરના પદાર્થો તથા સુતરાઉ કાપડને નુકસાન કરે છે. ચિત્રો ઉપરના રંગો પણ ઉડાડી દે છે.

ઉદ્યોગોમાં ફેંકાતા સલ્ફર ડાયૉક્સાઈડ અને નાઈટ્રોજન ઑક્સાઈડ જ્યારે વાતાવરણમાં રહેલાં પાણી સાથે પ્રક્રિયા કરે છે ત્યારે તે સલ્ફ્યુરિક ઍસિડ અને નાઈટ્રિક ઍસિડ બનાવે છે. આ ઍસિડ વરસાદનાં પાણી સાથે પૃથ્વી ઉપર પડે છે. આવા ઍસિડના વરસાદથી વનસ્પતિનાં પાન ખવાય છે, જંગલો સુકાવા લાગે છે, પોષક તત્ત્વોનો નાશ થતાં જમીનની ફળદ્રુપતા ઘટે છે, તળાવો કે જળાશયોના જીવો નાશ પામે છે; જળાશયોના સાન્નિધ્યમાં રહેલ પક્ષીઓને ઝેરી અસર થાય છે, પથ્થરો તથા ધાતુઓ ખવાય છે.

સલ્ફરયુક્ત કોલસાનું જલન ઍસિડ-વરસાદનું જનક છે. આથી કોલસાને બાળતા પહેલાં સાફ કરવામાં આવે તો ઍસિડ-વરસાદની માત્રા ઘટે છે. જે કોલસામાં સલ્ફરનું પ્રમાણ ઓછું હોય તેનો જ બળતણ તરીકે ઉપયોગ કરવો જોઈએ. કારખાનાંઓના ભૂંગળાંમાં સલ્ફર ડાયૉક્સાઈડને ગાળી લે તેવી વ્યવસ્થા ફરજિયાત કરવી જોઈએ. કોલસાને ચૂનાના પથ્થર (લાઈમ સ્ટોન) સાથે ભેળવીને બાળવાથી સલ્ફર ડાયૉક્સાઈડની ઉત્પત્તિ ઉપર અંકુશ રહે છે. ઍસિડના વરસાદથી અસરગ્રસ્ત તળાવો, જમીનો કે જંગલોમાં ચૂનો (લાઈમ) નાખવો જોઈએ. સૌથી વધારે હિતાવહ વાત તો એ છે કે વ્યવહાર અને ઉદ્યોગોમાં એવી પદ્ધતિઓ અપનાવવી જોઈએ કે જેમાં સલ્ફર ડાયૉક્સાઈડ અને નાઈટ્રોજન ઑક્સાઈડની ઉત્પત્તિ ઉપર ભારે અંકુશ રહે.

મેશ, કાર્બનના કણો તથા કાર્બન ડાયૉક્સાઈડ અણુઓમાં ઉષ્મા જકડી રાખવાની શક્તિ વિશેષ છે. આથી જેમ જેમ વાતાવરણમાં કાર્બનકણો અને કાર્બનનાં સંયોજનોનું પ્રમાણ વધતું જાય છે તેમ તેમ તેમાં સંચય પામતી ઉષ્માનો જથ્થો વધે છે. પરિણામે પાણી તથા જમીનના તાપમાનમાં વધારો થતો જાય છે, જેને કારણે 'ગ્રીન હાઉસ' ઘટનાની સંભાવના વધે છે. આ ઘટનામાં વધુ પડતી ઉષ્માનો પ્રતિકાર ન કરી શકવાને કારણે સજીવો નષ્ટ પામવા લાગે છે. સૂર્યનાં કિરણો વાતાવરણ ઉપર આપાત થતાં તેનો થોડોક ભાગ પરાવર્ત પામે છે. જ્યારે વધુ પડતાં કિરણો વાતાવરણને ભેદી પૃથ્વી ઉપર આપાત થાય છે. પૃથ્વીમાંથી ઉત્સર્જિત થતી અને પૃથ્વી વડે પરાવર્ત થતી ઉષ્મા વાતાવરણમાં પ્રવેશે છે. વાતાવરણમાં રહેલી આ ઉષ્માનો કેટલોક અંશ ફરીથી પૃથ્વી તરફ પરાવર્ત થાય છે. આ બધી દૈનિક પ્રક્રિયાઓને કારણે જમીન તથા પાણીને નફારૂપે ઉષ્મા મળતી રહે છે. આ સંજોગોમાં વાતાવરણમાં કાર્બન ડાયૉક્સાઈડનું પ્રમાણ વધે તો તેમાં સંગ્રહ પામતી ઉષ્માનો જથ્થો પણ વધતો જાય છે. સરવાળે, જીવસૃષ્ટિ માટેના પર્યાવરણ ઉપર વિપરીત અસર થાય છે.

૧૯૫૮ પછી વાતાવરણમાં કાર્બન ડાયૉક્સાઈડનો ૯ ટકા વધારો થયો છે. આજની તરાહ મુજબ માણસ જીવન જીવશે તો ભવિષ્યમાં કાર્બન ડાયૉક્સાઈડનો જથ્થો ઘણો બધો વધી જશે. વનસ્પતિ અને વૃક્ષો કાર્બન ડાયૉક્સાઈડનું પોતાના ખોરાક માટે શોષણ કરે છે અને તે રીતે કાર્બન ડાયૉક્સાઈડનું પ્રમાણ ઘટે છે. પણ જંગલો ઓછાં થાય અને વાહનો તથા ઉદ્યોગો નિરંકુશપણે કાર્બન છોડ્યા કરે તો વાતાવરણમાં કાર્બન ડાયૉક્સાઈડનો જોરદાર ભરાવો થઈ જાય. જો આ પરિસ્થિતિ આમ ને આમ આગળ વધે તો ૨૦૫૦ની સાલ સુધીમાં વાતાવરણમાં કાર્બન ડાયૉક્સાઈડનું પ્રમાણ બમણું થઈ જશે, જે પ્રતિવર્ષે આશરે ૩$^{\circ}$ થી ૮$^{\circ}$ સેલ્સિયસ તાપમાનમાં વધારો કરશે. આથી કૃષિપેદાશો ઘટશે. ધ્રુવ-પ્રદેશોનો બરફ ઓગળી તેનું પાણી દરિયાભેગું થશે. તેથી દરિયાનાં પાણીની સપાટી ઊંચી આવશે. આથી સમુદ્રતટના પ્રદેશો અને કૃષિલાયક જમીનો ડૂબમાં જશે. લંડન, ગ્લાસગો, ફ્લોરિડા, ટોકિયો, ઓસાકા, મોન્ટ્રિયલ, સ્ટૉકહોમ, કોપનહેગન અને કલકત્તા જેવાં શહેરોનો કેટલોક ભાગ ડૂબથી અસર પામશે.

અખાતી યુધ્ધ દરમ્યાન કુવૈતના ૬૦૦ તેલના કૂવાઓને આગ ચાંપવામાં આવી હતી. માનવસર્જિત જવાળામુખી જેવી આગ મેશ, ધુમાડો, ઝેરી વાયુઓ, બળ્યા વગરનું તેલ અને બેશુમાર ગરમી છોડે છે. મેશ અને ધુમાડાથી પેદા થયેલાં કાળાં ડિબાંગ વાદળોની માઠી અસરો સ્થાનિક રીતે તેમજ પડોશી દેશોના પર્યાવરણ ઉપર પણ થશે. પ્રદૂષણની અસરો ક્યાં ક્યાં સુધી થશે તેનો નકશો અમેરિકાની બોસ્ટન યુનિવર્સિટીના રિમોટ સેન્સિંગ સેન્ટરે તૈયાર કર્યો છે. આ નકશામાં કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતનો સમાવેશ થાય છે. આ આગને લીધે વાતાવરણમાં કાર્બન ડાયૉક્સાઈડનો જંગી ભરાવો થયો છે. કાર્બન ડાયૉક્સાઈડમાં ઉષ્મા સંગ્રહ કરવાની શક્તિ વધુ હોવાથી વાતાવરણ વધારે ગરમ થાય છે. ગુજરાતના ૧૧૭$^{\circ}$ ફે. તાપમાન અને કાળઝાળ ગરમીનું કારણ આ હોઈ શકે. અખાતી યુદ્ધમાંથી પેદા થયેલા પ્રદૂષણની અસર ચોમાસા ઉપર થવાની શક્યતા છે. ધૂળ, ધુમાડા અને મેશને કારણે હિન્દી મહાસાગર ઉપર વાદળોની જમાવટ થશે. સમુદ્રથી જમીન ઉપર આગળ વધે તે પહેલાં આ વાદળો વરસી જશે. આથી જમીન ઉપર વરસાદનું પ્રમાણ ઘટવાના પૂરેપૂરા સંજોગો છે. જ્યાં જેટલો વરસાદ પડશે તેમાં ઍસિડ, તેલ અને મેશનું પ્રમાણ વિશેષ હશે. જમીન ઉપર પડનાર ઍસિડનો વરસાદ જમીનને ઍસિડિક બનાવશે, જેની અસર પાકના ઘટાડામાં પરિણમી શકે છે. ઉત્તર ભારતમાં વાદળો પહોંચે તે પહેલાં વરસી જવાની વકી હોઈ, ઉત્તર ભારતમાં વરસાદની અછત વર્તાશે. પરિણામે આ પ્રદેશની નદીઓનો પાણીનો પુરવઠો ઘટવાની શક્યતા છે.

આ સમગ્ર પરિસ્થિતિમાંથી એક બીજી તાસીર પણ સંભવિત છે. વાહનો, ઉદ્યોગો, આકસ્મિક આગ અને ઈંધણના અવૈજ્ઞાનિક ઉપયોગને લીધે વાતાવરણમાં વિવિધ પ્રકારનાં સૂક્ષ્મ રજકણોનું પ્રમાણ વધે છે. આ બધાં રજકણો વાદળ જેવો આકાર ધારણ કરે છે, જે સૂર્યનાં કિરણોની ઉષ્માને પૃથ્વી ઉપર જતાં રોકે છે. તેથી પાણી અને પૃથ્વીની સપાટીનું તાપમાન ઘટવાની પણ શક્યતા છે. આજે યુ.એસ.એ., યુ.એસ.એસ.આર., યુ. કે. અને બીજી અણુસત્તાઓ પાસે આશરે ૫૦,૦૦૦ ન્યૂક્લિઅર બૉમ્બ છે. જો આ બધાનો વિસ્ફોટ એકસાથે થાય

તો આપણી પૃથ્વી ઉપરનાં મકાનો, પુલો, જંગલો અને અન્ય પદાર્થોના જ્વલનથી અવકાશમાં એટલો બધો ધુમાડો અને મેશ જમા થાય કે જે સારા એવા સમય માટે સૂર્યકિરણોની ઉષ્માને પૃથ્વી ઉપર જતી રોકવા માટે શક્તિમાન છે. આથી પૃથ્વી અને તેની નજીકના વાતાવરણનું તાપમાન એકાએક ઘટી જતાં 'ન્યૂક્લિઅર શિયાળો' બેસે છે અને આ રીતે અચાનક પર્યાવરણનો ભંગ થતાં સમગ્ર જીવસૃષ્ટિ ઉપર ભારે આફત ઊતરશે.

પૃથ્વીની જીવસૃષ્ટિના રક્ષાકવચ ઓઝોનમાં ગાબડાં પડ્યાનું ચાલુ દશકમાં જણાયું છે. ક્લોરોફ્લોરોકાર્બન (સી. એફ. સી.)ના વધુ પડતા ઉપયોગથી ઓઝોનના સ્તરમાં ગાબડાં પડ્યાનું મનાય છે. દીર્ઘાયુષ્ય અને સ્થાયી પ્રકૃતિ ધરાવતો સી. એફ. સી. ઓઝોન સાથે પ્રક્રિયા કરે છે અને તેનું પ્રમાણ ઘટાડે છે. એ જ રીતે નાઈટ્રોજન ડાયોક્સાઈડ પણ ઓઝોનના ઘટાડા માટે જવાબદાર છે. રક્ષાકવચ ઓઝોનના ક્ષયથી નીલાતીત કિરણો બેરોકટોક પૃથ્વી ઉપર અવતરણ કરશે, જેને કારણે ચામડીના રોગો અને કૅન્સર, પાકનો નાશ, ઑક્સિજન-ચક્ર અને ઋતુઓમાં ફેરફારની શક્યતાઓ છે.

હવાનું પ્રદૂષણ ઓછું કરવા માટે હવામાં ભમતા કાર્બન ડાયૉક્સાઈડ અને નાઈટ્રોજન ઑક્સાઈડને અંકુશિત કરે તેવી વાહન-વ્યવસ્થાઓ અપનાવવી જોઈએ. તે માટે વિદ્યુત અને સૌર ઊર્જાથી ચાલે તેવાં વાહનોની ડિઝાઈન કરવી પડશે. આજે દિલ્હીમાં વિદ્યુતથી ચાલતાં કેટલાંક વાહનો ફરે છે, પણ આવાં વાહનોની ઝડપ મર્યાદિત છે અને નિયમિત રીતે તેમને ચાર્જ કરવાં પડે છે. આથી આવાં વાહનો ઓછાં અનુકૂળ હોવાનું જણાયું છે. એટલે આધુનિક ટેકનોલૉજિએ આ વાહનોને વધુ અનુકૂળ અને સક્ષમ બનાવવાનો પડકાર ઝીલી લેવાનો છે. ઉદ્યોગોમાંથી ફેંકાતા કણોને હવામાં ભળતા રોકવા માટે નિષ્પન્ન, ગાળણ અને સફાઈ પદ્ધતિઓ અખત્યાર કરવી જોઈએ. સલ્ફર ડાયૉક્સાઈડને હવામાં ઉમેરાતો અટકાવવા માટે સલ્ફરમુક્ત કોલસાનો ઉપયોગ કરવો જોઈએ. સલ્ફર અને કાર્બનવાળાં બળતણોના વિકલ્પરૂપે ન્યૂક્લિઅર, સૌર તથા પવન અને પાણીમાંથી પ્રાપ્ય ઊર્જાઓનો ઉપયોગ કરવો જોઈએ. ઘરેલુ વપરાશ માટે એવાં બળતણ પસંદ કરવાં જોઈએ, જે મેશ અને ધુમાડા ઓછા છોડે. નિર્ધૂમ ચૂલા, સોલર કૂકર, ગોબર ગૅસ જેવા વિકલ્પોને પ્રોત્સાહિત કરવા જોઈએ.

આ જગત માટે પાણીનું પ્રદૂષણ બીજો પડકાર છે. ભારતમાં લગભગ બે તૃતીયાંશ માંદગી પાણીના પ્રદૂષણને કારણે થાય છે. ટાઈફૉઈડ, હિપેટાઈટીસ, કમળો, કૉલેરા અને મરડો જળજન્ય રોગો છે. ઉદ્યોગોમાં જુદા જુદા હેતુઓ માટે પાણીનો ઉપયોગ થાય છે. ઉદ્યોગોમાં વપરાયેલ દુર્ગંધ મારતા અને રસાયણોયુક્ત પાણીને બિનજવાબદારીપૂર્વક વહેતું કરવામાં આવે છે. સગવડોના અભાવને કારણે લોકો ગમે ત્યાં મળમૂત્રનું વિસર્જન કરે છે. ભારતનાં નાનાં-મોટાં ૩૧૯ શહેરોમાંથી માત્ર ૧૧૭ શહેરો અંશતઃ અને ૮ શહેરો સંપૂર્ણપણે ગટરયોજના અને ગટરોની ગંદકીના નિકાલની વ્યવસ્થા ધરાવે છે. જે ખેતરોમાં રાસાયણિક ખાતરો, જંતુનાશક અને કીટનાશક દવાઓનો ઉપયોગ થાય છે તે ખેતરોની સપાટી ઉપર થઈને વહેતું પાણી પ્રદૂષિત થઈને તળાવ, નદી કે બંધમાં જાય છે. ન્યૂક્લિઅર અને થર્મલ પાવર મથકોમાંથી મુક્ત કરાતું ગરમ પાણી નદી-નાળાંમાં જતાં પાણીના તાપમાનમાં વધારો કરે છે, જેથી જળચરો માંદાં અથવા મરવા પડે છે. દરિયા અને મોટી નદીઓમાં તેલવાહક જહાજો તથા સ્ટીમ લૉંચમાંથી નીતરતું તેલ પાણી સાથે ભળે છે ત્યારે જળચરો અને જળવનસ્પતિને મળતો ઑક્સિજન પુરવઠો મર્યાદિત બને છે. ઍસિડના વરસાદથી નદી અને દરિયાનું પાણી ઝેરી બને છે. હવાઈ જહાજોમાંથી છૂટતી ધૂમ્રશિખાઓના કણો વરસાદ સાથે નીચે ઊતરી પાણીમાં ભળી તેને પ્રદૂષિત કરે છે. પૃથ્વીના પેટાળમાં ઊંડે પાણી સાથે કેટલીક ભારે ધાતુઓ, નાઈટ્રેટ્સ, ક્લોરાઈડ્ઝ અને ફ્લોરાઈડ્ઝ ભળતાં પાણી પ્રદૂષિત થાય છે. ઉત્તર ગુજરાતના ઘણા વિસ્તારોમાં ૬૦૦ ફૂટથી વધારે ઊંડા પાતાળકૂવાઓમાંથી ખેંચી કાઢવામાં આવતું પાણી ફ્લોરાઈડયુક્ત માલુમ પડ્યું છે. ફ્લોરાઈડનો અલ્પાંશ દાંતનાં પેઢાં મજબૂત કરવામાં જરૂરી છે. પણ તેના વધુ પડતા ઉપયોગથી કૅન્સર થાય છે. ઉત્તર ગુજરાતમાં કેટલેક ઠેકાણે પીવાનાં પાણીમાં રહેલ ફ્લોરાઈડનું પ્રમાણ ચિંતાજનક છે. તબેલામાંથી ઘોડાઓ છૂટી જાય તે પહેલાં આ પ્રશ્નનો ઉકેલ અને ઇલાજ શોધવો આવશ્યક છે.

જ્યારે નદીઓ કે જળાશયોનાં પાણીમાં ઉદ્યોગોએ છોડેલ પારા કે સીસા જેવી ભારે ધાતુઓ ભળે છે ત્યારે તેવું પાણી જીવલેણ બને છે. આવાં પાણીમાં ઉછરેલ વનસ્પતિજન્ય ખોરાક માછલીના ઉપયોગથી માણસના શરીરમાં ઝેર વ્યાપી જાય છે. જપાનનાં લોકો, જેમનો દરિયાઈ વનસ્પતિ અને માછલી મુખ્ય આહાર છે તેવાં લોકો, પારાજન્ય ઝેરી રોગોથી પીડાય છે. આથી લોકોમાં બહેરાશ તથા દૃષ્ટિવિહોણાપણું આવે છે. લાગણીના અભાવ તથા માનસિક અસ્વસ્થતાનો એહસાસ થવા લાગે છે.

કાર્બનિક પદાર્થોયુક્ત કચરો પાણીમાં જમા થાય છે ત્યારે પાણીની ઉત્પાદનશક્તિ વધે છે. પરિણામે લીલ સેવાળ (આલ્ગી) વિપુલ પ્રમાણમાં પેદા થાય છે. આથી પાણીની સપાટી ઉપર લીલ છવાઈ જાય છે અને સમગ્ર પાણી લીલા સૂપ જેવું બની જાય છે. તેથી માછલીઓને ઓછો ઑક્સિજન મળે છે. પરિણામે તે મરી જાય છે. આવાં પાણીનું શુદ્ધિકરણ અત્યંત ખર્ચાળ બને છે. તેથી તેનો ઉપયોગ સિંચાઈમાં કરી શકાય છે. છીછરા તળાવમાં આવી લીલ પેદા કરી તેનો ઉપયોગ બાયોગૅસ માટે કરી શકાય છે.

માણસ અને પશુઓનો વસવાટ ધરતી (જમીન) ઉપર છે. એ જ જમીન માણસોને અનાજ તથા પશુઓને ઘાસ પકવી આપે છે. ફળદ્રુપ અને રસાળ જમીન સજીવોની જીવાદોરી છે. ઘરગથ્થુ અવૈજ્ઞાનિક વ્યવહારો અને ઉદ્યોગોને કારણે જમીન પ્રદૂષિત થાય છે. બિનઆયોજિત વસવાટોમાં તથા ભારે ધાતુઓ, પ્લાસ્ટિક, સ્થાયી કાર્બનિક પદાર્થો છોડતા ઔદ્યોગિક વિસ્તારોમાં જમીનનું પ્રદૂષણ વિશેષ જોવા મળે છે. ડી. ડી. ટી. અને અન્ય કીટનાશક રસાયણો જમીનને વધુ પ્રદૂષિત કરે છે. આવાં રસાયણોના ઉપયોગથી ટૂંકા ગાળાના નફા કરતા લાંબા ગાળાનું નુકસાન વધુ થાય છે. આથી કેટલાક વિકસિત દેશોમાં ડી. ડી. ટી. અને કૃષિરસાયણોના ઉપયોગ સામે પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. જમીનનું પ્રદૂષણ અટકાવવા માટે વ્યવસ્થિત જાજરૂ તથા મૂતરડીઓની રચના કરવી જોઈએ; ભારે ધાતુઓ તથા પ્લાસ્ટિક જેવા કચરાને

જમીનભેગો ન કરતાં તેનો કોઇ વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવો જોઈએ અથવા તેનો ફરીથી અન્ય રીતે અન્ય હેતુઓ માટે ઉપયોગ કરી શકાય તેવા વિકલ્પો શોધવા જરૂરી છે. જંતુનાશક દવાઓ અને કૃષિરસાયણોનો ઉપયોગ મર્યાદિત રીતે અને વૈજ્ઞાનિક ઢબે કરવો જોઈએ; વ્યવહારમાં અનાજના વધુ ઉત્પાદન માટે ઝેરી રસાયણોનો વિકલ્પ શોધવો જરૂરી છે.

ઘોંઘાટને લીધે પ્રવર્તતું પ્રદૂષણ શ્રાવ્યશક્તિને ભારે નુકસાન કરે છે; સાથે સાથે એકાગ્રતાનો પણ ભંગ કરે છે. કર્ણને અપ્રિય એવા ધ્વનિને ઘોંઘાટ કહે છે. રાત્રે એકાંતના ઘોંઘાટને ૨૦ ડેસીબેલ, પુસ્તકાલયના ઘોંઘાટને ૪૦ ડેસીબેલ, રેડિયોથી થતો ઘોંઘાટ ૬૦ ડે. બે., કારખાનાનો ઘોંઘાટ ૧૦૦ ડે. બે. અને જેટ વિમાનનો ઘોંઘાટ ૧૨૦ ડે. બે. જેટલો હોય છે. ડેસીબેલ ઘોંઘાટની પ્રબળતાનું માપ (એકમ) છે. શ્રાવ્ય-ક્ષતિ વિનાના સામાન્ય માણસને સાંભળવા માટે જરૂરી લઘુતમ ધ્વનિ-ઊર્જા એક ડેસીબેલ જેટલી હોય છે. રાત્રિના શાંત વાતાવરણમાં ટાંકણી પડવાથી પેદા થતો ધ્વનિ એક ડેસીબેલથી થોડોક જ ઓછો હોય છે. આશરે ૯૦ ડે. બે. વાળા ઘોંઘાટ વચ્ચે માણસ ૮ કે વધુ કલાક રહે તો તેનામાં બહેરાશ આવે છે. હવા, પાણી અને જમીનનું પ્રદૂષણ અવશેષો છોડે છે પણ ઘોંઘાટનું પ્રદૂષણ ક્ષણિક હોવાથી તેની પાછળ કોઈ પણ જાતના અવશેષો જોવા મળતા નથી.

ઘોંઘાટ ઓછો કરવા માટે કારખાનાનાં યંત્રો તથા વાહનોને દુરસ્ત કરાવી સારી સ્થિતિમાં રાખવાં જોઈએ. ઉત્સવો, લગ્નો અને ચૂંટણી ટાણે લાઉડસ્પીકરોના ઉપયોગને નિયંત્રિત કરવો જોઈએ. શાંતિનો ભંગ કરે અને માનસિક તાણ પેદા કરે તેવો ઘોંઘાટ અટકાવવા માટે કાનૂની જોગવાઈ છે જ, પણ જરૂર પડે કાનૂની વ્યવસ્થા વધુ જડબેસલાક બનાવવી જોઈએ અને ચુસ્ત રીતે અમલ થાય તે માટે સરકારે તકેદારી રાખવી જોઈએ. મોટાં શહેરોમાં થતા ઘોંઘાટની પ્રબળતા ઘટાડવા માટે થોડાં થોડાં અંતરે ખુલ્લાં મેદાનો રાખવાં જોઈએ, જેમાં વૃક્ષો ઉગાડીને ધ્વનિનું નોંધપાત્ર શોષણ કરી શકાય છે. રસ્તાઓની બંને બાજુએ તથા વસવાટો વચ્ચે વૃક્ષો ઉગાડવાં જોઈએ, જેથી ધ્વનિનું અસરકારક શોષણ થઈ શકે. ધ્વનિશાસ્ત્ર (Acoustics)ના સિદ્ધાંતો મુજબ છબીઘરો બાંધવા જોઈએ. એકચિત્તે કામ કરનારા માણસોને ઘોંઘાટનું પ્રદૂષણ વધુ ખલેલ પહોંચાડી તેમની કાર્યક્ષમતા ઘટાડે છે.

યુરેનિયમ, થોરિઅમ અને રેડિયમ જેવાં ભારે તત્ત્વોના પરમાણુઓ ન્યૂક્લિઅસનું સ્વયંભૂ વિભાજન થતાં વિદ્યુતભારિત કણો અને વિકિરણ ઊર્જાનું ઉત્સર્જન થાય છે. ભારે ન્યૂક્લિઅસર સ્વયંભૂ વિભંજનની ઘટનાને વિકિરણોત્સર્ગિતા (Radioactivity) કહે છે. ન્યૂક્લિઅર પ્લાન્ટ્સ અને પરમાણુ બોમના વિસ્ફોટથી ઘણી મોટી માત્રામાં ન્યૂક્લિઅર વિકિરણો ઉત્સર્જિત થાય છે. ન્યૂક્લિઅર વિકિરણો પ્રત્યેક સજીવ માટે ઘાતક છે. ન્યૂક્લિઅર વિકિરણોથી પેદા થતું પ્રદૂષણ પેથોલોજિકલ અને જિનેટિક જોખમો ઊભાં કરે છે. માણસના શરીરમાં ૬૦૦ રોંજન વિકિરણ પ્રવેશે તો તેના જીવંત કોષોને બાળી નાખે છે. પરિણામે માણસ મરી જાય છે. આ જોખમને પેથોલોજિકલ ભય કહે છે. ૨૦૦ રોંજન વિકિરણ માણસના શરીરમાં પ્રવેશે તો સજીવ કોષોને જખમ પહોંચાડી શરીરમાં ખોડખાંપણ જન્માવે છે; તદુપરાંત કેન્સર અને લ્યુકેમિયા જેવા રોગો પેદા કરે છે. આ જોખમને જિનેટિક ભય કહે છે. એક અઠવાડિયામાં ૨૫૦ મિલિરોંજન વિકિરણ માણસના શરીરમાં પ્રવેશે તો ખાસ વાંધાજનક નથી. ન્યૂક્લિઅર પ્લાન્ટ્સ તથા રિએક્ટરોનો કચરો નદીઓ, દરિયા અને ખુલ્લી જગાઓમાં પધરાવવામાં આવે છે. આ ન્યૂક્લિઅર કચરો જ્યાં હોય ત્યાં હજારો વર્ષ સુધી રેડિયોએક્ટિવ વિકિરણોનું ઉત્સર્જન કરે છે. આથી પાણી, વાતાવરણ અને જમીન પ્રદૂષિત થાય છે અને આવા વિસ્તારોમાં પર્યાવરણનો સદંતર ભંગ થાય છે. પ્લૂટોનિયમ (૨૩૯) જીવધરમાં બે લાખ વર્ષ સુધી રેડિયોએક્ટિવ વિકિરણો દ્વારા માઠી અસર કરે છે. વિકસિત દેશો આવો જોખમી કચરો અવિકસિત દેશોની મજબૂરીનો લાભ લઈને તેમની સરહદોમાં ઠાલવે છે.

ન્યૂક્લિઅર વિસ્ફોટ કરવામાં આવે છે ત્યારે રેડિયોએક્ટિવ રજકણો પવનની દિશામાં દૂર દૂર ફેલાય છે. આવાં રજકણો વરસાદ સાથે જમીન ઉપર આવે છે અને પાણી સાથે વનસ્પતિમાં દાખલ થાય છે. જે પ્રાણીઓ આ વનસ્પતિ ખાય છે તેમનાં માંસ અને હાડકાંમાં આવા રેડિયોએક્ટિવ રજકણો જમા થાય છે. આવા રજકણો અમુક પ્રમાણમાં જમા થયા બાદ તેમાંથી રેડિયોએક્ટિવ વિકિરણો નીકળે છે, જે શરીરમાં રહેલા ટિસ્યૂ (સજીવ રેષાઓ)નો નાશ કરે છે. પરિણામે કેન્સર થાય છે. હિરોશીમા અને નાગાસાકી ઉપર ઝીંકાયેલા અણુબોમથી અસંખ્ય લોકો તત્કાળ મરી ગયાં. વિસ્ફોટમાંથી ઉત્સર્જિત રેડિયોએક્ટિવ વિકિરણોએ કેટલાંય લોકોના જિનેટિક તંત્રને જફા પહોંચાડી છે. માણસના લક્ષણો નક્કી કરતા સૂક્ષ્મ સજીવ એકમને જિન કહે છે. જિનના સમૂહને જિનેટિક તંત્ર કહે છે. પરમાણુ વિસ્ફોટથી અસરગ્રસ્ત એવા જપાનના કેટલાક વિસ્તારોમાં આજે પણ ખોડવાળાં બાળકો જન્મે છે. ભૂગર્ભમાં કરવામાં આવતા અણુધડાકા પણ એટલા જ જોખમકારક છે. ભારત પોકરણમાં અણુધડાકો કરીને વિશ્વની અણુસત્તાઓને અણુધડાકા બંધ કરવાની અપીલો કરે છે!!! 'સોલ્ટ'(Strategic Arms Limitation Treaty) મંત્રણાઓ દ્વારા રશિયા અને અમેરિકા ન્યૂક્લિઅર યુદ્ધસામગ્રી ઘટાડવા માટે અંશતઃ સંમત થયા છે અને બીજા દેશોને સમજાવી રહ્યા છે. રશિયાએ ન્યૂક્લિઅર પાવર ઘટાડીને 'સોલ્ટ' મંત્રણાઓના હાર્દનું પ્રામાણિકપણે પાલન કર્યું છે; જ્યારે અખાતી યુદ્ધમાં અમેરિકાનું પોત પ્રકાશ્યું છે.


ગરીબી અને અજ્ઞાનતા, બીજા કેટલાક પ્રશ્નોની જેમ, પ્રદૂષણનું પણ મૂળ છે. ગરીબી અને અજ્ઞાનતાએ વસ્તીવધારા અને રાક્ષસી શહેરોના પ્રશ્નો જન્માવ્યા છે. પ્રદૂષણ ઘટાડવા માટે નાગરિક જાગૃતિ અનિવાર્ય છે. 'દરેક જણ પોતાનું આંગણું ચોખ્ખું રાખે', ગાંધીજીના આ ખ્યાલની સાચી સમજ પ્રદૂષણમાં અંશતઃ ઘટાડો કરી શકે છે. ઔદ્યોગિક પ્રદૂષણને કાયદાથી કાબૂમાં લઈ શકાય છે. પણ તે રાજ્યની ઇચ્છાશક્તિ ઉપર નિર્ભર છે. ન્યૂક્લિઅર પ્રદૂષણ અટકાવા માટે રાષ્ટ્રોએ સર્વોપરિતા સ્થાપવાની સ્પર્ધા બંધ કરીને રાષ્ટ્રિય ઉદ્દંડતા અને અહંને ખંખેરી નાખવાં જોઈએ. વ્યક્તિઓ, રાજ્યો કે રાષ્ટ્રો પ્રદૂષણ અટકાવવા યથાર્થ પ્રયત્નો નિષ્ઠાપૂર્વક નહીં કરે તો માનવજાતની સામૂહિક આત્મહત્યાને કોઈ રોકી શકશે નહીં.

રક્ષાકવચ ઓઝોનમાં પડેલાં ગાબડાં, ચેર્નોબિલ અમુભઠ્ઠીના ધડાકા અને ભોપાલ ગૅસ દુર્ઘટનાનાં કારણો અને પરિણામોનો તટસ્થભાવે માણસ ખ્યાલ કરશે તો માનવકલ્યાણનો માર્ગ મોકળો થશે. □

મધ્ય અમેરિકાની 'માયા' સંસ્કૃતિ

કે. કા. શાસ્ત્રી

મહાભારતમાંથી કથાના આદિપર્વમાં અર્જુને ખાંડવવન સળગાવી મૂક્યાની વાત આવે છે. તે સમયે તેણે 'મય' નામના એક દાનવને જીવતદાન આપ્યું હતું. આગળ જતાં આ મયદાનવે ઇન્દ્રપ્રસ્થમાં પાંડવોને માટે અદ્દભુત સભામંડપ રચી આપ્યો હતો એવો ઉલ્લેખ મહાભારતના સભાપર્વમાં છે. 'મય' તે યુગનો મહાન સ્થપતિ હતો. આજે આપણે જાણીએ છીએ કે મધ્ય અમેરિકામાં 'યુકાતન' અને તેની પાસેના આજના ગ્વાટેમાલા, હોન્ડુરાસ, અલ-સાલ્વાડોર વગેરે પ્રદેશોમાં એક કાળે 'માયા' નામની એક આગંતુક પ્રજા વસતી હતી, જેણે રચેલાં અનેક ભવ્ય સ્થાપત્યો એ લોકોની ઉચ્ચ સ્થાપત્ય-વિદ્યાનો પરિચય આપે છે. એ સ્થાપત્યોનો સમય ઇ. પૂર્વે બીજી સદી અને તે પછીનો અંદાજાયો છે. મહાભારતનો 'મય' ઐતિહાસિક વ્યક્તિ હોય તો એનો સમય ઇ. પૂ. બીજીથી ત્રીજી સહસ્રાબ્દીનો હોઈ શકે. એટલે કે અમેરિકાની 'માયા' પ્રજાના જાણવામાં આવેલા સમયથી એ કાળ ઘણો પ્રાચીન છે. મહાભારતકાળના સ્થપતિ 'મય' અને સ્થાપત્યપ્રિય 'માયા'ઓનો કોઈ સંબંધ શક્ય હોઈ શકે ખરો? આજે તો આપણી પાસે એનો કોઈ સાચો ઉત્તર નથી. કારણ કે અમેરિકાના આદિ વસાહતીઓનું કોઈ પ્રાચીન સાહિત્ય મુખપરંપરામાં પણ ઉપલબ્ધ નથી. અમેરિકામાં જઈને વસેલા યુરોપીય લોકોથી પહેલાના સમયના એ વસાહતીઓ પાસે કોઈ 'વર્ણલિપિ' હતી નહિ. હા, 'ચિત્રલિપિ' અવશ્ય હતી, પણ તે સમયનો સ્પષ્ટ ખ્યાલ આપવાને સક્ષમ નહોતી, અને એ કારણે એમનો પ્રામાણિક ઈતિહાસ જાણવો સુલભ નથી; અને જે કંઈ પણ છે તે પારંપરિક જનશ્રુતિ જ છે. આપણે આટલું જ કહી શકીએ કે મહાભારતનો 'મય'-દાનવ બહારથી આવેલો કોઈ દાનવ હતો. એટલું જ કહી શકીએ કે જેનું ભારતીય ઉચ્ચારણ 'મય' છે. તેનું અમેરિકી ઉચ્ચારણ 'માયા' છે.



યુક્નાનની પૂર્વકંઠારે માયા સંસ્કૃતિના કાળનું તુલુમ નામે એક નગર હતું. ૧૫મી સદી સુધી આ નગર વેપાર-વાણિજ્યથી ધમધમતું હતું, પણ ૧૫૧૭ના અરસામાં સ્પેઈનના આક્રમણ પછી તેની જાહોજલાલી નાશ પામી. એ નિર્જન બની ગયું. અહીં તેની ભગ્નાવસ્થાના ખંડેરનો કેટલોક અંશ દર્શાવ્યો છે.

માયાઓનો પ્રદેશ

એક વિષયમાં મતોની એકવાક્યતા છે કે પશ્ચિમમાં તેરુઆન્તેક સંયોગીભૂમિ, ઉત્તરમાં મેક્સિકોનો અખાત અને કેરીબિયન સમુદ્રતટનો વિસ્તાર, દક્ષિણમાં પ્રશાંત મહાસાગરનો તટવિસ્તાર તથા પૂર્વમાં હોન્ડુરાસના ઉચ્ચપ્રદેશની ઉત્તર અને દક્ષિણના પ્રદેશોને પાણીથી પોષતી ઉલુઆ તથા લેમ્પા નદીઓના વિસ્તૃત પરિસર વચ્ચે માયાઓનો પ્રદેશ આવેલો છે. સમગ્ર વિસ્તાર ઉત્તરમાં ૧૪° અને ૨૨° તથા પશ્ચિમમાં ૮૭° અને ૯૩°, સુધીમાં સમાય છે. ઉત્તર-દક્ષિણ ૯૦૦ કિ.મી. (૫૫૦ માઈલ) અને પૂર્વ-પશ્ચિમ ૫૫૦ કિ.મી. (૩૫૦ મા.) જેટલા આ પ્રદેશમાં યુકાતનના ત્રણ દ્વીપકલ્પ - કમ્પારો, યુકાતન અને કિવન્તાનાનો સમાવેશ થાય છે. આની વચ્ચેના ગ્વાતેમાલા ને તેની પૂર્વમાં બેલાઈઝ (અગાઉનું બ્રિટિશ હોન્ડુરાસ), અગ્નિકોણમાં હોન્ડુરાસ અને અલ-સાલ્વાડોર આવેલા છે.

મેસો-અમેરિકા તથા વેરાક્રુઝના તટપ્રદેશનું મેદાન- આ બેઉ વિસ્તારો ઈ. પૂ. બીજી સહસ્રાબ્દીમાં, ખાસ કરીને તટપ્રદેશમાં, 'ઓલ્મેક' સંસ્કૃતિનો ઉદય થયો હતો. ત્યાંથી થોડે વાયવ્ય ખૂણામાં ઈસ્વી સનના આરંભથી સોળમી સદીના આરંભના પૂર્વ સમયમાં 'તેઓહુઆકન', 'તુલુ' અને 'આઝ્તેક તેનોચિતત્લન' નગર સંસ્કૃતિઓનો 'માયા'ઓના ઉક્ત ભૂભાગમાં વિસ્તાર થયો હતો.

પ્રાચીન ઈતિહાસ

એક વાત સર્વસ્વીકૃત છે કે અમેરિકાના ઉત્તર અને દક્ષિણના પ્રદેશોમાં ઈ. પૂ. ૬૦,૦૦૦ વર્ષ પહેલાં માનવ-વસાહતો નહોતી. હિમયુગના અંતભાગના આરંભમાં જ્યારે બરફનો જમાવ થતો અને હટી જતો હતો ત્યારે ઈ. પૂ. ૧૦,૦૦૦ વર્ષ સુધીના ગાળામાં સમુદ્રની સપાટી ૪૫૦ ફુટ નીચે હતી અને આજની બેરિંગની સામુદ્રધુની સંયોગીભૂમિના સ્વરૂપમાં ખુલ્લી રહેતી હતી. એવા ચાર સમયગાળામાં પૂર્વ એશિયામાંથી પશુપાલક ભટકતા લોકો નાનાનાના સમૂહોમાં પ્રશાંતના પૂર્વ કાંઠાના પ્રદેશો, જેમાંનાં કેટલાક પ્રદેશો પણ ખુલ્લા હતા, એ માર્ગે સાઈબેરિયાના પ્રદેશમાં બેરિંગની એ સમયની સંયોગીભૂમિ ઉપર થઈને આલાસ્કામાં પ્રવેશી અમેરિકામાં આવી. અમેરિકાના પશ્ચિમના સમુદ્રતટ વિસ્તારનો ઠીક ઠીક ભાગ ત્યારે પ્રશાંત મહાસાગરની જળસંપાટીથી ઉપર હતો. હિમયુગની આખરમાં સમુદ્રની સપાટી ઉપર આવવા લાગી અને આજે ૪૫૦ ફુટ જેટલે ઊંચે પહોંચી છે. બેરિંગની સંયોગીભૂમિ આજે તો સરેરાશ લગભગ ૧૫૦ ફુટ ઊંડે પાણીની નીચે હોઈ હવે તે સામુદ્રધુની બની ગઈ છે.

આજ એલ્યુનિયન દ્વીપમાળા સાઈબીરિયા અને આલાસ્કાના એ સાંકડા લાંબા દ્વીપકલ્પની વચ્ચે છે તે એ કાળે ગિરિમાલાના રૂપમાં હતી, અને એ માર્ગે પણ અવરજવર થઈ શકી હશે. આશ્ચર્યની વાત છે કે આલાસ્કામાં માનવોના જે અશ્મીભૂત અવશેષો મળ્યા છે તે વીસ હજાર વર્ષ પૂર્વના છે, જ્યારે કેલિફોર્નિયાની પૂર્વ સીમા ઉપર હેલિકો પહાડ આસપાસથી મળેલા અવશેષો ૭૨૦૦૦ વર્ષ ઉપરના છે. આના પરથી જાણી શકાય છે કે જે ભૂભાગ, આજે પાણીની નીચે છે તે ખુલ્લા સમુદ્રની નજીકનો ભૂભાગ ત્યારે ખુલ્લો હોઈ તેના ઉપરથી લોકો ગયા હશે. એશિયાના પૂર્વકિનારાના ભૂભાગની પણ ત્યારે આવી જ સ્થિતિ હતી.



મધ્ય અમેરિકાની પ્રાચીન માયા સંસ્કૃતિના વિસ્તારનું ભૌગોલિક સ્થાન દર્શાવતો નકશો. વચ્ચે દર્શાવેલા ઊભા લંબચોરસમાં સમાઈ જતા પ્રદેશમાં એ સંસ્કૃતિ ફેલાએલી હતી.

મળી આવેલા અશ્મીભૂત અવશેષોના આધારે અમેરિકાના જુદા જુદા પ્રદેશોમાં એ લોકો આગળ વધતા વધતા કયા કયા સમયે પહોંચ્યા હશે તે હવે જાણી શકાય છે. આમ, કેલિફોર્નિયા-હેલિકો પહાડોમાં ૭૨ થી લઈ ૪૦ હજાર વર્ષોના ગાળામાં, તો વાલ્દિયા (ઇક્વાડોર)માં ૫૦૦૦ વર્ષ સુધીમાં, મધ્ય મેક્સિકોમાં ૪૦ થી ૧૨ હજાર વર્ષ વચ્ચે આ લોકો પ્રસર્યા હોવાનો અંદાજ માંડી શકાય છે. આમ, 'માયા' સંજ્ઞાથી જાણીતા લોકોનો મેક્સિકોમાં આવવાનો ઉત્તર સમય ઈ. પૂર્વે ૧૦ હજાર વર્ષ, એટલે કે આજથી ૧૨ હજાર વર્ષ પૂર્વેનો છે. 'એન્શિયન્ટ માયા સિવિલિઝેશન' (૧૯૮૨ પૃ. ૧૧૨)માં નૉર્મન હેમન્ડ જણાવે છે કે ગ્વાટેમાલાના ઉચ્ચ પ્રદેશમાં લોસ તાપિયાલેસમાં ૧૧૦૦૦ વર્ષો ઉપર માનવ-વસવાટ હતો. લોસ તાપિયાલેસના ઉત્તરે આવેલી કિવચે નદીના વિસ્તારમાં એક સોથી વધુ સ્થાનોમાં ઉત્ખનન થયાં છે તેમાં ઈ. પૂર્વે ૮૦૦૦ થી ૧૦૦૦ વર્ષો વચ્ચેના ગાળાની માનવવસાહતોની જાણ થઈ છે. ઈ. પૂર્વે ૫૦૦૦ વર્ષ પછી મેસ્કોસો-અમેરિકામાં માનવજીવન સ્થિર થયું હોવાનો ખ્યાલ છે. મધ્ય મેક્સિકોમાં ચિચાયાના પ્રદેશમાં પ્રશાંત મહાસાગરના તટપ્રદેશમાં ચોથી સહસ્રાબ્દીમાં માનવ વ્યાપક થઈ ચૂક્યો હતો. (એજન, પૃ. ૧૧૮)

'એન ઓવર્વ્યૂ ઓફ ધ માયન વર્લ્ડ' (૧૯૮૫, પૃ. ૭૫)માં પ્રો. ગ્લાબ્બેર્તો ગ્રાપાતા જણાવે છે કે ઈ. પૂ. ૨૫૦૦ આસપાસ મેક્સિકોના પ્રદેશમાં ખેતી થતી હતી, એ આધારે ત્યાં ક્રમશઃ પાંચ યુગ થયા હતા :

પ્રથમ યુગ : પ્રાગ્માયા ઈ. સ. પૂ. ૮,૦૦૦ થી ૨,૫૦૦

દ્વિતીય યુગ : ઈ. પૂ. ૨,૫૦૦ થી ઈ. સ. ૨૦૦

તૃતીય યુગ : 'શિષ્ટ'. ત્રણ વિભાગોમાં : (૧) આદ્ય શિષ્ટ, ઈ. સ. ૨૦૦ થી ૬૨૫, (૨) સમૃદ્ધ શિષ્ટ, ઈ. સ. ૬૨૫ થી ૮૦૦ અને (૩) અવનત શિષ્ટ, ઈ. સ. ૮૦૦ થી ૯૨૫

ચતુર્થ યુગ : તોલ્તેક-પ્રભાવી, ઈ. સ. ૯૨૫ થી ૧,૨૦૦ અને

પંચમ યુગ : પડતીનો, ઈ. સ. ૧,૨૦૦ થી ૧,૫૪૦

પ્રથમ યુગ : પ્રાગ્માયા

'માયા'ઓનાં જ્યોતિષ-ગણિત અને ચિત્રલિપિની હસ્તપ્રતોમાંના નિર્દેશ પ્રમાણે સૌથી જૂનો સમય આશરે ઇ. પૂ. ૩૧૨૪, ઓગસ્ટ આવે છે. (નો. હેમન્ડ, પૃ. ૧૧૮). આ સમય પહેલાં એ લોકો કોણ હતા? ઉપર બતાવ્યું છે કે મધ્ય-મેક્સિકોમાં એશિયાવાસી લોકો ૪૦,૦૦૦ થી ૧૨,૦૦૦ વર્ષોના ગાળામાં આ તરફ આવેલા, એમનામાંથી દક્ષિણ અમેરિકામાં ૨૭,૦૦૦ થી ૯,૦૦૦ વર્ષોના ગાળમાં, પેરુમાં ૨૨,૦૦૦ થી ૮,૦૦૦ વર્ષોના ગાળામાં અને બ્રાઝિલમાં ૭,૦૦૦ વર્ષો સુધીમાં. એક વાત નક્કી થઈ ચૂકી છે કે પૂર્વ એશિયામાંથી આવેલા એ લોકો 'મોન્ગોલોઈડ' (પીતાંગ) હતા. છેલ્લાં પાંચસો વર્ષોમાં ખ્રિસ્તી થયેલા કેટલાક સમૂહ ચર્ચોમાં ક્રાઈસ્ટ અને મેરીની મૂર્તિઓ સાથે સૂર્યની મૂર્તિ રાખે છે. હકીકતમાં અમેરિકામાં આવેલા સમગ્ર લોકો સૂર્યોપાસક હતા. આગળ ઉપર બતાવવામાં આવશે કે એમના પ્રાચીન અને મધ્યકાલીન વિશાળ સ્થાપત્યોમાં (કહેવામાં આવતાં 'પિરામિડો'માં) ઉપરના ભાગમાં સૂર્યનું મંદિર રહેતું અને એમના ગુરુને સૂર્યનો અવતાર માનવામાં આવતો હતો. બેઉ અમેરિકામાં એ લોકો હકીકતે એશિયામાંથી સૂર્યપૂજા સાથે લઈ ગયા હતા. આ સૂર્યપૂજક પીતાંગોથી મેક્સિકોના પૂર્વ વિસ્તારમાં રહી પડેલા તેઓ 'માયા' સંજ્ઞાથી (ભારતીય પ્રાચીનતમ ભાષાના 'મય' સંજ્ઞાવાળા) વ્યાપક થઈ ગયેલા.

અહીં સૂચિત કરવું ઠીક થઈ પડશે કે ભારતીય પ્રજામાં 'ચંદ્રવંશ' 'સૂર્યવંશ' અને 'દનુવંશ' આ ત્રણ પ્રજાઓનું અસ્તિત્વ પ્રાચીનતમ સમયથી ચાલ્યું આવે છે. 'ચંદ્રવંશ' એટલે 'ગૌરાંગ', કેમ કે આ વંશને એ સંજ્ઞા આપનારો 'ચંદ્ર' માનવામાં આવ્યો છે. આજની પરિભાષામાં એ લોકો કોકેસોઈડ છે, જેમને 'દેવ' કહી શકાતા હશે. યુરોપીયન વિદ્વાનોના મતનું નિરસન કરી બંગાળની હાઈ કોર્ટના અંગ્રેજી શાસન-સમયના ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ સ્વ. એફ. ઇ. પાર્જિટરે પોતાના 'એન્શિયન્ટ ઈન્ડિયન હિસ્ટોરિકલ ટ્રેડિશન' (૧૯૨૨, પૃ. ૨૯૮)માં સ્પષ્ટ રીતે કહ્યું છે કે આર્યોનું મૂળ નિવાસસ્થાન (ઉદ્‌ભવસ્થાન) હિમાલયનો મધ્યપ્રદેશ (મારા મત પ્રમાણે વસ્તુતઃ કાશ્મીર) હતો, અને અહીંથી 'દ્રુહ્યુ' લોકો સમગ્ર પશ્ચિમના દેશોમાં આગળ વધતા રહેલા, પશ્ચિમ એશિયા અને યૂરોપની સમગ્ર ગૌરાંગ પ્રજા દ્રુહ્યુવંશીય છે. હું એ લોકોને 'દેવ' સંજ્ઞા દેવી યોગ્ય સમજું છું.

પૌરાણિક માન્યતા પ્રમાણે 'વિવસ્વાન'-સૂર્યનો પુત્ર મનુ અને મનુનો પુત્ર ઈતિહાસ-પુરુષ 'ઇક્ષ્વાકુ'. આ વંશ 'સૂર્યવંશ' અને મનુનો વંશ 'માનવ વંશ'. તાત્ત્વિક દૃષ્ટિએ અહીં મોન્ગોલોઈડ -પીતાંગ પ્રજા -આજની બધી મોન્ગોલ પ્રજા અને અમેરિકાની, (રેડ) ઇન્ડિયન પ્રજા પણ. એ લોકોને 'ઇન્ડિયન' એ માટે કહેવામાં આવેલા કે ક્રિસ્ટોફર કોલમ્બસ અમેરિકા પહોંચ્યો ત્યારે તેણે માની લીધું હતું કે તે ઈન્ડિયા (હિંદ) પહોંચી ગયો છે. એ કારણે એણે આ પ્રાચીન વસાહતીઓને 'ઇન્ડિયન' સંજ્ઞા આપી દીધી અને એ જ સર્વસ્વીકૃત થઈ ગઈ. કોલમ્બસે જે લોકોને જોયા હતા તેઓ પોતાના શરીરને લાલ રંગથી ભૂષિત કરનારા હતા. એટલે તેઓ 'રેડ' (લાલ) ઈન્ડિયનો કહેવાયા, પણ હકીકતે તો તેઓ પીતાંગ પ્રકારના જ લોકો હતા અને છે.

ત્રીજો મેં 'દનુવંશ' કહ્યો છે. આ પ્રજા શ્યામાંગ 'ઓસ્ત્રાલોઈડ' અને હકીકતે દક્ષિણ દિશાના પ્રશાંત અને હિંદી મહાસાગરોના દ્વીપોમાં વિકસેલી. પૌરાણિક ગાથા પ્રમાણે અગસ્ત્ય ઋષિએ સમુદ્રપાન કર્યું અને આમ ખૂલી ગયેલી જમીન ઉપર થઈ દક્ષિણ (ભારત)માં ગયા; અર્થાત્ ગૌરાંગ પ્રજાનો પ્રસાર પણ દક્ષિણ ભારતમાં થયો. કોઈ ભૌગોલિક કારણથી સમુદ્ર સુકાઈ ગયેલો અને ઉપરના લોકો નીચે દક્ષિણમાં જતા થયા અને નીચના શ્યામાંગ લોકો ('દાનવ') ઉપર આવતા થયા. એ બધા આવેલા લોકો ભારતીય ભૂભાગમાં અન્યાન્ય પ્રદેશોમાં જઈ વસ્યા. વૈદિક કાલમાં જ ગૌરાંગ 'દેવ', પીતાંગ 'માનવ' અને શ્યામાંગ 'દાનવ'નું સંમિશ્રણ થઈ ચૂક્યું હતું. એ રીતે ત્રણેને માટે 'માનવ' સંજ્ઞા રૂઢ બની ગઈ, એટલું જ નહિ 'આફ્રિકાની કેપોઈડ' અને 'હોન્ગોઈડ' પ્રજાને માટે પણ સમાન રૂપમાં 'માનવ' સંજ્ઞા રૂઢ બની ગઈ.

'સ્વર્ગ'નો વાચક એક 'ત્રિવિષ્ટપ' શબ્દ સંસ્કૃત ભાષામાં છે. 'તિબેત' એનું જ વિકસિત રૂપ છે. હિમાલયની ઉત્તરનો એ ભાગ કાશ્મીર અને તિબેતના વિસ્તારમાં 'દેવ' વસતા હતા. પુરાણોમાં તેઓ સ્વર્ગમાં વસનારા ગણાયા. આ ગૌરાંગ દેવોને માટે પૌરાણિક આખ્યાયિકોમાં 'દેવ' સંજ્ઞા રાખવામાં આવી, પરંતુ ભારતીય ભૂભાગમાં સૂર્યવંશીય 'માનવો'ની સાથે મિશ્રિત થવાને કારણે એ પણ 'માનવ' કહેવાતા થયા, અને ઉપર બતાવેલા પૃથ્વી ઉપરના બધા દ્વિપાદ લોકો 'માનવ' સંજ્ઞાથી સંબોધાવા લાગ્યા. જે અમેરિકામાં જઈ વસ્યા તેઓ પીતાંગ સૂર્યવંશીય 'માનવ' જ હતા. 'માયા' સંજ્ઞાથી જાણીતા પૂર્વ મેકસિકોના લોક એમનામાંના જ છે.



માયા-પ્રદેશમાંથી મળી આવેલા એક ભગ્નાવશેષ શિલ્પમાં કોરાએલી માનવઆકૃતિના આ ચહેરામાં અહીંની એ આદિવાસી અમેરિકન રેડઈન્ડિયન પ્રજાની લાક્ષણિક મુખરેખાઓ જોઈ શકાય

દ્વિતીય યુગ : માયા સમકાલ

મેકસિકોના પ્રદેશમાં, ઉપર બતાવ્યું તે પ્રમાણે લોસ તાપિયાલેસમાં માનવ ૧૧,૦૦૦ વર્ષો ઉપર જાણવામાં આવ્યો છે. તાપિયાલેસના ઉત્તર પ્રદેશમાં આવેલી ક્વિચે નદીના વિસ્તારમાં ઇ. પૂ. ૮,૦૦૦ (એટલે કે આજથી ૧૦,૦૦૦) વર્ષો ઉપર માનવની હસ્તી જાણવામાં આવી છે. બેલાઈઝના સમુદ્રકાઠાંના પ્રદેશમાં ઇ. પૂ. ૯,૦૦૦ વર્ષ પહેલાંની સંભાવના છે. હકીકતે મેસો-અમેરિકામાં ઇ.પૂ. ૫,૦૦૦ વર્ષો પછી માનવોનું સ્થિર જીવન જાણવામાં

આવ્યું છે. તેમનામાં મકાઈ, વટાણા અને બીજી ધરાળુ વનસ્પતિની ખેતી વ્યાપક બની હતી. ચિયાપોનાં મેદાનોમાં અને વેરાકુઝમાં ઈ.પૂ. ૨,૦૦૦ આસપાસનાં કુંભારી કામોના અવશેષ પણ મળ્યા છે. ઈ.પૂ. ૨,૫૦૦ આસપાસની કેટલીય વસાહતો જાણવામાં આવી છે, જેવી કે ઉત્તર બેલાઈઝમાં એ સમયનાં કેટલાંય વ્યવસ્થિત બાંધેલાં મકાનોના અવશેષ મળ્યા છે. આ મકાનોની આસપાસ દાટેલા લોકોનાં અસ્થિ પણ મળ્યાં છે.

નોર્મન હેમન્ડના કહેવા પ્રમાણે ઈ.પૂ.૧,૩૦૦ થી ૪૫૦ સુધીમાં તેહુઆન્તેપેકના પશ્ચિમ તરફના પ્રદેશમાં 'ઓલ્મેક' સંસ્કૃતિની પરંપરાનું પ્રભુત્વ જાણવામાં આવ્યું છે.'ઓલ્મેક' લોકોનો પ્રસાર ચિઆપાસમાં રિયો જાતેતા નદીના તટ ઉપરના ઝોહમાં જાણવામાં આવ્યો છે. 'ઓલ્મેક' લોકો કલાપ્રિય હતા.

વિક્ટર ડબ્લ્યુ. વોન હેગને ('વર્લ્ડ ઑફ ધ માયા', પૃ. ૨૬) બતાવ્યું છે કે ઈ.પૂ.૨,૦૦૦ની આસપાસ 'માયા' લોકો આ પ્રદેશમાં આવી ગયા હતા અને આશરે ૩,૭૦૦ વર્ષો સુધી આ પ્રદેશમાં કોઈ પ્રકારે સત્તાધીશ રહ્યા હતા. તેઓ કોણ હતા? એટલો જ જવાબ છે કે પૂર્વ એશિયામાંથી આવેલા લોકોના વિભિન્ન કુળોમાંથી વધતા જતા કા એક કુળના હતા. એ લોકોની હસ્તપ્રતોમાંના નિર્દેશ પ્રમાણે ઈ.પૂ.૩૧૧૪ સુધી જ્યોતિષને લગતો સમય પ્રાપ્ત થાય છે. એ લોકો એ સમયના, મેક્સિકોના પૂર્વીય પ્રદેશ યુકાતનમાં હતા અથવા ઉપરના કોઈ પ્રદેશમાં હતા એનો નિશ્ચય કરવો મુશ્કેલ છે. ઈ.સ.પૂ. ૨૦૦૦, તો નિશ્ચિત સમય છે.

હકીકતે 'માયા'ઓનું અસ્તિત્વ મેક્સિકોમાં તો ઈ.સ.પૂ. ૨,૫૦૦થી લઈ ઈ.પૂ. ૨,૦૦ સુધીના ૨,૭૦૦ વર્ષોના ગાળામાં નિશ્ચિત છે. મેક્સિકોના કયા કયા પેટા પ્રદેશોમાં તેઓ વસ્યા હતા એ પણ નક્કી થયું છે. જેવા કે પશ્ચિમમાં તેહુઆન્તેપેકની સંયોગીભૂમિ, ઉત્તરમાં મેક્સિકોનો અખાત અને કેરિબિયન સમુદ્ર. દક્ષિણે પ્રશાંત મહાસાગર અને પૂર્વમાં ઉતુઆ અને લેમ્પાનો જલસમૃદ્ધ વિભાગ, જે હોન્દુરાસના ઉચ્ચ પ્રદેશથી ઉત્તર અને દક્ષિણને પૂરતા પ્રમાણમાં પાણી પૂરું પાડે છે. આ વિસ્તાર ૧૪° અને ૨૨° ઉત્તરમાં (જેનો સમાવેશ વિષુવવૃત્તના ઉત્તર અને દક્ષિણ ૨૩°-૨૮'ના વચગાળામાં આવી જાય છે.) તથા ૮૭° અને ૯૩°પશ્ચિમમાં ૯૦૦ કિ.મી. (૫૫૦ માઈલ), ઉત્તરથી દક્ષિણમાં અને પૂર્વથી પશ્ચિમમાં ૫૫૦ કિ.મી. (૩૫૦ માઈલ) તથા કમ્પાએ યુકાતન અને ક્વિન્તાના (જે ત્રણે મળીને એક જ દ્વીપકલ્પ બનાવે છે) આ ત્રણ પ્રદેશ, આ વિસ્તારના મધ્યભાગ આજ નામે 'ગ્વાનેમાલા' નામે ઓળખાય છે., જેની પૂર્વમાં બેલાઈઝ (અગાઉનું બ્રિટિશ હોન્ડુરાસ), અગ્નિકોણીય વિસ્તાર હોન્ડુરાસ અને એલ-સાલ્વાડોર આવી જાય છે.

આ પ્રદેશોની સંજ્ઞાઓ આમ તો માયાભાષાની છે. પરંતુ 'યુકાતન' સંજ્ઞા સ્પૅનિશ લોકોએ આપેલી છે, જેનું મૂળ રમૂજ ઉપજાવે તેવું છે. વિક્ટર વુલ્ફગાન્ગ વૉન હેગન ('ધી એન્શિયન્ટ સનકિન્ગડમ્સ ઓફ અમેરિકાઝ', પૃ. ૧૨૪) જણાવે છે કે જ્યારે કોલમ્બસની પછી સ્પૅનિશ લોકો આ પ્રદેશમાં આવ્યા અને માયાલોકોને પૂછ્યું કે 'તમે લોકો કોણ છો?' ત્યારે જવાબ મળ્યો કે 'કિ-ઉ-થન્' (એટલે કે તમારી ભાષા અમે સમજતા નથી). સ્પૅનિશ લોકોએ એને દેશવાચક નામ સમજી લીધું અને આગળ જતાં 'યુકાતન' સંજ્ઞાથી આ શબ્દસમૂહ વ્યવહારમાં આવી ગયો. બાદમાં જાણવામાં આવ્યું કે આ સાચી સંજ્ઞા નથી, પરંતુ 'માયા'ઓએ પણ આ શબ્દને દેશવાચક તરીકે અપનાવી લીધો. બેશક, એમની ભાષામાં તો આ દેશની સંજ્ઞા 'એક પ્રકારનાં મરઘાં અને હરિણોનો પ્રદેશ' અર્થ આપનારા શબ્દનાં રૂપમાં હતી. તાત્પર્ય એ કે દૂધ અને મધ દેનારો આ પ્રદેશ છે.

સમગ્ર યુકાતન પ્રદેશનો આકાર અંગૂઠા જેવો લાગે છે, જે મેક્સિકોનો પૂર્વ ભૂભાગ છે. જ્યાં 'માયા'ઓની સંસ્કૃતિ અને સભ્યતાનો ત્રણચાર સહસ્રાબ્દીઓના ગાળામાં પ્રસાર-પ્રચાર થતો રહ્યો હતો. ઉચ્ચ કલાઓ અને ઉચ્ચ કોટિનાં શિલ્પ-સ્થાપત્યોના અવશેષોમાં આ વાતની સાક્ષી પૂરે છે. એ સંસ્કૃતિ પૂર્વ ગોલાર્ધની ઉચ્ચ સંસ્કૃતિ અને સભ્યતાની હરીફાઈ કરતી.

તૃતીય યુગ : શિષ્ટ માયા

ઈ.સ. ૨૦૦ થી ૯૨૫ સુધીનો સમય 'માયા' ઇન્ડિયનોની સંસ્કૃતિ-સભ્યાતના ઉદય-કાલ સમૃદ્ધિકાલ અને અવનતિ-કાલનો ગણવામાં આવ્યો છે. આ એ લોકોનો શિષ્ટ (classic) કાળ કહેવાય છે અને એ આગાઉ બતાવ્યા પ્રમાણે ત્રણ પેટાવિભાગોમાં વિભક્ત છે:

(૧) આદ્ય શિષ્ટ : ઈ.સ. ૨૦૦ થી ૬૨૫, (૨) સમૃદ્ધ શિષ્ટ : ઈ.સ. ૬૨૫ થી ૮૦૦ અને (૩) અવનત શિષ્ટ : ઈ.સ. ૮૦૦ થી ૯૨૫

દ્વિતીય યુગમાં 'માયા'ઓની સંસ્કૃતિ-સભ્યતાનો વિકાસ થવા લાગ્યો હતો. આરંભમાં તો તેઓ પરાળ (straw) અને તાડવૃક્ષોનાં પાંદડાંથી ઢાંકેલી ઝૂંપડીઓ બનાવીને રહેતા હતા. ખેતીનો પણ આરંભ થતો જતો હતો. તૃતીય યુગના આરંભ સાથે તેઓ ઠીકઠીક આગળ વધતા જતા હતા. પથ્થરોનાં હથિયારો અને ધાતુવિદ્યામાં પણ એમની કૂચ ચાલુ હતી. માટીનાં વાસણ, વૃક્ષની છાલ ઉપરાંત રૂનાં વસ્ત્ર પણ બનાવ્યે જતા હતા. લેખન-પદ્ધતિ, ખાસ કરીને ચિત્રલિપિ, અને પથ્થરો ઉપર પોતાના ઇતિહાસનું અંકન, મૂર્તિઓનું ઉટ્ટંકન અને એની ઉપર ચિત્રલિપિથી સમયાંકન, અંકમૂલ્યવિદ્યા (numerology) તથા જ્યોતિષ-પંચાંગ (calendar)માં આગળ અને આગળ વધતા જતા હતા. એમણે ખડકોની-પથ્થરોની સપાટીને સળગાવીને એમાંથી ચૂનો (lime) બનાવવાનો પણ આરંભ કર્યો હતો અને સફેદ માટી સાથે એનું મિશ્રણ કરી મકાનો બનાવવામાં ઠીક પ્રગતિ કરી હતી.

આ તૃતીય યુગના 'આદ્ય શિષ્ટ' સમયનાં વર્ષોમાં સંસ્કૃતિ-સભ્યતા પોતાની વિશિષ્ટતા સ્થાપિત કરીને બીજા 'સમૃદ્ધ શિષ્ટ' સમયમાં આવી પહોંચી હતી. ઈ. સ. ૬૨૫ થી ૮૦૦ સુધીમાં માયા-રાજ્યની પણ ઉચ્ચ કોટિ સુધી એ લોકો જઈ પહોંચ્યા હતા.

ત્રીજો પેટાયુગ ઈ. સ. ૮૦૦ થી ૯૨૫ સુધીનો છે, જે એનો અવનત શિષ્ટ કાળ છે. આશરે ઈ. સ. ૮૦૦ થી જ માયા-સંસ્કૃતિની પડતીની શરૂઆત થઈ ચૂકી હતી, 'માયા'ઓની પ્રવૃત્તિઓ ઈ. સ. ૯૨૫ના અરસામાં તો તદ્દન અસ્ત પામી ગઈ હતી. કોપન નામક સ્થળના સ્થાપત્યાવશેષોમાં છેલ્લું વર્ષ ઈ. સ. ૮૦૦નું, એદ્જાના અને પિએદ્રાસમાં ૮૧૦નું, ઓજિકન્તકમાં ૮૪૯નું તિકલમાં ૮૬૯નું તથા ચિચેન-ઈત્ઝામાં ૮૮૯નું વર્ષ મલે છે. ગ્વાનૂમાલામાં કરવામાં આવેલા ઉત્ખનનથી જાણવામાં આવ્યું છે કે, 'નાહુઆ' જાતિના 'પિપલ' ઇન્ડિયનોએ 'માયા'ઓ ઉપર આક્રમણ કર્યું હતું. માયા-સંસ્કૃતિની પડતીમાં એ સમય મહત્ત્વનો બન્યો. બીજાં કારણોમાં લાંબા દુકાળ અને અનાજની નીપજનો અભાવ, રોગોનો ઉપદ્રવ, ધરતીકંપો, શાસક વર્ગની સામે શ્રમિકોનો સર્વસામાન્ય સંઘર્ષ, ઉપરાંત સૈન્યનો સામાન્ય જનતા સાથેના સંઘર્ષને પણ એમની પડતીનાં કારણોમાં ગણાવી શકાય.

શ્રમિકો ઉપર કાબૂ રાખવા પુરોહિતો તથા શાસકવર્ગે મળીને ધાર્મિક માન્યતા અને જુલ્મોને સાથે ભેળવી દીધાં હોય એવું પણ હોઈ શકે. ગ્રહણો, પવનોનાં તોફાન, લાંબા દુકાળ, અતિવૃષ્ટિ વગેરે જેવી કુદરતી આપત્તિને કારણે ખેતી અટકી પડતી હોય ત્યારે ભવિષ્ય જાણવાનો દાવો કરીને જ્યોતિષના જ્ઞાની પુરોહિતો આમજનતા ઉપર પોતાનો પ્રભાવ જમાવતા રહેતા. આવા દાવા સંઘર્ષના મૂળમાં ખડા થયા અને પ્રજાની પડતી દશાનાં કારણ બની ગયા. (ક્રમશઃ)

પ્રીતિ સેનગુપ્તાની પ્રવાસગાથા

ભૂમધ્યને બે કાંઠે : ૧

અનેક યુગ પહેલાંનો આદિ પુરુષ સૌપ્રથમ દરિયાકિનારે ગયો હશે ત્યારે એને ચોક્કસ એમ લાગ્યું હશે કે ત્યાં જ દુનિયાનો અંત છે. એ માન્યતા અને વહાણે ચડીને એના નીકળી પડવાની વચ્ચે કેટલો સમય ગયો હશે ?

પહેલી વાર તો દરિયા-માર્ગે એ આશરે જ નીકળી પડ્યો હશે. કદાચ પંખીઓને ઊડતાં જોઈને એને લાગ્યું હશે કે એ દિશામાં સ્થળ હશે, અથવા દરિયાના ઉદ્દામ સ્વરૂપને નાથવા એનું વીર્ય ચંચળ બન્યું હશે.

એ પછી એ જ સ્થળે જવાના બીજા રસ્તા, કે બીજા સ્થળે જવાના નવા રસ્તા એ શોધતો રહ્યો હોવાનું જ્ઞાન ઈતિહાસના અભ્યાસીઓએ આપણને આપ્યું છે. જ્યારે કોઈ સ્થાનનો ઈતિહાસ મહાન ગૌરવની સાક્ષી પૂરતો હોય ત્યારે એને ઘડનારાં કેટલાંક પરિબળોનો ઉલ્લેખ કરવાની લાલચ થાય. કોઈ પણ સ્થાનની વાત શરૂ ક્યાંથી કરું તો એ સ્થાનના અમુક પ્રકાર હોવાનાં કાર્યકરણ સિદ્ધ થાય? - એ પ્રશ્ન મને થયા કરતો હોય છે.



ત્રણ બાજુએથી જળબદ્ધ એવા એક પ્રદેશ પર, લગભગ ત્રણ હજાર વર્ષ પહેલાં, દરિયાઈ માર્ગે ચડી આવીને એક જનસમુદાયે રાજ્ય સ્થાપ્યું. આ પહેલાં પણ બીજાં નાના-મોટા સંઘ ત્યાં આવી ચડ્યા હશે, પણ એ પ્રદેશની આદિમ જાતિને જીતી લઈને પોતાનું આધિપત્ય સ્થાપિત કર્યું આ યુદ્ધપટુ, બુદ્ધિમંત જનસમૂહે.

આ લોકો ખરેખર કોણ હતા, ક્યાંથી આવ્યા એ વિષે નિઃસંશય જાણકારી ઈતિહાસવિદો પાસે પણ નથી. પણ 'એશિયા માઈનર' એટલે કે ટર્કી બાજુથી આવ્યા હોવાનું મનાય છે, અને એ એત્રુશિઅન (Etrusian) લોકો તરીકે ઓળખાય છે. ઈ.પૂ. ૧૦૦૦ થી ઈ.પૂ. ૬૦૦ સુધી એમના અમલ નીચે રહેલો પ્રદેશ તે ઈટાલી (Italy). એમણે રોમ નગરને પોતે જીતેલા આખા પ્રદેશનું પાટનગર બનાવ્યું.

આ જ અરસામાં, આ પ્રદેશની દક્ષિણે આવેલા મહાદ્વીપ પર બીજી એક પ્રજાએ ચડાઈ કરેલી. આ દ્વીપ તે સિસિલી (Sicily), અને આ પ્રજા તે ફિનિશિયન (Phoenician). એ લોકો સિરિયા અને પેલેસ્ટાઈન કહેવાતા પ્રદેશમાંથી આવ્યાનું મનાય છે. સિસિલી ટાપુના પશ્ચિમ કિનારે એમણે વેપાર-વણજનાં કેન્દ્ર સ્થાપ્યાં.

ફિનિશિયન પ્રજા વેપાર તેમજ વહાણવટામાં ખૂબ કુશળ હતી. એમના જ લોકો કેટલાંક વર્ષો પછી, સિસિલીની નજીકના, પણ દરિયાપારના બીજા એક ભૂભાગ પર જઈ પહોંચ્યા, ને ત્યાં પણ વાણિજ્યની સુવિધા માટે એક શહેરની રચના કરી. આ ભૂભાગ તો વળી બીજા જ એક બૃહત્ ખંડનો અંશ હતો, તેની તો આ વીર ફિનિશિયનોને જાણ પણ નહીં હોય. આ ખંડ તે આફ્રિકા, આ ભૂભાગ તે ટ્યુનિશિઆ (Tunisia), અને જે શહેરનો પાયો બે હજાર વર્ષ પહેલાં નંખાયો તેનું નામ કાર્થાજ કે કાર્થેજ (Carthage).

એક જ સાગરથી સંકળાયેલા આ ત્રણ જુદા જુદા ભૂમિપ્રદેશો: ઈટાલી, સિસિલી અને ટ્યુનિશિઆ. આ જળરાશિનું નામ ભૂમધ્ય સમુદ્ર. એનો વારિવિસ્તાર ચારે બાજુથી ભૂમિબદ્ધ છે. મધ્યપૂર્વ. યૂરોપ અને આફ્રિકાના વિવિધ દેશોના કાંઠા-કિનારાને એ સુંદરતા બક્ષે છે, ને જનપ્રિય બનાવ છે.

અઢી-ત્રણ હજાર વર્ષ પહેલાં સાગરતટનું આવું ઘેલું હશે પ્રજાઓને? અત્યારે તો ભૂમધ્ય સમુદ્રના દરેક દેશમાંના કેટલાયે કાંઠા જગવિખ્યાત છે, ને ત્યાં વસેલાં શહેરો જળપ્રેમી-સૂર્યપ્રેમી સહેલાણીઓથી ઊભરાયેલાં રહે છે.

ઈતિહાસનો વ્યાપ અસાધરણ છે, અને એનાં પરિબળોની દિશાઓ યાદ રાખવી કઠિન છે. મારે ત્રણ પ્રદેશો - ઈટાલી, સિસિલી અને ટ્યુનિશિઆ - વિષે કશીક ભૌગોલિક તપાસ કરવી હતી, તેથી મેં મારી પાસેનો વિશ્વના ઈતિહાસનો જાડો એટલાસ પુસ્તકોની એક થપ્પીની નીચેથી ખેંચી કાઢ્યો. એમાં વિશ્વની શરુઆતનાં વર્ષોના બનાવોની એક સૂચિ છે. પહેલાં તો હું એ જ જોવામાં પડી ગઈ. દુનિયાના વિભિન્ન વિભાગોમાં સમાંતરે શુંનું શું બનતું ગયું છે! વિશ્વનો વર્તમાન આકાર આ બધા બનાવોને કારણે છે.

એ એટલાસમાં ઈટાલી પર ચડી આવેલા એત્રુશિયન લોકો સામે પ્રશ્નાર્થ ચિહ્‌ન મૂકેલું છે, કારણકે એ લોકો કોણ હતા તે ખરેખર કોઈ જાણતું નથી. ઈતિહાસે સાચવેલું આ એક ગૂઢ રહસ્ય છે. તે સિવાય , રંગરંગીન રેખાઓ અને તીરની નિશાનીઓથી એત્રુશિયન, ફિનિશિયન, ગ્રીક, રોમન વગેરે રાજ્યોની વધતી-ઘટતી ગયેલી સીમાઓ જુદાં જુદાં અંકનોમાં બતાવાયેલી છે. આ મહાપ્રજાઓની ગૌરવકથાઓ નાનપણથી આપણે વાંચી હશે, ને છતાં એમાં રસ ખૂટતો નથી.

સુદૂરના અતીતમાં સાવ ખોવાઈ જાઉં તે પહેલાં ફરી યાદ આવ્યું કે શું જોવા આ સ્થૂળકાયી ગ્રંથ ખોલ્યો હતો ? પાનાં ફેરવતાં, જોઈતી હતી એ બાબતની ખાતરી મળી પણ આવી.

મારા મનમાં એમ થયા જ કરતું હતું કે કોઈ એક અતિપૂર્વના કાળ દરમ્યાન સિસિલી વચ્ચે ૮૦ માઈલનું જ દરિયાઈ અંતર છે. જાણે હાથ લંબવીને બે દેશોની ભૂશિરો એકમેકને ભેટવા વાંછી રહી છે. જાણે બંને વિખૂટી પડી ગઈ છે. તાજેતરનો નકશો જોઉં, ને આ જ ભાવ મનમાં થાય!

એટલાસમાં, હિમયુગની પણ પહેલાંના નકશામાં, આ બે ભૂશિરો એક હતી, જોડાયેલી હતી તે સ્પષ્ટપણે દર્શાવાયેલું છે. મારું અનુમાન સાચું હતું. સિસિલી ગઈ ત્યારે એના પશ્ચિમતમ શહેર ત્રાપાનિ (ઉચ્ચારમાં ભાર પહેલા અક્ષર પર)માં જઈને ટ્યુનિશિઆની દિશામાં મોઢું કરીને ઊભી રહેલી, અને ટ્યુનિશિઆ ગઈ ત્યારે એના પૂર્વ કિનારેથી સિસિલીનો કાંઠો જોવા પ્રયત્ન કરેલો ! બંને વચ્ચે નામનું જ અંતર છે. સિસિલી તો ઇટાલીનો જ ભાગ છે. પણ એનાં શહેરો ટ્યુનિશિઆ કરતાં રોમથી ઘણાં વધારે દૂર છે.

ઇટાલી અને ટ્યુનિશિઆ - વચમાં એક દરિયો. ભૂમધ્ય સમુદ્રને બે કાંઠે આવેલા આ બે દેશો. બંને એક જમાનામાં યુદ્ધથી સંકળાયેલા. પહેલાં ફિનિશિયનોએ પશ્ચિમ સિસિલીમાં રાજ્ય સ્થાપેલું, ને પછી ટ્યુનિશિઆને પૂર્વ કિનારે. ત્યાંની પ્રજા પછી કાર્થાજિયન તરીકે ઓળખાવા માંડી. એણે ઉત્તર આફ્રિકાના કિનારે કિનારે છેક મોરોક્કો સુધી રાજ્ય વિકસાવેલું.

ઇ.પૂ. ૮૦૦માં ગ્રીક વીરોએ પૂર્વ સિસિલી કબજે કર્યું. આ જ ગ્રીક યોદ્ધાઓની મદદથી રોમની પ્રજાએ બહારથી આવેલા એત્રુશિયનોને હંફાવ્યા, અને આસપાસની બીજી વસાહતોનાં સહાય અને શક્તિ મેળવ્યાં. ઇ.પૂ. ની પાંચમી સદીમાં, એ જ વખતે, બીજી બાજુ પશ્ચિમસિસિલીમાં ગ્રીક સૈન્યે કાર્થાજિયનોને હરાવ્યા. આમ, ધીરે ધીરે છેક સિસિલી દ્વીપ સુધી રોમનું રાજ્ય પહોંચ્યું. ઇ.પૂ. ૨૬૪ થી ૧૪૯ સુધીમાં, 'પ્યુનિક (Punic-ફિનિશિયન પરથી નિપજેલો વિશેષણાત્મક શબ્દ) યુદ્ધ' તરીકે ઓળખાતા, ઐતિહાસિક અગત્યવાળા ત્રણ સંગ્રામ ખેલાયા. એની ભૌગોલિક ઉપસ્થિતિને લીધે સિસિલી સૌથી મોટું રણક્ષેત્ર બન્યું ને ભયંકર તારાજી પામતું રહ્યું કાર્થાજ પણ રોમના હાથે સંપૂર્ણ નાશ પામ્યું.

આજે પણ આ બધાં યુદ્ધચિહ્નો આ સ્થળોએ જોવા મળે છે. હજારો વર્ષ પહેલાંનો ઇતિહાસ. ભૂમધ્ય સમુદ્રના બે તટ પરની બે સંસ્કૃતિઓ. શો સંબંધ એની સાથે આપણો? (ક્રમશઃ)

લઘુકથા

ખૂની

નગીન દવે

જબ સાંસ કી ડોરી તૂટેગી તો દોસ્ત તેરે યે બોલેંગે
જલ્દ લે જાઓ કિ ઇસ ઢેરમેં રકખા ક્યા હૈ...

જમિયલશા પીરનાં ઉર્સની આ મહેફિલ રંગ પકડતી જતી હતી. હિન્દુ ભર્જનિકના ઘૂંટાતા ગળાની કવ્વાલીના આ શબ્દોથી મુબારકદીનને જાણે કે વીજળીનો ઝટકો લાગ્યો. તેણે આજુબાજુ જોયું. ચારેબાજુની રોશનીનો ઝળહળાટ તેને દઝાડતો હતો, તે એક ક્ષણ થોભ્યો. કોઈક તેને ઓળખી જશે તો? તેનાં રૂંવેરૂંવે કંપારી વછૂટી. એક અંધારા ઓટલે એ બેઠો. ગીતસંગીતથી મંત્રમુગ્ધ બની શ્રોતાઓ ડોલતા હતા. ગાયક અને સાજિંદાઓ પર નોટો ફેંકાતી જતી હતી. મુબારકના હૈયામાં બેઠેલો તબલચી ઓટલા પર આંગળાંના ઇલમ અજમાવવા માંડ્યો ને તેના હાથે ગળફો ચોંટ્યો. એક ગાળ સાથે પેન્ટ પર ઘસીને લૂછી નાખ્યો.

તેની નજર ચારે બાજુ ચકળવકળ ફરતી હતી. ઠંડી પણ તેનો પ્રભાવ વધારવા માંડી હતી. તેણે એક બીડી કાઢીને લાઈટર ટકટકાવ્યું પણ એના તીખારા બીડી સળગાવવા અસમર્થ નીવડ્યા. એક ગાળ. સામે જ ટાયરનો ભડકો કરી એક ટોળું તાપતું હતું. તેણે બીડીને ભાંગીને ચૂંથી નાખી. અગ્નિ તરફ તેણે હાથ પસાર્યા ને તરત જ સંકોરી લીધા. આટલે છેટે ગરમી થોડી લાગે? તેણે તેની મુર્ખાઈ પર હસવા જેવું કર્યું અને અચાનક તેને એક આંચકો લાગ્યો. તેના પેન્ટ પર લોહીનો ડાઘ હતો. એક એક ડાઘમાંથી એક એક સલમા ઊભી થતી હતી. શું આવી જ રીતે લોહીના એક એક ટીપામાંથી રાક્ષસો ઉત્પન્ન થતા હશે? આ સલમાઓ ચિત્કાર કરતી હતી અને છૂરીના ઘા ભોંકાતા જતા હતા, લોહીની સેરો છૂટતી હતી. તેણે આંખો આડા હાથ દાબી દીધા. તીક્ષ્ણ હોર્ન સાથે પોલીસની જીપ આવી રહી હતી. તે ઊઠ્યો. રસ્તા વચ્ચે ઊભો રહી એ બરાડવા માંડ્યો, 'હું જ ખૂની છું. મને ફાંસીને માંચડે લટકાવી દો.'

'હટ સાલ્લા કુત્તા !' ઘર્રાટી સાથે જીપ પાણીના રેલાની જેમ છટકી ગઈ. તેની ઠોકરથી મુબારકદીન વીજળીના થાંભલા સાથે અફળાયો. તેનું લોહી પેન્ટ પર સલમાના લોહી સાથે ભળ્યું - તે ખડખડાટ હસ્યો, જાણે કે ભૂતાવળ હસી. □

'કુમાર'નાં ત્રણ નવાં પ્રકાશનો

'કુમાર'ની પ્રથમ વીસ વર્ષની ફાઈલોમાંથી પસંદ કરેલાં કાવ્યો, જીવનચરિત્રો અને વાર્તાઓના ત્રણ ગ્રંથો ૨૦મી ઓગસ્ટ ૧૯૯૧થી કાર્યાલયમાંથી બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધીમાં રૂબરૂ મળી શકશે. એ ગાળામાં જ ટપાલથી મંગાવનાર આગોતરા ગ્રાહકોને પણ તે રવાના કરાશે. પ્રકાશનમાં થયેલા વિલંબ બદલ ક્ષમા પ્રાર્થી છીએ. - તંત્રી

ટેલિવિઝનની શક્તિ અને શક્યતા

હસમુખ બારાડી

સમૂહ માધ્યમોમાં પ્રથમ માધ્યમ મુદ્રણનું - અખબારો, સામયિકો ને પુસ્તકો વગેરે દ્વારા પાંચસો વર્ષ પહેલાંથી જાણીતું. બીજું ફિલ્મનું -૧૮૯૮થી જાણીતું. ત્રીજું રેડિયાનું -આ સદીના બીજા દાયકાથી પ્રચલિત અને ચોથું ટેલિવિઝન - આ સદીના ચોથા દાયકાથી પ્રચલિત બન્યું. પ્રારંભમાં આ દરેક માધ્યમે પોતાની પુરોગામી મંચન અને લલિતકલાઓ તથા અન્ય માધ્યમોને આધારે કલા અને અભિવ્યક્તિના પ્રકારો સ્વીકાર્યા. સમય જતાં અને પ્રયોગો કરતાં જઈ બીજા નવાનવા પ્રકારો પણ વિકસાવ્યા. દા.ત. થીએટર પાસેથી ફિલ્મે નાટ્યાત્મક કથા-રજૂઆત લઈને એ માધ્યમની શક્યતા મુજબ કથાચિત્રની વિભાવના વિકસાવી; વર્તમાનપત્ર અને ફિલ્મ પાસેથી રેડિયોએ દસ્તાવેજી રૂપક-પ્રકાર વિકસાવ્યો અને એ જ રીતે ટેલિવિઝને રેડિયો પાસેથી અનેક કલા-પ્રકારો લીધા.

સૌથી છેલ્લા ટીવી માધ્યમને તો આજ સુધીની સઘળી મંચન અને લલિતકલાઓ, સમૂહ માધ્યમો, જંગી યંત્રસામગ્રી, પ્રત્યાયન (કૉમ્યુનિકેશન)ની ઝડપનાં સાધનો, વીજાણુ ઇજનેરી, કમ્પ્યૂટર, ઉપગ્રહ, ચીપ્સ, ડિજિટલ વગેરે પદ્ધતિઓનો જે લાભ મળ્યો છે એ દૃષ્ટિએ આ માધ્યમ તો ખૂબ શક્યતાઓથી ભર્યુંભર્યું લાગે છે. કદાચ, આજે એમાં યંત્રવિદ્યાથી ચકાચૌંધ કરવાનું કૌશલ વધારે દેખાય છે. આ માધ્યમ કદાચ એના શેક્સપિયરની રાહ જુએ છે!

અને ટેલિવિઝનમાં પ્રયોજાતા કાર્યક્રમોના પ્રકારો તો આ લેખમાં પૂરા ન આલેખી શકાય એટલા છે. છતાં આટલા, આ રીતે જોઈએ:

ટીવી એ પ્રસારણનું માધ્યમ છે; સમય એમાં કેન્દ્રમાં છે. આધુનિક યંત્રવિદ્યા સ્થળ અને સમયનાં બંધનો પાર કરી વિશ્વના કોઈપણ ખૂણે તત્ક્ષણ દૃશ્યશ્રાવ્ય સંકેતો મોકલી શકે, એ દૃષ્ટિએ ટીવીનું માધ્યમ મને તો હંમેશા અખબારો અને ,સામયિકોથી અદકેરું અને રેડિયોથી બળવત્તર પત્રકારત્વનું જ માધ્યમ જણાયું છે.

એની પહોંચ દૃશ્યમાન છે, અને પ્રેક્ષકો જે જોવા માગે એ જો તત્ક્ષણ બતાવી શકાય તો એમાં 'ભાગ લીધાનો' એમને સંતોષ થાય, અને પ્રેક્ષકો એ માધ્યમની એકમાર્ગિતા (વન-વે)ને વળોટી જાય. એમાંય પ્રેક્ષકોને એવો આછેરો વિચારેય આવી જાય કે દેશના ઓછાંમાં ઓછાં દસેક લાખ માણસો અત્યારે આ જ રીતે બેઠાં છે, તો એને રોમાંચ થાય! માહિતીનું આયોજન કરનાર એટલો સંતોષ લઈ શકે કે એનું પ્રત્યાયન કેટલા બધા લોકોને સંડોવી રહ્યું છે!

ઉદાહરણ તરીકે અમેરિકામાં ચૂંટણી દરમ્યાન પ્રમુખપદના ઉમેદવારોની કસોટી ટીવીને પરદે સીધા પ્રસારણ દરમ્યાનની પ્રશ્નોત્તરી કરી આપે છે. એવું જ આપણે ત્યાં ચૂંટણી પરિણામોની માહિતી, એનું પૃથ્થકરણ, એની નીતિના ઘડવૈયા અને અમલદારો સાથેની મુલાકાતો દેશભરના પ્રેક્ષકો એ જ સમયે નિહાળી શકે છે. એશિયાડ, ઑલિમ્પિક, ઉત્સવો-યાત્રાઓ વગેરે ક્યાં નથી જોયાં? ખાડીયુદ્ધ વખતે ટેલિવિઝન માધ્યમે જે ભૂમિકા ભજવી એવી જ વિયેતનામ યુદ્ધ કે બીજા વિશ્વયુદ્ધ વખતે એને મળી હોત તો? વિવિધ દૃષ્ટિબિન્દુઓ ધરાવતા રાષ્ટ્રિય પક્ષોના નેતાઓ કદાચ ક્યારેય સાથે બેસીને ચર્ચા ન કરે, તે દૃષ્ટિવાન પત્રકારોના ખોતરતા પ્રશ્નોના ઉત્તરોમાં સાચું જ ઓચરી બેસે; દંભ કરે તો પકડાઈ જાય!

ટૂંકમાં અનેક દૃષ્ટિએ, ટીવી એટલે સ્વરૂપ અને સ્વભાવગત મૂળે તો પત્રકારત્વ જ છે, અને એને એ જ રીતે વિકસાવવું જોઈએ. પ્રત્યાયનની આટલી યંત્રવિદ્યાઓ અને શક્યતાઓનો પત્રકારત્વના પ્રકારો જ બહોળો સદુપયોગ કરી શકે !

જે પ્રકારનાં પત્રકારત્વનાં રૂપો અને શક્યતાઓ અત્યાર સુધીમાં વિકસ્યાં છે તે આ: સમાચારો એકત્ર કરી વાંચવામાં આવે; એમાં ઘટનાઓને દૃશ્યરૂપે ઝડપથી રજૂ કરવામાં આવે; સમાચારો અંગેના પ્રતિભાવો પેશ થાય; એનેય વિગતે તપાસાય; રાષ્ટ્રવ્યાપી ઘટનાઓનો આંખે દેખ્યો દૃશ્યાત્મક અહેવાલ (રનિંગ કૉમેન્ટરિ- એટલે કે ઘટના, મામલો, પ્રક્રિયા વિશેની પ્રતિસેકન્ડ સમાચારની રજૂઆત!) આપવામાં આવે. એ જ રીતે ચૂંટણી, એનાં પરિણામો, એનું પૃથ્થકરણ, પ્રક્રિયાનું વિશ્લેષણ, નવાંનવાં સૂચનો વગેરે અવિરતપણે ગોઠવાતી ચર્ચાઓમાંથી નીકળી આવે એ પણ પત્રકારત્વનું જ મહત્ત્વનું અંગ છે. બૂથ કેપ્ચરિંગ કે એવો કોઈપણ મામલો વિગતે તપાસાય તે છે ઇન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ !

આ રીતે ટીવી પત્રકારત્વથી આગળ વધી વિચારોની આપ-લે માટેનો મંચ બને છે, લોકશાહીની પ્રક્રિયાનું અને વ્યાપક શિક્ષણનું સાધન પણ બને છે. 'રાષ્ટ્રવ્યાપી રોમાંચક નાટ્યતત્ત્વ' લોકભાગીદારીના માધ્યમમાં ફેરવાય છે. આ સાક્ષીભાવ પણ પ્રેક્ષકોને ગંભીર ચિંતન માટે પ્રેરી શકે : કારણ એના નાયકો વાસ્તવિક રંગમંચના નાયકો છે, એમની ક્રિયા કે ક્રિયાહીનતા માનવસામાન્યને સ્પર્શે છે! ફિલ્મ કે નાટકથી એની ઉત્તેજના સહેજ પણ ઓછી નથી હોતી.

વળી, માનવીમાત્રમાં અન્યના વાસ્તવિક કે વાસ્તવ-આધારિત કાલ્પનિક જીવનમાં મૂળભૂત રસ છે જ; અને ફિલ્મ તથા રેડિયોએ એ 'કથારસ'(કેટલાકને મતે નિંદારસ!) સંમાજર્યો છે. તેથી એના અનુગામી

-ટીવીમાં ફિલ્મ, નાટક, સીરીઝ કે સીરિઅલ રૂપે એ સ્વરૂપગત પાસાં તરીકે વિકસ્યાં છે.

આમ, ટીવી પત્રકારત્વ અને ટીવી નાટ્યતત્ત્વ, આ રીતે, જે બિન્દુએ મળે છે એ બિન્દુએ માહિતી, મનોરંજન અને રાજકીય-સામાજિક શિક્ષણજાગૃતિનાં તત્ત્વો જ નિર્ણાયક બન્યાં છે. સંઘર્ષની પ્રક્રિયામાં સંડોવાયેલા પત્રકારત્વના પ્રકારોના વાસ્તવિક કે નાટક યા ફિલ્મના કાલ્પનિક નાયકો મનોરંજન અને વ્યપાક શિક્ષણનાં જ સાધનો બની જાય છે.

આ બન્ને વિશિષ્ટતા ઉપરાંત, ટીવીના પરદાનું કદ, પ્રેક્ષકોથી એનું અંતર અને પ્રકાશિત ખંડમાંના પ્રેક્ષકોના પરિચિત ઘરેલુ વાતાવરણને લીધે, આ માધ્યમને માટે જ (અને ફરી 'જ') જો કાર્યક્રમોનું નિર્માણ થયું હોય તો એ વધુ સફળતાને વરે.

ટેલિવિઝન પ્રસારણ છે ક્લોઝઅપનું માધ્યમ. પરિણામે જે અંગતતા (ઇન્ટિમસિ) અને તત્ક્ષણતા (ઇમીડિઅસિ) ઊભાં થાય છે, તેને લીધે સીધા સંબંધોના કાર્યક્રમો-પ્રકારો આ માધ્યમના પોતીકા ગણાય. દા.ત. વિશેષ શ્રોતાઓ માટેના કાર્યક્રમો - સ્ત્રીઓ, યુવાનો, ખેડૂતો વગેરે. આમ જાતિ, વય અને વ્યવસાયની દૃષ્ટિએ ખાસ ધ્યાન માગતા શ્રોતાવર્ગોને સંબોધાયેલા આ કાર્યક્રમો હોય છે. આવા કાર્યક્રમો સામાન્યરીતે સ્ટોક કેરેક્ટર કે કોમ્પિયરની પ્રેક્ષકો સાથેની સીધી વાતચીત અને વચ્ચેવચ્ચે એમને ઉપયોગી માહિતી (અનેક કાર્યક્રમોને સ્વરૂપે) રજૂ થાય છે. એ બધું એટલે તો ખૂબ લોકપ્રિય સાબિત થયું છે. રાષ્ટ્રિય પ્રસારણમાંથી (મોર્નિંગ ટ્રાન્સમિશન) અને પ્રાદેશિક પ્રસારણ(ગ્રામજગત)માંથી એનાં અનેક ઉદાહરણો મળી આવે છે. આ સ્ટોક કેરેક્ટરો અને કોમ્પિયર નિયમિતપણે પરદે દેખાતાં હોવાથી પ્રેક્ષકોના મિત્રો બની જાય છે. એથી એમની વાત પ્રેક્ષકોને વધુ સ્વીકાર્ય અને લોકભાગીદારી જેવી લાગે છે. નિયમિતપણે સામાન્ય ઉદ્ઘોષણા કરતા એનાઉન્સરોથી એ વાત સિધ્ધ નથી થતી; ન્યૂઝરીડરની 'તટસ્થતા' પણ એમાં વચ્ચે આવે છે.

અને એવું જ બને છે સીરિઅલ કે સીરીઝમાં દર સપ્તાહે દેખાતાં પાત્રો સાથે. દા.ત. ખોપરી, ગુરૂ, મુંગેરીલાલ, લાજો, વાગ્લે વગેરેએ પોતાની ઓળખાણ પ્રેક્ષકોને આપવી નથી પડતી. એમાંય જો રામ-સીતા કે ટીપુ સુલતાન જેવાં ઐતિહાસિક-પૌરાણિક પાત્રો હોય તો એમની પારંપરિક છબી ટીવી પરના પ્રત્યાયનમાં વધુ અનુકૂળતા કરી આપે છે. આવાં પાત્રોને કથાપ્રવાહ અને નાટ્યનાં બધાં તત્વોનો લાભ પણ મળે છે. આ કાર્યક્રમ-પ્રકાર મુદ્રણ-માધ્યમની ધારાવાહિક નવલકથાઓ અને રેડિયોના શ્રેણીબંધ કાર્યક્રમ-પ્રકારોમાંથી વિકસાવવામાં આવ્યો છે.

સીરીઝ અને સીરિઅલમાં એ રીતે તફાવત પડે છે કે સીરિઅલમાં અસ્ખલિત કથાપ્રવાહના ટુકડાઓ છે. જે ભાગ પ્રેક્ષકો ચૂકે એનો, પછીના ભાગોમાં માત્ર સંદર્ભે જ સમજાય. સીરીઝ એટલે એકનાં એક પાત્રો, વિષય, શીર્ષક કે સંગીત વગેરે જેવી કોઈ વિશેષતા દર સપ્તાહે ફરી ફરીને આવે, પણ એની વાર્તા દર વખતે પૂરી થાય અને બીજે ભાગે નવી શરૂ થાય. દા.ત. 'વાગ્લે કી દુનિયા' વગેરે, એનો કોઈ હપ્તો પરસ્પર આધારિત ન હોય. આ બન્ને કાર્યક્રમ-પ્રકારો નાટકના જ હોય એ જરૂરી નથી. દસ્તાવેજી, શિક્ષણ વગેરે માટે પણ આ કાર્યક્રમ-આયોજન પધ્ધતિ પ્રયોજી શકાય. એ કલા, એક વખત રજૂ થતા (સિંગલ સ્લોટ), ભલે લાંબાં, નાટકોના કાર્યક્રમો કરતાં, નિયમિત ચોક્કસ અવધિએ રજૂ થતી સીરીઝ કે સીરિઅલો એટલે તો પ્રેક્ષકોમાં લોકપ્રિય અને પ્રત્યાયનશીલ બને છે. આ રીતે ટીવી માધ્યમ અનેક રીતે મીથ-મેકિંગ અને હીરો મેકિંગનું માધ્યમ છે. - જોકે સમય જતાં એ વિસરાઈ પણ જાય. પીજ-અમદાવાદના 'ચતુર મોટા' કે રાષ્ટ્રિય પ્રસારણના 'હમલોગ' નાટકના કેટલા નાયકો લોકોને યાદ હશે? પરન્તુ ફિલ્મ, નાટક કે સાહિત્યનાં પાત્રોનું એવું નથી બનતું. 'સરસ્વતીચંદ્ર', 'કાનજી' કે 'કાક-મંજરી ' એવાં નથી વિસરાતાં!

ટેલિવિઝન અનેક કૌટુંબિક એકાંશોના બનેલા હજારો-લાખો પ્રેક્ષકોનું માધ્યમ છે. એથી આર્થિક દૃષ્ટિએ આખા કુટુમ્બોને ફિલ્મો જોવા સિનેમાગૃહોમાં જવું મોંઘું પડતું હોવાથી તૈયાર ફિલ્મો અને ફિલ્મ-આધારિત દૃશ્યસામગ્રી ('ચિત્રહાર' વગેરે) ઘેર બેઠાં જોવા મળે, અને પ્રેક્ષકો એ જુએ એ યોગ્ય જ છે. એમાં ટીવી ફિલ્મના 'નાનાભાઈ' જેવું ગણાય એટલે ફિલ્મ-વિતરણનું માધ્યમ પણ બની જાય છે. સિનેમાગૃહના પ્રેક્ષકો સામાજિક પ્રેક્ષકો છે. સિનેમા મોટા પરદા માટે, ઊંચે, અંધારામાં જોવા માટે બનેલ છે, અને એ રીતે એ લોંગ અને મીડિઅમ શૉટનું માધ્યમ છે. એનાં વિષય, કથા, પાત્રો અભિગમ વગેરે એકબીજા અજાણ્યા પ્રેક્ષકો માટે પસંદ થયેલાં છે. એ બધી જ ફિલ્મો નાને પરદે રજૂ થાય તો દાદા કે દીકરીમાંથી કોઈ તો કાર્યક્રમ છોડીને ઊભું થઈ જશે; અથવા ફિલ્મના લોંગ શૉટ્સ નાને પરદે નિરર્થક કે પછી ફિલ્મના ઓછા ક્લોઝ-અપ રસક્ષતિ ઊભી કરશે. અને એટલે તો ટીવીના કૌટુંબિક સભ્યો માટે ખાસ પસંદ કરાયેલા વિષયો અને અભિગમો સાથે, ટીવી માટે જ ખાસ તૈયાર કરવામાં આવેલી 'ટેલિ ફિલ્મો'નું નિર્માણ કરવામાં આવે છે, જેનો વિષય એવો હોય કે નાના પરદા માટેના જરૂરી વધુ ક્લોઝ-અપ એમાં લેવા પડે અને એનો અભિગમ એવો હોય કે એ જોવા દીકરી દાદાને સામેથી બોલાવે કે દાદા દીકરીને! આપણે ત્યાં ટીવી પર રજૂ થતી દરેક ફિલ્મને ટીવી ફિલ્મ કે ટેલિ ફિલ્મ ગણાવીને અખબારોમાં જે નોંધો છપાય છે, તે તો એમનું નર્યું અજ્ઞાન જ દર્શાવે છે.

જેમ સીધી ફિલ્મો, તેમ સીધાં નાટકો પણ થીએટરોમાંથી લાવીને ટીવી પર રજૂ ન કરવા જોઈએ. દરેક માધ્યમની પોતાની વિશિષ્ટતા હોય, અને જે તે માધ્યમ માટે એની રજૂઆત થવી જોઈએ. થીએટર તખ્તાની ત્રિપરિમાણીય ખાલી જગ્યાને ભરવાનું માધ્યમ છે; ત્યાં પ્રતીકો અને અતિવાસ્તવિકતા ચાલે; બારણાંની જગ્યાએ એની ફ્રેમ મુકાય; એ

આખું માધ્યમ જ લૉંગ શૉટનું છે. જ્યારે ટીવી એ રીતે દ્વિપરિમાણીય, પ્રેક્ષકોથી ઓછા માનવકદનું પણ વાસ્તવિક પાર્શ્વભૂ રાખવી પડે એવું ક્લોઝ-અપનું માધ્યમ છે. એમાં ફિલ્મ કરતાં શ્રાવ્ય તત્ત્વનું વિશેષ મહત્ત્વ હોવા છતાં, 'એની' ભાષા અને 'એમાંની' ભાષા, ફિલ્મ કરતાં અને થીએટર કરતાં પણ અલગ જ છે. એટલે તો એનો નિયમ આવો બને છે: ટીવી માટે એના અંતઃતત્ત્વ (કન્ટેન્ટ)ની 'રજૂઆત' થવી જોઈએ. વી.સી.આર. પર 'ટેન કમાન્ડમેન્ટ્સ' કે 'મોગલે આઝમ'નાં પાત્રો ને કથા નાનાં અને નિરાશાજનક લાગે; એ જ રીતે એક-દોઢ કલાકના અંકની સતત ક્રિયાવાળાં થીએટરોનાં નાટકોની કથાવિકાસ-પ્રક્રિયા (ડ્રામેટર્જી) ટીવીના પરદે પ્રેક્ષકોને હતાશ કરી દે. શેક્સપિયરનાં નાટકોને બી.બી.સી.એ ટીવી-રેડિયો માટે જે રીતે મઠાર્યાં-સંમાજર્યાં એ જોવાની જેમને તક મળી હશે તેઓને આ વાત તુરત જ સમજાશે.

ટીવી સરકારી માધ્યમ હોય કે 'જાહેર સેવા' (પબ્લિક સર્વિસ) તરીકે વિકસ્યું હોય તો પણ એ લોકોને ખરચે, ને માટે, ચાલે છે. અને વ્યાપારી જાહેરાતોથી ચાલતું હોય તો પણ એનો બધો ખર્ચ લોકવપરાશની ચીજો, પર ચડતો હોય છે. એવી કોઈ પણ પરિસ્થિતિમાં લોકો જ ટીવી જુએ છે અને એના પ્રભાવ નીચે આવે છે. તેથી રાષ્ટ્રિય વિકાસ અને જનસામાન્યની પ્રગતિની વિશેષ જવાબદારી આ માધ્યમ પર રહે છે. એવું કરવા એ સક્ષમ પણ છે. પ્રજાતંત્રીય પ્રક્રિયાનું શિક્ષણ પત્રકારત્વના કાર્યક્રમોથી થાય. વિશેષ શ્રોતાને સીધા સંબોધ્યા કાર્યક્રમો ટેકો આપી શકે. નાટ્યશ્રેણીઓ અને કથા-ચિત્રો લોક-અભિગમોને કેળવી શકે, લોકભાગીદારીના કાર્યક્રમો જાગૃતિ લાવી શકે, સંગીત-નૃત્યના કાર્યક્રમો કે દસ્તાવેજી ચિત્રો કલાસંસ્કૃતિનો પરિચય આપતાં વિકાસની પ્રક્રિયા પણ સમજાવી શકે.

આ તો થઈ સૂક્ષ્મ પણ સતત ચાલતી શિક્ષણની પ્રક્રિયા. એ જ રીતે પૂર્વપ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ સુધીના ફૉર્મલ અભ્યાસક્રમો એના વિદ્યાર્થીઓને સહાયક બને; સામાન્ય લોકોની જ્ઞાનમાહિતીની ક્ષિતિજો વિસ્તારી આપે એવા ઇન્ફૉર્મલ શિક્ષણ, તાલીમના કાર્યક્રમો, અને નિરક્ષર પ્રૌઢો કે શિક્ષણ પૂરું ન કરી શકેલા કિશોરો-યુવાનોને તાલીમ આપે એવા નૉન-ફૉર્મલ અભ્યાસક્રમો પણ ટીવીના માધ્યમ માટે અનેક શક્તિ-શક્યતાઓ ખોલી આપે છે. જો કે અંતતોગત્વા ફક્ત જ્ઞાન-માહિતી નહીં પરંતુ એના ય ઉપયોગની તાલીમ પ્રેક્ષકોને વધુ લાભદાયી થાય.

પુરોગામી માધ્યમો મુદ્રણમાંથી લેખ, રેડિયોમાંથી વાર્તાલાપ, રેડિયોફિલ્મમાંથી દસ્તાવેજી રૂપકનો કાર્યક્રમ-પ્રકાર ટીવીમાં વિકસ્યો અને ફિલ્મ જેવા વિધિસરના દસ્તાવેજી કલારૂપમાંથી જુદો પડી, એવો તો આજે લવચિક (ફ્લેક્સીબલ) બન્યો છે કે નાટક, સીધાં સંબોધન અને કવરેજના પ્રકારને એણે પોતાનામાં સમાવી લીધા છે.

ઉપગ્રહો, માઈક્રોવેવ અને કમ્પ્યૂટરોની મદદથી દૂરદૂરનાં અંતરો કાપીને પ્રેક્ષકો એકાત્મતા સાધી શકે અને બહુવ્યાપી ઘટનાઓમાં (ભલે નિષ્ક્રિય પણ) ભાગ લીધાનું તેઓ માની શકે, પણ એ પછી લોકોની નિર્ણય-પ્રક્રિયા પર એની ચોક્કસ અસર થાય જ છે. પણ આ વાત તો વિશાળ ફલકની થઈ. જિલ્લા-તાલુકા કે કોઈ વર્ગવિશેષને કેન્દ્રમાં રાખી, પ્રત્યાયનની એમની જરૂરતોનો અભ્યાસ કરી, એમને ઉપયોગી કાર્યક્રમો તૈયાર કરવામાં આવે, એમને કાર્યક્રમ-આયોજનના નિર્ણાયકો બનાવવામાં આવે, કાર્યક્રમોનું નિર્માણ જ એમને સોંપી દેવામાં આવે; કાર્યક્રમોના પ્રકારો દ્વારા લોકોની વાત એમના નિર્ણાયકો સુધી પહોંચાડવામાં આવે; કાર્યક્રમો દ્વારા જુદા જુદા સમૂહો, પ્રદેશો કે વિચારકોણો વચ્ચે સંવાદ સ્થાપવામાં આવે વગેરે પ્રક્રિયાઓને 'લોકભાગીદારી'ના કાર્યક્રમો કહે છે. એના પણ અનેકવિધ પ્રયોગો દેશપરદેશોમાં થાય છે. આપણા રાષ્ટ્રિય કાર્યક્રમોમાં 'જનવાણી', પ્રાદેશિકમાં 'અંતરંગ' અને પીજ-દૂરદર્શનના 'લોકમંચ વાસણા'ના કાર્યક્રમો એનાં ઉદાહરણો છે. લોકોના પ્રશ્નો રજૂ થાય અને લોકો જાતે એમાં દેખાવા શરૂ થાય તો વિકેન્દ્રીકરણની એની શક્યતા બહુવ્યાપી કાર્યક્રમ-આયોજનને નવો પરિપ્રેક્ષ્ય આપે. અને એ રીતે સ્થાનિક તબક્કે વહેંચાતું ટીવી માધ્યમ, ચહેરાહીન બની જવાને બદલે, ખરેખર લોકમાધ્યમ બને. સ્થાનિક કાર્યક્રમના ટમટમતા દીવા રાષ્ટ્રિય કાર્યક્રમના ઝળહળતા સૂરજ સામે તો જ પ્રકટે.

રાજકારણ, આર્થિક સત્તા, અમલદારશાહી કે નિષ્ણાતોની પકડ લોકોને એનાથી ઓછી અનુભવાય. આ યંત્રવિદ્યાને સામાજિક ઉપયોગિતાથી નાથવામાં નહીં આવે તો માતેલા સાંઢની જેમ એ મંચન અને લલિતકલાઓને બેરહમ પછાડશે. અનેક દેશોમાં બન્યું છે તેમ ટીવીના સામાન્ય ઉપભોક્તાને જ એનો નાયક અને નિર્ણાયક બનવા દેવો જોઈએ.

આ વાત જેટલી વહેલી અને જેટલા પ્રમાણમાં ટીવીના આયોજકો નિર્ણાયકોએ સમજવાની છે, એટલી જ એના પ્રેક્ષકોએ પણ સમજવાની છે. માધ્યમો એ ફક્ત માધ્યમો છે, સાધનો છે; એના દ્વારા શું, શા માટે, કોના માટે, કેવી રીતે સાધ્ય કરવાનું છે એ એના ઉપયોગનો મામલો છે. આવી 'માધ્યમ સાક્ષરતા' જો પ્રેક્ષકોમાં વિકસે તો જે તે માધ્યમને મનોરંજન, માહિતી, શિક્ષણ કે કોઈ પણ હેતુ માટે પ્રયોજવામાં માધ્યમના નિર્ણાયકો પાસે પ્રેક્ષકો જ ફરજ પડાવી શકે, કારણ કે એ 'પ્રસારણ'નું માધ્યમ છે. મતલબ કે 'બનન્તી'નું માધ્યમ છે. સમૂહ માધ્યમ શક્તિશાળી છે, એટલી (વિદેશોથી આયાત કરેલી) વાત જ છે એ દોહરાવવાને બદલે એને એની (સ્વદેશી) શક્તિ આપ્યા વિનાય નહીં ચાલે! □

શ્રી વિઠ્ઠલભાઈ પટેલ-'સંસ્કાર' પરિવાર પારિતોષિક

૧૯૯૧ના વર્ષ દરમિયાન શ્રેષ્ઠ ઠરનાર મૌલિક વાર્તા, ચરિત્ર, કાવ્ય અને અન્ય લેખ, એમ પ્રત્યેકને રૂ. ૧૨૫-૦૦નું ઉપર નિર્દેશેલું પારિતોષિક અપાશે. સહુને પોતાની કૃતિઓ મોકલી આપવા નિમંત્રણ છે.

ફળિયું

મણિલાલ હ. પટેલ

ફળિયું. ત્યારે તો ફળિયાની પેલેપાર કોઈ જગત હોવાનો ખ્યાલ જ નહીં મળે, જીવન પણ ફળિયાની સરહદોમાં અસીમતા અનુભવતું ડૂબી રહેતું, ત્યાં જ ઊછળતું કૂદતું ઊગતું આથમતું...આજે એ ફળિયું કેટલું તો વેગળું વહી ગયું છે, જનમોની પેલે પાર રહી ગયું છે જાણે. ફળિયું શમણું. આંખો મીંચી લઉં તો દેખાય, આ રહ્યું એ ફળિયું.

તરભેટો. ત્રણ નેળિયાં ભેગાં થાય. ત્રણે બાજુ ઘરો, ઢળતા પડાવોવાળાં, ઉપર રાતાં કુંભારી નળિયાં, આસપાસ વાડાઓ. વાડાઓમાં ઘાસનાં કૂંધવાં. પછી વાડ. વાડેવાડે ઝાડવાં. આંગણે લીમડાઓ હાથી-ઝૂલણા. તરભેટે કૂવો, વંડી અને થાળાવાળો, કઠેડો અને ગરગડીઓ વાળો. બધું જીવતું, સળવળતું અને ખળભળતું. હારબંધ ઘરો-ડુંગરા એવડાં. ક્યાંક સામેસામે, પણ વચ્ચે ખેતરવા પથરાયેલું ફળિયું. ફળિયામાં ઢોર, ફળિયામાં ગાડાં છૂટેલાં. ગાડાંમાં બેસી રમતાં કે લેખન કરતાં લફરાળાં છોરાં. એમાં આપણેય હોઈએ. ઘર કરતાં વધારે વખત આ છૂટેલાં ગાડાંમાં વીતે, લીમડાની છાંયામાં બપોરે આ ગાડાં ઘરથીય વ્હાલા લાગે. આંખો મીચી વાગોળતાં ભેંસબળદ. પડસાળે ઊંઘતા દાદા, બાપા, કાકા. જીભ લબડાવી લાળ પાડી હાંફતી ભૂરી કૂતરી અને ઊંઘી ગયેલો કાળિયો ડાઘલો. ટપાલીનાં જૂતાંનો અવાજ જગવે એને. ડાઘલો ટપાલીના ફાટેલા ડગલાને જોઈ ભસી લે, પછી જંપી જાય. ગાડાં જાગતાં હોય. સામેનાં ખેતરો ખાલીખમ. ચત્તોપાટ પડેલો ઉનાળો ભળાય. તડકો ઢોળાયેલી કઢી જેવો. એમાં ઊપસી આવેલાં ઝાડવાં. ધૂળિયો વગડો. વંટોળિયા આવે ને જાય. વીજમડીઓ, વાદણો અને કમુછડિયો ખરે બપોરે જ માગવા આવે. મોટેમોટેથી ખળું માગે. દાદા કહે 'એ પડ્યું ખળું; ઊંચકી જા.' પણ મોંડ મળેલી આંખ ઊઘડી જતાં બાપા રાતાપીળા થાય, તો ય માગણ ખસે નહીં. અમે જઈને ચપટી ડાંગર, મકાઈ આપીએ તો એ કઢી-રોટલા માગે, પાણી માગે. ના આપો તો બબડાટ કરે. આ ફળિયું સૂકા ઘાસથી છવાયેલું, ઢોરોથી ભરાયેલું લાગે. બપોરે ચિત્રમાં હોય એવું. રેખાએ રેખા એની નોખી, છતાં એકાકાર બધું. લોક વગડે જાય તો ય ફળિયું તો ભર્યુંભાદર્યું. ઢોર બરાડે, છૂટે, બંધાય. ચકલાં, કબૂતરો ચણ્યા કરે ફળિયું.

ચોપાડ વચ્ચે દાદી રાતી સાવલિયા છીંકણી સૂંઘતાં હોય, છાણ, માટીનો ગારો કરીને બા પડસાળે ઓકળી પાડતી હોય, બીજત્રીજના ચન્દ્રની હારમાળાઓ જોઈ લ્યો. બા અમારી પાસે ગારો ગૂંદાવતી. અમે કૂવે ન્હાવા મળે એ બ્હાને ગારો ગૂંદી દઈએ. પછી ટાઢાં હેમ પાણી ખેંચીને બપોરે કૂવાને થાળે નાહીએ. એ નાવણની વાત જ જુદી. તાપે ફદફદતું ફળિયું હાશકારો પામતું. ભાઈઓ શણની દોરડીથી નવાજૂના ખાટલા ભરતા હોય, ક્યાંક કોઈ રાતી માટીથી દીવાલો લીંપવા ચઢ્યું હોય, કોઈ કન્યા ગારાની તગારી માથે મૂકી નિસરણીએ ઊભી હોય. ઉનાળામાં ફળિયું સાફ લાગે, જરા નવું લાગે. મોટા નિશાળિયા લીમડા તળે પત્તે રમતા હોય. ગિલ્લીદંડા અમારી પ્રિય રમત. પછી તો લખોટીઓ આવી. ભમરડાઓ ગયા. હવે તો ક્રિકેટ રોગની જેમ ફેલાઈ ગઈ છે. હા, ફળિયામાં પણ એ રમાતી હશે. ભલું હશે તો રાતાં નળિયાંમાંના છાપરાને માથેય એન્ટેના લાગી ગયાં હશે. દાંત વગરનાં દાદીને સમજાતું નહીં હોય કે આ શી કરામત છે !

ઊતરતા વૈશાખે ફળિયાને છેડે, લવારિયો ગાડામાં ઘરવખરી ભરીને કુટુંબકબીલા સાથે આવીને, પડાવ નાખે. દાતરડાં, કોશ, કુહાડી, ધારિયાં, છરા, બનાવે; ધાર કાઢે; દાંતા પાડે કે સમારી-સુધારી આપે. આખું ગામ ઊમટે. આ ફળિયું મગતાવાળું - મોટું. એનો મહિમા વધારે. લવારિયાની નાનકડી ધમણ લોઢાને રાતુંચોળ કરવા ફૂંફાડા મારતી હોય. અમને એ ધમણ હાંકવાનું મન થાય. લવારિયાનાં છોરાં બધું કરે. ઘણ પણ ફટકારે. અમને કેરીઓ છોલવા માટે લોખંડના નાના ખૂંટાઓને તપાવીને વીંછીના અંકોડા જેવી છરીઓ બનાવી આપે. લવારિયાની વહુ બાજુમાં જ રોટલા ઘડતી જાય ને બચ્ચાંને ધવરાવતી જાય. આભ નીચે, ઉઘાડી ધરતીના ખોળામાં ઘરસંસાર ચાલે. લવારિયાની ભાષા, એની મૂંછ અને પાણીદાર આંખો - ત્રણે ધારદાર. ભાવમાં રકઝક ચાલે; પણ એ મૂંછાળો મરદ નમતું ના જોખે. છાણાં-કોલસામાં તપતું લોખંડ, નહીં રાતું નહીં પીળું. આજે કોઈ 'ચેતના' શબ્દ બોલે કે તરત મને એ તપેલા લોઢાનો રંગ સાંભરી આવે છે. એને 'ચેતના' કહેવાય એવું મનમાં ગોઠવાઈ ગયું છે. લવારિયો ગાડાના પૈડાને લોખંડની વાટ ચઢાવતો એ જોયા કરતા અમે. ધગધગતી વાટ મોટી ગોળ. છાણાંના અગ્નિમાંથી દેવની બંગડી જેવી પ્રકટેને ચપોચપ પૈડા પર બેસી જાય, લાકડું દુણાય-દઝાય ત્યાં જ પાણીના છમકારા વાટને ટાઢી પાડે. ક્યારેક ફડાક કરીને વાટ તૂટી જતી. અમને ત્યારે મજા પડતી.

આ જ દિવસોમાં છાણિયાં ખાતર ભરેલા ઉકરડા ગાડાં ભરી ભરીને ખેતરે ઠલવાય. ગામમાં, વાટે ને વગડે ગાડાં ગાડાં ખખડી રહે, ના ઘૂઘરાઓથી ખનકી-રણકી રહે. સોરઠીઆ વેપારીઓ બળદ-રેલ્લાઓ વેચવા આવે. કૂવાની વંડીએ ઘરડેરાઓ આવી બેસે. રેલ્લા બળદની શિંગોટી, ચાલ, લંબાઈ, કપાળ, દાંત, કોઠો, પુચ્છ, ઊંચાઈ જોવાય. હળગાડે જોતરે ય ખરા. પછી રૂમાલમાં હાથ ઢાંકીને આંગળીઓ દાબી સંકેતોથી મૂલ થાય. છેવટે બંને ધણીઓ - દેનારલેનાર - ને પોષાય તો મૂલ જાહેર થાય. ક્યારેક મૂલ કરનાર બંનેની વાતનો તોડ કાઢી સત્તા વાપરે. પેલા બેઉ બબડતા રહે. પછી ફૂમતાં ને ગોટા બાંધેલા રેલ્લાઓ બીજે ગામ જાય.

ઉનાળાની રાતોમાં ફળિયું બદલાઈ જાય. ઢોર ઘરમાં કોઢિયામાં બંધાઈ જાય. ફળિયેથી છાણ-ઘાસ વળાઈ જાય. ક્યાંક ગારમાટી પુરાઈ જાય, લીંપાઈ જાય. પાણીનો છંટકાવ હવાને પલાળે. હારબંધ ખાટલાઓ દરેક ઘરને આંગણે પથરાઈ જાય. ચૈત્ર-વૈશાખની ચાંદની તાજા ઘી જેવી. લીમડાઓની ગંધ કરતાં એની છાયાઓની ભાત તરફ વધુ ધ્યાન જતું હતું. બાળકો રમતાં રમતાં ઊંઘી જાય. વહુવારુઓ દૂરના કોઈ છેડે ધીમું ધીમું હસતી સંભળાય. સાસુઓની મંડળી જુદી, નિંદારસ-

ગૂંથી વાતોના તડાકા સાથે છીંકણીના સડાકા ચાલે. બીજે છેડે જુવાનિયા પત્તે રમતા હોય. વચ્ચે વડેરાઓ ખેતી વરસાદ કે જાતજાતની અથવા કોઈપણ વાતે વળગ્યા હોય. વચ્ચે બીડીઓ ને હૂકાઓની આપલે ચાલતી હોય. ધીમે ધીમે રાત ઘીની જેમ થીજી જાય ને છેવટે ગામ ચાંદનીમાં 'ફ્રીઝ' થઈ જાય. રાતે રોન ફરનારા કૂવાની વંડીએ બેસીને ઝીણું ઝીણું બોલ્યા કરે. ક્યારેક સીમમાંથી એમના હાકોટા સાંભળીને ખાટલામાં ડરી જવાય. જાગીને, ક્યારેક બેઠા થઈને, જોઈએ તો ઝાડવાંય છાયા મૂકીને જતાં રહેલાં લાગે. ઘર એકબીજામાં લપાઈ ગયાં હોય; તારાઓ ય ચમકતા ના હોય. એકલો ચન્દ્ર ઓગળતો પમાય. કૂવા પર કોઈ બેઠેલું ભળાતાં જ છાતી ધડક. ગોદડી માથેમોઢે.

બેત્રણ વરસે રામાયણ-મહાભારત વંચાતું હોય. ફાનસના અજવાળે કાકા એ વાંચતા રહે, વચ્ચે બધાં ટિપ્પણી કરે, મજાક કરે. આખું ફળિયું પાછું એકકાન થઈ જાય. ત્યારે સાંભળેલી એ કથાઓમાંનાં હનુમાન અને ભીમનાં બે જ પાત્રો ખૂબ ગમેલાં ને લંકા સોનાની હતી એ અચરજ હમણાં સુધી શમેલું નહીં. શિયાળાની રાતોમાં રાવળિયા એકતારો ને મંજીરા લઈને ખાવાનું માગવા આવે. એ ભજનોમાં 'વિધિના લખિયા લેખ લલાટે : ઠોકર ખાય ખાય ખાય' બરાબર જડાઈ ગયું હતું. રાતે રાવળિયાઓ પડસાળમાં મુકામ માગતા. રાતે ભજન કરતા, પણ ભજન-મંડળીઓનો ખરો રંગ તો દાસકાકા લુહારને ત્યાં જામતો. મંજીરા, તબલાં, કાંસીજોડાં ને તાનપૂરો - પછીની રાતોમાં કાનોમાં ગૂંજ્યાં કરતાં. ત્યારે જીવન કદી એકવિધતાવાળું કે કંટાળાજનક નહોતું લાગતું. પડતા ને વાગતું. તાવ આવતો ને ગૂમડાં થતાં. ઘરે જ ઓસડિયાં થતાં. મા 'પહાડ'નું પાંદડું ઘીમાં શેકીને ઘા પર બાંધતી. પછી ફળિયામાં હડિયો-હાકોટા ચાલતાં. પડસાળે લેખન ને ફળિયામાં રમવાનું. પંથીઓ આવેજાય. ક્યારેક ઢોલ વગાડતી જાન જતી હોય, છોગાળા-સાફાળા ભીલ-બારિયા કે પગી-કોળી તલવારો લઈને નાચતા હોય. વરરાજા કાગળનાં ફૂલોની સેરોમાં ઢંકાઈ ગયા હોય, પીઠીથી કપડાં પીળાં પચ હોય. અમને પેલા નાચનારાઓ કરતાં વરરાજો જોવાનો ગમતો. બૈરીઓ ન સમજાય એવા લ્હેકાઓમાં ગાતી હતી...આજે ય ગાતી હશે? હોળીના દિવસોમાં આ જ લોકો ઢોલ વગાડતા, દાંડિયે રમવા આવતા. ભાતભાતના વેશ મઢેલા હોય. એમાંય હનુમન તો હોય જ. છોકરાં હૂપાહૂપ કરે, ને હનુમાન જુધો કૂદ્યા કરે. પછી પૈસાનું ઉઘરાણું, ગોળધાણા. ફળિયામાં ક્યારેક કંકુથાપાથી સ્ત્રીઓ પુરુષોની પીઠે ધબ્બા મારી હોળી ઊજવતી હતી. હવે એવા કંકુવરણા દિવસો નથી રહ્યા. પણ ફળિયું ટકી રહ્યું છે.

શિયાળામાં ફળિયા વચ્ચે સવારે તાપણી સળગી ઊઠે. કૂડો-કચરો બળાય, દૂસા, માનાં લૂગડાં, મેલી પછેડીઓ ને ફાટેલાં ચોરસા-ચાદરો વીંટીને છોકરાં તાપણીની ચારેપાસ પોથાઈ જાય. દાતણ ચાવતાં ચાવતાં મોટેરા પણ તાપે ને વળી કામ કરવા હડી મેલે. બધાં વારાફેરે ચા પીવા ઘરમાં ગરી જાય ને વળતાં ઘાસફૂસ લાવે, તાપણી ભડભડતી રહે. તડકો રસાણ બને ત્યારે તાપણી ઠરે. તાપણીના ધુમાડા લીલા લીમડાઓમાં વ્યાપી જતા ને દૂર ધુમાડો ધુમ્મસ થઈને ઊભો રહી જતો. ઉપર એવું જ આભલું દેખાતું. કૂવો પનિહારીઓથી છલકાતો. નવી વહુવારુઓ લાજ-ઘૂંઘટ કાઢીને જતી આવતી ત્યારે અમને એ મોઢું ઢાંકવાનું કારણ સમજાતું નહીં. જો કે આજેય એ સમજાઈ ગયું નથી. હજીય ગામમાં નળ નથી આવ્યા. બધી દમયંતીઓ કૂવેથી પાણી ભરી જાય છે. વતનમાં જાઉં ત્યારે ઘરને ઓટલે બેસી આ ફળિયાને અને પેલી પનિહારીઓને જોતો જોતો હું ઘણાં વરસો પાછળ નીકળી જાઉં છું. પછી વર્તમાનમાં વળતાં તકલીફ થાય છે.

એક દૃશ્ય આ ફળિયા સાથે ભળી ગયેલું છે - તે ભેંસો (ભમરતા) મૂંડતા નાઈનું. શિયાળાની સવારોમાં મોટા મોટા અસ્ત્રા લઈને લાલો હવાર (અમારે ત્યાં ઘાંયજાને 'હવાર' કહે છે.) આવે. ગરમ પાણીમાં પોતું બોળી બોળીને દાદા ભેંસોને એક પછી એક પલાળતા જાય ને લાલો એના મોટા અસ્ત્રા વડે ભેંસો ભમરતો જાય. ક્યારેક લાલાનો અસ્ત્રો ભેંસને લોહી કાઢે. દાદા લાલાને મણનો છશેર કરી નાખે. લાલો લોચવાતો થોથવાતો કામ કરે. આખા ફળિયામાં બધાં ઘરોની ભેંસો ભમરાઈ જાય એટલા દા'ડા આ દૃશ્ય જોયા કરવાનું. આમ તો રોજ સવારે લાલો હવાર બગલમાં ચામડાની થેલી મારીને આવે. પડસાળે બેસે અને વાર્તા કરે. દાઢીવાળ કાપે. છોકરાના વાળ કાપવાના હોય ત્યારે આખું ફળિયું ધાંધું થાય. હવાર વાતો કરતો જાય, બે ઢીંચણ વચ્ચે માથું દબાવતો જાય ને મૂંડતો જાય. બધાનું અપમાન વેઠી વેઠીને ઢોર જેવો થઈ ગયેલો એ વાળંદ સાચ્ચેજ ભારાડી હતો. ફળિયામાં આજે એને બદલે એના વારસો વત્તાં કરે ને વારતહેવારે કે પ્રસંગે હૂકાપાણી કરે, વાયરો નાખે છે. હજી ઘાંયજાઓની રીતરસમો અને દાપાં ગયાં નથી. ગામડાં છે ત્યાં સુધી એ ય રહેવાનાં હશે.

ચોમાસાની આંધળી રાતોમાં ફળિયું કાળામેશ મેઘ જેવું. બોગદું જોઈ લ્યો! હેલીનો વરસાદ છમછમ કર્યા કરતો હોય ને જગત પાણી ભેળું ઓગળીને વહી ગયું હોય... પાસેનાં એકલદોકલ વૃક્ષો પણ ગુલામ મોહમ્મદ શેખનાં ચિત્રોમાંથી લાવીને ગોઠવી દીધાં હોય એવાં લાગે. પડસાળમાં દાદા પડિયા-પતરાળાં કરતા હોય ને શ્રાવણી બપોરે ફળિયું ભીંજાતું-નીતરતું હોય. ઢોર માટે કરેલી ઘાસની મેડીઓ ટપકતી હોય, ફળિયું કાદવ કાદવ બોલતું હોય, ગાડાં પરસાળે પેસીને સંકેલાઈ ગયાં હોય. ઘાસ ઘર સુધી ઊગી આવ્યું હોય, સીમ ફળિયાને ભોઠું પાડી દેતી દેખાયા કરતી હોય... ત્યારે કૂવો સ્થિતપ્રજ્ઞ જેવો. આ ઋતુમાં તડકો કુંભારી નળિયાંને ધોઈને રાતાં રાતાં કરી દેતો. હમણાં જ છાયેલાં ઘરોથી ગામ જરા નવું લાગતું. મહીસાગરમાં પાણી વધતું સંભળાતું, ભેખડો તોડતી નદી ક્યારેક ફળિયા સુધી આવી પહોંચતી. પટેલ દહીંની દોણી વધેરી એને વધાવતા, બાપુ ટચલી આંગળીએ વાઢ કરી મહીમાતાને ભોગ ધરતા, લુહાર નાળિયેર ફોડતા. મા ખમૈયા કરતી, પાછી વળી જતી. પાછાં ઊતરતાં પાણીને અમે ઓટલે ચઢીને જોયા કરતાં. ફળિયાની ફડક ઘટતી. પાછો એના જીવમાં જીવ આવતો.

નવચંડી ને ગંગાપૂજનના મંડપો ફળિયે મંડાતા. ફળિયામાં નાત બેસતી. બત્રીસ મણનો લાડુ વપરાઈ જતો. ગામ આખું ન્યાતની સરભરા કરતું. ફળિયામાં મોઘો નંખાતી. શોક વખતે માથાં મૂંડાતાં. ફળિયા વચ્ચેથી ઘરડેરાંની નનામીઓ નીકળતી. કોઈના સાજેમાંદે ફળિયું ખડે પગે થઈ જતું. ફળિયામાં મંડપ મંડાતા. રાતી પાઘડીએ એની પારોયોને વીંટીને શોભા કરાતી. સાડીઓથી અને રંગીન કાગદીનાં તોરણોથી મંડપ શણગારાતા. લગ્ન પૂર્વે પંદર દા'ડાઓથી ફળિયું ગાણાં ગાવા માંડતું. ફુલેકાં આવતાં. સ્ત્રીઓ ઢોલ સાથે તાલ મેળવી ધારો રમતી. દશ દશ વરરાજાઓ એક હારે ફુલેકે ચઢીને ફળિયાને ભરી દેતા. ગૅસબત્તીઓથી રાતો ઊજળી થઈ જતી. ઘાંયજાની તેલાળી મશાલ ઈર્ષાળુ ઓરત જેવી બબડ્યા કરતી. કૃષ્ણલીલાના 'શલોખા' ગવાતા. ફળિયું પોતે જ પરણવા ઊઘલ્યું હોય એવું થઈ જતું.

'વરને ઘાંડે થોડે ને જવું વેગળે...'
'આંણી શેરીએ ચોખલા વેરાંયરે ઝરમરિયું...'
'આંણી શેરડીએ તે શેનાં રે ઝમકાર વાજાં વાગિયાં રે...'

ફળિયું ગાતું-ગવરાવતું. નવાં કપડાં એક સામટાં બ્હાર પડતાં. પણ કન્યાઓ વિદાય થઈ જતી. પછીનું ફળિયું સાવ સૂનમૂન, માંદી ગાયની આંખ જેવું. બે બ્હેનો અને ત્રણ ભત્રીજીઓનાં એક સામટાં લગ્ન પછી છોકરાય અણવર તરીકે જતા રહેલા. પાંચ પાંચ મંડપ અમે છોડતા હતા. ઘરની ઓકળીઓ, બધા શણગારો સાવ અર્થહીન થઈ ગયાં હતાં. પાંચે કન્યાઓની વિદાય, એમની સંવેદનાઓ, ભીની આંખે ઊભેલું લોક! પછીનું ફળિયું નિરાધાર...અનિલના ગીતમાં ઢબૂકતો ઢોલ ને કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલ્યા હતા. પડઘા ડૂબી ગયા હતા...એ વસમીવેળા, એ સૂમસામ માણસો પછીથી ક્યારેય નથી અનુભવ્યાં. ને એ સોપો પડેલી સંવેદનાઓ કદી આછીઓછી થઈ નથી. ફળિયું આજે ય એની આંખોમાં એ સાચવી બેઠું છે. અહીં નથી માઢ, મેડીઓ, નથી ખડકી, ખાંચાઓ. આ તો માત્ર ફળિયું છે, ખુલ્લું ફટાક ફળિયું.

અહીં દીકરાઓ વગરનું આયખું ભોગવતા બે વૃદ્ધો જીવ્યા છે. ભલાદાદા અને જેલાદાદા. આયખાને એષણાઓએ બેવડ વાળી દીધેલું. બંનેનાં ઘર જુદે જુદે છેડે. બંને પડસાળે કે ઓટલે બેઠા હોય, ખોવાયેલું. ત્યારે લાગે કે ભૂપેન ખખ્ખરના ચિત્રમાં બેઠા છે. બંને પાસે ખેતી. સારી આવક. કામ કૂટી કૂટીને કાયાની કાંકરી કરી નાખેલી. હાંફની હાલતે હળ હાંકે. ગાડે ચડે. મજૂર વગર લોભથી કમાય. કપડાં માટે સાબુય ન વાપરે. સવારે કઢી-રોટલા, સાંજે ખીચડી-ચટણી ખાય. અવતાર ધરીને સારું ખાધું હોય તો ફળિયાના પ્રસંગોમાં. ભલાદાદાની કાળી સીસમ કાયા, પરિશ્રમે ઘસાઈને ગોટલી થઈ ગયેલી. ડોસી ભેંસ સામે બેસી વિચારે ચઢે. જાતનું ભાન ન મલે. પણ લોભ એવો કે છાંટો ઘી ના ખાય. ઘીનાં કુલ્લાં ભરી દીકરીઓને મોકલે. સારું કપડું ન પહેરે. જેલાદાદા વાને ઊજળા. કાને સોનાનાં ફૂલ. પણ મેલથી ફાટી પડતાં કપડાં, બટન ગણ ના હોય. ભારે અહમ્. એમનું નખ્ખોદિયું ખાનારાં કહે કે અમે જમીન ખેડી આપીએ, ને હવે મજૂરી કૂટ્યા વગર સુખે રોટલો ખાવ. પણ અક્કરમીઓને એ અવળું લાગે. કોણ જાણે કયા જનમનું ભોગવે? ઈશ્વરે એમને કમતિ મેલવામાં ય પાછું વાળી જોયું નહીં હોય. ફળિયું આરામ ફરમાવે ત્યારે ય આ બે ડોસલા તો વગડાની વાટે હોય. ડોસીઓ ઘરને બાથ મારી રહે. પેટીપટારાની ચાર પૈસા મિલકતને નાગણોની જેમ સાચવે. કોણ જાણે કોના માટે? આ ચારેએ નથી જગત જોયું કે નથી જાણી કશી ગતિપ્રગતિની વાતો. ગણીએ તો નિજમાં જીવનારાં આ પરિશ્રમીઓ છે, ને આમ જોઈએ તો જડ, મજૂરી કરવાને ટેવાયેલાં એષણાએ મજબૂરિયાં બિચ્ચારાં! આલનારે આલ્યું પણ આમણે વાપર્યું નહીં, વધાર્યું ને આયખું વગોવ્યું. ભાવિ ન ઊકલે તો ધૂળ નાખી વાતમાં, પણ જેને આવતીકાલનું ના ભળાય, ને જાત વિશેય કાંઈ ન સૂઝે એને શું કહેવું? ફળિયાનાં લોક આમને તાકી રહે તાજજુબીથી. મદદ કરવા જાય તો છણકો કરે. ક્યારેક કાલાંવાલાં કરવા આવે. ક્યાંક ચપટીક ઉદારતા દાખવવા જાય, પણ પાછી મૂળ જાત મોઢું કાઢે. કર્મની કેવી ગતિ તે કોણ કમાય કોની વતી? આવતા જન્મારામાં ય આવીને અહીં જ બાથ મારવાની હોય એમ જીવેલાં આ ચારેય વૃદ્ધો ફળિયાની અજાયબી રહેલાં. માણસનો સ્વભાવ દોરડી બળે પણ વળ ન મૂકે એવો. મનનું મેલું ને લાકડાનું પોલું ન સમજાય. કંઈ કેટલીય કહેવતો નવી ઘડવી પડે એવાં આ ચાર જણ. એમના વર્તન વિશે ફ્રોઈડનું મનોવિજ્ઞાન પણ ખોટું પડે. માલિકે આવાં લોક પણ કશાક ઉદ્દેશથી જ ઘડ્યાં હશે? કે પછી એને ય ગમ્મત પડે છે?

એ વૃદ્ધોની સામે ભગાકાકાને મૂકો. ફળિયની દખણાદે છેલ્લું ઘર. સામે ઠાકોરની મેડી. ગામના નાક જેવી દેખાય દૂરથી. ભગાકાકાએ વેઠ્યું, વાપર્યું ને વેડફ્યું. પણ હિમ્મત તો એમની. બોલીના શૂરા એમ મહેનતનાય પૂરા. અમલદારો-અધિકારીઓને ય ના ગાંઠે. કોઈથી ગાંજ્યા ના જાય. પણ સમયે એમને વચ્ચેનાં વરસોમાં ઠમઠોરેલા. પાછા લાઈનમાં-વળાકામાં આવી લાગ્યા. બોલે તો ન્યાત સાંભળી રહે, ગામ ટોળે મળે. હમણાં જમીન રાખી સરખી કરાવી લસણ-આદુની વાડી કરી. કમાય એથી દોઢું આદરે, બમણું વાપરે ખાય નિરાંતે. ઊંઘે જગતને ઓશીકે મૂકી. કાને સોનાનાં ફૂલ ને છેલકડી પ્હેરે, તાંબા જેવો ચ્હેરો, કથ્થાઈ આંખો. ઢળતી રાતે હોકો પીએ ને રેડિયો સાંભળે.

ઠાકોર બંદુક રાખતા. વારતહેવારે આભભડાકા કરતા. એ ય કામગરો જીવ. માણસ સાબદો ને સમજણો. રોગે ખૂટવ્યો. ઠકરાણી દીકરાઓને નળિયાં ઘસીને નવડાવે, રાતાચોળ ને ઉજળાભટાક રાખે. ઘર નરી સ્વચ્છતા. ગામડામાં આટલી ચોખ્ખાઈ ક્યાંય ન ભાળો. આવી સ્વચ્છતા હતી તો ય પ્રભુતાએ વાસ ના પૂર્યો. કેમકે મંછાઓ વળગેલી હતી એ આવનારું આરોગી જતી ને પ્રકટતા દીવાને ઓલવી નાખતી.

કૂવા સામે છે રાયજી માસ્તરનું ઘર. નોકરી ને ખેતી. બે પલ્લામાં બે પગ. રાયજી જિન્દગીનો મત્સ્યવેધ કરે છે. છે સુખી. પણ હમણાં તો પરિશ્રમ થાય છે એટલે વાડી લીલી છે. વચ્ચેનાં ઘરોમાં થોડા માસ્તરો છે. થોડી ભણેલી વહુઓ આવી છે. પોલીસપટેલનો ઘસાયેલો હોદ્દો પણ આ ફળિયામાં છે. કેટલાક મહેનતુ પ્રામાણિક ખેડૂતો છે. છેલ્લે બે લાઈનમાં મારું ને મામાનું ઘર સામસામે છે. મામા અધ્યાપક છે 'મામા' એમનું હોસ્ટેલનું નામ છે. સ્વભાવે પોચા ને વ્યવહારે ખમચાતા પણ પાકા જીવ. જે કરવું છે તે માટે તક જુવે, તાલ જુવે. વરસો જાય છે. મામી મહેતી છે. ઘરમાં બા છે. આખાબોલાં ને રાચાબોલાં, મહેનતું-બાપા અડધા છે, અંગે અને સંગે. ફળિયાનો રંગ અહીં વધારે ગાઢો છે, રાતે ઘણા આ લીમડીઓ નીચે બેસીને ગામગપાટા મારે છે. કથની છે એવી કરણી નથી બધાંની. છતાં ફળિયા પર માલિકની મહેરબાની છે. આમ જુઓ તો ફળિયે વેઠ્યું છે, ને ઘણી સૂકીલીલી જોઈ છે. તડકા પડે છે, વાયરા વાય છે, બાવા માગવા આવે છે. નોકરો ભાતાં લઈને જાય છે. હવે તો વાહનને વ્યવહાર છે, ફળિયામાં વીજળીની લાકડીઓ આવી છે. કૂવાનો કઠેડો જર્જરિત છે, વંડી તૂટી છે, પણ વૃક્ષો ઊભાં છે. બીડીઓનાં ઠૂંઠાં બળે છે. રૂપેરી હોકા હવે ગડગડતા નથી. છોકરાની ફેશનો જોઈને વૃદ્ધો બડબડતા રહે છે, પણ બગડતા નથી. ફળિયાની શેહશરમ છે એટલે ખાસ કોઈ ઝઘડતા નથી. ગામને માથે મોળ પર બેઠેલું છે આ ફળિયું. ઉગમણા પંથકમાં જવાનો માર્ગ પણ આ ફળિયાને વીંધીને જાય છે. પણ ફળિયું ક્યાંય જતું નથી, આવતું નથી. ઘરડું ફળિયું બાળકો ભેળું રમીને પાછું ફરીથી જુવાન થઈ જાય છે. આ ફળિયું હજી મારામાં જીવે છે. હકીકતે તો હું એ ફળિયામાં જીવવા તલખું છું, વારેવારે વલખું છું, પણ હવે ગામ ડેમને લીધે ઊઠવા માંડ્યું છે ફળિયું તૂટવા માંડ્યું છે.... □

ગોળો

માધવ ચૌધરી

અયોગ્ય આહારવિહારથી અત્યંત વિકારવાળા વાતાદિ દોષો પેટમાં ગાંઠના જેવો ગુલ્મરોગ ઉત્પન્ન કરે છે. બે પડખાં (કૂખ), હૃદય, નાભિ અને બસ્તિ એ પાંચ ગુલ્મરોગનાં સ્થાન છે. કુપિત થયેલા જુદાજુદા ત્રણ વાતાદિ દોષોથી, ત્રણે દોષોથી, અને પાંચમો વધારાનો લોહીથી થનાર રક્તગુલ્મ, એ ગુલ્મરોગના પાંચ પ્રકાર છે. વાત ગુલ્મ વાયુનો (ગોળો) સ્ત્રી-પુરુષ બંનેને ચઢે છે. જ્યારે રક્તગુલ્મ એ માત્ર સ્ત્રીઓને જ થાય છે. સ્ત્રીઓનું અટકાવનું લોહી યોનિમાર્ગમાંથી બહાર નીકળવાને બદલે જ્યારે ગર્ભાશયમાં ગોળારૂપે જામી જાય છે. ત્યારે અટકાવ આવવો બંધ થાય છે અને તેનાં બધાં લક્ષણ સ્ત્રીને ગર્ભરહ્યાનાં જેવાં થાય છે. તેને રક્તગુલ્મ કહે છે. રક્તગુલ્મને લીધે સ્ત્રીને ઘણી પીડા થાય છે. અટકાવ બંધ થયા પછી પૂરા દસ માસ થાય ત્યારે એ રક્તગુલ્મ કુદરતી રીતે પાકે છે અને ત્યારબાદ જ તેને ફોડવાનો અને અટકાવ લાવવાનો ઇલાજ કરાય છે. દસ મહિના થાય તે પહેલાં રક્તગુલ્મનો કોઈપણ ઇલાજ કરાવવો નહિ. રક્તગુલ્મમાં દસ મહિના રાહ જોવી જ પડે છે.

વાતગુલ્મમાં સારી જાતની શેકેલી હિંગ લેવી અને એરંડિયાનો રેચ લેવો. તેનાથી ગુલ્મમાં રાહત થાય છે. વાયુના ગોળામાં ઘી, દૂધ અને તેલવાળો સ્નિગ્ધ ખોરાક લેવો. અગ્નિ પ્રદીપ્ત કરે તેવું ઔષધ, સ્નિગ્ધ ઉષ્ણ ભોજન અને વાયુનું અનુલોમન થાય એ રીતો ગુલ્મરોગીને માટે લાભપ્રદ છે.

વાતગુલ્મ અને કફગુલ્મ

(૧) બિજોરાના રસમાં શુદ્ધ હિંગનું ચૂર્ણ, દાડમના દાણાનો રસ, બિડલવણ અને સિંધર્વ મેળવી પીવાથી વાતગુલ્મ મટે છે.

(૨) કાંકચ શેકી, ગોળો કાઢી, તેની ભૂકી કરી, ગોળ મેળવી ખાવાથી વાયુનો ગોળો મટે છે.

(૩) કાંકચનો ગોળો અને લવિંગ એકત્ર કરી લેવાથી વાયુનો ગોળો તાત્કાલિક મટે છે.

(૪) સાજીખાર, કઠનું ચૂર્ણ અને કેતકીનો ક્ષારને તલના તેલની સાથે પીવાથી, (૫) સરગવાનાં પાનના રસમાં સાકર મેળવી ત્રણ દિવસ પીવાથી, (૬) દૂધમાં એરંડિયું મેળવી પીવાથી અને (૭) અળવીનાં ડાંડા સાથેનાં પાન બાફી, તેનું પાણી (રસ) કાઢી, તેમાં ઘી મેળવી, ત્રણ દિવસ પીવાથી વાતગુલ્મ વાયુનો ગોળો મટે છે.

રક્તગુલ્મ

(૧) આકડાનાં ફૂલ તલના તેલમાં તળીને ખાવાથી રક્તગુલ્મ ઓગળી રક્તસ્રાવ થઈને નીકળી જાય છે. રક્તગુલ્મ મટે છે.

(૨) અરીઠાંના પાણીમાં કડવી વૃંદાવનીનાં મૂળ ઘસીને પીવાથી અથવા (૩) દૂધમાં મધ મેળવીને પીવાથી પણ રક્તગુલ્મ મટે છે.

સર્વસામાન્ય ગોળો

(૧) અજમો, સિંધવ અને હિંગ સમભાગે લઈ, વાટી, તેની ફાકી લેવી. (૨) શુદ્ધ હિંગ, સિંધવ, કોકમ, રાઈ અને સૂંઠ સમભાગે લઈ, તેનું ચૂર્ણ કરી પાણી સાથે પીવું. (૩) સાટોડીનાં પંચાંગનું ચૂર્ણ અને સિંધવ ગાયના મૂત્રમાં મેળવીને પીવું. તેનાથી બરોળની વૃદ્ધિમાં પણ ફાયદો થાય છે. (૪) અપામાર્ગક્ષાર ખાવાથી ગોળો અને આફરો મટે છે. (૫) આકડાનાં ફૂલ એક ગ્રામને મીઠા સાથે બાફીને ખાવાથી ગોળો અને પેટના રોગો મટે છે. (૬) નગોડનાં પાનનો પાંચ ગ્રામ રસ લઈ, તેમાં પાંચ ગ્રામ ઘી તથા આઠ-દસ દાણા મરીની ભૂકી નાખી ચાટવાથી પેટમાં વાયુ ભેગો થયો હોય તો તે મટે છે. (૭) અર્ધાથી એક ગ્રામ જવખાર ખાવાથી ગુલ્મ-ગોળો મટે છે. (૮) ઘોડાવજ, હરડે, હિંગ, સિંધવ, અમ્લવેતસ, જવખાર અને અજમો વીસ-વીસ ગ્રામ લઈ, ચૂર્ણ કરી, એક ગ્રામથી અઢી ગ્રામ સવાર-સાંજ ગરમ પાણીની સાથે લેવાથી ઉપદ્રવ સહિતનો ગુલ્મરોગ સાત દિવસમાં મટે છે.

* * *

એક વર્ષ પહેલાંના જૂના ચોખા, શાલિ (રાતા) ચોખા, ખાંડ, સાકર, કળથીનો યૂષ, મદ્ય (દારૂ), ગાયનું તથા બકરીનું દૂધ, દ્રાક્ષ, ફાલસાં, છાશ, એરંડિયું, લસણ, કૂણા મૂળા પત્રશાક, બથવાની ભાજી, સરગવાનું શાક, બિજોરું, હરડે અને વાયુનું અનુલોમન કરનારાં દ્રવ્યો ગુલ્મ-ગોળામાં પથ્ય છે.

અડદ, જવ, માછલાં અને મધુર ફળો ગુલ્મરોગમાં અપથ્ય છે. ગુલ્મરોગીએ મળ-મૂત્રનો વેગ, અધોવાયુનો વેગ, પરિશ્રમનો શ્વાસ અને આંસુઓને રોકવાં ન જોઈએ. તેમજ ગોળાના રોગીએ વમનકર્મ તથા વધુ પડતું જળપાન તજવું જોઈએ. □

સ્પિન ગોલંદાજી

કુમારપાળ દેસાઈ

ક્રિકેટવિશ્વમાં ભારત એના સ્પિન ગોલંદાજોને કારણે જાણીતું છે. ૧૯૭૧માં ભારતે આ સ્પિન ગોલંદાજીના આક્રમણથી વિશ્વમાં ઘણી મોટી નામના હાંસલ કરી હતી. મૅચ ખેલાતી હોય ત્યારે ઝડપી અને મધ્યમ ઝડપી ગોલંદાજી પછી સ્પિનરનો વારો આવે છે. ગોલંદાજીની તાકાત ઝડપી ગોલંદાજીમાં જોવા મળે, પરંતુ ગોલંદાજીની કલા તો સ્પિન ગોલંદાજીમાં પ્રકટ થાય છે. આંગળી, કાંડું અને બુદ્ધિનો આમાં ત્રિવેણી સંગમ જરૂરી છે. આ સ્પિન ગોલંદાજ માત્ર ચાર કે પાંચ જ ફાળ ભરતો હોવા છતાં એને માટે 'રન-અપ' અને ફોલો થ્રૂ ઝડપી ગોલંદાજ જેટલા જ મહત્ત્વના છે.

ઝડપી ગોલંદાજના દડા ઝડપથી આવતા હોવાને લીધે બૅટ્સમેનને વિચારવા માટે લાંબો સમય મળતો નથી, જ્યારે સ્પિનનો દડો ખેલવા માટે બૅટ્સમેન પાસે પૂરતો સમય હોય છે. આથી સ્પિનરે એવી યુક્તિભરી ગોલંદાજી કરવી જોઈએ કે જેથી બૅટ્સમેનની ગણતરી ખોટી પડે. દડો કેટલા સમય સુધી અને કેટલા અંતર સુધી હવામાં રહેશે તેનો બૅટ્સમેન સાચો અંદાજ મેળવી શકે નહિ તેમ કરવું જોઈએ. દડાની ફ્લાઈટ (પિચ પડ્યા પછી દડો ઊંચે આવવો)માં અને એની ગતિમાં પરિવર્તન અને વૈવિધ્ય લાવીને સ્પિનર બૅટ્સમેનને મૂંઝવતો રહે છે. આ માટે સ્પિનર કેટલાક નુસખા પણ અજમાવે છે. ક્યારેક બે-એક ફાળ પાછળથી અને વધુ ફ્લાઈટ આપીને દડો નાખે છે. ક્યારેક દડા પરની પોતાની પકડ વધુ મજબૂત કે વધુ ઢીલી બનાવીને દડો નાખે છે. ક્રિસની પહોળાઈનો પણ ઉપયોગ કરે છે.

સખત વિકેટ પર સ્પિનરને ગોલંદાજી કરવાનું આવે ત્યારે એણે અખૂટ ધૈર્ય રાખીને મહેનત કરવી પડે છે. જમણોડી ઑફ સ્પિનર અને ડાબોડી લેગ સ્પિનર દડાને આંગળીથી સ્પિન કરે છે. જ્યારે જમણોડી લેગ સ્પિનર, ગૂગલી બોલર અને ચાયનામૅન નાખતો સ્પિનર દડાને કાંડાથી સ્પિન કરે છે.

ક્રિકેટની દુનિયામાં તમને ઘણા નામાંકિત ઑફ સ્પિનર નજરે પડશે. વેસ્ટ ઈન્ડીઝના લૅન્સ ગિબ્સ (૭૯ ટેસ્ટમાં ૩૦૯ વિકેટ), જિમ લેકર (૪૬ ટેસ્ટમાં ૧૯૩ વિકેટ), 'સોની' રામાધીન (૪૩ ટેસ્ટમાં ૧૫૮ વિકેટ) અને એરાપલ્લી પ્રસન્ના (૩૯ ટેસ્ટમાં ૧૬૩ વિકેટ) જેવા ખ્યાતનામ ગોલંદાજો મળે છે. આમાં દડો પિચ પડ્યા પછી 'ઑફ' બાજુથી 'લેગ' બાજુ જાય છે. દડાને ઘુમાવવાનું કામ અંગૂઠા પાસેની જમણા હાથની પહેલી આંગળી કરે છે. આંગળાં અને કાંડાના સંયુક્ત પ્રયત્નથી દડો ડાબી બાજુથી જમણી બાજુ જાય છે. જે રીતે જમણે હાથે બારણાનું હૅન્ડલ ફેરવીએ તે રીતની ક્રિયા ઑફ સ્પિનર કરતો હોય છે.

ઑફ સ્પિન ગોલંદાજી એ બીજા કોઈ પણ સ્પિન દડા કરતાં વધુ વેધકતાથી નાખી શકાય છે. જ્યાં પિચ સ્પિન લેતી હોય અથવા તો સતત બદલાતી હોય, ત્યાં એને સારી એવી સફળતા મળે છે. બીજા કોઈ પણ ગોલંદાજ કરતાં ઑફ સ્પિનર પાસે લાંબાં, ચપટ અને શક્તિશાળી આંગળાં હોવાં જરૂરી છે. જિમ લેકર અને લૅન્સ ગિબ્સ લાંબી આંગળીઓ ધરાવતા હતા. ઘણીવાર ઑફ સ્પિનર એ જ રીતથી સીધો દડો નાંખે છે, જેથી બૅટ્સમૅન તેને ઑફ બ્રેક માનીને થાપ ખાઈ જાય છે.

જમણોડી ગોલંદાજ માટે લેગ સ્પિન ગોલંદાજી અત્યંત કઠિન છે. આથી જ કોઈ પણ ખેલાડીને લેગ સ્પિનર તરીકે ઝળકના ઘણો



ઑફ સ્પિનરની ગ્રીપ



લેગ સ્પિનરની ગ્રીપ



ડાબોડી સ્પિનરની ગ્રીપ

સમય લાગે છે. આમાં મહત્ત્વ છે ત્રીજી આંગળીનું. અંગૂઠો અને પહેલી બે આંગળી દડાને પકડી રાખે છે. દડાની સિલાઈને આડી રાખી પહેલી બે આંગળી અને અંગૂઠો - ત્રણે સિલાઈ પર ઊભાં રાખીને, દડો પકડવામાં આવે છે. ત્રીજી આંગળી દડાને જરૂરી સ્પિન આપે છે.


લેગ સ્પિનરે સતત આક્રમણ કરવાનું હોય છે. આથી એણે લેગ સ્ટમ્પ ભણી અથવા તો એની નજીક દડાનો મારો ચલાવવાનો હોય છે. ઝડપી પિચ પર એ પોતાની ઝડપમાં થોડું પરિવર્તન આણી બૅટ્સમૅનને છેતરે છે, જ્યારે નિર્જીવ પિચ પર એ સહેજ ઝડપથી દડાને નાખીને બૅટ્સમૅનને છેતરવા પ્રયત્ન કરે છે. જ્યારે પિચ ટર્ન લેતી હોય ત્યારે એને માટે વેધક લેન્થ અત્યંત જરૂરી બની રહે છે. ભારતે સુભાષ ગુપ્તે અને ચંદ્રશેખર જેવા કુશળ લેગ સ્પિન ગોલંદાજો આપ્યા છે.



પ્રસન્ના ચંદ્રશેખર બેદી

ઈંગ્લૅન્ડના બોસાંકવેટ નામના ગોલંદાજે ગોલંદાજીની એક નવી રીતની શોધ કરી. એણે જોયું કે દડાને લેગ સ્પિન કરતી વખતે જો કાંડાને પૂરેપૂરું ઘુમાવીને હથેળીની પાછળ રાખીને દડા ફેંકવામાં આવે તો દડાને વિરોધી ગતિ એટલે કે એને ઑફ સ્પિન મળે છે. બોસાંકવેટે પોતાની આ વિલક્ષણ ગોલંદાજીને ટેસ્ટ મૅચમાં સફળતાપૂર્વક અજમાવી અને આથી જ આવા દડાને 'બોસી' કહેવામાં આવતો, જે હવે ગૂગલી તરીકે ઓળખાય છે. આમ,ગૂગલી દડો એટલે લેગ બ્રેકની ક્રિયાથી ઑફ બ્રેક થયેલો દડો. લેગ બ્રેકની માફક જ ગૂગલીમાં દડો પકડવામાં આવે છે, પણ આમાં માત્ર એટલું જ કે કાંડું જરા વધારે વાળવાનું હોય છે અને દડો છોડતી વખતે હથેળી પાછળ હોય છે અને દડો આંગળાં ઉપર થઈને પસાર થાય છે.

ગૂગલી દડાની સૌથી મોટી વિશેષતા એ છે કે એનાથી બૅટ્સમૅન છેતરાઈ જાય છે. પરંતુ એથી જ ગૂગલી દડાનો આશ્ચર્યકારક દડા તરીકે જ ઉપયોગ થવો જોઈએ. જો ગોલંદાજ વારંવાર એનો ઉપયોગ કરે તો એની ખૂબી પરખાઈ જાય અને પરિણામે એના ગૂગલી ઝુડાઈ જાય. સખત પ્રૅક્ટિસ અને લાંબા પરિશ્રમ પછી ગૂગલી દડા પર કાબૂ મેળવી શકાય. ડાબા હાથની સ્પિન ગોલંદાજીમાં જમણા હાથની સ્પિન ગોલંદાજીના જ બધા સિદ્ધાંતો લાગુ પડે છે. માત્ર એટલો જ તફાવત છે કે અહીં જમણાને બદલે ડાબા હાથે ગોલંદાજી કરવામાં આવે છે. ડાબોડી ગોલંદાજ અત્યંત સરળતાથી ઇન સ્વિંગ અને લેગ સ્પિન નાખી શકે છે. જમણોડી ગોલંદાજ સામાન્ય રીતે 'ઓવર ધ વિકેટ' ગોલંદાજી કરે છે એટલે કે વિકેટ તેની જમણી બાજુ રહેતી હોય છે. જ્યારે ડાબોડી ગોલંદાજ 'રાઉન્ડ ધ વિકેટ' ગોલંદાજી કરે છે.



સુભાષ ગુપ્તે

ડાબોડી સ્પિનરનું સ્મરણ થાય અને ભારતનો બિશનસિંહ બેદી યાદ આવે. ડાબોડી સ્પિનર અત્યંત વેધક ગોલંદાજી કરી શકતો હોવાથી એને લાંબા સમય સુધી ગોલંદાજી આપવામાં આવે છે. વળી, જગતમાં મોટાભાગના ગોલંદાજો જમણોડી હોવાથી બૅટ્સમૅનને ડાબોડી ગોલંદાજ સામે રમવું મુશ્કેલ પડતું હોય છે. આ ડાબોડી સ્પિનર જમણોડી ઑફ સ્પિનરની માફક જ દડાને ફેંકે છે, પણ પિચ પડ્યા પછી એનો દડો લેગ સ્પિન થાય છે. ડાબોડીનો આ લેગ સ્પિન દડો પિચ પડીને ઑફ સાઈડ જતો હોવાથી બૅટ્સમૅનને માટે આવો દડો રમવો ખૂબ મુશ્કેલ બની જાય છે. વળી, ઑફ સાઈડ પર મજબૂત ફિલ્ડિંગ ગોઠવી હોય તો રન લેવા કપરા બની જાય છે. આથી રનની ગતિ રોકવા માટે આંગળીથી દડાને સ્પિન કરતા ડાબોડી સ્પિનરનું ઘણું મહત્ત્વ છે. ક્યારેક એ સીધો દડો નાખી 'આર્મર' નાખતો હોય છે. જ્યારે ડાબા કાંડાથી દડાને સ્પિન કરનારા ગોલંદાજ બહુ જૂજ જોવા મળ છે. ડાબોડી ગોલંદાજનો કાંડાથી ઑફ બ્રેક થયેલો દડો એ 'ચાયનામૅન' કહેવાય છે.

બૅટ્સમૅન નવ રીતે આઉટ થાય છે : (૧) બોલ્ડ (૨) કૅચ આઉટ (૩) એલ.બી.ડબ્લ્યુ (૪) હિટ વિકેટ (૫) રન આઉટ (૬) સ્ટમ્પ આઉટ (૭) હૅન્ડલ ધ બૉલ એટલે કે રમતમાં રહેલા દડાને હાથથી સ્પર્શ કરવો. (૮) હિટ ધ બૉલ ટ્વાઈસ એટલે કે દડાને બે વખત ફટકારવો. (૯) ઑબસ્ટ્રક્ટિંગ ધ ફિલ્ડ એટલે કે ફિલ્ડરને એની ફિલ્ડિંગના કાર્યમાં અવરોધરૂપ બનવું. ગોલંદાજનું મુખ્ય કામ છે આક્રમણ કરવાનું અને જ્યાં સુધી ઘડિયાળ, સ્કોર બોર્ડ કે સુકાની એને સંરક્ષક ગોલંદાજી કરવાની સૂચના ન આપે, ત્યાં સુધી એ એનું આક્રમણ ચાલુ રાખે છે. ગોલંદાજ ક્યારેક પોતે એકલો અથવા તો ક્યારેક સુકાનીના સહકારથી ફિલ્ડિંગ ગોઠવતો હોય છે. આ સમયે એ રમતની પરિસ્થિતિ, વિરોધી બૅટ્સમૅન તેમજ પોતાની ગોલંદાજીની પદ્ધતિને લક્ષમાં રાખતો હોય છે. જો કોઈ બૅટ્સમૅન અમુક જ જગ્યાએ દડો ફટકારીને રન મેળવતો હોય તો તે જગ્યાએ કુશળ ફિલ્ડર ગોઠવીને એ રનના પ્રવાહને અટકાવે છે. નવો બૅટ્સમૅન શરૂઆતમાં મુક્ત અને આક્રમક રમત બતાવતો નથી. આથી એ સમયે બૅટ્સમૅનની આસપાસ ફિલ્ડરોનો 'ઘેરો' યોજાય છે. વળી, બૅટ્સમૅનનો અભ્યાસ કર્યા પછી પોતાની ગોલંદાજીમાં અમુક જગ્યાએ એ કૅચ આપી દેશે એમ લાગે તો એણે અગાઉથી ફિલ્ડરને સાવધ કરી દેવો જોઈએ.

ક્રિકેટની રમતમાં બૅટિંગ અને ગોલંદાજી ઉપરાંત ફિલ્ડિંગનું સ્થાન મહત્ત્વનું છે. જે કૅચ મૂકે તે મૅચ મૂકે એમ કહેવાય છે. એ જ રીતે વિકેટ કીપર અને સુકાની પણ આ રમતમાં મહત્ત્વની કામગીરી બજાવે છે. □

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

રેસ્ટોરેશન પછી : ડીફો

ઈ. ૧૬૮૮માં જેમ્સ બીજાનાં શાસન દરમ્યાન રક્તહીન ક્રાન્તિ (Bloodless Revolution) પછી રાજકીય, સામાજિક તેમજ સાહિત્યિક હવામાનમાં નવો પલટો આવ્યો. જેમ્સ બીજા પછી વિલિયમ ત્રીજો અને રાણી મેરીનો રાજ્ય-અમલ (૧૬૮૮-૧૭૦૨) શરૂ થયો.

રેસ્ટોરેશન યુગનાં અંતિમ વર્ષો અજંપાનાં અને રાજકીય અસ્થિરતાનાં હતાં. રાજ્યમાં અને ધર્મમાં એક જ વ્યક્તિની સર્વોપરિતા સામે પ્રજાપોકાર ઊઠવા માંડ્યો હતો. લોકસત્તા માટે પ્રચ્છન્ન અથવા તો પ્રકટ સંઘર્ષ ચાલુ હતો. બંધારણીય સ્વાતંત્ર્ય માટે લોકેષણા પ્રબળ બનવા માંડી હતી. ધાર્મિક સહિષ્ણુતાનો ખ્યાલ વેગ પકડતો જતો હતો.

ઇ. ૧૬૮૮ની શાંત ક્રાન્તિથી આ બધા અજંપાનો અંત આવ્યો. એક વ્યક્તિની રાજ્યમાં સત્તાધીશતાને સ્થાને લોકપ્રતિનિધિની સત્તા અમલમાં આવી. પ્રજાને ધાર્મિક બાબતમાં સ્વાતંત્ર્ય મળ્યું. નવી રાજ્ય વ્યવસ્થામાં સામાજિક ગુરુત્વાકર્ષણનું કેન્દ્ર પણ બદલાયું. ચાર્લ્સ બીજાના રાજ્ય-અમલ દરમ્યાન એકંદર ઈંગ્લૅન્ડ ભલે ગરીબ, અર્ધદગ્ધ અને ખેતીવાડી પર નભતું હોવા છતાં લંડન એક ભપકાદાર, ફૅશનેબલ અને શિક્ષિત જનોથી ધબકતા નગર તરીકે વિકસ્યું હતું. ચાર્લ્સ બીજાના દરબારી કવિઓની-નાટ્યકારોની વાહવાહ હતી. એક અનોખા ચળકાટથી લંડન શહેર ચમકતું હતું. વૈભવ-વિલાસને તેમાં છૂટો દોર હતો. બુદ્ધિવાદના પ્રકાશમાં જૂનાં નૈતિક-સાંસ્કારિક મૂલ્યો ઢંકાઈ ગયાં હતાં.

વિલિયમ ત્રીજાના શાસન દરમ્યાન રાજ્યમાં વેપારીઓનો-ઉચ્ચ મધ્યમવર્ગનો પ્રભાવ વધવા માંડ્યો હતો. અલબત્ત, આ પ્રભાવ અણધાર્યો કે એકાએક વધી ગયો નહોતો. પંદરમી સદીથી વ્યાપારી વર્ગ રાજ્યના ઉચ્ચ સત્તાધીશ વર્તુળોમાં સ્થાન જમાવવા મથી રહ્યો હતો. અને શાસકવર્ગ પણ તેમની સાથે મનમેળ સાધીને રાજ્યધુરા સાચવતો હતો.

પણ ૧૬૮૮ની રાજ્યક્રાંતિ પછી ધનિક મધ્યમવર્ગ ધ્યાનપાત્ર બને તે રીતે ઊપસ્યો અને ઉમરાવશાહીમાં મોટું છીંડું પડ્યું. અઢારમાં સૈકામાંય ઉમરાવશાહી અથવા ધનિકશાહી જળવાઈ તો રહી પણ નવો વ્યાપારી વર્ગ તેમાં ભળવાથી એક નવી ખાનદાનશાહી-કુલીનશાહી (Gentility)નો ઉદ્ભવ થયો. ચાર્લ્સ બીજો ૧૬૮૫માં મરણ પામ્યો તે પછી ૧૬૮૮માં જેમ્સ બીજાના શાસનકાળમાં જે અહિંસક ક્રાન્તિ (Glorious Revolution) થઈ (કેટલાક તેને Bloodless Revolution પણ કહે છે) તે મહદંશે નવા ઉદ્ભવેલા ધનિક મધ્યમવર્ગ દ્વારા સંચાલિત થઈ હતી. એટલે હવે પછીના રાજકારણમાં આ વર્ગનો મહિમા વધે એ સ્વાભાવિક હતું.

પણ જૂની ઉમરાવશાહી, તેની રીતરસમો, તેમનાં ફૅશનેબલ વાણી-વર્તન વગેરેનો આ નવા મધ્યમવર્ગને ખાસ પરિચય નહોતો. ઉમરાવોની સાથે હળવાભળવા માટે જે શૈક્ષણિક-સાંસ્કારિક સ્તર જોઈએ તેની મોટી ઊણપ આ વર્ગમાં હતી. નવો ધનિકવર્ગ ભલે ઊંચા અમીર-સામંતો સાથે ભળ્યો ખરો પણ એ મૂંઝાયેલો હતો. પોતાના પરિવારને ઉચ્ચ સમાજમાં કેમ ભેળવવા તેની મુશ્કેલી હતી. અત્યાર સુધી કોર્ટના અમીર-ઉમરાવોની સ્વચ્છંદી વૈભવ- વિલાસથી સભર સંસ્કૃતિથી આ વર્ગ દૂર રહ્યો હતો. હવે ક્રાન્તિ પછી નવી આબોહવામાં એ સંસ્કૃતિનો પ્રભાવ ઓસરી ગયો હતો તેમ છતાં અમુક સાંસ્કારિક સ્તર પર પહોંચવા માટે ધનિક મધ્યમવર્ગને પુરુષાર્થ કરવો પડે તેમ હતો. નવા જમાનાને અનુરૂપ થવા માટે શિક્ષણ અને સાહિત્યની સહાય તેમને જરૂરી હતી. એ જ વખતે આ મધ્યમવર્ગને નવી પ્રણાલિઓની, નીતિસંસ્કારની સમજ આપનારો એક લેખકવર્ગ પણ મળી રહ્યો. ડૅનિયલ ડીફો; (Daniel Defoe), જોસેફ ઍડિસન (Joseph Addison), સ્ટીલ (Steele) વગેરે આ સમુદાયના સમર્થ લેખકો-પત્રકારો હતા.

ચાર્લ્સ બીજાના સમય દરમ્યાન કોર્ટ શિક્ષિતોના હળવામળવાનું સ્થાન હતું. પણ ધીમે ધીમે કૉફી હાઉસ વધવા માંડ્યાં અને તે લેખકો તથા શિક્ષિતોનાં મિલનસ્થાન બન્યાં. પત્રકારો પણ મહિમાવંતા બનવા માંડ્યા. તત્કાલીન સમાજ વિશે - સમાજનાં સારાંનરસાં રીતરિવાજો વિશે- નવી જ શૈલીના લેખો પ્રકટ થવા માંડ્યા. આમ, નવા ઉદ્ભવેલા શ્રીમંત વ્યાપારીવર્ગના સભ્યોને પોતાની ઊણપ પૂરવા માટે સરસ સગવડ મળી ગઈ. આ નવા સામાજિક માળખામાં કવિતા પણ સમાજલક્ષી બની- એક સાંસ્કૃતિક પ્રવૃત્તિ બની. અને આ નવી ઉદ્ભવ પામતી સંસ્કૃતિને વસ્તુઓને અમુક ચોક્કસ 'પર્સપેક્ટિવ'થી નિહાળવામાં આવે એવી અપેક્ષા હતી. કાવ્યમાં લાલિત્ય, સુરુચિ, શિષ્ટ સમાજ પ્રત્યેની સભાનતા, નર્મ, કલાસંયમ વગેરે વ્યક્ત થાય તેવી અપેક્ષા હતી. અંગત તરંગલીલા અથવા તો ધૂનની તુલનામાં સમાજનાં ધોરણો જળવાય તે બાબતને પ્રાધાન્ય મળે તેવી કવિતા માટે હવે પ્રજાની પસંદગી હતી. 'હીરોઈક કપ્લેટ' કવિતાની એક ઉત્તમ ટેક્નિક મનાવા લાગી. રાણી એનના રાજ્ય-અમલ દરમ્યાન કવિ પોપે આ ટેક્નિકનો સમર્થ ઉપયોગ કરી બતાવ્યો.

ગદ્યના ક્ષેત્રમાં ડૅનિયલ ડીફો (૧૬૬૦-૧૭૩૧) ઍડિસન, સ્ટીલ અને બીજા કેટલાક સમર્થ લેખકોએ નોંધપાત્ર પ્રદાન કર્યું. ડીફો ઇ. ૧૬૬૦માં લંડનમાં એક નીચલા મધ્યમ વર્ગમાં જન્મેલો; શિક્ષણ આછું-પાતળું પામેલો; પરદેશમાં પ્રવાસ ખેડ્યો, વેપારમાં ઝુકાવ્યું, નાદાર

થયો, જેલવાસ વેઠ્યો. આવી થોડીઘણી વિગતો તેના જીવન વિશે મળે છે; પણ લેખક તરીકે તેણે વિપુલ પ્રમાણમાં વૈવિધ્યપૂર્ણ સાહિત્ય રચ્યું છે. અહિંસક ક્રાન્તિ પછી નવા ધનિક વ્યાપારીવર્ગની જે એષણાઓ હતી તેનો ઉત્તમ પડઘો એ જમાનામાં ડીફોએ જેવો પાડ્યો છે તેવો બીજા કોઈ લેખકે પાડ્યો નથી. એ રીતે ડીફો નવીન મધ્યમવર્ગનું વાજિંત્ર (Mouthpiece) બની રહ્યો. આ વર્ગની સામાજિક-નૈતિક બાબતો વિશેની ભાવના-માન્યતાઓની ચર્ચા પ્રથમ વાર ડીફોએ વ્યવસ્થિત રીતે કરી. આ નવા વર્ગની રાજ્યમાં પદવીપ્રતિષ્ઠા અંગે પણ તેણે ચર્ચા-વિચારણા કરી છે.

૧૬૯૭માં તેણે 'એસે ઑન પ્રોજેક્ટ્સ' (Essay on Projects) પ્રકટ કરીને પોતાના ફળદ્રુપ દિમાગની પ્રતીતિ કરાવી. એણે કેટલીક વ્યવહારુ યોજનાઓ-માગણીઓ તેમાં રજૂ કરી છે - તેમાં વિવેકપૂર્ણ શિક્ષણ, અંગ્રેજી ભાષામાં શિષ્ટતા, સુરુચિ અને શુદ્ધિનો આગ્રહ વગેરે ધ્યાનપાત્ર છે. પણ વિશેષ વાત તો એ છે કે તેણે મહિલાઓ માટે અકાદમીની માગણી મૂકી છે. એમને જમાનાઓથી શિક્ષણથી વંચિત રાખવાનો જંગલી રિવાજ ચાલતો આવ્યો છે. તેની તેણે ટીકા કરી છે. એના વિચારો કેવાં કેવાં ક્ષેત્રોમાં ફરી વળતા હતા તેનો ખ્યાલ તેણે માનસિક રીતે પછાત વ્યક્તિઓ માટે ઉચિત સારસંભાળ, વીમા અંગેની તંત્રવ્યવસ્થા, બૅન્કની પદ્ધતિમાં સુધારાઓ, નાદારી અંગેના કાયદા, રસ્તાનાં બાંધકામ વગેરે બાબતોની યોજના વિચારી છે, તેના પરથી આવે છે. ૧૭૦૧માં ડીફોએ 'ધ ટ્રુ બૉર્ન ઈંગ્લિશમૅન' (The True Born Englishman) નામની કટાક્ષકાવ્યકૃતિ રચી. તેમાં વિલિયમ ઑરેન્જ જેવા એક પરદેશીને ડચ રાજાને ઈંગ્લૅન્ડની ગાદીએ સ્થાપિત કરવામાં આવ્યો તેનો વિરોધ કરનારા વર્ગને ડીફોએ કટાક્ષપૂર્ણ ઉત્તર વાળ્યો છે - અંગ્રેજ પ્રજા પણ કેવી કેવી પ્રજાના સંયોગમાંથી ઉદ્‌ભવી છે તે દર્શાવ્યું છે :

A race uncertain and uneven
Derived from all the nations under heaven.

કટાક્ષકાવ્ય તરીકે એ કૃતિ સાધારણ હોવા છતાં એ કૃતિને કારણે ડીફોને વિલિયમની મૈત્રીનો લાભ મળ્યો. જો કે વિલિયમ ટૂંક સમયમાં જ અવસાન પામતાં ડીફો રાજદરબારમાં માનપાનથી વંચિત રહી ગયો.

૧૭૦૨માં રચાયેલા 'ધ શૉર્ટેસ્ટ વે વિથ ધ ડિસેન્ટર્સ' (The Shortest Way with the Disenters) નામના એક ચોપાનિયામાં તેણે પ્રોટેસ્ટંટો પ્રત્યે કત્લેઆમનાં પગલાંની 'નમ્ર માગણી' વ્યક્ત કરી. (કટાક્ષકાર સ્વિફ્ટને એની 'મૉડેસ્ટ પ્રપોઝલ' નામની કટાક્ષવૃત્તિ માટે ડીફોના આ ચોપાનિયાએ પ્રેરણા આપી હશે?) આ ચોપાનિયાને કારણે ડીફો પર અણધારી આફત આવી પડી. તેને જેલવાસ વેઠવો પડ્યો. પણ સાહસિક અને પ્રયોગવીર ડીફો જેલમાંથી છૂટ્યો કે તરત તેણે પત્રકારત્વના ક્ષેત્રમાં ઝુકાવ્યું અને 'ધ રિવ્યૂ' (The Review) નામનું પત્ર શરૂ કર્યું. ૧૭૦૪ થી ૧૭૧૩ સુધી તેનો આવરદા રહ્યો.

(ક્રમશઃ)

અનુસંધાન] માધુકરી [પૃ. ૩૮૨ પરથી

પૃથ્વીનું વાતાવરણ ક્ષિતિજ પાસે વાદળી પટ્ટા જેવું દેખાય છે. બીજા ગ્રહ જેમ કે શુક્ર, ગુરુ અને યુરેનસનાં આકાશ જુદા જુદા વર્ણનાં છે.

શુક્રનું વાતાવરણ કાર્બન ડાયૉક્સાઈડ અને સલ્ફેટ ધરાવે છે. આ વાતાવરણ એટલું બધું ઘટ્ટ છે કે તે વધુમાં વધુ તરંગ લંબાઈ સિવાયના બધા રંગના પ્રકાશનું પ્રકિર્ણન કરે છે. જેમાં સલ્ફરના પીળા રંગની છાંટનો ઉમેરો થયેલો હોય છે. આ રીતે શુક્રનું આકાશ લાલાશ પડતું નારંગી દેખાય છે.

ગુરુનું વાતાવરણ એટલું બધું ઘટ્ટ છે કે કોઈ પણ જાતનો પ્રકાશ વાતાવરણને ભેદી તેની સપાટી સુધી પહોંચી શકતો નથી. અહીં વાતાવરણના ઉપલા સ્તરમાં ભૂરાશ પડતું કાળું અને તેથી નીચેનો ભાગ લાલાશ પડતા બદામી રંગનો દેખાય છે.

યુરેનસનું વાતાવરણ મિથેન વાયુથી ભરપુર છે. તે ઉપરાંત તેમાં હાઈડ્રોજન અને હિલિયમ હાજર છે. મિથેન વાયુ પીળા અને લાલ પ્રકાશનું શોષણ કરે છે. જ્યારે લીલા તથા વાદળી રંગના પ્રકાશને આરપાર પસાર થવા દે છે. હાઈડ્રોકાર્બન કણો વાદળી પ્રકાશનો થોડોક અંશ દૂર કરે છે. પરિણામે યુરેનસનું આકાશ લીલાશ પડતા વાદળી રંગનું દેખાય છે.

(સ્પૅન જુલાઈ ૧૯૯૧માંથી; અનુ.-પ્ર. છ. પટેલ)

અનુસંધાન] પી. વી. નરસિંહરાવ [પૃ ૩૮૧ પરથી

નવી શિક્ષણનીતિમાં પણ એમને ઊંડો રસ લીધો હતો. આંધ્રપ્રદેશમાં પણ એમણે શિક્ષણખાતું પોતાને હસ્તક રાખ્યું હતું. રાજીવ ગાંધીએ નવી રચાયેલી 'મિનિસ્ટરી ઑફ હ્યુમન રીસોર્સ ડેવલપમેન્ટ'નો ભાર એમને જ સોંપેલો. ૧૯૯૧ની ચૂંટણીમાં કૉંગ્રેસનો મૅનિફેસ્ટો પણ લગભગ એમણે જ તૈયાર કરેલો અને તેઓ માને જ છે કે તેમાં અપાયેલાં વચનો પોકળ નથી પણ અમલમાં લેવા માટે જ છે, અને તેઓ એ મુજબ જ પોતાના આ પદની કામગીરી ગોઠવશે ને તેનો અમલ કરશે તેવી અપેક્ષા જગાવે તેવું તેમનું વ્યક્તિત્વ છે.

આજે રાષ્ટ્ર સમેના પ્રશ્નોનું મહત્ત્વ તેઓ સમજે છે એટલે એ આશા નિરર્થક નહિ જાય એમ માનીએ.

દેશના રાજશાસનમાં હવે એક નવો તબક્કો આરંભાય છે અને...

ધારાવાહી લઘુનવલ સંભવામિ યુગેયુગે રતિલાલ બોરીસાગર

ભદ્રંભદ્રની પત્રકાર પરિષદ-૨

એક પત્રકારે ભદ્રંભદ્રને પૂછ્યું, 'આપ નર્મદાની સુરક્ષા માટે સ્વર્ગમાંથી પૃથ્વી પર આવ્યા છો એમ કહેવાય છે, શું આ સત્ય છે ?'

ભદ્રંભદ્ર ઊભા થયા. યજમાનશ્રેષ્ઠે બેસીને જવાબ આપવા વિનંતી કરી. પણ ભદ્રંભદ્રે એ વિનંતીનો અસ્વીકાર કરતાં કહ્યું, 'શાસ્ત્રાર્થ ઊભાં ઊભાં જ થાય એવું શાસ્ત્રનું વિધાન છે. એટલે હું ઊભો જ રહીશ.' પછી મને સંબોધતાં કહે, 'અંબારામ! તું પણ ઊભો થા અને મારી તદ્દન સમીપ ઊભો રહે.' હું પણ ઊભો થયો. યજમાને ત્યાં મૂકેલા ધ્વનિવિવર્ધક યંત્રની સહાય લેવા ભદ્રંભદ્રને વિનંતી કરી. પરંતુ આ વિનંતીનો અસ્વીકાર કરતાં ભદ્રંભદ્રે કહ્યું, 'ધ્વનિવિવર્ધક યંત્ર દ્વારા પ્રસારિત થતો અવાજ વાયુમાં પ્રદૂષણ સર્જે છે. હું તો મારા ધ્વનિથી જ બોલીશ. મારો ધ્વનિ છેક દેવલોક સુધી પહોંચવા સમર્થ છે. એટલે અહીં તો સંભળાશે જ.' પ્રચંડ અવાજે તેઓ આટલું બોલ્યા ત્યાં સુધીમાં તો એમને મૂળ પ્રશ્નનું વિસ્મરણ થયું. એટલે એમણે પ્રશ્ન ફરી પૂછવાની આજ્ઞા કરી. પ્રશ્નકારે પ્રશ્ન ફરી પૂછ્યો, 'નર્મદાની સુરક્ષા માટે આપ સ્વર્ગલોકથી અત્રે આવ્યા છો તે હકીકત ખરી છે?' 'ન્યાયાલયના વકીલો જેવો અશ્રદ્ધાયુક્ત પ્રશ્ન પૂછવો ઉચિત નથી. તમે સંશયાત્મા છો. સંશયાત્માનો વિનાશ થાય છે એવું શાસ્ત્રવચન છે.' ભદ્રંભદ્રે ઉત્તર આપ્યો. મને હતું કે આ પહેલા ઉત્તરથી જ પત્રકારો ઉશ્કેરાશે ને કશુંક અઘટિત બનશે. પણ તેવું થયું નહીં. પત્રકારો હસી પડ્યા. પરંતુ આ હાસ્યની ભદ્રંભદ્ર પર વિપરીત અસર થઈ. તેઓ બોલ્યા, 'અત્રે ગાંભીર્યની અપેક્ષા છે. હાસ્યરસ ઉપરસ છે. અત્રે એની ઉપસ્થિતિ લાડુની અપેક્ષા હોય ત્યાં પીરસાતી રોટલીના જેવી જણાય છે.' પત્રકારો મહાપ્રયત્ને હાસ્ય ખાળી રહ્યા હોય એમ લાગ્યું. બીજા પત્રકારે પૂછ્યું, 'આપને નર્મદાસુરક્ષાની પ્રેરણા કેવી રીતે થઈ?'

'સ્વયં નર્મદાએ સ્વપ્નમાં ઉપસ્થિત થઈ દીનભાવે એની રક્ષા કરવાની મને પ્રાર્થના કરી હતી.'

'સ્વર્ગમાં પણ સ્વપ્નો આવે?' એક પત્રકારે પૂછ્યું અને સૌ હસી પડ્યા. ભદ્રંભદ્રે કોપાવિષ્ટ થઈને કહ્યું, 'આ પ્રશ્ન નાસ્તિકતાનો સૂચક છે. નાસ્તિકો સાથે હું સંભાષણો કરતો નથી. હવે આવા પ્રશ્નો પૂછશો તો હું સભાત્યાગ કરીશ.'

'નર્મદાની વિનંતી માન્ય રાખવાનું શું પ્રયોજન હતું?' મૂળ પ્રશ્નકર્તાએ ફરી પ્રશ્ન પૂછ્યો.

ભદ્રંભદ્રે કહ્યું, 'નર્મદા પુરાણપ્રાચીન નદી છે. જે પ્રાચીનતા આર્યોને ઇષ્ટ છે, જે પ્રાચીનતા દેવોને ઇષ્ટ છે, જે પ્રાચીનતા દાનવોને ઇષ્ટ છે, જે પ્રાચીનતા બ્રહ્મર્ષિઓને ઇષ્ટ છે, તે પ્રીચનતા મને સદૈવ ઇષ્ટ છે.'

કોઈ કશું સમજ્યું હોય એવું લાગ્યું નહિ. પ્રશ્નકર્તાએ ભદ્રંભદ્રના ઉત્તરનો સરળ ગુજરાતી ભાષામાં અનુવાદ કરવાની મને વિનંતી કરી. મેં અનુવાદ કરી આપતા કહ્યું, ભદ્રંભદ્ર પ્રાચીનતાના ઉપાસક છે. નર્મદા પ્રાચીન નદી છે. એટલે એની સુરક્ષાને તેઓ પોતાનો ધર્મ સમજે છે.'

'નર્મદા પ્રાચીન નદી છે એમ શા પરથી કહો છો?' આ પ્રશ્નથી અપ્રસન્ન થઈ ભદ્રંભદ્રે કહ્યું, 'પ્રમાણ માગવાનું કામ નર્મદાવાળાઓનું છે. આર્યો શબ્દપ્રમાણને જ માન્ય ગણે છે. પુરાણોમાં નર્મદાનો ઉલ્લેખ છે તેથી નર્મદા પુરાણપ્રાચીન નદી હોવાનું સિદ્ધ થાય છે.'

'કયાં પુરાણોમાં?' પ્રશ્ન સાંભળી ભદ્રંભદ્ર ઘડીભર ક્ષુબ્ધ થયા. પરંતુ પછી તુરત સ્વસ્થતા ધારણ કરી કહે, 'આવા સામાન્ય પ્રશ્નોના ઉત્તર આપવાનું મારા ગૌરવને અનુરૂપ નથી. આથી મારો શિષ્યવર અંબારામ આ પ્રશ્નનો ઉત્તર આપી મને ગૌરવચ્યુત થતો બચાવશે.' ભદ્રંભદ્રને પુરાણો વિશે કશું જ્ઞાન નથી એવી શંકા મારા મનમાં વારંવાર ઉદ્‌ભવતી. પરંતુ ગુરુના જ્ઞાન વિશે કશી શંકા કરવી એ મહાપાપ છે એમ સમજી મેં ક્યારેય આવી શંકા પ્રકટ કરી નથી. હું પ્રશ્નનો ઉત્તર આપું તે પહેલાં એક પત્રકારે પૂછ્યું, 'આ તમારા શ્રેષ્ઠ શિષ્ય હોય તો અન્ય કેટલા શિષ્યો છે, જેમાં આ શિષ્ય શ્રેષ્ઠ છે?'

ભદ્રંભદ્રે કહ્યું, 'આ એક જ શિષ્ય છે ને માટે જ શ્રેષ્ઠ છે. મારા શિષ્યોમાં જ નહિ, જગતના સર્વ શિષ્યોમાં એનું શ્રેષ્ઠત્વ સિદ્ધ થયેલું છે.' ભદ્રંભદ્ર મને અનુચિત માન આપતા હતા. પણ એનો અસ્વીકાર કરી ગુરુને અપમાનિત કરવાનું ઘટિત નહોતું. મૂળ પ્રશ્નનો ઉત્તર આપતાં મેં કહ્યું, 'સ્કંદપુરાણ, વાયુપુરાણ અને પદ્મપુરાણમાં નર્મદાના ઉલ્લેખો અને કથાઓ છે.'

એક મહિલા પત્રકાર ઊભી થઈ. એને ઊભી થતી જોઈ ભદ્રંભદ્રથી બેસી પડાયું. વળી પાછા ઊભા થઈ તેઓએ આંખો મીંચી દીધી અને મને કહ્યું, 'અંબારામ! આ સ્ત્રી પ્રશ્નો પૂછે ત્યાં સુધી હું આંખો મીંચીને જ ઊભો રહીશ, તું એનું બુદ્ધિયુક્ત સ્પષ્ટીકરણ શોધી કાઢ.' એમની આજ્ઞાનું પાલન કરતાં મેં કહ્યું, 'વચ્ચે વચ્ચે ધ્યાન ધરીને ભદ્રંભદ્ર મહારાજ સ્વર્ગલોકની સ્થિતિ જાણી લે છે. આમ છતાં, એમના કામ અહીં હોવાથી પ્રશ્નો પૂછવાના ઉપક્રમમાં વિક્ષેપ કરવાનું આવશ્યક નથી.'

મહિલા પત્રકારે પૂછ્યું, 'નર્મદાયોજના અંગે ભદ્રંભદ્ર મહાશયને કશું વિશેષ જ્ઞાન છે?' આ પ્રશ્નથી ઉદ્‌ભવેલા કોપને સમાવવાનું ભદ્રંભદ્ર માટે ખરે જ દુષ્કર હતું. પણ મેં કહ્યું, 'પત્રકારોને અપ્રસન્ન કરવાથી આપણા મર્ગમાં વિઘ્નો થશે માટે શાંતિ ધારણ કરજો.'

ભટ્રંભટ્રે ધીમા સ્વરે મને કહ્યું, 'અંબારામ! સ્ત્રીના વધનો શાસ્ત્રમાં નિષેધ છે, પણ સ્ત્રીને તાડન કરવાની શાસ્ત્રમાં અનુમતિ છે. સ્ત્રી તાડનની, ક્રોધનું ભાજન બનવાની અધિકારિણી છે. હું આ સ્ત્રીને તાડન કરવાની ઇચ્છાવાળો હોવા છતાં તારી વિનંતીથી મારા ક્રોધને સમાવું છું. મને આવો પ્રશ્ન પૂછીને આ સ્ત્રી રૌરવ નરકની અધિકારીણી થવાની છે તે નિશ્ચિત જાણજે.' ભટ્રંભટ્ર સ્ત્રીમાત્રને નરકની અધિકારિણી ગણતા, પણ એ જે સ્ત્રી પર ક્રોધ કરતા તેને ઊંચા પ્રકારના નરકની અધિકારિણી બનાવતા. મેં મહિલા પત્રકારના પ્રશ્નનો ઉત્તર આપવાની કૃપા કરવા ભટ્રંભટ્રને વિનંતી કરી. એટલે આંખો મીંચી રાખી ભટ્રંભટ્ર કહે, 'આર્યો માટે શાસ્ત્રનું જ્ઞાન પર્યાપ્ત છે. ઇજનેરી જ્ઞાનની કશી આવશ્યકતા નથી. એ પાશ્ચાત્ય જ્ઞાન છે અને તેથી વિપરીત છે. આંગ્લપ્રજાના દુષ્ટ સંસર્ગથી આ જ્ઞાન લઈ આપણે ભ્રષ્ટ બન્યા છીએ. આ જ્ઞાનને કારણે જ આપણને પુરાણપ્રાચીન શિવતનયા ઇન્દુજા નર્મદા નદી પર બંધ બાંધવાની દુર્મતિ સૂઝી છે. આ જ્ઞાન આપણે લીધું જ ન હોત તો હજારો વર્ષથી નર્મદા નદી જેમ વહે છે તેમ જ હવે પછીનાં હજારો વર્ષો સુધી વહ્યાં કરત. પાશ્ચાત્ય જ્ઞાન આર્યોના દુઃખનું મૂળ છે. ઇજનેરી જ્ઞાન લેનારા ભારતીયોને પ્રાયશ્ચિત્ત કર્યા વગર ઉપાય નથી. હજારો બ્રહ્મભોજન અને હજારો ગોદાનથી પણ મુક્ત ન થવાય તેવું આ પાપ છે. પાશ્ચાત્ય વિદ્યા અવિદ્યા છે. એને ગ્રહણ કરનાર તો નરકવાસી બને જ છે, પણ એના પૂર્વજો સ્વર્ગમાં હોય તો પણ ત્યાંથી નરકમાં ફેંકાઈ જવાના છે.' ભટ્રંભટ્રના દીર્ઘ ઉત્તરથી સૌ પ્રભાવિત થયા જણાયા. મહિલા પત્રકાર બેસી ગયાની જાણ મેં ભટ્રંભટ્રને કરી એટલે એમણે ચક્ષુ ખોલ્યાં.

એક પત્રકારે પૂછ્યું, 'નર્મદા યોજનામાં વિશ્વબૅંક અને જપાન-અમેરિકા સહાય કરવાના છે એ અંગે આપનો શો પ્રતિભાવ છે?' આ પ્રશ્નથી ભટ્રંભટ્ર મૂંઝાઈ ગયા હોય એમ લાગ્યું. એમણે સહેજ વ્યાકુળ સ્વરે મને પૂછ્યું, 'આ વિશ્વબૅંક શું છે?' વિશ્વબૅંક વિશે મને પણ ઝાઝું જ્ઞાન નહોતું, છતાં મારા અલ્પજ્ઞાનને આધારે મેં ઉત્તર આપ્યો. 'વિશ્વબૅંક આંતરરાષ્ટ્રિય નાણાકીય સંસ્થા છે. વિશ્વના દેશોને ખાસ કરીને વિકસતા દેશોને એમના વિકાસ માટે નાણાકીય સહાય કરે છે.'

'અને આ જાપાન-અમેરિકા પાશ્ચાત્ય દેવોનાં નામ છે?' ભટ્રંભટ્ર પહેલી જ વાર પોતાની અનભિજ્ઞતા પ્રકટ કરી રહ્યા હતા.

'ના, મહારાજ! એ દેશોનાં નામ છે.'

'બૅન્ક શબ્દ આંગ્લભાષાનો જણાય છે.'

'હા, મહારાજ!'

'વિશ્વ જેવા શુદ્ધ સંસ્કૃત શબ્દ સાથે બૅન્ક જેવો આંગ્લ ભાષાનો શબ્દ યોજવામાં 'દોલત' શબ્દ સાથે 'શંકર' જેવો શબ્દ યોજવા જેવો જ અપરાધ થાય છે. હવેથી વિશ્વકોશ શબ્દ પ્રયોજવાની મારી આજ્ઞા, એ કોશ જ્યાં હોય ત્યાં પહોંચાડવાનો પ્રબંધ કરજે.' ભટ્રંભટ્ર ઘણીવાર મારાથી અશક્ય હોય એવાં કાર્યો મને બતાવતા. શરૂઆતમાં હું મૂંઝાતો પણ પછી મેં જોયું કે સાચા કર્મયોગીની પેઠે ભટ્રંભટ્ર કેવળ આજ્ઞા કરવાના કર્મમાં જ રસ લેતા. આજ્ઞાપાલનરૂપી ફળની સ્પૃહા તેઓ રાખતા નહોતા. એટલે આવી આજ્ઞાઓ પણ હું શિરોધાર્ય ગણતો.

અમારા વિચારવિનિમયમાં થયેલા કાલવ્યયથી પત્રકારો અકળાયા. યજમાનશ્રેષ્ઠ પણ મૂંઝાયા. એમણે ભટ્રંભટ્રની સમીપ આવી પ્રશ્નનો ઉત્તર આપવા વિનંતી કરી. ભટ્રંભટ્રે એમની વિનંતી ગ્રાહ્ય રાખી કહ્યું, 'નર્મદા નદી પર બંધ બાંધવાનું પાપ ઘોરતર છે. વિદેશી સહાયથી બંધ બાંધવાથી પાપ ઘોરતમ બને છે. આપણા દેશને ગરીબ ગણી વિદેશીઓ આપણને સહાય કરે એમાં આપણું ગૌરવ હણાય છે. આપણને પૂરું ખાવાનું ન મળતું હોય, પૂરાં વસ્ત્રો ન મળતાં હોય કે પ્રજાને રહેવા આવાસનો પૂરતો પ્રબંધ ન હોય તેથી આપણે ગરીબ સિદ્ધ થતા નથી. આવું જીવન તપોમય જીવન છે. આવા તપોમય જીવનને ભ્રષ્ટ કરવા વિદેશી સહાય લઈને પણ નર્મદા પર બંધ બાંધવો એ ઘોરતમ પાપ છે. એ પાપને અટકાવવા મારું પ્રાકટ્ય થયું છે.' 'આપનો ભાવિ કાર્યક્રમ શો છે?' આ પ્રશ્ન તદ્દન અનપેક્ષિત હતો. ભાવિ કાર્યક્રમ અંગે ભટ્રંભટ્રે કશો વિચાર નહોતો કર્યો. એટલે આ પ્રશ્ન સમસ્યા સર્જશે એવી ભીતિ મને થઈ. હું પણ ભાવિ કાર્યક્રમ અંગે કશું જાણતો નહોતો. એટલે ભટ્રંભટ્ર આ ઉત્તરની જવાબદારી મારા શિરે નાખશે તો શું થશે એવી ભીતિ પણ મને લાગી. પરંતુ ભટ્રંભટ્રે અનપેક્ષિત ચાતુર્ય દાખવતાં કહ્યું, 'વ્યૂહરચના ગુપ્ત રાખવાની શાસ્ત્રની આજ્ઞા છે. એટલે મારા ભાવિ કાર્યક્રમ અંગે હું મૌન રહીશ. જ્યારે જે કંઈ ઇષ્ટ છે એ હું કરીશ. આમ તો હું મારા તપોબળથી જ નર્મદાના બંધની શિલાઓનો ઉચ્છેદ કરી શકું એમ છું, પણ ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણે પણ પુરુષાર્થ કરી ધર્મની પુનઃસ્થાપના કરી હતી તેથી હું પણ પુરુષાર્થ કરી નર્મદાયોજના બંધ રખાવીશ.' 'વિસ્થાપિત થનારાઓની સમસ્યા આપ કઈ રીતે હલ કરવા માગો છો?' આ પ્રશ્ન ખરે જ દુષ્કર હતો. હું અને ભટ્રંભટ્ર બંને ક્ષુબ્ધ થઈ ગયા, પરંતુ યજમાનશ્રેષ્ઠ અમારી વહારે આવ્યા. એમણે કહ્યું, 'ભટ્રંભટ્ર મહારાજને અમે આદિવાસીઓ પાસે લઈ જવાના છીએ. તેઓ ત્યાં જઈ એમની સમસ્યાનો અભ્યાસ કરશે; પછી આ અંગે પોતાનો અભિગમ સ્પષ્ટ કરશે.'

પત્રકાર પરિષદ પૂરી થઈ. સૌને ઉપાહાર પીરસાયો. મેં અને ભટ્રંભટ્રે પત્રાવલિમાં નર્મદાના જળથી બાંધેલા લોટમાંથી બનાવેલા લાડુ ખાધા.

ઉપાહાર પછી યજમાનશ્રેષ્ઠે ભટ્રંભટ્રના કક્ષમાં બાંધેલી પર્ણકુટિ પત્રકારોને બતાવી અને ભટ્રંભટ્ર માટે કરાયેલા પર્યાવરણોચિત પ્રબંધોની વિગતો આપી. મને અને ભટ્રંભટ્રને પર્ણકુટિમાં બેસાડી પત્રકારોએ અમારી છબીઓ પાડી. આ પછી પૂર્ણ પ્રસન્નતા સાથે પત્રકારોએ વિદાય લીધી.

બીજે દિવસે બધાં વર્તમાનપત્રોમાં ભટ્રંભટ્રની છબીઓ સાથે વૃત્તાંતો પ્રકટ થયા. પોતાના જયજયકારથી સંતુષ્ટ થયેલા ભટ્રંભટ્રે કહ્યું, 'નર્મદાવાળાઓનો પરાજય હવે નિશ્ચિત છે.' મેં હંમેશની જેમ મસ્તક હલાવી અનુમતિનો ભાવ પ્રકટ કર્યો. (ક્રમશઃ) □

રવીન્દ્રનાથનું ભારતદર્શન

ભોળાભાઈ પટેલ

૧૯૦૯માં લખેલા પોતાના 'તપોવન' નામના દીર્ઘલેખમાં રવીન્દ્રનાથે તેમની દૃષ્ટિએ સાચા ભારતવર્ષને ઓળખાવવાનો પ્રયાસ કર્યો છે. એ લેખના અંતે તેઓ કહે છે :

'એટલે આજે આપણે ધ્યાનપૂર્વક વિચાર કરવો પડશે કે જે સત્યથી ભારતવર્ષ પોતાને આપોઆપ નિશ્ચિતભાવે મેળવી શકે તે સત્ય કયું છે? તે સત્ય પ્રધાનતયા વણિગ્વૃત્તિ નથી, સ્વરાજ્ય નથી, સ્વાદેશિકતા નથી; તે સત્ય વિશ્વજાગતિકતા છે. એ સત્યની ભારતવર્ષના તપોવનમાં સાધના થઈ છે, ઉપનિષદમાં એનો વિચાર કરવામાં આવ્યો છે, ગીતામાં એની વ્યાખ્યા કરવામાં આવી છે. બુદ્ધદેવે એ સત્યને પૃથ્વીનાં સર્વ માનવોના નિત્યના વહેવારમાં સફળ બનાવવા માટે તપસ્યા કરી છે અને કાલક્રમે નાનાવિધ દુર્દશા અને વિકૃતિમાં પણ કબીર, નાનક વગેરે ભારતવર્ષના પાછલા મહાપુરુષો એ સત્યનો જ પ્રચાર કરી ગયા છે. ભારતવર્ષનું સત્ય એટલે જ્ઞાનમાં અદ્વૈત તત્ત્વ, ભાવમાં વિશ્વમૈત્રી અને કર્મમાં યોગસાધના. ભારતના અંતરમાં જે ઉદાર તપસ્યા ગંભીરભાવે સંચિત થયેલી છે, તે જ તપસ્યા આજે હિન્દુ, મુસલમાન, બૌદ્ધ અને અંગ્રેજને પોતામાં એકાકાર કરી લેવા માટે પ્રતીક્ષા કરી રહી છે.'

આ જ વાત પ્રકારાન્તરે ૧૯૧૨માં લખાયેલા 'ભારતવર્ષમાં ઇતિહાસધારા' નામે પ્રસિદ્ધ લેખમાં કવિએ કરી છે. આર્ય-અનાર્ય પ્રજાના સંઘર્ષ અને સમન્વયકાળથી આરંભી આજ સુધીના ભારતના ઇતિહાસની પ્રમુખ ઘટનાઓની, ખાસ તો આ દેશમાં આવેલી વિવિધ પ્રજાઓના સંમિલનની વાત કરી કહે છે :

'અનેકમાં પોતાને વેરી વિખેરી નાખવું એ ભારતવર્ષનો સ્વભાવ નથી, તે એકને પામવા ઇચ્છે છે એટલે બહુને એકમાં ભેગું કરવું એ જ ભારતની સાધના છે. ભારતની અંતરતમ સત્ય પ્રકૃતિ જ ભારતને આ બધા નિરર્થક બાહુલ્યના ભીષણ બોજામાંથી બચાવશે જ.'

નિબંધને અંતે ઇતિહાસની આ ક્ષણે (વીસમી સદીના પ્રથમ દાયકાને અંતે) દેશમાં સાર્વજાતિકતા (માનવપ્રેમ) અને સ્વાજાતિકતા (સ્વદેશપ્રેમ) વચ્ચેના દ્વન્દ્વને સુલઝાવતા કહે છે :

'આવી રીતે બે બાજુની ખેંચમાં પડીને વચલો માર્ગ આપણી પ્રજાના જીવનમાં અંકાઈ જશે અને એ વાતનો અનુભવ થશે કે સ્વજાતિ મારફતે જ સર્વજાતિને અને સર્વજાતિ મારફતે જ સ્વજાતિને સાચી રીતે પામી શકાય છે.'

રવીન્દ્રનાથના આ દર્શનને કંઈ નહિ તો યે ઓગણીસમી સદીના ભારતીય પુનર્જાગરણના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં જોતાં જણાશે કે એમની ભારતવર્ષની કલ્પના એ સમયના રાજપુરુષો, ભારતીય સંસ્કૃતિના ઉન્નાયકોથી જુદી છે. 'વન્દે માતરમ્'ના રચયિતા બંકિમચંદ્રના હિન્દુ પુનરુત્થાનના ભારતથી આ ભારત જુદું છે. રવીન્દ્રનાથ બંકિમચંદ્રના તો સીધા વારસ છે, અને એક સમયે તો તેમનાથી અત્યંત પ્રભાવિત પણ રહ્યા છે. 'વૈરાગ્યસાધને મુક્તિ સે આમાર નય' એમ કહી રામકૃષ્ણ; વિવેકાનંદ પ્રવર્તિત ધર્મઆંદોલન દ્વારા દેશમાં જાગૃતિ લાવવાની બાબતમાં પોતાની મતભિન્નતા એક કવિતામાં પ્રકટ કરી છે. બ્રાહ્મપિતાની સીધી અસર નીચે હોવ છતાં રવીન્દ્રનાથ બ્રાહ્મસમાજના કુંડાળામાં પણ બંધાઈ રહ્યા નહિ. છતાં એ ભારતવર્ષની શોધ કરતા રહ્યા. પશ્ચિમે ઉઘાડેલાં દ્વારમાંથી જ્ઞાનવિજ્ઞાનનો જે નવો પ્રકાશ આવી રહ્યો હતો, તેનું સ્વાગત કરવા છતાં પાશ્ચાત્ય સભ્યતાના એ અંધ અનુયાયી બની શક્યા નહિ. ઊલટાનું નાનપણથી જ એ સભ્યતાના ટીકાકાર રહ્યા છે. 'યુરોપપ્રવાસીર પત્ર' વાંચતાં એની પ્રતીતિ થશે. તેમ છતાં નવા લબ્ધ જ્ઞાનવિજ્ઞાનના પ્રકાશમાં કવિ પોતાના દેશની પ્રાચીન સંસ્કૃતિ અને સભ્યતાનું સમ્યક્ આકલન કરવા પ્રવૃત્ત થયા હતા.

આધુનિક ભારતનું કવિનું દર્શન માત્ર સમકાલીન ભારતની ઊથલપાથલ ભરેલી રાજકીય પ્રવૃત્તિ કે સામાજિક પરિસ્થિતિમાંથી જ રચાયું નથી, એમનું દર્શન અખંડ દર્શન છે, એ પ્રાચીન ભારતની સમૃદ્ધ પરંપરા, સમન્વયવાદી દૃષ્ટિથી પ્રભાવિત છે. એકાએક થતા સાક્ષાત્કારથી પ્રાપ્ત આ દર્શન નથી, એ ઉત્ક્રાન્ત થતું રહ્યું છે, ખાસ તો ઓગણીસમી સદીના અંતિમ અને વીસમી સદીના પ્રથમ દાયકા દરમ્યાન. આ સમય દરમ્યાન કવિએ માત્ર ઘરમાં બેસીને કાવ્યો રચ્યાં નથી. શાંતિનિકેતનમાં ૧૯૦૧માં બ્રહ્મચર્યાશ્રમની સ્થાપના દ્વારા રાષ્ટ્રિય શિક્ષણનો પ્રયોગ શરૂ થઈ ચૂક્યો હતો. પછી ૧૯૦૫માં બંગભંગ વખતે તો એ આંદોલનના એક અગ્રણી હતા. એ આંદોલનનું ઉગ્ર રૂપ પણ એમણે જોયું હતું. આ બધાને અંતે કવિની ભારતવર્ષની ધારણા બંધાય છે.

પરંતુ એક વાત આપણી નજર બહાર ન રહેવી જોઈએ કે રવીન્દ્રનાથ પ્રથમ અને અંતે એક કવિ છે. છટાના અર્થમાં પણ કવિ છે, એ કોઈ રાજકીય દાર્શનિક કે ઇતિહાસકાર નથી. ચિંતનાત્મક લેખો-પ્રવચનો પુષ્કળ લખ્યાં છે, પણ તે ય એક કવિની કલમે લખાયેલાં છે. તર્ક કરતાં સાદૃશ્ય દ્વારા એ પોતાના વાચકને પોતાના પક્ષમાં લેવાનો પ્રયત્ન કરે છે. પણ સૌથી વિશેષ તો પોતાની સર્જનાત્મક રચનાઓ દ્વારા એ પોતાના દર્શનને આકૃત કરે છે. કવિનું એ દર્શન આપણે બૌદ્ધિક સ્તરે ન પામતાં અનુભૂતિને સ્તરે પામીએ છીએ.

કવિ રવીન્દ્રનાથની ભારત શોધની પરોક્ષ પ્રક્રિયા સૌપ્રથમ એમની કવિતામાં 'કથા ઓ કાહિની'નાં કાવ્યોમાં જોવા મળે છે. 'તપોવન' કે 'ભારતવર્ષમાં ઇતિહાસધારા' નિબંધો તો પછી લખાયા, કદાચ આ

સર્જનાત્મક ખોજ એના પાયામાં છે. 'માનસી'નાં પ્રેમકાવ્યો પછી કવિ 'સોનાર તરી'માં અને પરવર્તી કવિતામાં જીવનદેવતાની ખોજ જારી છે. એ વખતે કવિ પ્રાચીન ભારતીય સાહિત્યમાં આપાદમસ્તક ડૂબેલા પણ છે.

'કથા ઓ કાહિની'નાં કાવ્યો એક કવિનું ભારતીય સંસ્કૃતિદર્શન છે. ઉપનિષદમાંથી, બૌધ્ધ કથાઓમાંથી, રાજસ્થાન કે મરાઠા ઇતિહાસમાંથી, મધ્યકાલીન સંતોના જીવનમાંથી જે જે પ્રસંગો ઉપાડ્યા છે, અને જે રીતે કવિએ તેમાં 'હૃદયનું ધર્મદર્શન' કરાવ્યું છે, તેમાં એમનું ભારત પ્રતિફલિત થાય છે. ભારતના આ મૂલ્ય-આધારિત અતીત દ્વારા પરોક્ષ રીતે રવીન્દ્રનાથની રાષ્ટ્રપ્રીતિ, ભારતપ્રીતિ જોવા મળે છે. તેને એક રીતે 'હિન્દુ' જીવનદૃષ્ટિ કહી શકાય તેમ છે. સમન્વયવાદી હિન્દુ ધર્મ એ છે, સંકુચિત નહિ. આર્યતાનો જ એ વિકાસ કે વિસ્તાર છે, જેમાં શક, હુણ, કુશાન આદિ સંસ્કૃતિઓ ઓગળી ગઈ છે. મને લાગે છે કે ઘણીવાર આ ખુલ્લી ઉદાર હિન્દુ જીવનદૃષ્ટિ રવીન્દ્રનાથના ભારતની નજીક આવે છે, જેમાં 'બહુને એકમાં ભેગા કરવાની સાધના' રહેલી છે.

'કથા ઓ કાહિની'માં સત્યકામ જાબાલીની ઔપનિષદિક કથા છે, જેમાં ગુરુ પાસે ભણવા ગયેલા જાબાલીને ગુરુ એનું નામ પૂછે છે. પોતાના ગોત્રથી અનભિજ્ઞ જાબાલી રાત્રિવેળાએ પાછો વળી માને : પૂછે છે : 'મા, મારું ગોત્ર કયું?' મા કહે છે 'યૌવનમાં અનેકની પરિચર્યા કરી તને પામી છું. તું પતિ વિનાની જાબાલાને ખોળે જન્મ્યો છે.' જાબાલીએ આવીને આ વાત કરતાં ગુરુના છાત્રો તો આ 'અનાર્યનો અહંકાર' જોઈ ઉપહાસમાં લાગી જાય છે, પણ ગુરુ કહે છે :

અબ્રાહ્મણ નહ તુમિ તાત,
તુમિ દ્વિજોત્તમ, તુમિ સત્યકુલજાત.

ઔપનિષદકાલીન ગુરુની આ ઉક્તિ પ્રાચીન ભારતની ઉદાર કરુણા દૃષ્ટિનું પ્રતીક છે. કવિ જાણે કહે છે કે, નાતજાતના વંડામાં, ઊંચનીચના ફંદામાં રહેલા હે ભારતવાસીઓ જુઓ, આ તમારો પ્રાચીન વારસો છે. પ્રાચીન ભારતના આ વારસાથી ભવિષ્યના ભારતનું ઘડતર કરવાનું છે. બ્રાહ્મણ-અબ્રાહ્મણ એ ભેદ જેમાં ન હોય, જેમાં સત્યની પ્રતિષ્ઠા હોય, કવિતામાં જે રીતે આશ્રમનું ચિત્રણ છે, તેમાં કવિની પ્રાચીન ભારતની તપોવનની સંસ્કૃતિ પ્રત્યેનો ગાઢ અનુરાગ પ્રકટ થાય છે.

બૌધ્ધ કથાઓ દ્વારા પણ જે જીવનમૂલ્યોની વાત કવિગુરુએ કરી છે, તે પણ ભારતનો સમૃધ્ધ વારસો છે. વર્ષોથી બંધ એક ખજાનાનાં દ્વાર ઉઘાડી કવિ આપણને બતાવે છે જાણે. 'શ્રેષ્ઠ ભિક્ષા' કવિતામાં ભગવાન બુધ્ધનો શિષ્ય અનાથપિંડદ શ્રાવસ્તી નગરીના લોકોએ ભિક્ષામાં આપેલાં આભૂષણો રત્નહારો નથી સ્વીકારતો, એને જોઈએ છે શ્રેષ્ઠ દાન. નગરપ્રાન્તે એક નારી પોતાનું એકમાત્ર વસ્ત્ર ઝાડી પાછળ સંતાઈ દેહ પરથી ઉતારી ભેટ ધરે છે, અને એ છિન્ન વસ્ત્રને માથે ચઢાવી ધન્ય થતો સંન્યાસી બુધ્ધને ચરણે એ ભેટ ધરવા જાય છે. કવિ જાણે કહે છે - આ છે ભારતવર્ષ. રત્નહારો મૂલ્યવાન નથી, કેમ કે એ આપનારની સર્વસ્વની ભિક્ષા નથી. પોતાનું એકમાત્ર જીરણ વસ્ત્ર આપનાર શ્રેષ્ઠ ભિક્ષા આપે છે, એણે પોતાનું 'સર્વસ્વ' આપી દીધું છે. શ્રેષ્ઠતાનું આ માપ ભારતવર્ષની દૃષ્ટિમાં છે. 'પ્રતિનિધિ' - શિવાજી-રામદાસની કથામાં પણ ગુરુજી શિવાજી પાસે ભિક્ષા મંગાવી 'નૃપતિર ગર્વ' - રાજાના અહંકાર - નું ખંડન કરે છે. ગુરુ કહે છે : 'તને ભિક્ષુકનો પ્રતિનિધિ બનાવ્યો છે. રાજય લઈને તું પણ રાજ્યહીન બની રહેજે.' 'ભક્તમાલ'માંથી કબીર, તુલસી આદિ સંતોની કથા, બન્દીવીરની, શિખ ગુરુ ગોવિન્દસિંહની કથાઓ ભારતીય પરંપરામાં પરસ્કૃત મૂલ્યોની વાત કહી જાય છે.

એ વખતે ભારતખોજની પોતાની પ્રક્રિયામાં કવિ વારંવાર તપોવનના સમયમાં જાય છે, કાલિદાસના સમયમાં જાય છે. પ્રાચીન ભારતીય ગૌરવનું અનેક કાવ્યોમાં ગાન ગાય છે. ઓગણીસમી સદીના છેલ્લા દાયકામાં રચાયેલ 'પ્રાચીન સાહિત્ય'ના નિબંધો પણ આ દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે.

'પ્રાચીન સાહિત્ય'માંથી કંઈ નહિ તો ય માત્ર એક નિબંધ વાંચતાં કવિ રવીન્દ્રનાથની દૃષ્ટિએ ભારતીય સંસ્કૃતિ અને પાશ્ચાત્ય જીવનદૃષ્ટિ વચ્ચે રહેલો વિભેદ સમજાઈ જશે. એ નિબંધ છે 'શકુન્તલા'. અહીં પણ કવિએ તપોવન સંસ્કૃતિની શ્રેષ્ઠતાનો જયજયકાર કર્યો છે : કાલિદાસની કૃતિની આ સમાલોચનામાં 'શાકુન્તલ'ની શેક્સપિયરના 'ટેમ્પેસ્ટ' સાથે ખાસ તો પ્રકૃતિ-મનુષ્યના સંબંધોની સરખામણી કરતાં કવિ કહે છે :

'ટેમ્પેસ્ટમાં બાહ્ય પ્રકૃતિએ એરિયલના રૂપમાં મનુષ્ય-આકાર ધારણ કર્યો છે, પરંતુ તે છતાં મનુષ્યની આત્મીયતાથી તે દૂર રહ્યો છે...ટેમ્પેસ્ટમાં પીડન, શાસન, દમન છે; શાકુન્તલમાં પ્રીતિ, શાન્તિ સદ્‌ભાવ છે. ટેમ્પેસ્ટમાં પ્રકૃતિ મનુષ્ય-આકાર ધારણ કરીને પણ મનુષ્યની સાથે હૃદયના સંબંધથી બંધાતી નથી; શાકુન્તલમાં લતા, વૃક્ષ, પશુ, પક્ષી પોતાના સ્વરૂપમાં જ રહ્યા છતાં મનુષ્યની સાથે મધુરા આત્મભાવથી મળી ગયાં છે.'

કવિવરે અહીં કરેલી 'રામાયણ'ની વ્યાખ્યામાં ભારતીય સંસ્કૃતિનો મહિમા કર્યો છે. ટાગોરમાં જો રાષ્ટ્રવાદ છે તો તે એક સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ (Cultural Nationalism)છે, જે અતીતમુખી છે, પણ વર્તમાન ભારતને તેમાંથી જે જાળવવા જેવું છે, તેની પરોક્ષ હિમાયત છે.

'આમિ યદિ જનમ નિતેમ કાલિદાસેર કાલે' - રવીન્દ્રનાથ 'ક્ષણિકા' સંગ્રહની 'એ કાલ' કવિતામાં કહે છે : 'તો એક જ શ્લોકમાં સ્તુતિ ગાઈને રાજાની પાસેથી ઉજ્જયિનીના નિર્જન છેડે ઉપવનથી ઘેરાયેલું ઘર માગી લેત. રેવાના તટ પર ચંપાના વૃક્ષની નીચે સંધ્યા સમયે સભા બેસત ત્યારે ક્રીડાશૈલ પર મનની મોજ પ્રમાણે કંઠ મોકળો મૂકત, જીવનનૌકા મંદાક્રાન્તા તાલમાં વહી જાત - જો મેં કાલિદાસના સમયમાં જન્મ લીધો હોત તો...'

આ અને 'કલ્પના'ની 'સ્વપ્ન' જેવી કવિતાઓમાં રવીન્દ્રનાથ વારંવાર જાણે કાલિદાસના ભારતના એ સુવર્ણયુગમાં જઈ આવવાની આકાંક્ષા સેવે છે, જે અલકાનગરીની જેમ જાણે 'સબ પેયેછિર દેશ' (સ્વપ્નભૂમિ) છે. રવીન્દ્રનાથનો આ પલાયનવાદ છે, એમ જો સમજીશું તો મોટી ભૂલ થશે. આ એમના સ્વપ્નનું ભારત છે. ભારતીય સંસ્કૃતિનું પુનરુત્થાન એમની કંઈ સદીના અંતિમ દાયકની રચનાઓમાં જોવા મળે છે, જેની એક ક્રિયા (action)રૂપ પરિણતી તે વીસમી સદીના આરંભે (૧૯૦૧માં) શાંતિનિકેતન શાળાની - બ્રહ્મચર્યાશ્રમની સ્થાપના દ્વારા આ શાળા બ્રહ્મચર્યાશ્રમ નામ સૂચવે છે તેમ, કવિ પ્રાચીન ભારતની તપોવનની સંસ્કૃતિમાંથી શિક્ષણની પોતાની ફિલસૂફી સારવે છે, જ્યાં પ્રકૃતિના સાન્નિધ્યમાં છાત્ર પ્રાચીન ગુરુકુળની પદ્ધતિએ ભણે છે. ટાગોર અંગ્રેજોએ આયાત કરેલી વિક્ટોરિયન યાંત્રિક શિક્ષણ પદ્ધતિથી, જેનો પોતે બાલ્યવયમાં ભોગ બન્યા હતા, પોતાના બાળકોને ભણાવવા રાજી નથી. એટલે જ્યાં શિક્ષણની સમગ્ર પ્રક્રિયા ભણવાની અને ભણાવવાની સર્જનાત્મક અને આનંદપ્રદ બની શકે એવી શાળા શરૂ કરે છે. પરંતુ, તેમ કરવામાં એ પ્રાચીનનો નવા યુગ સાથે સમન્વય રચવા ઇચ્છે છે, અતીતને વર્તમાનમાં પ્રતિફલિત કરવા માગે છે. એટલે એ સંકુચિત 'હિન્દુ' વાદ નથી. એમની એ શાળામાં પાંચ અધ્યાપકોમાં ત્રણ તો ખ્રિસ્તી હતા અને એક અંગ્રેજ હતો. રૂઢિચુસ્ત હિન્દુઓ તો ઊલટાનો વિરોધ કરવાના. આ શાળા ચલાવવા કવિએ અંગત ગ્રંથાલય અને પત્નીનાં ઘરેણાં વેચેલાં. બ્રહ્મચર્યાશ્રમની શિક્ષણપદ્ધતિ, જેને પછી તો આપણે શાંતિનિકેતન શિક્ષણપદ્ધતિથી ઓળખીએ છીએ-એ રવીન્દ્રનાથ ભારતની, ભારતની સાંસ્કૃતિક પરંપરાને અનુરૂપ શિક્ષણપદ્ધતિની શોધ છે, જેમાં શ્રેષ્ઠ શિક્ષક એ 'પ્રકૃતિ' છે. વૃક્ષ નીચે ભણતા વિદ્યાર્થીઓનું હૃદય એકદમ પ્રાચીન ઋષિઓના સમયમાં જઈ પહોંચે છે ખરું, પણ તે વર્તમાન સાથે દૃઢપણે સમ્બદ્ધ પણ છે. વિજ્ઞાનનું અદ્યતન શિક્ષણ અહીં હતું, સંગીત હતું, લલિત કલાઓ હતી. છાત્ર એક પૂરો માનવ(whole man)બને એ દૃષ્ટિકોણ શાંતિનિકેતન શાળાનો હતો. ટાગોરના ભારતમાં શાળાની આ કલ્પના હતી - એ કલ્પના કોઈ ક્ષણસ્થાયી આવેગ નહોતી. વિશ્વભારતી યુનિવર્સિટીની સ્થાપના દ્વારા એ ચિરસ્થાયી બને છે. ટાગોરની આ શાળા, આ યુનિવર્સિટી વિદેશથી લાવેલો રોપ ન હતો; એ ભારતીય ધરતીમાંથી જન્મેલું વૃક્ષ છે, જે રસકસ તો આ જમીનમાંથી ખીંચે છે, પણ પ્રકાશપવન સર્વ દિશાઓમાંથી ખેંચે છે. યત્ર ભવતિ વિશ્વ એક નીડમ્, એ વિશ્વભારતીનો ધ્યાનમંત્ર છે. ટાગોર આ વૈશ્વિકતા સુધી પહોંચે, તે પહેલાં હજી તો એમને રાષ્ટ્રવાદની આકરી તાવણીમાંથી પસાર થવાનું હતું. શાંતિનિકેતન અને વિશ્વભારતી, કૃષ્ણ કૃપાલાનીના શબ્દોમાં, કવિ રવીન્દ્રનાથે લખવું શરૂ કરેલ 'એપિક'- મહાકાવ્ય - છે. એમાં શિક્ષણકાર રવીન્દ્રનાથનું ભારતદર્શન વ્યાપ્ત છે.

'જનગણમનઅધિનાયક જય હે ભારતભાગ્યવિધાતા'(૧૯૧૧) એ ગીતની પ્રથમ કડી આજે આપણા ભારતનું રાષ્ટ્રગીત છે. એ પહેલાં 'બંકીમચંદ્રની નવલકથા આનંદમઠ'ની (૧૮૮૨)માં આવતું 'વન્દે માતરમ્' ગીત પરતંત્ર ભારતના રાષ્ટ્રગીત તરીકે સ્વીકૃતિ પામી ચૂક્યું હતું. 'વન્દે માતરમ્' માત્ર શબ્દો નહોતા, સ્વાતંત્ર્યવીરો માટે મંત્ર હતો.

ભારતની માતા તરીકેની કલ્પના અવનીન્દ્રનાથ ઠાકુરના એક ચિત્રમાં છે, જેમાં ભારતના નકશામાં હાથમાં ત્રિરંગી ધ્વજ સાથે ખુલ્લા કેશે એક નારીમૂર્તિ છે. રવીન્દ્રનાથે આ ભારતીસ્તવન તરીકે 'અયિ ભુવનમનોમોહિની'ની રચના કરેલી છે. તેમાં એ કહે છે : 'નીલ સાગરનાં જળથી જેનાં પગનાં તળિયાં ધોવાય છે, પવનથી જેનું શામળું અંચલ ફરફરી રહ્યું છે, આકાશ દ્વારા ચુમ્બિત હિમાચલ જેનું કપાળ છે...'

ભારતમાતાના આ સ્તવનગાનોમાં દેશપ્રેમ જગવવાનો, દેશનું ગૌરવ કરવાનો ઉદ્દેશ કેન્દ્રમાં છે. ૧૯૦૫ના બંગભંગ આંદોલન વખતે રવીન્દ્રનાથે એમાં સક્રિયપણે ઝંપલાવેલું. રવીન્દ્રનાથે એ સમયે દેશ માટે સમર્પણની હાકલ કરતાં 'ભાવના કરા ચલબેના' ('તેથી કંઈ ચિંતા કર્યે ચાલશે નાં' અનુ. મ. દેસાઈ) કે 'એકલા ચલો રે' (એકલો જાને રે) જેવાં જનગણના કંઠે ગવાતાં અનેક ગીતો રચ્યાં હતાં. 'આમાર સોનાર બાંગ્લા, આમિ તોમાય ભાલોબાસિ' ગીત તો પછીથી સ્વતંત્ર બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત બની ગયું. કેટલાંક ગીતોમાં આ દેશમાં જન્મ લેવાની ધન્યતાનો નિર્દેશ છે : 'સાર્થક જનમ આમાર જન્મેછિ એઈ દેશે/સાર્થક જનમ માગો, તેમાય ભાલોબેસે.' (સાર્થક છે મારો જન્મ કે આ દેશમાં જન્મ્યો છું, એ જન્મ સાર્થક છે મા તને ચાહીને)

માતૃભૂમિ મટેના પ્રેમ અને સમર્પણની આવેગભરી ભાવનાથી રંગાયેલાં રવીન્દ્રનાથનાં ગીતોમાં ભાવોદ્બોધન સાથે ભારતનું એક દર્શન પણ છે. એ દર્શનમાં ક્યારેક ભૌગોલિક પરિપ્રેક્ષ્ય છે, ક્યારેક ભારતીય સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય. આપણા રાષ્ટ્રગીતમાં ભારતભાગ્યવિધાતાના જયગાન સાથે નીચેની પંક્તિઓ છે :

'પંજાબ સિંધુ ગુજરાટ મરાઠા, દ્રાવિડ ઉત્કલ બંગ
વિન્ધ્ય હિમાચલ યમુના ગંગા, ઉચ્છલ જલધિતરંગ'

આ પંક્તિઓમાં દેશનો ભૌગોલિક નકશો આલેખાય છે, જેને આપણે આજની પરિભાષામાં 'ભારતરાષ્ટ્ર' તરીકે ઓળખીએ છીએ.

પણ ગીતની બીજી કડી અને પછીની પણ કડીઓ જે ક્રમભાગ્યે રાષ્ટ્રગીતની મર્યાદાને અનુલક્ષીને રાષ્ટ્રગીતમાં સામેલ નથી, તેમાં એક ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય છે :

'અહરહ તવ આહ્વાન પ્રસારિત, શુનિ તવ ઉદાર વાણી
હિન્દુ બૌદ્ધ શિખ જૈન પારસિક મુસલમાન ખૃષ્ટાની
પૂરબ પશ્ચિમ આસે તવ સિંહાસન-પાશે
પ્રેમહાર હય ગાઁથા
જનગણઐક્યવિધાયક જય હે ભારતભાગ્યવિધાતા'

-રોજરોજ તારું આહ્વાન પ્રસારિત થાય છે; તારી ઉદાર વાણી સાંભળીને હિન્દુ, બૌદ્ધ, શિખ, જૈન, પારસી, મુસલમાન, ખ્રિસ્તી - બધા પૂર્વ અને પશ્ચિમ બાજુએથી તારા સિંહાસન પાસે જ આવે છે

અને પ્રેમનો હાર ગૂંથાઈ જાય છે. હે જનગણઐક્યવિધાયક ભારતભાગ્યવિધાતા, તારો જય હો...

'જનગણઐક્યવિધાયક' શબ્દ અહીં મહત્ત્વનો છે, તેની તરત જ ઉપર ગણાવેલી જાતિઓના સંદર્ભમાં હિન્દુસ્તાન કે જે ભારત છે - તે માત્ર હિન્દુઓનો દેશ નથી - એ વાત કવિ વારંવાર કહેતા આવ્યા છે. કવિએ ભારતવર્ષની ઈતિહાસધારા પોતાની દૃષ્ટિએ જોઈ છે, અંગ્રેજોએ લખેલા હિન્દુસ્તાનના ઈતિહાસોથી નહિ. તેમાં ઈતિહાસકારની દૃષ્ટિએ દોષ હશે, પણ ભારતીય સંસ્કૃતિના વ્યાખ્યાતા કવિની દૃષ્ટિનું સત્ય છે. ભાગવત સત્ય છે. જે વખતે શાસનકર્તા અંગ્રેજો divide and ruleની નીતિને અનુસરી ભાગલા પાડી, દેશજનો વચ્ચે કુસંપ જગાવી, તેમનામાં પારસ્પરિક ભેદભાવ જગાવી રહ્યા હતા, તે વખતે સમયસર કવિએ આધુનિક ભારતનું દર્શન કરી લીધું હતું. એ દર્શન ભૌગોલિક નથી, સાંસ્કૃતિક છે, કહો કે આધ્યાત્મિક છે. ભારતના રાજકારણના મંચ પર પછી આવનાર મહાત્મા ગાંધીએ તો એ દર્શનને રેખાંકિત કરવાનું હતું. એમણે જીવનભર એકતાનું એ કાર્ય કર્યું, પણ એમણે દેશને વિભાજિત જોતો લાચારીથી જોયો અને અંતે એકતા માટે બલિદાન પણ આપી દીધું. રવીન્દ્રનાથ જીવતા હોત તો? રવીન્દ્રનાથે તો ૧૯૧૬માં 'ઘરેબાહિરે'માં ગાંધીજીની શહીદીની આગોતરી કલ્પના કરી લીધી છે - જ્યાં નિખિલને ઝનૂનીને હાથે મરણતોલ ઘવાઈને ઘેર લવાયેલો બતાવ્યો છે. અલબત્ત, રવીન્દ્રનાથ અને ગાંધીજીની રાષ્ટ્ર વિશેની વિભાવનામાં મતભેદ છે.

બંગભંગ આંદોલનના પ્રચંડ જુવાળની વચ્ચેથી રવીન્દ્રનાથ એકદમ પોતાની 'ગુહા'માં જઈ બેસી ગયા. રાષ્ટ્રવાદનું જે વકરેલું રૂપ તેમણે જોયું, તેનાથી તે નિર્ભ્રાન્ત થયા હશે. એમની ઘણી ટીકા થઈ, પણ કવિ શાંતિનિકેતન જઈ સાહિત્ય-સાધનામાં લાગી ગયા. આ સમય 'ગીતાંજલિ'ની કાવ્ય રચનાઓનો છે, પણ એ સાથે કવિ જેમ જીવનદેવતાની શોધમાં છે, તેમ ભારતની શોધમાં પણ છે, જે ભારત સંકુચિત રાષ્ટ્રવાદની સીમાઓથી મુક્ત હોય.

ટી. એસ. એલિયટની પરિભાષા વાપરીને કહીએ તો વિચાર-મંથનનું objective corelative -વસ્તુગત પ્રતિરૂપ-તે 'ગોરા' નવલકથા. રવીન્દ્રનાથની સામે સાદી ભાષામાં કહીએ તો એક પ્રશ્ન છે: આજના ભારતમાં હિન્દુ-મુસલમાન સમસ્યાનું સમાધાન શું હોય? શાસક અંગ્રેજો સાથે કેવી રીતનો વ્યવહાર હોય? અથવા કહો કે આ દેશમાં રહેવાને કોણ હકદાર? જર્મની જર્મનો માટે, ફ્રાન્સ ફ્રેંચો માટે, બ્રિટન અંગ્રેજો માટે હોય, તો ભારત?

'ગોરા' નવલકથા લખાઈ છે આ સદીના પ્રથમ દાયકામાં, પણ એની ઘટનાઓનો સમય છે ઓગણીસમી સદીના એંશીના દાયકાનો. હિન્દુ-બ્રાહ્મ સંઘર્ષની મુખ્ય ભૂમિ પર રચાયેલી આ નવલકથાનો નાયક ગૌરમોહન ૧૮૫૭ના વિપ્લવ વખતે જન્મેલો છે. જન્મ આપીને એનાં આયરિશ મા-બાપ માર્યાં ગયેલાં અને ગોરા હિન્દુ આનંદમયીને ખોળે હિન્દુ બનીને ઊછર્યો. એને પોતાને ખબર નથી કે પોતે 'આયરિશ' છે. ગોરા જે કંઈ હિન્દુ છે, એ તમામનો ઝનૂની પુરસ્કર્તા છે. બ્રાહ્મોનો એ સખત વિરોધી છે, અંગ્રેજોનો એ વિરોધી છે. ચુસ્ત હિન્દુનાં તમામ ટીલાંટપકાં એ સ્વીકારીને ચાલે છે. ઊંચનીચની આભડછેટમાં એ માને છે. ઓગણીસમી સદીના સંકીર્ણ હિન્દુનું એ મૂર્તિમંત રૂપ હતો. આ ગોરા સુચરિતાને ચાહવા લાગે છે. ધીમે ધીમે એનું હિન્દુપણું ડોલવા લાગે છે. આનંદમયીએ તો જે દિવસથી ગોરાને પોતાની ગોદમાં લીધો છે, ત્યારથી હિન્દુધર્મની છૂતાછૂત કે સંકુચિતતા ત્યજી દીધી છે; એ બ્રાહ્મ લલિતાને અને પરેશબાબુને પણ પ્રેમથી સ્વીકારે છે. નવલકથામાં ગોરાને અંગ્રેજ હકુમતનો વિરોધ કરતો પણ બતાવ્યો છે. પણ અંતે રહસ્યનો સ્ફોટ થાય છે. એના પાલકપિતા કૃષ્ણદયાલ કહે છે કે તું હિન્દુ નથી. ગોરાના પગ નીચેથી ધરતી સરકી ગઈ, પણ એ સાથે એને નવું દર્શન લાધ્યું. એ માત્ર નવલકથાના નાયક ગોરાનું દર્શન નથી, એ રવીન્દ્રનાથનું ભારતદર્શન છે.

ગોરા પરેશબાબુને ત્યાં પહોંચે છે. નવલકથાના છેલ્લા પ્રકરણમાં આ પ્રભાવક સંવાદ છે :

ગોરા - હું હિન્દુ નથી.

પરેશબાબુ - હિન્દુ નથી ?

ગોરા - ના હું હિન્દુ નથી. મારા બાપ આઈરિશમેન હતા. ભારતવર્ષના એક છેડાથી બીજા છેડાલગી તમામ દેવમંદિરનાં બારણાં આજે મારે માટે બંધ થઈ ગયાં છે...

પણ પછી એ કહે છે :

'આજે હું મુક્ત છું, પરેશબાબુ ! હવે મને પતિત થવાનો, ભ્રષ્ટ થવાનો ડર નથી...

પરેશ બાબુ, આજ દિન લગી ભારત વર્ષને પામવા માટે મેં મારા સમસ્ત પ્રાણ દ્વારા સાધના કરી છે, પણ ક્યાંક ને ક્યાંક વિઘ્ન આવતું હતું....

હું એકદમ મુક્ત બની ઓચિંતાનો એક મહાન સત્યની અંદર આવી પડ્યો છું. આખા ભારતવર્ષનાં સુખ-દુઃખ, શુભ-અશુભ અને જ્ઞાન-અજ્ઞાન એકદમ મારા હૃદય સમીપ આવી પહોંચ્યાં છે.'

એ પછી કહે છે :

'રાત-દિવસ હું જે થવાને મથતો હતો, પણ થઈ શકતો નહોતો તે આજે થઈ ગયો છું! આજે હું ભારતવર્ષીય છું! મારી અંદર આજે હિન્દુ-મુસલમાન કે ખ્રિસ્તી કોઈ સમાજનો વિરોધ નથી. આજે આ ભારતવર્ષની બધી જાતિ મારી જાતિ છે, બધાનું અન્ન મારું અન્ન છે.'

ગોરા પરેશબાબુને કહે છે :

'આજે તમે મને એ દેવતાનો મંત્ર આપો, જે હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી અને બ્રાહ્મ સૌના દેવતા છે અને જેના મંદિરનાં બારણાં કોઈ પણ જાતિ માટે, કોઈ પણ વ્યક્તિને માટે, કદી પણ બંધ રહેતાં નથી; જે એકલા હિન્દુના દેવતા નથી, આખા ભારતવર્ષના દેવતા છે. ગોરા આનંદમયીમાં ભારતમાતાનું દર્શન કરે છે. એમને એ કહે છે :

'મા તું જ મારી મા છે. જે માને હું બરાબર ઢૂંઢતો ફરતો હતો તે તો મારા ઘરમાં જ આવીને બેઠેલી હતી. તને નાત નથી, જાત નથી, ઊંચનીચનો વિચાર નથી, ઘૃણા નથી, તું કેવળ કલ્યાણની પ્રતિમા છે. તું જ મારો ભારતવર્ષ છે!'

ગોરાનું ભારતદર્શન ભારતને વળોટી જાય છે. એ રવીન્દ્રનાથનું ભારતદર્શન કરે છે. અહીં રવીન્દ્રનાથ જે ભારતભૂમિ પર ઊભા છે, તે બિનસાંપ્રદયિક છે, માનવતાવાદી છે. ઉમાશંકર જોશીએ આ સંદર્ભે યોગ્ય રીતે કહ્યું છે કે 'true Indianess transcends India.' (સાચી ભારતીયતા ભારતને અતિક્રમી જાય છે.)

'ગોરા' નવલકથાની રચનાવિધિમાંથી પસાર થયા પછી લેખના આરંભમાં જેમાંથી અવતરણ આપેલું છે, તે નિબંધ લખાયો છે. પણ ભારતનું રવીન્દ્રનાથનું અર્કરૂપ દર્શન ૧૯૧૦માં રચાયેલ બંગાળી 'ગીતાંજલિ'ના ૧૦૬ ક્રમાંકના ગીત 'ભારતતીર્થ'માં પ્રકટ થયું છે. અહીં સંકુચિત સ્વાદેશિકતાની અતિ પારની ભારતચેતના છે. ભારતનાં દ્વાર દુનિયાની સૌ પ્રજાઓ માટે ખુલ્લાં રહ્યાં છે. ભારતનો ઈતિહાસ આ વાતનું અનુમોદન આપે છે. કવિ જાણે કહે છે કે ભારતે અખંડ રહેવું હશે તો એ સર્વેને સમાવિષ્ટ કર્યા વિના ચાલશે નહિ. કવિતાના આરંભમાં જ કવિ કહે છે :

હે મોર ચિત્ત, પુણ્ય તીર્થે જાગો રે ધીરે
એઈ ભારતેર મહામાનવેર સાગરતીરે.

કવિને મતે ભારતવર્ષ એક તીર્થ છે. 'ભારતે' મહામાનેવર સાગર તીર' એટલે કે મનુષ્યોના મહાસાગરના તીરની વાત છે. જેમ મહાસાગરમાં અનેક નદીઓ આવીને ભળી જાય તેમ આ દેશમાં મનુષ્યોની અનેક ધારાઓ આવીને વિલીન થઈ ગઈ છે.

હેથાય આર્ય, હેથા અનાર્ય, હેથાય દ્રાવિડ ચીન-
શક-હુન-દલ પાઠાન મોગલ એક દેહે હલ લીન,
પશ્ચિમે આજિ ખુલિયા છે દ્વાર, સેથા હતે સબે આસે ઉપહાર
દિબે આર નિબે, મિલાબે મિલિબે, યાબે ના ફિરે -
એઈ ભારતેર મહામાનવેર સાગરતીરે.

કવિ આ દેશમાં આવીને વસી જનાર જાતિઓની વાત કરે છે. આર્ય, અનાર્ય, દ્રાવિડો, ચીનાઓ, શકો, હુણો, પઠાણો અને મોગલો એક દેહમાં લીન થઈ ગયા. આજે પશ્ચિમે દ્વાર ખોલ્યાં છે. ત્યાંથી બધા ભેટ લઈને આવે છે. દેશે- લેશે, મળશે ને મેળવશે, કોઈ પાછું નહિ જાય-આ ભારતના માનવ મહાસાગરતીરે.

'ભારતતીર્થ'નું એક નામ 'માનૂ અભિષેક' 'છે. ભારતમાતાનો અભિષેક કરવા કેવાં તીર્થસલિલની આવશ્યકતા છે?' કવિ કહે છે :

એસો હે આર્ય, એસો અનાર્ય હિન્દુ-મુસલમાન.
એસો એસો આજ તુમિ ઈગ્રાજ એસો એસો ખ્રુસ્ટાન.
એસો બ્રાહ્મણ, શુચિ કરિ મન ધરો હાત સબાકાર
એસો હે પતિત, કરો અપનીત સબ અપમાનભાર

માર અભિષેકે એસો એસો ત્વરા,
મંગલઘટ હયનિ યે ભરા
સબાર-પરશે-પવિત્ર-કરા તીર્થનીરે
આજિ ભારતેર મહામાનવેર સાગરતીરે.

આવો હે આર્ય, આવો અનાર્ય, હિન્દુ-મુસલમાન આવો, આવો તમે આજે અંગ્રેજ, આવો ખ્રિસ્તી, આવો, આવો બ્રાહ્મણ. મનને પવિત્ર કરી બધાનો હાથ પકડો (અહીં બ્રાહ્મણને કવિ જરા વ્યંગોક્તિથી કહે છે - 'મનને પવિત્ર કરી આવો.' આભડછેટનાં મૂળ નાખનારને કવિનો આ ચાબખો નથી?) આવો એ પતિત; બધાં અપમાનનો ભાર દૂર થાઓ. માના અભિષેકમાં જલદી આવો. બધાંનાય સ્પર્શથી પવિત્ર કરેલા નીરથી મંગલ ઘટ હજી ભરાયો નથી - આજ ભારતના માનવમહાસાગરના તીરે. ભારતમાતાના અભિષેક માટે તીર્થજળ સૌના સ્પર્શથી પવિત્ર થયેલું હશે. નાતજાતધર્મદેશ સૌ સીમાને અતિક્રમીને સૌનું અહીં આહ્વાન છે. એટલે કે 'મનુષ્ય'માત્ર ને આવાહન છે. રવીન્દ્રનાથે મનુષ્યને કોઈ કશા બાહ્ય ભેદભાવ રહિત મનુષ્ય રૂપે જોવાની વાત કરતાં એક સ્થળે કહ્યું છે : એઈ દેખતે પાઓયાઈ નૂતન યુગકે દેખતે પાઓયા' આ દર્શન તે નવા યુગનું દર્શન છે. ૨૦મી સદીના પ્રથમ દાયકામાં રવીન્દ્રનાથે આપણને આ કવિતામાં નવા યુગને જોવાનું આવાહન આપ્યું હતું. તે પછી દાયકાઓ વીતી ગયા છે, રવીન્દ્રનાથનું ભારત તો ખંડિત થઈ ગયું છે, પરંતુ ફરી પાછાં એવાં જ વિભાજક બળો વકરી ઊઠ્યા છે એ જ ૨૦મી સદીના અંતિમ દાયકામાં ૨૧મી સદીના ઊંબરે ઊભા રહી આંતરરાષ્ટ્રિયતા સાથે યુક્ત રવીન્દ્રનાથના રાષ્ટ્રવાદનો, વિશ્વચેતનાથી યુક્ત રવીન્દ્રનાથની ભારતચેતનાનો સ્વીકાર કરવાની, આ દેશ દેશમાં રહેતા સૌ દેશવાસીઓનો છે, અને નહિ કે એક જાતિનો કે કોમનો, એનો સ્વીકાર કરવાની ઘડી આવી પહોંચી નથી શું? □

ચિત્ત જ્યાં ભયશૂન્ય હોય, શિર જ્યાં ઉન્નત રહેતું હોય, જ્ઞાન જ્યાં મુક્ત હોય, ઘર ઘરના વાડાએ જ્યાં પોતાના આંગણામાં રાતદિવસ વસુધાના નાના નાના ટુકડા કરી મૂક્યા ન હોય, વાણી જ્યાં હૃદયના ઝરણામાંથી ઊભરાઈને આવતી હોય, કર્મનો પ્રવાહ જ્યાં અનિવાર રીતે દેશે દેશે અને દિશાએ દિશાએ અજસ્રપણે સહસ્રવિધ સફળતા પ્રતિ ધસતો હોય, તુચ્છ આચારની મરુભૂમિની રેતીએ જ્યાં વિચારના ઝરણાને ગ્રસી લીધું ન હોય - પૌરુષને શતધા છિન્નભિન્ન ન કરી નાખ્યું હોય, તું જ્યાં સહુ કર્મ, વિચાર અને આનંદનો નેતા હોય ત્યાં - તે સ્વાતંત્ર્ય સ્વર્ગમાં - તારે પોતાને હાથે નિર્દય આઘાત કરીને, હે પિતા, ભારતને જગાડ.

(આ અંકના મુખપૃષ્ઠ પર મુકાએલા રવીન્દ્રનાથના બંગાળી કાવ્યનો નગીનદાસ પારેખે કરેલો અનુવાદ)

અતીતમાં અવગાહન

સ્વાતંત્ર્ય આવ્યું છે ત્યારે

સ્વતંત્રતા! એ એક શબ્દને ખાતર પ્રત્યેક દેશના કેટકેટલા બત્રીસ લક્ષણાઓએ પ્રાણ પાથર્યા છે! આપણા દેશે પણ તેને માટે કેવી અખંડ તપશ્ચર્યા કરી છે, કેવાં અનંત કષ્ટો સહ્યાં છે? આજે એ સર્વનું મહાન ફળ મળ્યું છે.

પણ સ્વાતંત્ર્ય આવ્યું એટલે હવે સુખસમૃદ્ધિ આવી ગઈ છે, એમ રખે માનીએ; અને સ્વાતંત્ર્ય એટલે સ્વચ્છંદીપણે વર્તવાની છૂટ પણ નહિ. સ્વાતંત્ર્ય એટલે તો જવાબદારી - મહાન જવાબદારી. સ્વાતંત્ર્યનો જે અમૂલ્ય ખજાનો આપણે મળ્યો છે તેનું રક્ષણ કરવા આપણે દરેકે હવે ખડે પગે તૈયાર રહેવું પડશે. 'પહેલાં દેશનું હિત પછી વ્યક્તિનું હિત' એ સિદ્ધાંત આપણે અપનાવવો પડશે. ઉત્સાહની ગરમીમાં તાત્કાલિક બલિદાનો ઘણી વાર સરલ હોય છે, પણ ઠંડી તાકાત વડે આપવાનો ભોગ કપરો હોય છે. દેશની હાક પડતાં ગરમ બલિદાનો દેવા જેમ બહાર પડતા તેમ હવે ભીષણ કામગીરીની ઠંડી તાકાત બતાવવા બહાર પડવું પડશે. કોઈ પણ રાષ્ટ્રનું સ્વાતંત્ર્યમંદિર મજબૂત રીતે ટકી રહેવા ચાર પાયાના સ્તંભો અચલ હોવા જોઈએ : સ્વદેશાભિમાન, શિસ્ત, ચારિત્ર્ય અને ત્યાગ. આપણા આ ચાર સ્તંભો આપણે મજબૂત બનાવીએ જેથી, આપણું સ્વાતંત્ર્યમંદિર યાવચ્ચંદ્રદિવાકરૌ ગૌરવથી ઊભું રહી શકે. આપણા પ્રત્યેકમાં એ દરેક ગુણ કાંચનશુદ્ધ રીતે ખીલ્યો હશે તો જ આપણું રાષ્ટ્ર સુદૃઢ રીતે ઊભું રહી શકશે. મહાન ઘૂઘવતો સાગર અંતે તો એકએક નાના ટીપાનો સમૂહ જ છે; એમ એક એક વ્યક્તિના શુદ્ધ બલના સમૂહમાંથી જ સમર્થ રાષ્ટ્ર બની રહેશે.

સ્વાતંત્ર્ય આવ્યું એટલે આપણું કાર્ય પૂરું થયું છે એવી ગફલતમાં રખે રહીએ; ઊલટું હવે જ આપણું ખરું ને ભીષણ કાર્ય શરૂ થાય છે. એ સ્વાતંત્ર્યને શોભાવવા, એને લાયક બનવા તથા એને ટકાવવા હવે તો અગાઉ કરતાં પણ અનેકગણાં પરિશ્રમ અને તપશ્ચર્યા કરવાં પડશે. કંઈક અંશે ૧૯૧૮માં ક્રાન્તિ પછી રશિયાની જે સ્થિતિ હતી તેવી જ સ્થિતિ આજે આપણી છે. આપણા આ વિશાળ સીમાઓવાળા ઘરનો વહીવટ આપણે જ કુશળતાથી તથા કુનેહથી ચલાવવાનો છે. તે વહીવટ સરળતાથી ચાલે તે માટે હજારો લાયકાતવાળા માણસોની જરૂર છે. દરેકેદરેક ક્ષેત્રમાં કામોના ડુંગર પડ્યા છે. વહીવટીતંત્ર ને ધારાકીય ફરજો, લશ્કર ને ખેતીવાડી, ગ્રામોદ્યોગ ને યંત્રોદ્યોગ, શિક્ષણ ને સમાજસુધાર, નહેરો ને વહાણવટું - પ્રત્યેક ક્ષેત્રમાં હજારોની બુદ્ધિશક્તિની આજે જરૂર છે. એ માટે જરૂરી આવડત, અભ્યાસ, કુનેહ તથા કર્તવ્યબુદ્ધિ ખીલવવા પડશે. એ રીતે સ્વરાજ્યનો બોજો ઉપાડવા આપણે ખભા મજબૂત નહિ બનાવીએ તો તે બોજો આપણને જ કચડી નાખશે.

આજે હિંદ નાગું-ભૂખ્યું છે. કરોડો લોકોને બે ટંક પૂરું ખાવાનું મળતું નથી ને લજ્જા-રક્ષણ માટે કાપડનો ટુકડો મળતો નથી. હજારો માણસો કોઈ પણ જાતના વૈદકીય ઉપચાર પામ્યા સિવાય જ મૃત્યુ પામે છે. દેશની જે ઊગતી પ્રજાનાં હાડ નાનપણથી જ બંધાવાં જોઈએ તેને ઘી-દૂધનાં દર્શન પણ થતાં નથી. ખેડૂત દેવા નીચે દબાએલા છે, વેપારી સ્વાર્થમાં રચ્યોપચ્યો છે અને આમપ્રજા વહેમ તથા કુરૂઢિઓમાં ઘેરાઈ નિ:સત્ત્વ, નિર્વીર્ય બની ગઈ છે. શહેરો સ્વાર્થનાં ને ગામડાં કાવાદાવાનાં ધામ બની રહ્યાં છે. નવયુવાનોમાં સ્થિર, શાંત આસનબદ્ધ કાર્ય કરી બતાવવાની તપસ્યા કે ઠંડી તાકાત નથી. આખો દેશ એક બાજુએ દૈન્ય અને દુ:ખથી તથા બીજી બાજુ સ્વાર્થ અને પ્રપંચથી ખદબદી રહ્યો છે. આ છે આજના હિંદનું ચિત્ર. એ ચિત્ર ભૂંસી નાખીને તેના પર ચારિત્ર્યના તેજને પરિશ્રમના પ્રવાહીથી સર્જેલા તેજસ્વી રંગો વડે દેદિપ્યમાન ભારતનું ચિત્ર આપણે સર્જવાનું છે. આવો, આપણે ખભેખભા મિલાવીને એ મહાન કાર્યમાં પ્રવૃત્ત થઈએ.

દેશના જુવાનોને આજે જ ખરી હાકલ પડી છે. આવેલી સ્વતંત્રતાનો એ સંદેશ છે- સાદ છે. (સળંગ અંક ૨૮૪માંથી)

ભારતના ઈતિહાસમાં ઑગસ્ટ માસ

હિન્દુસ્તાન પહોંચવાનો જળમાર્ગ શોધવામાં સફળ થઈ ઈ.૧૪૯૮માં વાસ્કો-ડા-ગામા અંતે દક્ષિણ હિંદના મલબાર કાંઠે કાલિકટ પહોંચ્યો, ત્યાંના રાજા ઝામોરિને એને આવકાર્યો પણ ખરો. પણ મૂર વેપારીઓ સાથે એને ઝઘડો થયો ને તેમાં એના માણસો કેદ પકડાયા. આની સામે ડા-ગામાએ ૧૮ હિંદીઓને પોતાના વહાણમાં રોકી પાડ્યા. વાટાઘાટો ચાલી ને છેવટે ૨૮ ઑગસ્ટે છ હિંદીઓને બાન તરીકે લઈને એ અહીંથી પાછો ફર્યો. પણ ત્યારથી આ દેશ પર પરદેશીઓની જડ લાગી ગઈ. એનાં પગલે પછી તો વલંદા (ડચ), ફ્રેન્ચ અને છેલ્લે અંગ્રેજ કોટન હૉકિન્સ હિંદુસ્તાન આવી સૂરત બંદરે નાંગર્યો. ઈ. ૧૬૦૮નો એ ઑગસ્ટ માસ હતો. ત્યાર પછીના હિંદના ઈતિહાસમાં ઑગસ્ટ માસમાં બનેલી અનેક નોંધનીય ઘટનાઓમાંની સાલવાર કેટલીક તારીખો જોઈએ :

૧૭૪૯. કર્ણાટકના રાજા ચાંદાસાહેબે અંગ્રેજોની મદદ માગી, તા. ૨, અને ત્યારથી વ્યાપારના બહાને હિંદુસ્તાન આવેલા અંગ્રેજોએ અહીંના રાજકાજમાં પોતાના પગ પસારવા માંડ્યા.

૧૭૬૫. નબળી પડેલી મુઘલાઈનો લાભ વરસે ૨૬ લાખ રૂપિયા આપવાના બદલામાં ક્લાઈવે શાહ આલમ બીજા પાસેથી બંગાળ, બિહાર અને ઓરિસ્સાની દીવાનગીરીનું ફરમાન મેળવ્યું, તા. ૨

૧૭૭૫. અંગ્રેજોની કપટનીતિ પામી જઈ બંગાળના એક જાગીરદાર રાજા નંદકુમારે તેમને હાંકી કાઢવા જે પ્રયત્નો કરવા માંડ્યા તેમાં છેલ્લે એણે ગવર્નર હેસ્ટિંગ્સ પર લાંચ લેવાનો આરોપ પણ મૂક્યો. પરંતુ નંદકુમાર પર ખોટાં આળ ચઢાવી અને ખોટા સાક્ષીઓ ઊભા કરી તેના પર સામો દાવો માંડી અંગ્રેજોએ એને ગુનેગાર ઠેરવી ફાંસીએ ચડાવી દીધો, તા. ૫

૧૮૦૯. શ્રીરંગમૃના માયલાઓએ અંગ્રેજો સામે બળવો જગાવ્યો, તા. ૨૩

(અનુસંધાન પૃ. ૩૭૮ પર)



Rabindranath Tagore

રવીન્દ્રનાથે કરેલો પોતાનો સ્કેચ

કલાવાર્તા


રવીન્દ્રનાથ ઠાકુરની ચિત્રકળા

કવિવર રવીન્દ્રનાથ ઠાકુરને દુનિયાની સર્વ સંસ્કાર-સંસ્થાઓ માનથી નવાજી રહી હતી ત્યારે એ પરાકાષ્ઠાઓભરી વૃદ્ધાવસ્થામાં તેમના મનમાં એક નવા પ્રકારની અભિવ્યક્તિ કરવાના કોડ જાગ્યા. ચિરકાળ સૂની પડેલી ચિત્રઝંખના પ્રકટી ઊઠી અને પૂરાં બાર વર્ષો સુધી તેઓ અવિરામપણે તેની પાછળ મથી રહ્યા. લેખિન ધીમે ધીમે મંદ પડી અને પીંછી સક્રિય બની. ૧૯૪૧માં તેઓ દિવંગત થયા ત્યારે ચિત્રોની સંખ્યા ૨૦૦૦ પર પહોંચી હતી.

કવિને બાલ્યકાળમાં સંગીત, નાટક ને ચિત્રસૌંદર્યનાં પ્રેમી કુટુંબજનો મળ્યાં હતાં. તેમના મોટાભાઈ જ્યોતિરિન્દ્રનાથ અચ્છા ચિત્રકાર હતા, અને તેમના ભત્રીજાઓ અવનીન્દ્રનાથ અને ગગનેન્દ્રનાથ તો ચિત્રવિદ્યાના અઠંગ ઉપાસકો હતા. તેમના ચિત્રપ્રયોગો તેઓ ખૂબ નિકટથી રસ ને આનંદપૂર્વક નિહાળતા અને તેમને પોતાની અનુપમ સૌંદ્ર્ય-ચેતનાથી પ્રેરણા આપતા. એમણે પોતે પણ બાલ્યકાળમાં ચિત્રપોથીઓ ભરી કાઢેલી અને સારાં ચિત્રોનો સંગ્રહ કરેલો.

કવિવરનું પોતાનું ચિત્રકાર્ય તો કૈં અનોખી રીતે જ વિકાસ પામ્યું છે. કોઈ પણ કલાનિર્માણના પાયામાં છંદ અને લયની વ્યવસ્થા કે ગુંજન હોય ત્યારે જ તે કલા નામને સાર્થક બને છે. તેમનાં કાવ્યો લખાતાં તે છંદ અને અભિવ્યક્તિ પ્રમાણે બહુ રુચિશુદ્ધ લિપિમાં લખાતાં. તેમાં શબ્દો સુધારવા માટે જે છેકાછેકી થતી તેને પણ એમની લલિત રસવૃત્તિ સુરુચિભર્યા વિવિધ આકારો આપી દેતી, અને એમાં વેલપત્તીની લીલા કે કોઈ પશુપંખી યા નિગૂઢ કલ્પનાભરી આકૃતિઓ પ્રકટી ઊઠતી. પહેલાં તો ચાલુ કે બ્લ્યૂ શાહીથી આ કામ થતું. પછી છેકેલા ગુચ્છને લાલ શાહીની ધારવાડી થવા લાગી, અને તે પછી તો ઘણા રંગોવાળી શાહીઓનો તેઓ ઉપયોગ કરવા લાગ્યા.





હસ્તપ્રતોમાં છેકાયેલા એ ખંડો પ્રથમ તો નવરાશની એક ગમ્મત બનેલા; પણ નાનપણમાં ભરી મૂકેલી ચિત્રપોથીઓના સંસ્કારે તે છેકાછેકીમાંથી કોઈ આકારો પ્રકટવા માટે પોકાર કરતા તેમને લાગ્યા.

આખરે તો પ્રત્યેક કલાકારમાં કવિ, ચિત્રકાર કે સંગીતકારનું વધુઓછું અનેકવિધ પ્રમાણોવાળું રસાયન હોય છે. અને યોગ્ય પ્રસંગે કે તકોની અનુકૂળતા મળતાં વિશેષરૂપે પ્રતિભાસ્વરૂપ પકડે છે. આજે એ ચિત્રો અદ્ભુત રૂપરચના અને અનવનવી છંદલીલાનો ભંડાર છે. કલાકોવિદની એ પ્રશંસા પામ્યા છે અને પ્રસિદ્ધ ચિત્રાલયોમાં સ્થાન પામ્યાં છે.

તેમની આકૃતિઓ નિર્બળ કે શૈથવાના હાથે બનેલી નથી. સિત્તેરમે વર્ષે પણ કવિનાં આંગળાંમાંથી સ્થિર રેખાંકન થયું છે. અમુક હેતુ પ્રમાણે જ તેમની પીછીના લસરકા પડ્યા છે. તેમનાં ચિત્રોમાં બાલોચિત સાદાઈ છે, પણ આલેખનનો જુસ્સો તેમાં ભર્યોભર્યો છે. તેમાં કદીક કલાનો આવેગ, કદીક કઠણ કાળમીંઢ આકૃતિઓ તો કદીક સંસારભારે ચંપાયેલી મ્લાન કે ત્રસ્ત મૂર્તિઓ નિર્માણ પામી છે. કવિ પોતાના

ટિકિટ-સંગ્રહ

સ્વતંત્ર ભારતની પ્રથમ ટપાલ-ટિકિટો

ભારતની આઝાદીના ઐતિહાસિક દિનની સ્મૃતિમાં અને તેને ચિરસ્મરણીય કરવા આપણા ટપાલખાતાએ ૧.૫, ૩.૫ અને ૧૨ આનાનાં મૂલ્યોની ત્રણ રંગીન ટિકિટો પ્રકટ કરી હતી. આ ત્રણે ટિકિટોની મધ્ય આકૃતિનાં મથાળાં પર નાગરી લિપિમાં 'જયહિંદ' શબ્દ અંકિત કરવામાં આવેલા છે. ૧.૫ આના મૂલ્યની ટિકિટ ઊભા લંબચોરસ આકારની ગ્રીન-ગ્રે કલરની હતી અને તેની મધ્ય આકૃતિ મૌર્ય સમ્રાટ અશોકના સમયના સારનાથ સ્તંભના સિંહ-શિરાવટીના ચિત્રની છે. જયહિંદ શબ્દ નીચે અંગ્રેજી ભાષામાં ૧૫ ઓગસ્ટે ૧૯૪૭ શબ્દો છાપવામાં આવ્યા છે. ટિકિટના છેડેના ડાબા ખૂણા પર અંગ્રેજી આંકડામાં અને જમણા ખૂણા પર હિન્દી આંકડામાં મૂલ્ય છાપવામાં આવેલું છે. ૩.૫ આનાવાળી ટિકિટની મધ્ય આકૃતિ હવામાં લહેરાતા ત્રિરંગા રાષ્ટ્રધ્વજની છે તેની ડાબી બાજુ અંગ્રેજીમાં 15 AUG 1947 અને નીચે ખૂણામાં મૂલ્ય તથા બાજુમાં અંગ્રેજીમાં INDIA શબ્દ છાપવામાં આવેલો છે. ૧.૫ આનાવાળી ટિકિટની સિંહ-શિરાવટીની આકૃતિને રાષ્ટ્રચિહ્ન તરીકે સ્થાન મળેલું છે, ૩.૫







આનાવાળી ટિકિટ પરના રાષ્ટ્રધ્વજ વચ્ચેનું અશોકચક્ર લોકશાસન, પ્રગતિ અને મૈત્રીનું પ્રતીક છે.

સ્વતંત્ર ભારતની ૧૨ આનાના મૂલ્યની ટિકિટ વાદળી રંગની લંબચોરસ આકારની હતી. આ ટિકિટની મધ્ય આકૃતિ વિમાનની છે. વિમાનની આકૃતિ નીચે અંગ્રેજીમાં 15 AUG 1947 નાના અક્ષરે અને તેની નીચે અંગ્રેજીમાં INDIA POSTAGE તથા ડાબા ખૂણા પર અંગ્રેજી આંકડામાં મૂલ્ય છાપવામાં આવેલું છે.


સ્વતંત્ર ભારતની આ ત્રણે ટિકિટો દુનિયાભરના ટિકિટ-સંગ્રાહકોમાં ખૂબ ખ્યાતી પામી છે. આ ટિકિટોની ડિઝાઈન કરનાર ચિત્રકારે મધ્ય આકૃતિઓની પાછળ વાદળોની સુંદર પશ્ચાદ્‌ભૂમિ તૈયાર કરેલી છે, જે ટિકિટને ઉઠાવ આપે છે.

- મનસુખલાલ એન. સાતા

આકારોમાં આક્રંદ, હાસ્ય ને તોફાન ઉપજાવી શક્યા છે. તેમનાં ચિત્રોમાં રચનાબંધ અનુપમ છે, અને તેમના ભાવ તથા કલ્પનાશક્તિને તે પૂર્ણ સાનુકૂળ બન્યા છે.

ચિત્રકલાની ચાલુ પરંપરાથી તદ્દન અલિપ્ત એવી કવિવરની આ પ્રવૃત્તિ વિચાર, ઊર્મિ, ભાવના અને અનુભૂતિના અગોચર પ્રદેશને પ્રકટ કર છે. તેમના મનની લીલા પ્રત્યક્ષ કરતી એ કૃતિઓનો જરાશો આસ્વાદ અહીં અનુભવીએ. □







કુંકાવટી

સંતોષ કંવર
યુવાનસદૃશ પ્રૌઢ પ્રતિભા



યૌવનની થનગનતી વય વળોટી ગયા છતાં અવરોધો કે મુસીબતો સામે ઝૂક્યા વિના ૫૭ વર્ષની વયે એથલેટિક્સના ક્ષેત્રે એક સાથે ૯ જેટલા સુવર્ણચંદ્રકો જીતવા એ એક આગવી સિદ્ધિ જ ગણાય, અને સંતોષ કંવરે એ સિદ્ધિ હાંસિલ કરી એક ઉમદા પ્રેરક દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

ઈ. ૧૯૩૩માં એનો જન્મ. એ કાળે તો કોઈ છોકરી રમતગમતોની સ્પર્ધામાં ઊતરે એવું કોઈ વિચારે યે નહિ. ત્યારે પ્રારંભિક અભ્યાસકાળથી જ એને રમતગમતોમાં - ખાસ કરીને વ્યાયામની રમતો અને બેડમિન્ટનમાં - ઊંડો રસ હતો. ૧૯૫૩માં દિલ્હીની લેડી ઇરવિન કોલેજ ઑફ હોમસાયન્સમાં દાખલ થયા પછી ત્યાં એન.સી.સી.માં જોડાનારી પહેલી છોકરીઓમાંની એ એક હતી. કૉલેજમાં એણે કેટલાક સુવર્ણ અને રૌપ્ય ચંદ્રકો જીતવા સાથે ભાલાફેંક- હાઈજમ્પમાં નવા વિક્રમો સ્થાપેલા.

અભ્યાસ પૂરો કર્યા પછી ૧૯૫૫માં જયપુરના એક ડૉક્ટર સર્જન સાથે તેણે લગ્ન કર્યાં, અને હોમસાયન્સના શિક્ષણમાં લેક્ચરર બની. જીવનમાં આ એક નવો વળાંક હતો, પણ પતિએ પણ એના શોખને બધી રીતે પ્રોત્સાહન આપ્યું.

મોટી વયે પણ પોતાના એથલેટિક્સના ઊંડા ને સક્રિય રસને કારણે ઘણીવાર તેને ઉપહાસ ને ટીખળો સહન કરવા પડતાં, પણ પોતાના દૃઢ નિર્ધારથી જ્યારે એણે રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય માનચાંદ જીતવા માંડ્યાં ત્યારે ટીકા કરનારાઓ પણ એને અભિનંદન આપતા થઈ ગયા.

રાજ્ય અને કેન્દ્ર સરકારની સ્પોર્ટ્સ કાઉન્સિલો, રાજસ્થાનના શિક્ષણખાતા અને બેડમિન્ટન એસોસિએશન ઑફ રાજસ્થાને પણ એને પ્રશસ્તિ-પ્રમાણપત્રોથી નવાજી હતી. જો કે નાનપણથી સ્પોર્ટ્સમાં ઊંડો અને સક્રિય રસ હોવા છતાં એની પ્રતિભાની સ્વીકૃતિ મોડી થઈ ગણાય, પણ દરમિયાન એ એના ધ્યેયમાંથી જરા પણ ચલિત થઈ નહિ.

ઈ. ૧૯૮૮માં હરિયાણામાં ભિવાની ખાતે 'ઑલ ઇન્ડિયા વેટરન્સ એથલેટિક્સ મીટ'માં ૧૦૦ મીટરની અને ૩ કિ.મી. જલદ ચાલમાં બે સુવર્ણચંદ્રક જીતવા સાથે લૉંગજમ્પમાં કાંસ્યચંદ્રક પણ હાંસિલ કર્યો હતો. આ એની પ્રથમ મોટી સિદ્ધિ હતી અને એનાથી એને નામના મળી.

એ પછી ૧૯૮૯માં મુંબઈની મહારાષ્ટ્ર બેડમિન્ટન સિલેક્શન ટૂર્નામેન્ટમાં રાજસ્થાનનું પ્રતિનિધિત્વ કર્યું અને તુરત જ ડેન્માર્કમાં યોજાયેલી 'વર્લ્ડ માસ્ટર્સ ગેઈમ્સ' માટે એની વરણી થઈ. ત્યાં તેણે સિંગલ્સ, ડબલ્સ અને મિક્સ્ડ ડબલ્સમાં ત્રણ કાંસ્યચંદ્રકો મેળવ્યા. પાંચ કિ.મી.ની વૉકિંગ રેસમાં એણે એ અંતર માત્ર ૩૫.૦૨ મિનિટમાં જ પૂરું કરી એક નવો વિક્રમ સ્થાપવા સાથે રૌપ્યચંદ્રક પણ મેળવ્યો. આનાથી એને ૧૯૯૦માં ચંદીગઢમાં 'ઇન્ડિયન વેટરન્સ એથલેટિક્સ મીટ'માં ભાગ લેવાની તક મળી, જેમાં ૧૦૦, ૪૦૦ તથા ૩ કિ.મી.ની દોડમાં ૩ સુવર્ણચંદ્રકો મેળવ્યા.

જુલાઈ ૧૯૮૯માં સિંગાપોરમાં 'માસ્ટર્સ ઇન્ટરનેશનલ એથલેટિક ચેમ્પીયનશિપ'માં પણ ભારત વતી તેની વરણી થયેલી અને ત્યાં પોતાનું ઉત્તમોત્તમ હીર દાખવીને ૧૦૦, ૨૦૦, ૪૦૦ અને ૮૦૦ તથા ૧૫૦૦ મીટરની દોડમાં અને લૉંગ જમ્પ, શૉટ પુટ, ડિસ્ક્ થ્રો તથા ભાલાફેંકમાં એક દિવસમાં ૯ સુવર્ણચંદ્રકો જીત્યા હતા. આમાંયે ત્રણ સ્પર્ધામાં તો તેની સર્વાંગી રજૂઆત પણ ઉત્તમોત્તમ ઠરી હતી.

ગયા વર્ષે સપ્ટેમ્બરમાં યે તેણે હૉંગકૉંગમાં 'ઇન્ટરનેશનલ વેટરનટ્રેક એન્ડ ફિલ્ડ મીટ'માં ૯ સુવર્ણચંદ્રકો અને ૨ રૌપ્યચંદ્રકો જીતી પોતાનું નામ ઓર રોશન કર્યું હતું.

એની આ સિદ્ધિઓ માટે મેવાડ ફાઉન્ડેશને એને ૫૦૦૧ રૂપિયા, શાલ, રૌપ્ય સ્મૃતિચિહ્ન અને મેરિટ પ્રમાણપત્ર આપી તેને નવાજી છે. રાજસ્થાન સ્પોર્ટ્સ કાઉન્સિલે પણ તેને ૧૭૦૦૦ રૂપિયાનો એવૉર્ડ આપીને બિરદાવી છે.

પોતાના રસક્ષેત્ર પ્રતિની સમર્પિત ભાવના અને સતત વ્યાયામ એ એની સિદ્ધિનાં મૂળ છે. સવારે સાડાચાર વાગ્યે ઊઠી જઈ નિત્યકર્મથી પરવારી એ અર્ધો કલાક આસનો કરે છે, પછી જૉગિંગ અને બીજી શારીરિક કસરતો કર્યા બાદ ટેબલટેનિસની પ્રેક્ટિસ કરી લઈ એ શાળાની પોતાની કામગીરીની ફરજમાં લાગી જાય છે. ને સાંજે બેડમિન્ટનની તાલીમ લઈ ઘરે આવે છે. ઘણી વાર સાંજે પતિ સાથે ફરવા જાય છે.

સંતોષ કંવરનો આહાર પોષણયુક્ત અને ભરપુર કેલરીવાળો હોય છે. તળેલા ને મસાલેદાર ખોરાકથી તે દૂર રહે છે. દિવસભરની સતત પ્રવૃત્તિઓને કારણે એ સારી ઊંઘ લઈ શકે છે, અને બીજા દિવસને માટે એ પૂરી તાજગી મેળવી લે છે.

ફરાળી વ્યંજનો

અષાઢ માસ બેસે એટલે વિવિધ વ્રત-તહેવાર અને ઉપવાસ-એકટાણાંઓનો આરંભ થાય. વર્ષા ને શરદ ઋતુનાં વિધવિધ ફળો તથા અવનવી ફરાળી વાનગીઓનું આ સમયે મહત્ત્વ વધી જાય. અહીં આવી કેટલીક વાનગી જોઈએ.

શીખંડ-દૂધના પાઉડરનો : આમાં દૂધના બદલે તેના પાઉડરનો ઉપયોગ છે. જોઈના પ્રમાણમાં પાઉડર લઈ તેમાં હૂંફાળું પાણી ભેળવી ઘટ્ટ ઘોળ તૈયાર કરવો. જરા ઠરે એટલે તેમાં મેળવણની સાથે મેથીના એક દાણા જેટલી ફટકડીનો ભૂકો નાખી આ ઘોળને વલોવીને પછી ઢાંકી મૂકવો. આ રીતે દૂધના પાઉડરનું દહીં તૈયાર થશે. દહીં જામી જાય પછી તેને પાતળા કપડામાં બાંધીને લટકાવી રાખી તેમાંનું પાણી નિતારી લેવું. આ રીતે તૈયાર થએલા દહીંના મઠ્ઠામાં દળેલી અથવા ઝીણી ખાંડ રુચિ મુજબ જોઈતા પ્રમાણમાં ભેળવીને ઝીણી જાળીની ચારણી યા કપડાં દ્વારા તેને છીણી લેવું. શીખંડ તૈયાર. ઇચ્છો તો તેમાં ફળના ટુકડા કે સુગંધ માટે એસેન્સ નાખી શકાય.

ફરાળી ભજિયાં : જેમ ચણાના લોટનાં ભજિયાં કરીએ તેમ જ શિંગોડાં કે રાજગરાના લોટનું ખીરું બનાવી ફરાળમાં લઈ શકાય તે- બટાટા, કેળાં, રતાળુ વગેરેનાં ભજિયાં બનાવી શકાય. ફરાળમાં ચાલે અને સ્વાદિષ્ટ લાગે. આમ જ, ઘઉંના લોટના લાડુની પેઠે જ રાજગરાના લોટનો ઉપયોય કરીને ફરાળી લાડુ બનાવી શકાય. આની રીત સમજાવવી જરૂરી નથી. ચણાના લોટની ખાંડવીની માફક જ શિંગોડાના લોટની ખાંડવી પણ ફરાળ માટે બનાવી શકાય. ('સ્ત્રી'માંથી તારવીને)

સાહિત્યસંપર્ક

પ્લોટ : વસ્તુસંકલના

વિવેચની પરિભાષામાંનો કદાચ સહુથી વધુ વપરાઈ ઘરગથ્થુ બની ગયેલો આ શબ્દ છે. ભાગ્યે જ કોઈ એવું હશે જેને તેના કોઈ ને કોઈ મિત્રે કોઈ ને કોઈ પળે ઊભો રાખી પોતે તાજી જોયેલી ફિલ્મનો પ્લોટ નહીં કહ્યો હોય.

વળી, પ્લોટ શબ્દ તો ઇંગ્લિશ છે. પણ એનાં મૂળ અને એનો મહિમા પશ્ચિમમાં ઍરિસ્ટોટલ સુધી ભૂતકાળમાં લંબાય છે. ઍરિસ્ટોટલ તેના કાવ્યશાસ્ત્ર પરના ગ્રંથ, જે આમ તો ગ્રંથ કરતાંય નોંધોના સ્વરૂપમાં છે, તેમાં પ્લોટ માટે muthos (મુથોસ) શબ્દ વાપરે છે, જે myth એટલે કે પુરાકલ્પનની સાથે સંકળાયેલો છે. પણ અત્યારે એ તત્ત્વચર્ચામાં ન પડીએ.

અત્યારે, આ સદીના અંતે, પ્લોટ વિશેની આખીયે વાતને વળી નવો વળ ચડ્યો છે. આના પછી આમ બન્યું, એ પછી આમ બન્યું, એ પછી આમ બન્યું - એમ જે બનતા બનાવોની પરંપરા કે એની શૃંખલા, એ આખુંય તંતોતંત જે સુયોજન કે આયોજન, તેનો જે આખોય કહો કે હારડો, એ... એ શું છે? આમ જોઈએ તો આપણે કહેલી-સાંભળેલી વાર્તાઓ વિશે એ પ્રશ્ન ભાગ્યે જ થાય છે. વાર્તાને વાર્તા તરીકે જ આપણે જોઈ છે, એક છેવટની વસ્તુ જેની પાછળ, જેને છૂટી પાડીને તેની અંદરનું કલેવર, તેને ઉકેલવાનો આપણને ભાગ્યે જ કદી વિચાર આવ્યો છે. જેમ એક રેલવે એન્જીન કે એક મોટરકાર એ છેવટની વસ્તુ તરીકે લેખી શકાય.

વિસ્મય ત્યારે થાય જ્યારે આપણે જરા જાગી જઈને જાણીએ, જોઈએ કે આ વાર્તા નામનો પદાર્થ પણ આખરે માણસે પોતે, દેખત-પેખત, બનાવેલો છે. એ એક કિમિયાગીરી, એક જાદુગરી છે, એક કપોલકલ્પિત, એક ફિક્શન.

અહીં પેલા પ્લોટ નામના ઘટકનું મહત્ત્વ ઊપસી રહે છે. એ ફિક્શનને સ્થિર, ધરતી પર ટેકવી ઊભું રાખનાર જે તત્ત્વ, તે મશીનની અંદરનો આત્મા, કે ખરું જોઈએ તો એની અંદરનું એ ભૂત જે એને આલતું કરે છે, તે તો પ્લોટ છે. ફિક્શન તેનું નામ સૂચવી જાય છે તેય પોલું કે પોકળ છે, પણ તેની અંદરનો પ્લોટ એ તો નક્કર, ચોક્કસ, આંગળી મૂકી બતાવી શકાય, જેને જુદો સેરવી લઈ, આરંભથી અંત સુધી ઉખેળી, પાથરી, તેના વિવિધ અંકોડાને ચીંધી, તેને વિશે વિગતે વાત થઈ શકે તેમ છે.

આમ જોઈએ તો આ વાતમાં કાંઈ નવું નથી. આજ સુધીમાં આપે નવીજૂની એકાદી એવી વાર્તા તો વાંચી જ હશે જેના વાર્તા-લેખકે એક પાત્ર એવું ઘુસાડ્યું હશે કે જે પોતે લેખતો હશે જે લેખક એક વાર્તા લખક હશે, જે વાર્તા આ વાર્તા પોતે હશે. મૉર્ડન સાહિત્યનો હવે જૂનો થઈ ગયેલો આ ખેલ છે. એક રીતે વાર્તામાંનો પ્લોટ એ આખરે માનવસર્જિત, માનવકૃત અને તેથી કૃતક એવું ઘટક છે, એવી આજ સુધી અ-ભાન પણ હવે વીસમી સદીમાં વધુ ને વધુ સ-ભાન બનતા જતા લેખકની સંવેદનાને થયેલી પ્રતીતિનો જ આ પડઘો છે, એનો રેલો છે.

પણ કપોલકલ્પિતના કપોલતલ્પિત-પણાની આ સર્જકપક્ષે સભાનતા આજે સર્જનની બહાર, જેને સાહિત્યિક વિવિચન નહીં પણ સાહિત્યતત્ત્વવિચાર કહીએ, તે ક્ષેત્રે નવી જ રીતે ચાકડે ચડ્યો છે. પ્રશ્ન એ છે- અને એ નવીનવી રીતે પુછાય છે - કે માણસને મળેલા શરીરતંત્ર તે મજ્જાતંત્ર કે ઊર્મિતંત્ર કે જે કોઈ તંત્ર તેને હોય કે છે તેના કયા ખાના, તેના કયા કેન્દ્ર કે હિસ્સામાંથી આ કપોલકલ્પિત, આ ફિક્શન બનાવવાની શક્તિ સ્રવી? આ બ્રહ્માંડ કહો તો બ્રહ્માંડ- એ સર્જ્યું, સર્જાવા માંડ્યું ક્યાંથી?

આનો એક જવાબ પુરાકલ્પન, મિથના અભ્યાસ તરફ દોરી જાય છે. અને તેમાં ઍરિસ્ટોટલનું પેલું ઇંગિત સંધાઈ જાય છે કે પ્લોટનું રહસ્ય તમારે જાણવું, સમજવું હોય તો તમારે મિથ, મિથસંકુલોનો અભ્યાસ કરવો પડે. કેમ કે પ્લોટનું જો આદિમ, જો નિર્ભેળ રૂપ જોવું હોય તો તમને મિથમાં મળી રહે. આદિમ માણસે જે સર્જી તે મૂળ તો મિથ છે, જેની આગળ 'અના કેરેનીના' કે 'સન્સ એન્ડ લવર્સ' કે 'ઘરેબાહિરે' કે તમે ગમે તે નામ દો તે તો ઓળા છે. મહિમા પેલા મિથ-સર્જનનો છે. અભ્યાસ કરવો હોય તો તેનો કરો, તે મિથનાં ગુચ્છો છે, તેનાં નક્ષત્રો છે, તેની નિહારિકાઓ છે, તેનાં મિથમંડલો છે. અને આમ જોઈએ તો મિથમાં જે અનંત અર્થધ્વનિ છે તેનું હાર્દ જ એ છે કે તેને એક સુશ્લિષ્ટ વસ્તુસંકલન, એક પ્લોટ છે, પછી તે ઈડિપસની મિથ હોય કે સાવિત્રીની. તમે એને પાંચ વાક્યોમાં કહી શકો છો. એ સૂત્ર છે, એ એક સાંકેતિક લિપિ છે_ તમે સમજી જ ગયા હશો કે આપણે લેવિ સ્ટ્રૉસના મિથ્સના અભ્યાસો, અને પ્રોપ (Propp)ના અભ્યાસો પરથી ફલિત થતાં માનવમનના માનવીએ ચેતનાના હજુ સુધી ન ખોલેલાં સત્યોની સીમમાં છીએ, સંરચના બાદ, સ્ટ્રકચરાલિઝમની.

આ ખોજનો એક ફાંટો રશિયન ફૉર્માલિસ્ટ્સ તરીકે જાણીતા થયેલા, આ સદીના ત્રીજા-ચોથા દસકામાં પ્રવૃત્ત થયેલા એક બુદ્ધિજીવીઓના જૂથનાં હવે બહુ જ પ્રભાવક બનેલાં લખાણોમાં મળી રહે છે. આ લખાણોમાં એ જ વાત પર ભાર મુકાય છે કે એક વાર કપોલકલ્પિતના કપોલકલ્પિતપણા, ફિક્શનાલિટી ઑફ ફિકશનને, તમારું આરંભસ્થાન ગણી આખીય વાત ફરી ગોઠવો, એ દોર હાથમાં લઈ કાવ્યવિશ્વ નામની ભૂલભુલામણીમાં તમે પ્રવેશી જુઓ તો ઘણું બધું ઊકલતું દેખાશે.

રશિયન ફૉર્માલિસ્ટ્સનો ઝોક કાવ્યવિવેચનને વિજ્ઞાનની દિશા તરફ લઈ જવાનો છે. એ કહે છે કે એકવાર તમે કપોલકલ્પિત એ ખરેખર છે એમ માની વાત કરવાની તમારી પદ્ધતિ બદલી નાખી એ કપોલકલ્પિત છે એમ સ્વીકારી વાત કરવા માંડો તો તમે હવે એની સમક્ષ હેરત પામી ઊભા રહેવાને બદલે તે જે યુક્તિપ્રયુક્તિ, જે વ્યૂહરચનાઓ, જે તરકીબો, જે 'ડિવાઈસીઝ'થી બની છે,- અસ્તિત્વમાં આવે છે, તેનો અભ્યાસ કરવા માંડશો. આ આખાય અભિગમની કથાકથન, એટલે કે નેરેટિવના અભ્યાસો પર ઊંડો પ્રભાવ પડ્યો છે અને ખાસ કરીને પ્લોટના એક ઘટક તરીકેના સ્થાન પર.

આ છેડેથી આ સંશોધકોને પ્લોટ તરીકે ઓળખાતા ઘટક સુધી આવતાં એકને બદલે બે સંજ્ઞાઓની જરૂર જણાય છે. એક તો છે 'ફેબ્યુલા' એટલે કે કથાનક કે વસ્તુસંકલન કે જૂના અર્થમાં પ્લોટ જેનાથી આપણે પરિચિત છીએ. પણ એનાથી આગળ વિચારીએ તો એમ સમજાય છે કે કોઈ પણ કથા, નેરેટિવનો વિસ્તાર દ્વિવિધ સ્તરે ફેલાતો ચાલે છે. એક સ્તર તો છે આ કીધું તે પ્લોટનું, પણ તેથી આગળ એક બીજું સ્તર કલ્પવું પડે. એ સ્તર છે એ સૂક્ષ્મતર ભૂમિકાનું જે પર આ પ્લોટ નામની માયાજાળનો અધ્યારોપ થઈ શકે.

દિગીશ મહેતા

શબ્દાર્થચર્ચા

યોગેન્દ્ર વ્યાસ

'આશા' અથવા 'ઇચ્છા' શબ્દના સમાનાર્થક શબ્દોની ચર્ચા કરીએ.

૧. અબ(ભ)ળખા	સ્ત્રી. ખો પું. [સં અભિલાષા] ઇચ્છા, ઓરિયો (૨) દોહદ	(૩૬)
૨ અભિલાખ	પું. [સં અભિલાષ] મનકામના, ઉત્કટ ઇચ્છા	(૩૮)
૩ અભીપ્સા	સ્ત્રી. [સં] અભિલાષા, તીવ્ર ઇપ્સા-ઇચ્છા	(૩૯)
૪ અરમાન	સ્ત્રી. [ફા] અભિલાષા, ઉમેદ (૨) તીવ્ર ઇચ્છા, આતુરતા	(૪૨)
૫ આશા	સ્ત્રી. [સં] ઉમેદ, ઇચ્છા, ધારણા (૨) વિશ્વાસ, આસ્થા	(૮૭)
૬ ઇચ્છા	સ્ત્રી. [સં] મરજી, રુચિ, ખુશી (૨) ઉમેદ, આશા, અભિલાષા (૩) કામના, વાસના	(૯૫)
૭ ઉમેદ	સ્ત્રી. [ફા] આશા (૨) ઇચ્છા, અભિલાષા	(૧૧૭)
૮ ઓરતો (ઓ)	પુ. [સં આતુરત્વ, પ્રા. આઉર=આતુર] ઓરિયો, લહાવાની ઉમેદ, અભરખો (૨) (૫). ખેદ, પસ્તાવો	(૧૪૧)
૯ કામના	સ્ત્રી. [સં] વાસના, મનોભાવ (૨) ઇચ્છા, અભિલાષા	(૧૮૧)
૧૦ કોડ	પું. [દે. કોડુ ?] મનોભાવ, અંતરની ઉમેદ (પ્રાય: બ.વ.માં)	(૨૦૮)

હવે નીચેનાં વાક્યો વાંચો. એમાં એક શબ્દ બદલ્યો છે.

૧ લગ્ન પહેલાં કેવા કેવા અભરખા હતા !

૨ લગ્ન પહેલાં કેવી કેવી અભિલાષા હતી !

૩ લગ્ન પહેલાં કેવા કેવા અરમાન હતા !

૪ લગ્ન પહેલાં કેવી કેવી આશા હતી !

૫ લગ્ન પહેલાં કેવી કેવી ઇચ્છા હતી !

૬ લગ્ન પહેલાં કેવી કેવી ઉમેદ હતી !

૭ લગ્ન પહેલાં કેવા કેવા ઓરતા હતા !

૮ લગ્ન પહેલાં કેવી કેવી કામના હતી !

૯ લગ્ન પહેલાં કેવા કેવા કોડ હતા !

આપણે નોંધેલા 'આશા-ઇચ્છા' જૂથના દસ શબ્દોમાંથી નવ શબ્દો ઉપરના વાક્યમાં એકબીજાને બદલે વાપરી શકાય છે. ટૂંકમાં એ બધા અમુક વપરાશમાં સમાનાર્થક શબ્દો છે. છતાં ઉપરના વાક્યમાં દરેકનો એક જ અર્થ નથી.

'અભીપ્સા' શબ્દનો અર્થ પણ 'તીવ્ર ઇચ્છા' એવો થાય છે, પરંતુ સામાન્ય રીતે આધ્યાત્મિક બાબતોમાં જે તીવ્ર ઇચ્છા હોય તેનો અર્થ વ્યક્ત કરવા તે વપરાય છે. દા.ત. ૧૦ આત્મસાક્ષાત્કારની તેની અભીપ્સા ફળી. આ વાક્યમાં કામના, ઉમેદ, અરમાન, કોડ, અભરખો જેવા કોઈ શબ્દો બંધબેસતા જ નથી.

હવે નીચેનાં વાક્યો વાંચો.

૧૧ ઘરડેઘડપણ તેને પરણવાના અભરખા થયા.

૧૨ શું શું કરવાના તેને અભિલાષ હતા !

૧૩ મારા પપ્પા મારા અરમાનોના દુશ્મન છે.

૧૪ હવે મારી કોઈ આશા બાકી નથી.

૧૫ ઇચ્છા દુખની મા છે.

૧૬ પ્રધાન થવાની તેની ઉમેદ બર ન આવી.

૧૭ અમૃતકાકીને ગાંડી દીકરી પરણાવવાના કેવા તો ઓરતા હતા !

૧૮ કામનાતમ માણસોને શાંતિ ક્યાંથી?

૧૯ કાના, કોડભરી કન્યા પુકારે હો જી રે!

ઉપરનાં ક્રમ નં. ૧૧ થી ૧૯ સુધીનાં વાક્યોમાં 'ઇચ્છા-આશા' જૂથના જે તે શબ્દોની અદલાબદલી ભાગ્યે કરી શકાશે. ક્રમ નં. ૧૧ના વાક્યમાં 'અભરખા'ને બદલે 'કોડ' કે 'અરમાન' શબ્દ મૂકી જુઓ તો ! જરાય બંધ બેસે નહીં. સામાન્ય રીતે જેનું પરિણામ સારું ન હોય, જે ઇચ્છા કરવા યોગ્ય ન હોય, રમૂજ કરવી હોય ત્યારે 'અભરખા' શબ્દ વપરાય. દા.ત. ગધેડાને શેરડી ખાવાના અભરખા થયા.

'અભિલાષ' સંસ્કૃત શબ્દ છે અને 'અરમાન' ફારસી શબ્દ છે પણ બંને શબ્દ સામાન્ય રીતે કંઈક કરી બતાવવાની ઇચ્છા હોય ત્યારે વપરાય છે. 'તેને પ્રોફેસર થવાના અરમાન હતા' એવું વાક્ય વપરાય પણ 'તેને ચોર થવાના અરમાન હતા' એવું વાક્ય ભાગ્યે વપરાય.

વાક્ય નં. ૧૪માં 'આશા'નો અર્થ 'ઇચ્છા' છે ત્યાં 'ભૌતિક વસ્તુઓ પ્રાપ્ત કરવાની ઇચ્છા' એવો અર્થ થાય. પણ 'ચોરી કરવાની તેની આશા ફળી નહીં' એવા વાક્યમાં 'શબ્દ' બંધબેસે નહીં. ત્યાં 'ઇચ્છા' જ વપરાય. દુખના રસ્તે લઈ જનારી તે 'ઇચ્છા' એવો વાક્ય નં. ૧૫માંનો અર્થ 'ચોરી કરવાની ઇચ્છા' જેવા વાક્યમાં સમજાય છે. ત્યાં ઓરતા, કોડ, અરમાન એવા કોઈ શબ્દ વાપરી શકાય નહીં.

વાક્ય નં. ૧૬માં વપરાયેલા 'ઉમેદ' શબ્દ ઉપરથી એવું સામાન્ય તારણ કાઢી શકાય કે હરીફાઈમાં આગળ નીકળવાની અથવા પાર પડવાની ઇચ્છા માટે આ શબ્દ વધુ બંધ બેસે છે. એટલે જ તો કદાચ 'લગ્નનો ઉમેદવાર' 'ચૂંટણીનો ઉમેદવાર' (ઉમેદવાર એટલે 'ઇચ્છુક, ઇચ્છા' ધરાવનાર) જેવા પ્રયોગો મળે છે.

વાક્ય નં.૧૭માં 'ઓરતા' શબ્દ વપરાયો છે. કશાક લહાવા લેવાની ઇચ્છા માટે એ વપરાય ત્યારે વધુ યોગ્ય રીતે વપરાયો લાગે છે.

'કામના' શબ્દનો અર્થ તો 'ભૌતિક પદાર્થો મેળવવાની ઇચ્છા' એવા સંદર્ભમાં જ ઘણીવાર વપરાતો હોય છે. વાક્ય નં.૧૮માં એ અર્થ છે એ સ્પષ્ટ છે.

સામાન્ય રીતે નાની ઉંમરે થતી લગ્નજીવનની ઇચ્છાના સંદર્ભમાં 'કોડ' શબ્દ વપરાતો નોંધાયો છે. 'કોડભર્યાં ડોશીમા' પ્રયોગ રમૂજમાં મળે. બાકી 'કોડીલો વર' અને 'કોડીલી' અથવા કોડભરી કન્યા વધુ ઉચિત છે. જો કે કંઈક કરી નાખવાની કે કંઈક કરી બતાવવાની ઇચ્છાના અર્થમાં પણ 'કોડ' શબ્દ વપરાય છે,

તેને કેટલું કેટલું કરવાના કોડ હતા !' એવું વાક્ય ક્યારેક વપરાય ખરું.

હવે તમારે 'અભિલાષા', 'ઓરતા', 'ઉમેદ', 'અરમાન' અને 'કોડ' શબ્દો એવાં વાક્યોમાં વાપરીને 'કુમાર'ના સરનામે લખી મોકલવાનાં છે કે જ્યાં તેને બદલે તેમનો સમાનાર્થી શબ્દ કદાચ વપરાય તો ય બંધબેસતો ન લાગે. કોઈ વાર્તામાં, નવલ-કથામાં, નાટકમાં કે કાવ્યપંક્તિમાં વપરાયેલા આ શબ્દો શોધી શકો અને લખી મોકલો તો વધુ સારું.

સદ્ગત સિંગર



૧૯૭૮નો સાહિત્ય માટેનો નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર અને ૧૪મી જુલાઈ ૧૯૦૪ના રોજ પોલેન્ડમાં રેડિઝિમન ખાતે ધર્મશાસ્ત્રના પંડિત વંશમાં ખ્રિસ્તી દેવળના જજ પિતા અને જાણીતા ધર્મપંડિત પિતાની પુત્રી એવી માતાને ત્યાં જન્માનર જ્યૂ લેખક આઈઝાક બેશેવિસ સિંગરનું ૨૪મી જૂલાઈ ને બુધવારે મીઆમીના પોતાના નિવાસસ્થાને ૮૭ વર્ષની ઉંમરે અવસાન થયું. એમનો ઉછેર ધાર્મિક વાતાવરણમાં વૉરસોમાં થયેલો, આથી પરંપરાગત ધાર્મિક સંસ્કારો ઝીલીને પણ એમણે પોતાની રચનાઓમાં સાંપ્રત અને સનાતન માનવીય પ્રશ્નો ઉઠાવ્યા છે. તે કાળે પોલેન્ડ પરના નાઝીઓનાં આક્રમણોને કારણે સિંગર ૧૯૩૫માં પોતાના મોટાભાઈ સાથે અમેરિકામાં ન્યૂ યૉર્ક જઈ વસ્યા અને ૧૯૪૩માં ત્યાંનું નાગરિકત્વ પ્રાપ્ત કર્યું. ત્યાં તેમણે 'ધ જ્યૂઈશ ડેઈલિ ફોરવર્ડ'માં પત્રકાર તરીકે જોડાઈ વૉરશોફ્સ્કિ તખલ્લુસથી લેખનનો આરંભ કરેલો. એમની પહેલી નવલકથા 'સેતાન ઇન ગોરે' સૌપ્રથમ આમાં પ્રકટ થએલી. એમની જાણીતી નવલકથાઓમાં એમની નવલત્રયી 'ધ ફેમિલિ મોસ્કાત'(૧૯૫૦), 'ધ મેનોર' (૧૯૬૭), 'ધ એસ્ટેટ' (૧૯૬૯) ઉપરાંત 'ધ મેજિશ્યન ઑફ લબ્લિન' (૧૯૬૦), 'ધ સ્લેવ (૧૯૬૨), 'એનિમીઝ: અ લવ સ્ટોરિ' (૧૯૭૨), 'રીચીઝ ઑફ હેવન' (૧૯૮૦) આદિનો સમાવેશ થાય છે.

એમણે ટૂંકી વાર્તાઓ પણ લખી છે, અને વિવેચકોના અભિપ્રાય પ્રમાણે એ સ્વરૂપમાં એમનું પ્રદાન ઉત્તમ છે. એમની પહેલી ટૂંકી વાર્તા 'ગિમ્પેલ ધ ફૂલ'થી જ એ સ્વરૂપમાં એમણે આગવી સિદ્ધિ દાખવી હતી. ત્યાર પછી અન્ય કેટલીક વાર્તાઓ સાથે ઉક્ત શીર્ષકથી એમણે ૧૯૫૭માં પ્રથમ વાર્તાસંગ્રહ પ્રકટ કર્યો. એમના અન્ય વાર્તાસંગ્રહો છે : 'ધ સ્પિનોઝા ઑફ માર્કેટ સ્ટ્રીટ' (૧૯૬૧), 'શૉર્ટ ફ્રાઈડે' (૧૯૬૩), 'ધ સીઆન્સ' (૧૯૬૮), 'અ ફ્રેન્ડ ઑફ કાફકા' (૧૯૭૦), 'અ ક્રાઉન ઑફ ફેધર્સ' (૧૯૭૩), 'પેશન્સ' (૧૯૭૬) અને 'ધી ઇમેજ એન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૮૫).

'ઇન માઈ ફાધર્સ કોર્ટ' (૧૯૬૬)માં એમણે કિશોરકાળનાં સંસ્મરણો આલેખ્યાં છે. એમણે ચારેક સંસ્મરણગ્રંથો અને દસેક બાળવાર્તાના સંગ્રહો પણ આપ્યા છે. એમણે પોતાનું સર્જન યિડિશ ભાષામાં કર્યું છે અને અંગ્રેજીમાં તેના અનુવાદો તેમના ભાઈએ તથા સોલ બેલોએ કરેલા છે. એમનાં લખાણોમાં બીજા વિશ્વયુદ્ધ પહેલાંની જ્યૂ લોકોની જીવનતરાહો, તેમની નીતિમાન્યતાઓ અને ગૂઢ તરફના તેમના ઝોકનું વિષયવસ્તુ તેમની રચનાઓમાં જોવા મળે છે. એમની નવલોમાં પોલેન્ડ તેમજ અમેરિકાના જ્યૂ-જીવનની છબી ઝિલાઈ છે. એમણે રચનાવિધાનમાં ફેબલ (પ્રાણી બોધકથા) લોકકથા, ધર્મપ્રવચન આદિ પરંપરાગત તરકીબોનો નવા રૂપે વિનિયોગ કર્યો છે. એમની નવલોના નાયક મુખ્યત્વે આત્મસંઘર્ષમાં અટવાતા હોય છે અને પોતાના અતીતને પડકારતા હોય છે. દુરિતના સ્વરૂપ વિશે એમાં પ્રશ્ન છે અને ધર્મશ્રદ્ધાનો અર્થ શોધવાનો એમાં પુરુષાર્થ છે. વ્યાપક અર્થમાં એમાં મનુષ્ય અને પ્રભુ વચ્ચેના સંબંધની ખોજ રહેલી છે. એમના સર્જનો પરંપરાગત ધાર્મિક પરિવેશમાં રહીને પણ એનાથી મુક્ત બન્યાં છે. એનું કારણ એમની માનવજાતની સનાતન પ્રશ્નશોધ છે.

યિડિશ ભાષાના આવા માતબર સર્જકને બે વાર નેશનલ બુક એવૉર્ડ મળેલા એ 'અમેરિકન એકેડેમિ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ'ના સભ્ય વરાયેલા તથા 'જ્યૂઈશ એકેડેમિ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ'ના ફેલો નિમાયેલા -ધી. પ.

અનવર આગેવાનનું અવસાન



૧૯૩૬ના ડિસેમ્બરની ચોથી તારીખે મહારાષ્ટ્રના આરોલામાં જન્મેલા અમરભાઈ રાજભાઈ આગેવાનનું છઠ્ઠી જુલાઈ ૧૯૯૧ના રોજ ૫૫ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી મુંબઈમાં અવસાન થતાં વિચારપ્રધાન-ચિંતનપ્રધાન-ધર્મનીતિપ્રધાન અનેક કટારોના લોકપ્રિય સર્જક ગુમાવ્યાની લાગણી અનુભવાશે. 'અનવર' તો એમનું ઉપનામ. 'હિન્દુસ્તાન ટાઈમ્સ', 'નવભારત ટાઈમ્સ', 'ધર્મયુગ', 'સ્ત્રી'

આદિ અનેક સામયિકોમાં ગુજરાતી અને હિન્દી બન્નેમાં ધર્મ, જીવનચિંતન અને કલાવિષયક કટારો સતત લખતા રહ્યા હતા. જેમાંથી એક સર્જકની કક્ષા સુધી તે પહોંચી શક્યા હતા. એમનાં લખાણોમાં હંમેશાં જીવનોપયોગી વિચારધારા અને ધર્મનાં સાંપ્રત સંદર્ભે અર્થઘટનો જોવાં મળે છે. હિન્દુ, જૈન, ઇસ્લામ, બૌદ્ધ એમ અનેક ધર્મોની વિચારસામગ્રી એમની કટારોમાં અવારનવાર ડોકાયાં કરતી. ૧૯૯૦માં પ્રકટ થયેલું એમનું પુસ્તક 'સાધના અને સાક્ષાત્કાર' એમની આત્મસાધનાનું દ્યોતક છે. જીવનના એક તબક્કે અધ્યાત્મસાધનાની આરતથી પ્રેરાઈ તેઓ વારાણસીમાં નાગાબાવાના અખાડામાં કોઈ ગુરુ ઉત્તમગિરિ સાથે રહી કઠિન સાધના પણ એમણે કરેલી. એમનું ધાર્મિક મતૌદાર્ય અને આધ્યાત્મિક ભાથું એમનાં લખાણોને સંકુચિતતાથી મુક્ત રાખે છે અને એક પ્રકારની ગરિમા બક્ષે છે. એમણે ગઝલો રચી છે. અને આપણા કેટલાક સંતોનાં પદચયનો પણ કર્યાં છે. આવા એક બહુમુખી કટાર-લેખકની વિદાયથી ગુજરાતી પત્રકારત્વના ક્ષેત્રે ખોટ પડેલી અનુભવાશે.

પ્રાપ્ત પ્રકાશનો

ભારતીય દર્શન : દર્શનની વ્યાખ્યા, સ્વરૂપ આદિથી માંડી ભારતીય ષડ્દર્શનો - ન્યાય. વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વ અને ઉત્તર મીમાંસા તથા વેદાંતની તુલનાત્મક અને અભ્યાસનીય સમજૂતી આપતું, દર્શનના વિદ્યાર્થીઓ તેમજ સર્વ અભ્યાસીઓને ઉપયોગી તેવું પ્રો. સી. બી. રાવળનું પુસ્તક. કદ ડિમાઈ, કાચું પૂઠું. (પૃ. ૪૩૨+૮, કિં. રૂ. ૧૦૦)

અ-વૈદિક દર્શનો : ષડ્દર્શનની સમજૂતી આપતા પુસ્તક 'ભારતીય દર્શન'ની જેમ જ પ્રો. સી. બી. રાવળે આ પુસ્તકમાં ચાર્વાક, જૈન તથા બૌદ્ધ દર્શનની વિસ્તૃત અને અભ્યાસનિષ્ઠ સમજૂતી આપી છે. કદ ડિમાઈ, કાચું પૂઠું. (પૃ. ૩૫૮+૮, કિં. રૂ. ૮૦) બંને પુસ્તકોના પ્રકાશક : સી. બી. રાવળ, ૨૮, નીવેશ રો હાઉસીઝ, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫, મુખ્ય વિક્રેતા; સ્વપ્નિલ પ્રકાશન, ૬, કૈલાસ પાર્ક, વઢવાણસિટી ૩૬૩ ૦૩૦

સ્વ. કવિ અ. ફ. ખબરદાર જન્મશતાબ્દી નિમિત્તેનાં પ્રકાશનો

મનુરાજ : સ્વ. કવિ શ્રી અરદેશર ફરામજી ખબરદારનું ભાવપ્રધાન પદ્ય નાટક. સંપાદક : ડૉ. ધર્મેન્દ્ર માસ્તર (મધુરમ્). પ્રકાશક : કવિ અ. ફ. જન્મશતાબ્દી પ્રકાશન, ડૉ. ધર્મેન્દ્ર માસ્તર, સી/૮૭૫, કેસુરમામા ચકલા, ભરૂચ ૩૯૦ ૦૦૧. કદ ડિમાઈ, કાચું પૂઠું. પૃ. ૨૮૮, કિં. રૂ ૮૦. આ જ રીતે કવિ ખબરદાર જન્મશતાબ્દી પ્રકાશને અંગ્રેજીમાં પણ કવિની ત્રણ કૃતિઓ : The Rest House of the Spirit (પૃ. ૩૨, રૂ. ૮), The Migrating Bird (પૃ. ૧૩૬, ૪૦ રૂ.) તથા Leaf and Flower (પૃ. ૧૪૭, કિં. ૪૦ રૂ.) પણ પ્રકટ કરી છે. આ ત્રણે ડિમાઈ કદનાં અને કાચાં પૂઠાંવાળાં પ્રકાશનો છે. □

અનુસંધાન] અતીતમાં અવગાહન [પૃ. ૩૭૩થી

૧૮૫૮. અંગ્રેજો સામેના 'પહેલા બળવા પછી ઈસ્ટ ઈન્ડિયા કંપની પાસેથી બ્રિટિશ સરકારે હિંદુસ્તાનનો રાજવહીવટ પોતાના હસ્તક લઈ લીધો, તા. ૨

૧૮૭૨. અંગ્રેજો સામેની આઝાદીની જલદ ચળવળના એક પુરસ્કર્તા અને તત્ત્વચિંતક શ્રી અરવિંદ ઘોષનો જન્મ, તા. ૧૫

૧૯૦૬. બિપિનચંદ્ર પાલે શ્રી અરવિંદના તંત્રીપણા નીચે બંગભંગના સંચાલનનું સર્વોત્તમ અંગ્રેજી દૈનિક 'વંદેમાતરમ્' શરૂ કર્યું, તા. ૭

૧૯૦૮. ક્રાંતિવીર ખુદીરામ બોઝને ફાંસી આપવામાં આવી, તા. ૧૯

૧૯૧૯. 'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક્ક છે' એ સૂત્ર હિંદી પ્રજાની રગેરગમાં ઉતારનાર બાળગંગાધર ટિળકનું અવસાન, તા. ૧

૧૯૨૦. અહિંસા દ્વારા જ હિંદુસ્તાનની આઝાદી હાંસિલ કરવાની ગાંધીજીએ ઝુંબેશ ઉપાડી, તા. ૧

૧૯૩૧. ગાંધી-અરવિન કરાર પછી કોંગ્રેસે ગાંધીજીને ગોળમેજી પરિષદમાં ભાગ લેવા મોકલ્યા, તા. ૨૮

૧૯૪૨. કોંગ્રેસે 'હિંદ છોડો'નો ઠરાવ કરી અંગ્રેજો સામે આખરી લડત લડી લેવાનો નિર્ણય કર્યો, તા. ૮ અને આથી ચેતી જઈ ત્યારની અંગ્રેજ સરકારે આપણા અગ્રગણ્ય નેતાઓને જેલમાં નાખ્યા. જેમાં ગાંધીજીના અંતેવાસી મહાદેવભાઈ દેસાઈનું જેલમાં જ ઓચિંતું અવસાન થયું, તા. ૧૫. બીજી બાજુ સરકારને છક્કડ આપી તેની કેદમાંથી નાસી છૂટેલા સુભાષચંદ્ર બોઝે બ્રહ્મદેશમાં આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી, તા. ૨૫

૧૯૪૫. એક વિમાન-અકસ્માતમાં નેતાજી સુભાષચંદ્રનું અવસાન થયાની જાહેરાત, તા. ૧૦

૧૯૪૭. નેવું વર્ષથી આરંભાયેલી હિંદ-સ્વાતંત્ર્યની આપણી ઝંખના ફળી, તા. ૧૫

(સંકલિત) □

અડકો દડકો

ઢીચકુ

ઊડવાની શરૂઆત

બીજા દિવસની સવારે ઢીચકુ જાગ્યો. જુએ છે તો માળામાં ચકો-ચકી ન મળે.

એને પોતાનું નામ યાદ આવ્યું. પોતે ધીમેથી બોલ્યો, 'ઢીચકુ!'

પોતાનું નામ સાંભળી પોતે મલક્યો! કેવું સરસ છે મારું નામ! મારું નામ મને ખૂબ ગમે. વળી પાછું બોલ્યો, 'ઢીચકુ!'

એટલામાં બહાર વિટ્ટઈ... વિટ્ટઈ... વિટ્ટઈ... કોઈ ગાવા લાગ્યું.

ઢીચકુને નવાઈ લાગી કોણ ગાતું હશે? એણે માળામાંથી જરાક ડોક બહાર કાઢી જોવાનો પ્રયત્ન કર્યો. પણ ત્યાંથી શું દેખાય? એટલામાં બીજો અવાજ આવ્યો. કા...કા...કા... ઢીચકુને વળી આશ્ચર્ય થયું. કા...કા...કોણ કરતું હશે? એ કેવું હશે?

ઢીચકુથી રહેવાયું નહિ. એણે ઢીચકીને જગાડી 'ઢીચકી...ઢીચકી...ઊઠ તો... જાગ તો...!'

ઢીચકી જાગી...આંખ ખોલીને પાછી બંધ કરી પડી રહી.

ઢીચકુ બોલ્યો, 'અરે...ઢીચકી ઊઠને...!'

ઢીચકી જાગી, ગુસ્સો કર્યો અને કહ્યું, 'ઢીચકીબેન નથી કહેવાતું? ઢીચકી ઢીચકી કરે છે તો...!'

ઢીચકુ કહે, 'ઓ મારાં ઢીચકીબેન જાગો...અજવાળું થયું!'

ઢીચકીબેન ફડક પાંખ ફફડાવી જાગ્યાં. મલકતાં મલકતાં ઊઠ્યાં. પછી કહે, 'ઢીચકુભાઈ, આપણે એકલાં જ છીએ? મમ્મી-પપ્પા ક્યાં?'

ઢીચકુ કહે, 'મમ્ મમ્ લેવા ગયાં હશે! પણ જોને, બહાર કોઈ ગાય છે...જોવા જઈશું?'

ઢીચકી કહે, 'મને તો પડી જવાની બીક લાગે છે...'

ઢીચકુ કહે, 'લે, કાલે તો તું ગાતી'તી...

હીંચશું ને ઊડશું દુનિયાને દેખશું...

હટ્ ડરપોક...હું તો આ ઊડું!'

એમ કહેતામાં ઢીચકુએ પોતાની નાની નાની પાંખો પહોળી કરી ફફડાવી અને હિંમત કરી ઊડ્યો. ઊડીને જઈ બેઠો કબાટની ઉપરની ધાર પર...એને ખૂબ આનંદ થયો...થોડી વાર નવાઈ પણ લાગી. મનોમન કહે, વાહ મજા આવી ગઈ...પછી પાછી હિંમત એકઠી કરી ઊડ્યો ને પહોંચ્યો માળામાં...

ઢીચકી કહે, 'વાહ ઢીચકુભાઈ...મને કહેને...કેવું લાગ્યું?'

ઢીચકુ કહે, 'ઢીચકીબેન, ટેસડો પડી ગયો...એં મને લાગ્યું કે, મારી સાથે બધુંય ઊડે છે!'

ઢીચકી ખડખડાટ હસી પડી કહે, 'હું ય ઊડતી દેખાઈ હેં? કહેને ?'

'અરે બુદ્ધુ...' ઢીચકુ બોલ્યો, 'તું ઊડતી નથી દેખાઈ... આ ઘરની બધી ચીજો જો તું ઊડ... તનેય એવું દેખાશે.'

ઢીચકી કહે, 'મને તો ડર લાગે છે. પડી જાઉં તો...?'

'ના...પડાય...તું ઊડ...એં...મન મજબૂત કરવાનું...'

ઢીચકી કહે, 'ના...ના...ઊહું! પડી જાઉં તો...મને કોઈ પકડી લે તો...ઊહું...'

'બાપુડી હું તો ઊડીશ...મારી સાથે ઊડ!' કહી ઢીચકુ ફરી પાંખો ફફડાવી ઊડ્યો. વળી જઈ બેઠો કબાટ ઉપર...

ત્યાંથી ચક્ ચક્ કરી કહે, 'આવ ઢીચકી...હં...ઊડ...હું અહીં છું...આવ...!'

ઢીચકીએ પાંખો પહોળી કરી ફફડાવી... પણ ન ઊડી શકી...બોલી, 'બીક લાગે છે ઢીચકુ મને તો...પડી જવાય તો...?'

'અરે ડરપોક પડી નહિ જવાય...ઊડને!' આમ બોલી ઢીચકુ પછો માળામાં ગયો. એને ઊડીને પાછો આવેલો જોઈ ઢીચકી કહે, 'લે...તું તો પાછોય આવ્યો? ખૂબ મજા પડી હેં?'

'પણ તુંય ઊડને...હિંમત કર...'

'તો હું તને બચાવી લઈશ. તારો ભાઈલો છું ને! પણ તું એકવાર ઊડ !' ઢીચકુ જરા રોફમાં બોલ્યો.

ઢીચકી તો ઢીલું બોલી, 'પણ પેલો છોકરો મને પકડી લેશે તો?'

'તો હું એના માથામાં ચાંચ મારીશ!'

ઢીચકી બારી તરફ જુએ...ઘડી વાંકી વળી બહાર જુએ...બહારથી આવતા પંખીના અવાજો સાંભળી રહી...પછી કહે, 'ઊડું?'

ઢીચકી કહે, 'ઊડને...ચલ!'

ઢીચકુ ત્રીજી વાર ઊડ્યો. આ વખતે તો તે બારીના સળિયા વચ્ચે જઈ બેઠો. બહાર જોયું... ખૂબ નવાઈ લાગી...અહો...આ તો કેવું બધું છે, હેં?

મોટું મોટું છે...!' એણે તો ચક્ ચક્ કરી ઢીચકીને સંભળાવ્યું...'ઓહો...ખૂબ સરસ છે બધું...બધું હીંચકા ખાય છે...આવ ઢીચકી...જોવા આવ!'

ઢીચકુએ જોવામાં મશગુલ બની ગયો.

ઢીચકીએ બૂમ પાડી, 'ઢીચકુભાઈ!'

પણ ઢીચકુ તો બહારની દુનિયા જોવામાં તલ્લીન બની ગયેલો તે સાંભળ્યું જ નહીં!

ઢીચકી ચિડાઈ બોલી, 'એ ય ઢીચકુડા...સાંભળે છે કે નહિ...આમ જોને !'

ઢીચકુ બોલ્યો, 'આવતી હોય તો આવ...એં... બહાર કેવું બધું ડોલમ્ ડોલ થાય છે...લીલા લીલા પહાડ છે...ને... ખૂબ ઊંચે ધોળું ધોળું બધું ઊડે છે...બાપરે... કેટલું ઊંચે...!'

ઢીચકી વધુ ચિડાઈ, કહે, 'ઢીચકુડા...મનેય લઈ જાને...'

ઢીચકુ કહે, 'તું ઊડીને આવ!'

ઢીચકી ઊડી પણ ગભરાટમાં બરાબર ન ઉડાયું. દીવાલને સરસા રાખેલા પલંગ પર એ જઈ બેઠી. ઢીચકી ખૂબ ગભરાઈ ગઈ... ચીં... ચીં...ચીં... એં કરી ઘર ગજવી મૂક્યું.

ઢીચકુ ચકળવકળ આંખે જોવા લાગ્યો.

પલંગ પર ચકલીના બચ્ચાને પડેલું જોઈ પેલો નાનો છોકરો સચીન ત્યાં ધસી આવ્યો. જરા ગભરાતો તેની પાસે ગયો.

ઉપરથી ઢીચકુએ ચક્ ચક્ ચક્ કરી મૂક્યું.

સચીને બૂમ પાડી, 'મમ્મી...જોને આ ચકલીનું બચ્ચું...પલંગ પર...બિચ્ચારું... જલદી દોડ!'

મમ્મી કામમાં હતી તે ન આવી પણ સચીનની બહેન આવી. કહે, 'ક્યાં છે બચ્ચું? બતાવ તો'

'જો પેલું... પલંગની ચાદર પર!'

'એ હા...કેટલું બચુકલું છે? કેવી ઝીણી ઝીણી આંખ છે? ટચુકડી ચાંચ છે. પકડું? '

સચીન કહે, 'મમતા...ડી! રહેવા દે બિચારું ગભરાઈ જશે.'

અવાજ સાંભળીને તથા બંને બાળકોને જોઈ ઢીચકી ખૂબ ગભરાઈ ગઈ. ફરી ઊડવા ગઈ પણ ન ઉડાયું...

બારીમાં બેઠેલા ઢીચકુએ ચક્ ચક્ ચક્ કરી મૂક્યું. એટલામાં તો ચકો-ચકી આવી ગયાં. પોતાના ઢીચકુ-ઢીચકીનાં પરાક્રમ જોઈ ઘર ગજવી મૂક્યું.

ઢીચકુ બારીમાં બેઠો છે.

ઢીચકી નીચે પલંગ પર બેઠી છે ગભરાયેલી... ચકા-ચકીનો તો જીવ અધ્ધર થઈ ગયો.

મમતાએ ઢીચકીને પકડવા હાથ લંબાવ્યો એ જોઈ ઢીચકુએ ચક્ ચક્ ચક્ કરી મૂક્યું. સાંભળી ચકલી ઊડતી આવી અને મમતાના માથામાં ધડામ્ કરી ચાંચ મારી...

'ઓઈ મમ્મી!' કહેતી મમતા બે હાથે કાન દાબતી નીચી વળી પલંગથી દૂર હટી ગઈ.

'લે ખાધીને ...!' સચીન હસી પડ્યો. બોલ્યો.

ત્યાં ચકલો ઊડી આવ્યો. સચીનને ચાંચ મારી.

મમતા મોટેથી હસી પડી. કહે, 'લે...તનેય પડીને...અમને કહેતો તે..'

સચીન ચિલ્લાયો, 'મમ્મી... જો ને આ....'

મમ્મીએ રસોડામાંથી બૂમ પાડી...'ઊભી રહે મમતા...કેમ ભાઈને હેરાન કરે છે?'

મમતા કહે, 'લે ખરી છે તું...ચકલીએ ચાંચ મારી એને...બચ્ચાને પકડવા જતો હતો...તે...'

ફરી ચકલા-ચકલી સામટાં ઊડી આવ્યાં.

સચીન-મમતા ડરી ગયાં. હટી. ગયાં. લાગ જોઈ ઢીચકુ બારીમાંથી ઊડી બાલ્કનીમાં જઈ બેઠો. ઢીચકી હિંમત કરી માળા ભેગી થઈ ગઈ બાળકો જોતાં રહ્યાં.

ચકીએ ચકાને કહ્યું, 'હવે જાવ ને પેલા ઢીચકુને લઈ આવો.'

ચકો ઊડ્યો. બાલ્કનીમાં આવ્યો...ચારે તરફ જોયું પણ ક્યાંય ઢીચકુ ન મળે.

ચકાએ ચક્ ચક્ ચક્ કરી મૂક્યું.

ક્યાં ગયો ઢીચકુ?

ચકો આમ તેમ ઊડીને જોવા લાગ્યો...એટલામાં તો ચકી આવી. પૂછ્યું, 'મળ્યો મારો ઢીચકુ?'

ચકો કહે, 'ક્યાંય દેખાતો નથી.'


એટલામાં ચકીની નજર નીચે વાડામાં પડી. બોલી... 'અરેરે...આ ઢીચકુ ઊડવા લાગ્યો હશે ને નીચે પટકાયો હશે...તે પેલી બિલ્લી રાક્ષસણી ચટ્ કરી લઈ હશે એને...અરેરે...મારો ઢીચકુ ?'

ચકલોય રડમસ થઈ ગયો. બંને માળામાં ગયાં. ઢીચકીએ જાણ્યું. એય રડવા લાગી.' મારો ઢીચકુ ભઈ લો...'

ઢીચકુ સાંભળી હસતો હતો. ઢીચકુ બાલ્કનીમાં રહેલા ઘટાદાર મની પ્લાન્ટમાં ચૂપ બેઠો હતો.

એને માળો નહોતો ગમતો...(ક્રમશઃ)

- યોસેફ મેકવાન



કપડું પણ પાળો રે, સ્વદેશપ્રીતિ પાળો રે.
છે કોઈ એવા ઉગ્ર પ્રતાપી, કરે સંકલ્પ સવારે?-
દિનભરમાં મુજ ભારતનું કરવું કલ્યાણ આટલું મારે.
છે કોઈ ટેકી નેકી એવા સુતાં પહેલાં વિચારે:
આજ શું કીધું દેશસેવાનું કાર્ય અલૌકિક ભારે.
આપ મદદ વિણ કાંઈ ન સરશે, વિના સ્વબળ નહિ ફળશે,
એક મરણીઓ સૌને ભારે, કાયર ક્રોડ રઝળશે.

હરિલાલ ધ્રુવ

નવા વડાપ્રધાન પી. વી. નરસિંહરાવ

ભારતની દસમી લોકસભાની ચૂંટણી પછી વડાપ્રધાનપદે આવેલા પામુલપર્તી વેંકટ નરસિંહરાવ-પી. વી. નરસિંહરાવ-વર્તમન રાજકીય પરિસ્થિતિઓમાં કેટલો સમય પોતાના આ પદ પર ટકી શકશે એ મુદ્દો તેઓએ પદ ગ્રહણ કર્યું ત્યારથી ચર્ચાતો રહ્યો છે. આંધ્રપ્રદેશની એમની રાજકીય કારકિર્દી દરમિયાન એમણે એવા કોઈ ચમકારા બતાવ્યા નહોતા એટલે ઘણાને આવી શંકા જાગે એ કદાચ સ્વાભાવિક પણ માનીએ. જો કે પ્રસિદ્ધિની ઝાકઝમાળથી દૂર રહેવાની એમની ખાસિયતને કારણે પણ એમનું સાચું હીર પૂરતું પરખાયું ન હોય એવું પણ બને.

આંધ્રપ્રદેશના કરીમનગર નામના એક નકસલાઈટ જિલ્લાના એક ખેડૂત બ્રાહ્મણ પરિવારમાંથી આવવા છતાં ત્યાંની ઉગ્રતા એમના સ્વભાવમાં દેખાતી નથી. ઓસ્માનિયા, મુંબઈ અને નાગપુર યુનિવર્સિટીમાં અભ્યાસ કરી તેઓ બી.એ., એલએલ. બી. થયેલા છે. અભ્યાસ બાદ ત્યાંના રાજકારણમાં પ્રવેશી ૨૦ વર્ષ તેમણે લેજિસ્લેટર તરીકે કામ કરેલું, જેમાં ત્યાંના મુખ્યપ્રધાન તરીકેની દોઢેક વર્ષની કામગીરીનો તેમનો અનુભવ બહુ કડવો રહેલો અને તેનો ઓછાયો હજી સુધી જોવા મળે છે.

૧૯૭૧માં તેઓ સત્તા પર આવ્યા ત્યારે તેલંગાણાની ચળવળો શાંત પડવા લાગી હતી અને નકસલાઈટ હિલચાલો હજી પૂરી ઊભી થઈ નહોતી, છતાં થોડા જ સમયમાં ત્યાંનો વહીવટ પડી ભાંગ્યો અને ઈંદિરા ગાંધીનું પીઠબળ હોવા છતાં તેઓ તેની સામે ટકી શક્યા નહિ. અખબારોએ પણ એમની ખૂબ ટીકાઓ કરી અને પેલા કેટલાક સાથીઓ પણ તેમાં ભળ્યા. એમની કાર્યક્ષમતા પર ટીકાઓ થઈ,



રાષ્ટ્રપતિ-શાસન આવ્યું અને હૈદરાબાદની ચર્ચા લોકજીભે રમતી થઈ ગએલી. ઉચ્ચપદની લાલસા તથા લડત આપવાની વૃત્તિથી અલિપ્ત તેઓનું શાંત વલણ એમના પ્રદેશના બ્રાહ્મણોની ઉગ્રતાથી તદ્દન નિરાળું રહ્યું છે.

એમના જ શબ્દોમાં કહીએ તો એમની રાજકીય કારકિર્દીમાં કોઈ ખાસ ચડાવઉતાર નથી. ૧૭ વર્ષ પહેલાં એ દિલ્હી આવ્યા. ઈંદિરાજીએ એમને પોતાની કેબિનેટમાં સમાવેલા અને સાડાચારથી વધુ વર્ષ એમણે એમના વિદેશપ્રધાન તરીકે કામ કરેલું. આ જ રીતે રાજીવ ગાંધીના શાસનમાં પણ એમણે દોઢેક વર્ષ આ પદ સંભાળેલું. કૉંગ્રેસના શાસનમાં એમની કામગીરી ગણનાપાત્ર રહેતી આવી હતી. પરિસ્થિતિનું પૃથક્કરણ કરવાની એમની ક્ષમતા અને એમની વિદ્વત્તા આગવી જ રહી છે. જુદી જુદી સત્તર ભાષાઓના એ જ્ઞાતા છે. (અનુસંધાન પૃ. ૩૯૩ પર)

દાદુરની દુનિયા

પીપા- સુરીનામા ટોડ



જુલાઈના અંકમાં મેઢક (ટોડ)ના એક પ્રકાર બ્યુફો વિષે જોઈ ગયા.

અહીં બીજા પ્રકારના ટોડની આપણે વાત કરીએ. એ છે પીપા (Pipa).

પીપા સુરીનામ ટોડ (Surinam toad)ના નામથી પ્રચલિત છે. તેની ઘણી જાતિઓ બ્રાઝીલમાં જોવા મળે છે, જેવી કે પીપા ડોર્સિજેરા અને પીપા અમેરિકાના (Pipa dorsigera and pipa americana). આ એક ગંદે જળચર મેઢક છે. તેનું શરીર ચપટું છે. શીર્ષ ટૂંકું અને પહોળું હોય છે. શીર્ષ ઉપર આંખની સામે નાના સ્પર્શકો આવેલા છે. અહીં જીભનો અભાવ છે. કર્ણપટલ પણ જોવા મળતો નથી. તેની ત્વચા ઉપર વિષગ્રંથિયુક્ત અંકુરો જોવા મળે છે. અગ્ર ઉપાંગો ટૂંકાં હોય છે અને આંગળીઓની અગ્રે સંવેદી અને શાખાયુક્ત પ્રવર્ધો આવેલાં છે. પશ્ચ ઉપાંગની આંગળીઓ ચામડીના પડદાથી (webs) જોડાયેલી હોય છે. પ્રજનન ઋતુ દરમિયાન માદાની પીઠની ચામડી પોચી અને વાદળીસદૃશ બને છે. અહીં નાના નાના ખાડા તૈયાર થાય છે. માદાની અંડવાહિની લગભગ એક ઈંચ જેટલી બહાર આવે છે. નર પ્રાણી તેને દબાવી તેમાંથી એક પછી એક ઈંડાં બહાર કાઢી માદાની પીઠ ઉપર આવેલ ખાડામાં વ્યવસ્થિત ગોઠવે છે. પ્રત્યેક ખાડો ચીકણા ઢાંકણથી ઢંકાયેલો હોય છે. જેમાં ઈંડાં ભેજયુક્ત રહે છે. માદાની પીઠ ઉપર લગભગ ૪૦ થી ૧૦૦ ઈંડાં વિકાસ પામે છે. ૮૦ દિવસના અંતે પ્રત્યેક ખાડામાંથી એક બચ્ચુ બહાર આવે છે. આ પ્રમાણે શરૂઆતમાં ઈંડાં મૂકનાં આ પ્રાણીઓ છેવટે ઈંડાંમાંથી બચ્ચાને જન્મ આપે છે. તેથી તેમને અપત્ય અંડપ્રસવી કહી શકાય. શાર્ક માછલીમાં આ ઘટના જોવા મળે છે. બચ્ચાનાં જન્મ બાદ માદાની પીઠની ચામડી નવી આવે છે.

- પ્રો. મહેન્દ્ર પરીખ

ભાઈદાસભાઈ



અમદવાદના પુસ્તક-પ્રકાશનના અને વિક્રયના ક્ષેત્રમાં બાલગોવિંદ કુબેરદાસની પેઢીની આગવી નામના છે, અને એથી યે વિશેષ ખ્યાતિ છે તેના સંચાલક ભાઈદાસભાઈની.

ઇ. ૧૯૨૩માં ખંભાતના એક પ્રતિષ્ઠિત શરાફ કુટુંબમાં એમનો જન્મ, પણ બચપણમાં જ પિતાની છત્રછાયા ગુમાવતાં એમનો ઉછેર અમદાવાદની એક શાળામાં નાનકડો પુસ્તક ભંડાર ચલાવતા મામા બાલગોવિંદને ત્યાં થયો. શાળાના અભ્યાસ દરમિયાન શ્રી અંબુભાઈ પુરાણીએ સ્થાપેલી વ્યાયામશાળામાં પણ એ જતા, પરંતુ પોતાની નાજુક દેહયષ્ટિને કારણે એ કસરતબાજ તો જ બન્યા, પણ ત્યાં તેમણે શિસ્તપાલન, દૃઢ મનોબળ અને અસીમ પ્રતિકારશક્તિની તાલીમ તો મેળવી જ.

દેશની આઝાદી માટેની ૧૯૪૨ની લડતની ભૂગર્ભ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે એમને જેલવાસ પણ ભોગવવો પડેલો, જ્યાં તેઓ રવિશંકર મહારાજના પરિચય અને ઊંડા પ્રભાવમાં આવ્યા. આ પછી મહારાજશ્રીની પ્રત્યેક પ્રવૃત્તિ સાથે તેઓ સદાય સક્રિયપણે સંકળાયેલા રહ્યા હતા.

જેલમાંથી છૂટીને આવ્યા પછી એમણે બી. કોમ. સુધીનો અભ્યાસ કર્યો અને પછી મામાની પેઢીના કામકાજમાં જોડાઈ ગયા અને, ઉત્તરોત્તર એ પેઢીને વિકાસના પંથે મૂકી દીધી, પરંતુ એ વ્યાવસાયિક રોકાણો રહેતાં હોવા છતાં રવિશંકર મહારાજની સર્વોદય, ભૂદાન, દુષ્કાળરાહત અને કોમી સંકટ નિવારણ જેવી એક એક પ્રવૃત્તિમાં તેઓ છેક સુધી સક્રિયપણે જોડાયેલા રહ્યા હતા. અલબત્ત, પોતાની વ્યાવસાયિક પ્રત્યેક પ્રવૃત્તિને મંડળો સાથે પણ તેઓ સંકળાયેલા રહેતા અને તે દિશામાં પણ એમણે અનેક કાર્યો સફળતાપૂર્વક પાર પાડ્યાં હતાં. રવિ ટ્રસ્ટ દ્વારા 'વિજ્ઞાન દર્શન' નામનું એક સારી કોટિનું સામયિક પણ શરૂ કર્યું અને અમદાવાદની નૂતન નાગરિક સહકારી બૅંક લિ.ની સ્થાપનાના આરંભથી તેઓ તેના એક ડિરેક્ટર પણ રહેલા.

મહારાજશ્રી અને ગાંધીજીના નામે દેશની વિધવિધ રાજકીય પ્રવૃત્તિઓમાં જોવા મળવા માંડેલા કાવાદાવા ને દંભ વગેરેના તેઓ સખત વિરોધી હતા અને પોતાનો એ અણગમો તેઓ કદી છુપાવતા નહિ. આવા જ કોઈ કારણે કટોકટીકાળમાં એમની પણ અટકાયત કરવામાં આવી હતી.

સ્વભાવે ખૂબ મિલનસર, ઋજુ અને મૃદુભાષી છતાં સ્પષ્ટવક્તા. એમની રહેણીકરણી પણ તદ્દન સાદી અને આહાર પણ એવો જ. પરંતુ મહેમાનોની સરભરામાં એમને ત્યાં કદી કોઈ કચાશ જોવા ન મળે. નાનાંમોટાં નામી-અનામી સૌ એમને ત્યાં સરખો જ આદર પામતાં.

પોતે તો અવિવાહિત હતા, પણ ભાઈભાંડુ તથા તેમના પરિવારનું હિત વિચારી તેઓ કોઈના પર કોઈ પણ જાતનું દબાણ લાવ્યા વિના એમને માટે શક્ય તે બધું કરી છૂટતા. અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે સદાય સક્રિય રહેવા છતાં એમણે ક્યાંક કદી કોઈ ઉચ્ચ સ્થાનની લાલસા રાખી નહોતી. સાધુ સમું સાદું સાત્ત્વિક અને સક્રિય જીવન એ એમની આગવી લાક્ષણિકતા હતી. ગઈ ૧૦મી જૂનની રાતે નિદ્રાવસ્થામાં જ એમનું અવસાન થયું. વર્તમાનકાળમાં સત્ત્વશીલ જીવનનું આવું દૃષ્ટાંત જવલ્લે જ મળે. એમના જેવા આત્માને તો સદ્‌ગતિ જ હોય!

ધ્રુવ મિસ્ત્રી - રૉયલ ઍકેડેમીશીઅન

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં શિલ્પકળાનો અભ્યાસ કરી બ્રિટિશ કાઉન્સિલની સ્કોલરશિપ મેળવીને બ્રિટન જઈ ત્યાંની રોયલ કોલેજ ઑફ આર્ટ્સમાં અભ્યાસ કરનાર ધ્રુવ મિસ્ત્રીની તાજેતરમાં 'રૉયલ ઍકેડેમી ઑફ આર્ટ્સ'ના સભ્ય તરીકે વરણી થઈ છે. કૅમ્બ્રિજની ચર્ચિલ કૉલેજમાં 'આર્ટિસ્ટ ઇન રેસિડન્સ' બનેલા ૩૪ વર્ષના ધ્રુવની આ સિદ્ધિએ એમને છેક ૧૮મી સદીથી આ માન પામનાર કોન્સ્ટેબલ, ટર્નર, પીટર બ્લેઈક તથા સર હ્યુ કેસન જેવા કલાકારોની સાથે જોડ્યા છે. ઇ. ૧૮૦૨માં ૨૭ વર્ષના જે. એમ. ડબ્લ્યુ. ટર્નરને આ માન મળ્યા બાદ છેક આજે ૩૪ વર્ષના ધ્રુવ મિસ્ત્રી રૉયલ ઍકેડેમીના નાનામાં નાની વયના સભ્ય છે. એમની કૃતિઓ પણ હવે ભૂતકાળના ખ્યાતનામ કલાકારોની કૃતિઓની જેમ ઍકેડેમીના કાયમી કલાસંગ્રહમાં સ્થાન પામશે એ આપણે માટે પણ એક ગૌરવપ્રદ વાત છે.

શા માટે આકાશ વાદળી દેખાય છે?

આકાશના વાદળી(ભૂરા) રંગને આપણે સ્વીકારી લીધો છે. સૂર્યમંડળના બીજા ગ્રહોનાં આકાશ બીજા રંગનાં હોય શકે છે? એવું કેમ બને? આનો આધાર વાતાવરણના વાયુઓ અને તેની ઘનતા ઉપર આધારિત છે.

સૂર્યનો જે પ્રકાશ આપણને શ્વેત દેખાય છે તે તો વાસ્તવમાં જાંબલી, વાદળી, પીળો, નારંગી અને રાતા રંગનું વર્ણપટ છે. જુદા જુદા રંગના પ્રકાશની તરંગ લંબાઈ જુદી જુદી હોય છે. જાંબલી તથા વાદળી રંગના પ્રકાશની તરંગ લંબાઈ ટૂંકી અને નારંગી તથા લાલ રંગના પ્રકાશની તરંગલંબાઈ વધુ હોય છે. તરંગ લંબાઈ ઇંચના કરોડમા ભાગ જેટલી ટૂંકી હોય છે. જે સાદા અણુના પરિમાણ જેટલી હોય છે.

જેમ રંગની તરંગ લંબાઈ વાયુના અણુના પરિમાણ જેટલી બને છે તેમ તેનું પ્રકિર્ણન (વિખેરણ) વિશેષ થાય છે. આ સમયે વાતાવરણના વાયુઓ દ્વારા સૂર્યપ્રકાશનું શોષણ થવું જોઈએ નહીં. આપણા વાતાવરણમાં નાઈટ્રોજન અનો ઑક્સિજનનું મિશ્રણ રહેલું છે. આ વાયુના અણુઓ પ્રકાશનું શોષણ કરતા નથી અને આ અણુઓનું પરિમાણ વાદળી પ્રકાશની ટૂંકી તરંગ લંબાઈ જેટલું હોય છે. આથી દિવસ દરમ્યાન હવા વડે વાદળી રંગના પ્રકાશનું પ્રકિર્ણન વિશેષ થાય છે. પરિણામે આકાશ વાદળી દેખાય છે. અવકાશમાંથી જોતાં

(અનુસંધાન પૃ. ૩૯૩ પર)

કર્મ મુખ્ય છે જીવનમાં, કર્મ મુજબ ફળ હોય;
વિષયી જીવ વૃથા બધે અહમ્-અભિમાને જોય

એક વાર પોતાના ગુરુ સૉક્રેટીસને અરીસામાં તાકી રહેલા જોઈ શિષ્યને આશ્ચર્ય થયું; કારણ કે સૉક્રેટીસ સ્વરૂપવાન નહોતા. શિષ્યનું કુતૂહલ મિટાવવા સૉક્રેટીસે ખુલાસો કર્યો કે આમ અરીસામાં પોતાની વિરૂપતા જોઈ પોતે સતત જાગ્રત રહે છે અને શરીરની અસુંદરતાની ખોટ પોતે સુંદર કાર્યો કરીને પૂરવા મથે છે. શિષ્યે પ્રશ્ન કર્યો ; 'તો તો સુંદર વ્યક્તિને અરીસાની જરૂર જ નહિ ને?' સૉક્રેટીસે જવાબ આપ્યો : 'ના, સુંદર વ્યક્તિએ અરીસામાં પોતાનો સુંદર ચહેરો જોઈને સમજવું કે દેહનું સૌંદર્ય તો પ્રકૃતિદત્ત છે. મન અને કર્મથી સુંદર બનવાનું મનુષ્યના હાથમાં છે. આથી એવાં કર્મો કરવાં કે તનનું સૌંદર્ય દીપી ઊઠે.'

¤

લસણ, જીરું, સિંધવ, હિંગ, શુદ્ધ ગંધક, સૂંઠ, મરી, પીપર - આ આઠ દ્રવ્યો સમભાગે લઈ તેનું ચૂર્ણ કરી લીંબુના રસમાં ઘૂંટીને ચણીબોર જેવડી ગોળીઓ બનાવી રાખવી. અજીર્ણ, કૉલેરા અને વાયુના રોગથી થતી રોગાવસ્થામાં બબ્બે ગોળીનું સેવન કરવાથી લાભ થશે.

¤

પેટમાં કૃમિ હોવાની વાત આપણે જાણીએ છીએ; પરંતુ આંખમાં કૃમિ હોય તે જાણો છો? મધ્ય અને પશ્ચિમ આફ્રિકામાં લોયા લોયા નામક કૃમિ જોવા મળ્યા છે, જે માણસની આંખોમાં થાય છે. 'ડિયર ફ્લાઈ' આ ચેપ ફેલાવે છે.

¤

ગાંધીજીનું શાંતિનિકેતનમાં સ્વાગત કરતાં ટાગોરે કહ્યું : 'અમારી હૃદયાસામ્રાજ્ઞી, ચિરંતન તરુણી શાંતિનિકેતન બાલા આપનું સ્વાગત કરે છે.'

ગાંધીજીએ સસ્મિત કહ્યું : 'ત્યારે મારા જેવા ભાંગેલા દાંત અને બોખા માટે હજી આશા જેવું ખરું.'

¤

'ડૉલિ સિસ્ટર્સ' તરીકે જાણીતી થયેલી વાઉડેવિલેની મનોરંજક મહિલાઓએ કાચબાની એક જોડ પાળી હતી અને તેની પીઠ પર હીરા જડ્યા હતા.

¤

જર્મનીમાં કિસીન્જન નામના શહેર પર ઇ. ૧૬૪૩માં દુશ્મનોએ ચડાઈ કરી ત્યારે કિલ્લાની અંદરના લોકોએ એમના પર મધપૂડા ફેંક્યા હતા, જેનાથી ગભરાઈને દુશ્મનો ભાગી ગયા હતા.

¤

પ્રશાન્ત મહાસાગરમાં જપાનની નજીકમાં ઇઝુઓશિયા નામે એક નાનો અને વિચિત્ર ટાપુ આવેલો છે. આ ટાપુની મધ્યમાં જ્વાળામુખી છે. અને જીવનથી કંટાળેલા જપાનીઓ ત્યાં આખરી સફર માટે જાય છે. આ જ ટાપુ પર દૂધ પુષ્કળ હોવાથી અમેરિકનો ત્યાં દૂધસ્નાન કરવા જાય છે.

¤

કહેવત

'વર વરો, કન્યા વરો, ગોરનું તરભાણું ભરો.'
બીજાનું જે થવું હોય તે થાય પણ પોતાની મતલબ સરવી જોઈએ,
એ મતલબની આ કહેવત બહુ જાણીતી છે.
આમાં ઘણા 'વર મરો,
કન્યા મરો' એમ પણ બોલે છે; પણ તે શુદ્ધ નથી. આ જ અર્થની
બીજી કેટલીક કહેવતો પણ જોઈએ :
'કીસીકા ઘર જલો, કીસકા પુત મરો ; બંદા તો ખાવે ઓર તાપે.'
'કીસકી વેલ(ગાડી), કીસીકે વેલ, ઔર બંદેકા ડચકારા.'
'આરતી ઉતારું ને મંગળ ગાઉં, બીજાને આપું તો હું શું ખાઉં?'
'મરનારને ઉપાડનારની પીડા શી?'
'મીઆંની દાઢી બળે ને દાસીને અજવાળું થાય.'
'પાડોશણ કહે આટો આપો, ઘરનાં ચાટે ઘંટી;
છોરુડાં તો છાશ પીએ, ને બાવો માગે બંટી.'

¤

ઘીને જો લાંબો સમય રાખી મૂકવું હોય તો તેમાં મીઠાનો ગાંગડો નાખવાથી તે સચવાઈ રહેશે.

¤

ગરમ કરતા જો દૂધ દાઝી જાય અને દુણાવાની વાસ બેસી જાય તો તેમાં ચપટીક ખાવાનો સોડા નાખી નવા વાસણમાં ગરમ કરી લેવું.

¤

કપડાં પર કૉફિ ઢોળાય અને તેના ડાઘ પડી જાય તો તેને તરત જ બેનજોનથી સાફ કરશો તો ડાઘ નીકળી જશે.

¤

કલાકણિકા



ડુગડુગી કે ફૂલદાન જેવી જણાતી આ આકૃતિ શાની છે? મૅક્સિકોમાં ચિચેનઈત્ઝામાંના એક કૂવામાંથી મળી આવેલું સુવર્ણનું આ એક પેન્ડન્ટ છે. આ કૃતિ વાંસળીવાદક પક્ષીદેવની છે. વચ્ચે આગળ પડતું નાક આખા ચહેરા પર છવાયેલું છે અને એના મોંમાં જોડિયો પાવો છે. આકૃતિના ઉપરના અર્ધભાગમાં ગૂંછળાંદાર દાંડાઓ બે પાંખોનું સૂચન કરે છે. આ શૈલી કોલમ્બિઆના ક્વીમ્બાયા ઇન્ડિયન ધાતુકામની જણાય છે, જ્યાં આવાં પેન્ડન્ટ સંભવત: ઇસુની ૧૯મી સદીમાં બનાવવામાં આવતાં હતાં. 'માયા' સંસ્કૃતિના સમયનો આ છે એક કલાનમૂનો. □

મુખપૃષ્ઠ પરના કાવ્યનો કવિના હસ્તાક્ષરમાં અંગ્રેજી અનુવાદ

Where the mind is without fear
and the head is held high,
Where knowledge is free;
Where the world has not been broken
up into fragments by narrow domestic
walls;
Where words come out from the
depth of truth;
Where tireless striving
stretches its arms towards
perfection;
Where the clear stream of reason
has not lost its way into the
dreary desert sand of dead habit;
Where the mind is led forward
by thee into ever-widening
thought and action —
Into that heaven of freedom,
my Father,
let my country awake.

Rabindranath Tagore

Santiniketan